એકવીસ બંગાળી વાર્તાઓ

આંતરભારતીય પુસ્તકમાળા

એકવીસ બંગાળી વાર્તાઓ

સંપાદક
અરુણકુમાર મુખોપાધ્યાય

અનુવાદિકા
સુકન્યા ઝવેરી

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

ISBN 81-237-1285 - 5

1995 (શક 1916)

Original Title in Bangla : EKUSHTI BANGLA GALPA
Gujarati Translation : EKVIS BANGALI VARTAO
રૂ. 40.00,
પ્રકાશક : નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા,
એ-5, ગ્રીન પાર્ક, નવી દિલ્હી - 110 016.

અનુક્રમણિકા

પ્રસ્તાવના

ભારતના વાચક વર્ગ માટે નેશનલ બુક ટ્રસ્ટે 'આદાન-પ્રદાન' પરિકલ્પના અનુસાર બંધારણમાં અનુમોદિત ભારતીય ભાષાઓમાં લખાયેલી ટૂંકી વાર્તાઓનાં સંકલનો અને વિભિન્ન ભારતીય ભાષામાં એનાં અનુવાદો પ્રકટ કરવાનો સંકલ્પ કર્યો છે. એમાં આ બંગાળી ટૂંકી વાર્તા-સંગ્રહનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંકલનમાં આપણા સમયના જનજીવનનું ચિત્ર આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

બંગાળી ટૂંકી વાર્તાના પ્રથમ સાર્થક લેખક રવીન્દ્રનાથ ઠાકુર. તેમના હાથે જ ટૂંકી વાર્તામાં પ્રાણ પુરાયો છે. ત્યાર પછી તે અદ્ભુત વિકાસ પામી છે. ટૂંકી વાર્તામાં સર્વત્ર એમની જ પ્રતિભાના હસ્તાક્ષર નજરે પડે છે. પ્રેમ, પ્રકૃતિ,સામાજિક સમસ્યા, દાર્શનિકતા, કાવ્યધર્મિતા, રોમાંસ, ઇતિહાસ, વ્યંગ દરેક ક્ષેત્રમાં એમનો મુક્ત વિહાર. ઇ.સ. 1890થી 1940 સુધી અર્ધી સદી સુધી એમણે વાર્તાઓ લખી છે.

રવીન્દ્રનાથના સમકાલીન ત્રૈલોક્યનાથ મુખોપાધ્યાય, પ્રભાતકુમાર મુખોપાધ્યાય, શરત્ચંદ્ર ચટ્ટોપાધ્યાય અને પ્રમથ ચૌધરીએ બંગાળી ટૂંકી વાર્તાના ભંડારને વધુ સમૃદ્ધ કર્યો.

આ સંકલનમાં આપણા પરિચિત કાળની ટૂંકી વાર્તાના ક્ષેત્રમાંથી વાર્તાઓની પસંદગી કરવામાં આવી છે. સાચું કહીએ તો રવીન્દ્રનાથ અને શરત્ચંદ્ર આપણા પરિચિત કાળના ગણાવી શકાય નહિ. રવીન્દ્રનાથ અને શરત્બાબુ પછીની બંગાળી ટૂંકી વાર્તામાં છેલ્લાં ચાલીસ વર્ષના બંગાળની માનસિક વૃત્તિના વિભિન્ન અનુભવો રૂપાયિત થયેલા છે એ જ કારણે શરત્ચંદ્ર પછીની આજ સુધીની બંગાળી ટૂંકી વાર્તાની જે વિચિત્ર સૃષ્ટિ છે, તેમાંથી આ વાર્તાઓ સંકલિત કરવામાં આવી છે.

બંગાળી સાહિત્યમાં રવીન્દ્રનાથ - શરત્ચંદ્રની બરાબર (અવ્યવહિત) પછીનો જે કાળ, એનું જ નામ 'કલ્લોલ યુગ'. આ યુગની સમયસીમા ઇ.સ. 1923 થી માંડીને 1939 સુધીની હતી. 'કલ્લોલ' - 'કાલિકલમ' ગોષ્ઠીની ટૂંકી વાર્તાના લેખકો વિશ્વવ્યાપી આર્થિક મંદી અને ભારતમાં અંગ્રેજ વિરોધી આંદોલન ચાલતું હોવા છતાં પણ એકંદરે શાંતિ અને સુરક્ષાની સ્થિતિમાં વાર્તા લખી શક્યા હતા. આ યુગમાં જ પ્રકટ થયા તારાશંકર બંદોપાધ્યાય, અચિન્ત્યકુમાર સેનગુપ્ત, પ્રેમેન્દ્ર મિત્ર, બુદ્ધદેવ બસુ, મણીશ ઘટક (યુવનાશ્વ), પ્રબોધકુમાર સાન્યાલ, ભવાની મુખોપાધ્યાય. 'વિચિત્રા' અને 'શનિવારે ર ચિઠિ'ના પાના પર ચમક્યા વિભૂતિભૂષણ

બંદોપાધ્યાય, માણિક બંદોપાધ્યાય, અન્નદાશંકર રાય, બનફૂલ, વિભૂતિભૂષણ મુખોપાધ્યાય, શરદિન્દુ બંદોપાધ્યાય, રવીન્દ્રનાથ મૈત્ર, પરિમલ ગોસ્વામી, સજનીકાન્ત દાસ, પ્રેમાંકુર આતર્થી, સરોજકુમાર રાયચૌધરી, પ્રમથનાથ બિશી, ગજેન્દ્રકુમાર મિત્ર, આશાપૂર્ણા દેવી, મનોજ બસુ, બિમલ મિત્ર. આ પર્વમાં જ પરશુરામ (રાજશેખર બસુ) ઉત્કૃષ્ટ વ્યંગ કૌતુક હાસ્યરસની વાર્તા લઇ હાજર થયા.

'કલ્લોલ' પછીના યુગની વાત કરતાં જે સમયથી આપણે પરિચિત છીએ એ સમયની પૂર્વ સીમા એટલે બીજા વિશ્વયુદ્ધનાં ઘેરાતાં વાદળોના સમયથી માંડીને ઉત્તર સીમાની સ્વાધીનતા પ્રાપ્તિ અને દેશવિભાજન (ઇ.સ. 1939 - 1947) સુધીનો સમય. અંશતઃ આ દસ વર્ષ બંગાળી સમાજમાં અને રાષ્ટ્રમાં કાલાંતરનો યુગ સાબિત થયો. દુકાળ, વિમાન-હુમલા, કંટ્રોલ અને રેશનીંગ, મિલિટરી સપ્લાઇ અને કાળાંબજાર, સામાજિક જીવનની અધોગતિ, આર્થિક વિષમતા, નૈતિક મૂલ્યબોધનો વિનાશ, દંગા ફસાદ, સ્વાધીનતા, દેશ-વિભાજન અને શરણાર્થીઓનો ઘસારો - આ યુગમાં આટલી બધી વિનાશકારી ઘટનાઓ બની ગઇ છે.

આ યુગમાં જે વાર્તા લખાઇ તેમાં સાહિત્યચેતનાના ઉન્મેષની સાથે સાથે જ આ યુગની ઊથલપાથલોનો પ્રત્યક્ષ પ્રભાવ પડ્યો છે. આ સમયનું સામાજિક વાતાવરણ, અશાંત અને વિક્ષુબ્ધ હતું. એ વાતાવરણે તેમની નજરને જરાક સંકુચિત, તીક્ષ્ણ અને કંઇક અપરિષ્કૃત કરી મૂકી. 'કલ્લોલ' યુગની રોમાન્ટિકતા, બોહેમિયન મનોવૃત્તિ અને મુક્ત પ્રેમનું અભિયાન આ યુગની વાર્તાઓમાં ગેરહાજર છે. આપણા સમાજમાં આ સમય દરમિયાન અસંખ્ય ઝડપી પરિવર્તનો આવ્યાં છે. સમાજમાં અને વ્યક્તિગત જીવનમાં ઘડભાંગ, કેટલીક સમસ્યા, કેટલાંક અસાધારણ વ્યતિક્રમ બધું મળીને જે પરિવર્તનનો પ્રબળ પ્રવાહ પેદા થયો એણે વાર્તાકારની બોધશક્તિને વળી વધુ તીક્ષ્ણ કરી દીધી. પ્રચલિત સામાજિક બંધનો શિથિલ થયાં, કેટલાક સંબંધોમાં અસ્વાભાવિકતાએ દેખા દીધી, કોઇક સૂક્ષ્મ અતૃપ્તિથી માણસ પીડિત બન્યો. રુચિ વિકૃત બની, કેટલાંક નવીન પ્રતિબદ્ધતા અને વાદોમાં જીવનસંગ્રામનું નવું રૂપ પ્રગટ થયું. જેની યુદ્ધ પૂર્વના યુગમાં કલ્પના થઇ શકતી નહોતી. યુદ્ધ જાણે એક ભયાવહ ધરતીકંપ. તેના પરિણામે ભદ્રતાનું આવરણ, નીતિનું રક્ષણકવચ, પારિવારિક માનમર્યાદા, સ્નેહ-મમતા, ધર્મસંસ્કાર - બધું જ આ ભૂમિ-કંપમાં ધૂલિસાત્ થઇ ગયું છે. તેની જ ભીતરમાં સંભળાય છે નવીન સમાજસર્જનનાં સ્વપ્ન અને સંકલ્પોનાં ઉચ્ચારણ.

આ બધાં પરિવર્તનોનો જેમની ટૂંકી વાર્તાઓમાં આભાસ જોવા મળે છે, તેઓ છે સુબોધ ઘોષ, સતીનાથ ભાદુડી, સંતોષકુમાર બોધ, નારાયણ ગંગોપાધ્યાય, નરેન્દ્રનાથ મિત્ર, નવેન્દુ ઘોષ, નની ભૌમિક, સુશીલ જાના, જ્યોતિરિન્દ્ર નંદી. આ સાથે પુરોગામી જે વાર્તાકારોનાં નામ સ્મરણીય છે તેઓ છે જગદીશ ગુપ્ત, માણિક બંદોપાધ્યાય, અચિન્ત્ય સેનગુપ્ત, પ્રબોધકુમાર સાન્યાલ વગેરે કલ્લોલ ગોષ્ઠિના

અંતર્ગત લેખકો અને વિભૂતિભૂષણ બંદોપાધ્યાય, તારાશંકર બંદોપાધ્યાય, મનોજ બસુ, સરોજકુમાર રાયચૌધરી, આશાપૂર્ણા દેવી, પ્રમથનાથ બિશી, પરિમલ ગોસ્વામી, બનફૂલ, વાણી રાય, સુશીલ ઘોષ, ચારુચંદ્ર ચક્રવર્તી વગેરે વિચિત્રા - શનિવારે ર ચિઠિ - ગોષ્ઠી અંતર્યૂક્ત લેખકો.

આ સમય પછી આવી રક્તાક્ત ખંડિત સ્વાધીનતા, આવ્યો શરણાર્થીઓનો ધસતો પ્રવાહ, આવ્યું વ્યાપક સામાજિક અસંતુલન. સ્વીધીનતાના તોરણદ્વારે જે આશા અને આનંદની વાણી ઉચ્ચારિત થઇ હતી એને શરણાર્થીઓ અને વંચિતોનાં રુદન અતિક્રમી ગયાં. આ વિક્ષુબ્ધ તથા (લોહિયાળ) સ્વદેશ ભૂમિ પર એક નૂતન વાર્તા લેખકની પેઢીએ દેખા દીધી - સમરેશ બસુ, બિમલ કર, રમાપદ ચૌધરી, સૈયદ મુજતફાઅલી, હરિનારાયણ ચટ્ટોપાધ્યાય, પ્રભાત દેવ સરકાર, શાંતિરંજન બંદોપાધ્યાય, સ્વરાજ બંદોપાધ્યાય, પ્રાણતોષ ઘટક, સુધીરંજન મુખોપાધ્યાય, સુશીલ રાય, રંજન શચીન્દ્રનાથ બંદોપાધ્યાય, સુલેખા સાન્યાલ, ગૌરકિશોર ઘોષ, આશુતોષ મુખોપાધ્યાય, સર્વપ્રિય ઘોષ, આશીષ બર્મન, અમિયભૂષણ મજૂમદાર, ગૌરીશંકર ભટ્ટાચાર્ય, દીપક ચૌધરી, મહાશ્વેતા દેવી અને બીજા અનેક.

આ સમયના વાર્તા-લેખકો એમના નજીકના પુરોગામી વાર્તાકારોના સહયાત્રી. એ લેખકોને અલગ કરી ન શકાય. નરેન્દ્રનાથ મિત્ર, નારાયણ ગંગોપાધ્યાય, સંતોષકુમાર ઘોષ, સમરેશ બસુ, વિમલ કર, રમાપદ ચૌધરી, નબેન્દુ ઘોષ, નની ભૌમિક, સુશીલ જાના, શાંતિરંજન બંદોપાધ્યાય, સ્વરાજ બંદોપાધ્યાય, પ્રાણતોષ ઘટક, આશુતોષ મુખોપાધ્યાય - આ બધાંનો જ જન્મ ઇ.સ. 1916થી ઇ.સ. 1922 સુધીમાં થયો હતો. બીજા વિશ્વયુદ્ધના આરંભે કલકત્તા તથા બંગાળના જીવનના દરેક ક્ષેત્રે આમૂલ પરિવર્તનો આવી રહ્યાં હતાં ત્યારે તેઓએ યૌવનમાં પદાર્પણ કર્યાં હતાં, તે દિવસથી તે આજ સુધી તેઓ એકધારું લખતાં રહ્યાં છે.

સમાજ અને વ્યક્તિગત જીવનનાં પરિવર્તનનાં સાક્ષીત્વને વહન કરી ત્રીસ વર્ષના (ઇ.સ. 1940થી ઇ.સ. 1970) ગાળામાં તેઓએ લખેલી ટૂંકી વાર્તાઓના સમૂહમાંથી આ સંગ્રહ તૈયાર કર્યો છે.

બંગાળી ટૂંકી વાર્તાના લેખકોનું સાહિત્ય પર્વના આ શતાબ્દીના દ્વિતીયાર્ધમાં પહેલાં કરતાં કંઇક સંકુચિત થયું છે. આ સમય દરમિયાન જે તરુણ વાર્તાકારો આવ્યા તેઓ ઇ.સ. 1930 અને ઇ.સ. 1940ની વચ્ચે જન્મેલા છે. વસ્તુતઃ આ લોકો નવી ધારાના લેખકો છે. સૈયદ મુસ્તફા સિરાજ, મતી નન્દી, સુનીલ ગંગોપાધ્યાય, શ્યામલ ગંગોપાધ્યાય, બરેન ગંગોપાધ્યાય, શીર્ષેન્દુ મુખોપાધ્યાય, પ્રફુલ્લ રાય, અતીન બંદોપાધ્યાય, દિવ્યેન્દુ પાલિત, દીપેન્દ્રનાથ બંદોપાધ્યાય, દેવેશ રાય, સંદીપન ચટ્ટોપાધ્યાય, કવિતા સિંહ, લોકનાથ ભટ્ટાચાર્ય, શંકર એ બધાં આ સમયના મુખ્ય વાર્તા લેખકો છે.

આ નવી ધારાના વાર્તાકારોનો તરતના પુરોગામી વાર્તા લેખકોની સાથે કોઇ મેળ

બેસતો નથી. એમનો તો વર્ગ જ નવો છે.

આ લોકોએ પહેલાંનું કશું જ જોયું નથી. સાહિત્ય વૃત્તિ એમને વારસામાં મળેલી નથી. તેમના સાહિત્યનો જન્મ થયો બ્લેક આઉટમાં, દુકાળમાં, હુલ્લડોથી - રક્તાક્ત સ્વાધીનતાની વચ્ચે તથા શરણાર્થીઓની છાવણીઓની આસપાસ. પુરોગામી લેખકોની નજરે આ લેખકો જુદા જ બ્લડ ગ્રુપના છે. પહેલાંના લોકો સાથે આમને જરાયે આત્મીયતા નથી. આ લોકો જે વાતાવરણમાં મોટા થવા માંડ્યા તેમાં સંયુક્ત કૌટુંબિક જીવનની સૌમ્ય સૌધ-(ઇમારત) એટલા સમયમાં તો ભાંગીને ભૂક્કો થઇ ગઇ હતી. શ્રદ્ધા-ભક્તિ જાણે કેવળ શીખવેલી મોંની વાત બની ગઇ હતી. નારી-પુરુષના સંબંધો છેક જ બદલાઇ ગયા હતા. અર્થાત્ પાયાની મૂળ જરૂરિયાતો કે તાકીદો તો એની એ જ હતી, પણ તેની પાછળનો સ્નેહ રહ્યો નહોતો. વેરથી ભરેલા વિશ્વમાં ક્યારેક સહુ ભેગા મળીને, અથવા એકઠા થવાનો ડોળ તો કરતા હતા, પરંતુ અસલમાં તો તેઓ પહેલાંના કરતાં વધુ નિઃસંગ, એકલવાયા, થઇ ગયા હતા. કશું ન બને એ કારણે તેઓ સતત ક્ષુબ્ધ રહેતા અને પોતાની આ સ્થિતિનો ઉપાય એમણે વિકારોમાં કે માનસિક તાણોમાં શોધ્યો.

આગલી પેઢીના લેખકોએ આ તરુણ વાર્તાકારોને આ જ રૂપમાં જોયા છે. લાગે છે કે આ પેઢીના લેખકો અલગ અલગ દ્વીપ કે બેટ છે. કલ્લોલ યુગના લેખકો તથા દ્વિતીય વિશ્વ યુદ્ધના સમકાલીન લેખકોની દષ્ટિની વચ્ચે મૂળભૂત અંતર છે. તેથી ઘણો બધો વધારે એમની વચ્ચે ફરક હતો. કલ્લોલ યુગનું રોમાંટિક લક્ષણ પછીના સમયમાં નહોતું. પણ જીવનમાં આનંદ અને મૂલ્યબોધમાં શ્રદ્ધા હતી. આજના યુવાન લેખકોમાં એ પણ નથી. એ ક્ષેત્રે અંતર ઘણું છે. કોઇ કોઇ ક્ષેત્રમાં તો અનતિક્રમ્ય.

અંતર કેવળ મનોવૃત્તિમાં જ નહિ, ભાષા અને શૈલીમાં પણ છે. કેવળ જીવનદષ્ટિમાં નહિ, જીવનની સાથે જોડાયેલી વસ્તુઓ તથા ઉપકરણોના અભિનવ વ્યવહારમાં પણ છે. આથી પ્રમાણિત થાય છે કે રવીન્દ્રનાથમાં જ બંગાળી સાહિત્યની ચરમ સિદ્ધિ શોધવી ઉચિત નથી.

બંગાળી ટૂંકી વાર્તા વારંવાર આગળ વધી છે. વારંવાર એને વળાંક વળવાની નોબત આવી છે. પરીક્ષણ નિરીક્ષણમાં ક્યારેય ઓટ નથી આવી. જીવનને નવીન ભાવે જોવાનો ઉત્સાહ ક્યારેય ઓછો નથી થયો. કેટલીક નિર્દિષ્ટ શરતો માની નિર્દિષ્ટ પૃષ્ઠોની સંખ્યામાં જ નિર્દિષ્ટ સંખ્યામાં ટૂંકી વાર્તાઓનું નિર્વાચન કરવાની તાકીદને લીધે જે મેં સંકલન તૈયાર કર્યું છે એ બધાંને ગમશે જ એવું હું નથી માનતો પણ જ્યાં જાતજાતની શરતો અને લક્ષ્મણરેખાઓને માનીને ચાલવાનું હોય ત્યાં આ સિવાય બીજો કોઇ રસ્તો જ નથી. રવીન્દ્ર–શરદ પછીના બંગાળી ટૂંકી વાર્તાના ત્રણ તબક્કાનો વાર્તા-સંભાર એટલો વૈવિધ્યપૂર્ણ અને સમૃદ્ધિશાળી છે કે કોઇ પણ નિર્વાચનથી મન સંતોષાય જ નહિ. તેથી વાચકોની સહાનુભૂતિ અને પ્રશ્રય પર નિર્ભર કરવા સિવાય મારી પાસે બીજો કોઇ ઉપાય જ નથી.

આ ટૂંકી વાર્તાઓના સંકલનમાંથી આધુનિક બંગાળી સાહિત્યના બે મહારથીઓની બે વાર્તાઓ (વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની 'આહ્વાન' અને માણિક બંદોપાધ્યાયની 'નમૂના') છેલ્લી ઘડીએ બાદ કરવી પડી, કારણકે વરસેક સુધી પ્રયાસ કરવા છતાં પણ એમના કોપી-રાઇટની સમસ્યાનો કેમેય ઉકેલ નથી કરી શકાયો. આશા રાખું છું કે વાચક વર્ગ અમારી આ અનિચ્છાકૃત ત્રુટિ માટે ક્ષમા કરશે.

અરુણકુમાર મુખોપાધ્યાય

અંતિમ શબ્દો

તારાશંકર બંદોપાધ્યાય

લાટ ભરતપુર, પૂર્વચોક પરગણા, ખૂબ મોટી જાગીર. ઝાડનાં પાન સૂપડા જેવાં, ડાળ સાંબેલા જેવી; ઘસેલા ચંદન જેવી મુલાયમ માટી - શરીર પર લેપ કરે તો ઠંડક થાય, પાક માટે બીજ પડવાની જ વાર - જોતજોતામાં ખેતર મોલથી ભરાઇ જાય. તે સિવાય એવું છે શું જે આ ભરતપુરમાં ન હોય ! 'સોનાની જાગીર' એ કાંઇ અમસ્તી વાયકા નથી. પહેલાંના જમાનામાં લોકો નદીની રેતીમાંથી સોનું વીણી કાઢતા. અહીંની ધરતીની નીચે ખરેખર સોનું છે.

પણ બધા લોકોને તો બેવકૂફ જ માની લો ને ! ખેતર ખેડીને - પેટ ભરે, માર ખાઇ ને હસે, ઉપરથી કહેશે, "તમે કંઇ પારકા છો !" પહેરે ઘૂંટણ સુધીનું જાડું ખરબચડું ધોતિયું. કપાળમાં તિલક, ગળામાં તુલસીની કંઠી, ને શામળો રંગ, આનાં પરથી જ બેવકૂફી તો સાબિત થઇ જાય. ખેતી કરી ખાય બધાં જ ખેડૂત લોકો.

જમીનદારો કહેશે, ખેડુ પહેલાં તો ખાતો-પીતો હતો, ખેતી કરતો, બીડી ચલમ ફૂંકતો, પૂજા અર્ચના કરતો અને ઊંઘતો. હવે એ વખત નથી રહ્યો. લાગે છે કળિયુગનાં ચારે ચરણ પૂરાં થઇ ગયાં છે, તેના પરિણામે જ આજકલ અધ પેટ ખાઇ, અડધો ભૂખ્યો રહે. રોગથી હાંફે. જેમ તેમ કરી ખેતી કરે. કોઇ કોઇ ભગવાનનું નામ લે. કોઇ કોઇ ન લે. એટલે કે કોઇ રડે, તો કોઇ બેઠા બેઠા દાંતિયા કરે.

પદ્મા પારના સાહૂ-મહાશયો આજકાલ ભરતપુરના જમીનદાર છે. પહેલાં મંગલકોટના મુસલમાનોની જમીનદારી હતી. સાહૂ-મહાશયો ત્યારે અહીં વ્યાપાર કરવા આવ્યા હતા. મુસલમાનોનો અંદરો-અંદર ઝઘડો થયો, એક પક્ષે સાહૂઓ પાસેથી થોડાક રૂપિયા ઉધાર લીધા હતા. ઉધાર જ્યારે હજાર ગણા વધે ત્યારે બચવાનું મુશ્કેલ, તેમાં વળી ખેડૂત પ્રજાના આગેવાનો હતા તેમાંથી લગભગ બધાએ સાહૂઓની તરફેણમાં જ સાક્ષી આપી હતી.

ખેર, જવા દો એ વાત. પણ એક વાત છે. જો કે અત્યારે તો પોતે પોતાને જ ગાલે... એ વાતેય જવા દો; ગઇ ગુજરી ઉખાળ્યે કંઇ નહિ વળે. વિસ્તારપૂર્વક કહેવા જાઓ તો ચોપડાના ચોપડા લખાય. સીધી અત્યારની જ વાત કરવી સારી. પદ્મા પારના સાહૂ મહાશયો હાલમાં જમીનદાર છે. ભરતપુર ગામની કચેરી, કચેરીનો નાયબ, મોટી કચેરીનો મોટો નાયબ. એ સિવાય પદ્મા પારના પોતાના દેશના

લાઠીધારીઓની ટુકડી લાવી સાહૂઓએ પાકે-પાયે બંદોબસ્ત કરી લીધો હતો. એ ઉપરાંત સાહૂ મહાશયોના ઘણાં સગાસંબંધીઓ આવીને, દુકાનો માંડી ધમધોકાર ધંધો માંડી બેઠા હતા. ઘણાંએ વળી કળ-કારખાનાં પણ ખોલ્યા હતાં. અહીંના કેટલાક લોકો હવે કારખાનાંમાં મજૂરી કરતા હતા. એમાંના પણ કોઇ તો રડતા હતા તો દાંતિયા કરતા હતા. કોઇ વળી તે છો ને રડે કે દાંતિયાં કરે. - દિવસો તો જેમતેમ કરીને પસાર થતા હતા. જમીનદારના કર્મચારીઓ જોડે ઝાડની માલિકી માટે ઝઘડા, જમીનના પોતાના હક માટે વાંધો ઉઠાવે, સિપાઇઓની ખાધાખોરાકી - એ બધાંને કારણે - તો ક્યારેક વળી સાહૂ દુકાનદારો સાથે મીઠાનો ભાવ, તેલનો ભાવ, કાપડનો ભાવ વગેરે માટે રકઝક કરીને, કારખાનાઓની મજૂરી માટે ઝઘડા કરીને જેમતેમ કરીને દિવસો તો વીતી જ જતા હતા. ઘાણી ફરતે આંખ ઢાંક્યો બળદ શિંગડું હલાવતો ગોળ ગોળ ફરે એ રીતે જ બધું ચાલતું હતું. તેલ નીકળ્યે જતું હતું. તેલ સાહૂ લઇ લેતાં અને ખોળ વધતો - તે ખાતો બળદ.

પણ અચાનક ધરતીકંપથી ધણધણી ઊઠે એમ બધું હચમચી ઊઠ્યું. એક ભયંકર બનાવ બની ગયો. સાહૂ જમીનદાર મહાશયો જોડે હલદીવાડીના 'સાંઇ' જમીનદારોની સીમાડા માટે ફોજદારી મુકદ્દમો ચાલ્યો. ઓચિંતાની ફોજદારી. કહ્યું નહિ, કારવ્યું નહિ, વાત નહિ, તાકીદ નહિ, ચેતવણી પત્ર નહિ, સાંઇબાબુઓના સિપાઇઓની ટુકડીએ વનવગડો ખેદાન મેદાન કરીને, બરછી-ભાલા લઇ ભરતપુર પાસેની જાગીર - લાટ ધર્મપુર પર ચડી આવી હુમલો કર્યો. કચેરીમાં પેસીને મારપીટ ખૂનામરકી કરી, બધું જ કબજે કરી લીધું. સાહૂબાબુનું દળ પણ આવ્યું અને ભરતપુરની કચેરીમાં દાખલ થયું એટલું જ નહિ, સાંઇઓના લોકોની હાલત ભરતપુર માટે પણ ચિંતાનો વિષય બની ગયો. લાઠી-સોટાને તેલ ચોપડી તલવારની ધાર સજાવીને એમણે તૈયારી કરી લીધી હતી. ભરતપુરમાં દાખલ થઇને પણ તેઓ અંતે ધાંધલધમાલ કરશે, એ વિષે કોઇનેય શક ન રહ્યો. ચારેકોર હો હા અને ધમાલ મચી ગઇ. ભરતપુરની પ્રત્યેક કચેરીમાં તડામાર તૈયારી શરૂ થઇ ગઇ.

ખેડૂત લોકો બધા ચોંકી ઊઠ્યા. પાડેપાડા લડે એમાં ઝાડનું નખ્ખોદ વળી જાય, એવી એમની દશા. તેઓ પણ બધા અધીરા થઇ ગયા.

વૃદ્ધ લાલમોહન પાંડે ભરતપુરના ખેડૂતોનો સરદાર. ટૂંકા ટૂંકા વાળ, બોખું મોઢું, ધીમે ધીમે વાતો કરે, મીઠું મીઠું હસે, ડોસો વિચાર કરતો જાય ને માથે હાથ ફેરવતો જાય.

ભરતપુર લાટ વિસ્તારના લોકોનાં ટોળેટોળાં આવીને ડોસાને ઘેરી વળ્યાં.

ડોસાએ સન્માનપૂર્વક હાથ જોડ્યા, અને માના ખોળામાં રમતું બાળક બોખા મોંએ હસે, એવું હાસ્ય હસી એ બોલ્યો, "આવો, પંચ".

બધાં આવીને બેઠાં. પછી તેમણે કહ્યું : "એક વાત છે, માલિક !" બસ એટલેથી જ એમનું કહેવાનું કહેવાઇ ગયું, માલિકે પણ બધું જ સમજી લીધું.

ડોસો સુખમાં પણ હસે અને દુઃખમાં પણ હસે, ચિંતામાં પણ હસે. ડોસો વિચાર કરતાં કરતાં હસવા લાગ્યો.

ગૌરપુરના એક જણે કહ્યું, "સાહૂ બાબુઓ જમીનના અમારા માલિકી હકને માનતા નથી. આપણે આ તકને શા માટે જવા દેવી ! સાહૂઓ પણ જમીનદાર, સાંઇઓ પણ જમીનદાર - તે સાંઇઓ જો આપણી જમીનના માલિકી હકને માન્ય રાખે તો અમે એમના પક્ષમાં શા માટે સાક્ષી ન આપીએ, માલિક !"

ડોસાએ ડોકું ધુણાવ્યું - "ઊં - હું, પાપ લાગે".

એક જણ કહે, "તો આપણે ય ભેળાં થઇને ફોજદારી કરીએ, ચાલો".

ડોસાએ ડોકું ધુણાવ્યું, "ઊં - હું".

"કેમ ડર લાગે છે ?" એક છોકરો તણખીને બોલ્યો.

ડોસો હસ્યો. એ હાસ્ય સામે છોકરો જરાક જેટલો થઇ ગયો. ડોસો હસીને બોલ્યો, "ડરની વાત નથી રે ભઇ, પાપ લાગે."

"તો ? તો પછી શું કરવાનું કહો છો ? - બોલો ? શાથી પાપ ન લાગે, તે કહો."

"હં, ઊભો રે ભાઇ, મનને પૂછી લઉ. મન ભગવાનને પૂછે ત્યારે ને ?

રતનલાલ કહે, "જે કરવું હોય તે ઝટપટ નક્કી કરી નાખો માલિક, તમે જે કહેશો તે જ કરીશું."

ડોસો હસ્યો, રતન પર એને પૂરો ભરોસો. ખૂબ મજાનો છોકરો. અને તેવો જ પાછોહિમ્મતવાળો.

ડચુક ડચુક કરતો ડોસો કચેરીએ આવી પહોંચ્યો.

"રામ રામ, ઓ નાયબ મોશાય !"

"કોણ લાલમોહન ! આવ આવ."

"હા, જુઓને આવ્યો તો છું."

"લાગી જાઓ કામે, કમર કસીને બધાં, એકદમ. સાંઇ બેટાંઓને એકવાર તો મારીમારીને સીધા દોર કરી દેવા પડશે. કાપીને ફેંકી દઇએ એક વાર તો."

ડોસો હસ્યો, "શું બોલો છો નાયબ મોશાય !"

"કેમ?"

"એ જ, કાપીને ફેંકી દઇએ તો લોહી રેડાશે. લોકો મરી જશે તો ? પાપ લાગશે તે ? ડોસાની આંખોમાંથી આંસુ ટપકવાં લાગ્યાં.

ડોસાના આ ઢોંગ જોઇ નાયબને તો માથાથી તે પગ સુધી ઝાળ લાગી ગઇ. તો યે માણસ મોટા માલિકનો માણસ, તેથી ગુસ્સો આવ્યો છતાં સજ્જનતાથી બોલ્યો, "હં, સમજી ગયો, સમજી ગયો, બધું બરાબર સમજી ગયો." કહીને ઉતાવળે થોડીક લાઇનો લખીને ફરી બોલ્યો, "અને આપણા સિપાઇઓ જે ઘાયલ થાય છે, લોહીની નદી વહે છે, તેનું -"

ડોસાના હોઠ થરથર કાંપવા લાગ્યા, આંખનાં આંસુ બમણા જોરથી વહેવા લાગ્યાં,

"હે ભગવાન, એ વાત સાંભળી છે ત્યારથી તો રડું છું નાયબબાબુ, ઓહ, હાય, હાય, હાય ! તમે વિચાર તો કરો, એમને કેટલું વાગ્યું હશે ! એ બધા જખમો, મને થાય છે જાણે મારી જ છાતીમાં એ બધા ઘા વાગ્યા છે !"

નાયબ પોતાની વેધક નજરે ડોસા ભણી જોઇ રહ્યો. આ માણસ ઢોંગી પાખંડી હતો કે ખરેખર સાધુપુરુષ ! ઘેટાનું શિંગડું વાગે તો હીરાની ધારેય ભાંગી જાય. બરાબર એ જ રીતે નાયબની પોલાદના જેવી કઠણ ધારદાર બુદ્ધિ પણ ડોસાની બુઠ્ઠી બુદ્ધિના ઘરના બારણામાં કાણું પાડી શકતી નહોતી. ઘણી વાર સુધી એની તરફ તાકી રહ્યા પછી નાયબ બોલ્યો, "તો પછી ? તો પછી શું કરવું એ તો કહે !"

"એ તો હું કહું છું તમને, લ્યો !" આંસુભરી આંખોની સાથે સાથે જ ડોસાના મુખ પર હાસ્ય ખીલી ઊઠ્યું.

"શું કહે છે ?"

"કહું છું, અમારો જમીનનો હક તમે માન્ય કરી લો, તમારા લાવલશ્કરને લઇને તમે બાજુએ હટી જાઓ. પછી જુઓ અમે સાંઇઓને કેમ રોકીએ છીએ."

"રોકશો ? તમે ફોજદારી મામલામાં શું સમજો ? ખેતી કરી ખાઓ. લાઠી ઝાલતાંયે આવડે છે ? ભાલો ચલાવતા આવડે છે ?"

ડોસો હસ્યો.

"હસે છે શું ?"

"તમારી વાત સાભળીને હસું છું ! લાઠી - બરછી તો અમે ઝાલતાં જ નથી."

"તો શી રીતે સામનો કરશો ? શી રીતે એમને રોકશો ?"

"એ લોકો આવશે તો અમે વાંસો ધરશું, લ્યો મારો લાઠી, છાતી સામી ધરશું. ચલાવો ભાલો, અમારું લોહી રેડાશે. ધરતી લાલમલાલ થઇ જાશે, અમે મરશું, ત્યારે એ લોકોને અક્કલ આવશે. છાતીએ ધડકશે, આંખમાં આંસુ આવશે. ભગવાન બુદ્ધિ દેશે. ઇ બધાં લજવાઇને પાછાં જાશે."

નાયબ ખડખડાટ હસ્યો, "આ તારી અક્કલ ?"

ડોસાને અચંબો થયો. જરા પણ વિચલિત ન થયો. એના દંતહીન મુખ પર એ જ અદ્દભુત બાળક જેવું હાસ્ય પ્રકટ્યું. "હોય બાપુ હોય. મારા મને ભગવાનને પૂછ્યું છે, ભગવાને તે કહ્યું ! તમારા કોઈનાં મન તો ભગવાનને પૂછતાં જ નથી ને ! નહિ તો તમને ય મારી વાત સમજાત."

જેવો એ દેવતા પુરુષ એવી એ દેવી. ડોસાની ડોસી બરાબર ઘેલાની ઘેલી જેવી. બધી વાત સાંભળી એને તો ભારે ચિંતા થઇ. ચિંતા એને બરાબર ડોસાની જેમ સાહૂના નાયબ માટે જ તો. "આ તો સીધી વાત, સરળ વાત, એ લોકો સમજતા કેમ નથી ! હાં રે ડોસા ?"

"એ જ તો વાત છે, ડોસી."

"તો હવે શું થાશે ? તમે શું કરશો ?"

"હં !" ઘણી વાર વિચાર કરી ડોસો હસ્યો, "હં, બરાબર એમ જ."

"શું ?"

"હું મરી જઈશ."

"મરશો ?"

"હા, હું મરી જઈશ. હું જો મરું તો એ લોકોને દુઃખ થાશે, ભગવાન બુદ્ધિ દેશે, ત્યારે આપણી વાત ઇ લોકોને સમજાશે."

ડોસીએ થોડીવાર વિચાર કર્યો. વિચાર કરીને ખુશ થઇ ગઇ. હસી, વારંવાર ડોકું હલાવી બોલી "હા, તમારી વાત તો બરાબર છે."

"બરાબર કહું છું ને ?" હસીને ડોસાએ ડોસી સામે જોયું.

"હા, તમે એમ જ કરો, મરો. મરીને લોકોને સમજાવી દ્યો."

બહારથી રતનલાલે સાદ દીધો, "કાકા".

"આવ બેટા આવ." ઘરડા લાલમોહનનો ચહેરો હાસ્યથી છલકાઇ ગમો.

હસતે મોંએ રતનલાલ આવીને ઊભો રહ્યો. અને બોલ્યો, " કાકા, સહુ આવીને ઊભા છે બા'ર. શું થયું ? શું કરવાનું છે એ કહો." રતન અગ્નિની જ્વાળા જેવો ભભૂકતો હતો.

ડોસાએ બહાર આવી હાથ જોડી કહ્યું, "નમસ્કાર પંચ."

પણ ધાંધલ તો તે પહેલાં જ મચી ગઇ. સાહૂબાબુના સિપાઇઓએ આવીને એમને ઘેરી લીધા. સાહૂબાબુનો સદર-નાયબ ચારુશીલ ઘણો જબરો માણસ હતો. એ કોઇની સાડીબાર ન રાખે. એણે અહીંના નાયબ પર હુકમ પાઠવ્યો હતો, "એ પાગલને પકડી અટકમાં રાખો. એકલા પાગલને જ નહિ રતનલાલ વગેરે બધાં જ એના ચેલા-ચેલકાઓને પણ પકડી લો."

ડોસો હસીને કહે, "ચાલો." રતનલાલ વગેરે ચેલાઓ ભણી જોઇને કહે, "ચાલો દીકરાઓ."

ડોસી હસીને આગળ વધીને બોલી, "અને હું ?"

સાહૂબાબુના લોકો કહે, "હા, હા, તમારે માટે પણ હુકમ થયો છે."

ડોશી કહે, "ઊભો રે બાપ, જરાકવાર, ખમી જા બેટા, ડોસાની લંગોટી, મારો સાડલો અને આ લોટો તો લઇ લઉં. એ લોટામાં પાણી નહિ પીઉં તો મારી તરસ નહિ છીપે."

ડોસાએ ડોકું ધુણાવી હસીને કહ્યું, "હજાર હોય તોયે બૈરું - માણસ. લોટાની માયા છૂટતી નથી."

સાહૂબાબુઓએ ડોસાને અટકમાં તો રાખ્યો પણ ખૂબ આદરથી રાખ્યો. એમાં તેઓએ જરાય મણા નહોતી રાખી. પણ ડોસો તો એનો એ જ ડોસો ને ! અટકમાં રહ્યો રહ્યો પણ હસે; ભગવાનને યાદ કરે અને વિચાર કરે. મનોમન કહે, "મારા મનને કહી દો, કે શું કરવાનું છે ? મરું ? હું મરીશ તો એમને દુઃખ થશે ? તમે એમને

ઉપદેશ દ્યો."

ડોસી અટકમાં રહીનેય ફરતી ફરે. ડોસા માટે જમવાનું રાંધે, પથારી એટલે કે કામળો ઝાપટે, ઝાડે, ખંખેરે. લોટાને માંજીને ચકચકિત કરી દે. જાણે એને આ બધું સારું જ લાગતું હતું ! ડોસો જાણે એની વધુ નજીક આવ્યો હતો. બહાર તો ડોસાને હજાર કામ, એક પળની ય ફુરસદ નહિ કે ઘડી-બેઘડી બેસીને એકાદ બે વાત કરે. એની બધી જ વાત ભરતપુરની વાત, નહિ તો લોકોની વાત. આજ અહીં તો કાલ ક્યાંક બીજે. લોકો ડોસાને ઘેરી જ રાખતા.

પણ થોડાક જ દિવસમાં ડોસીની ગેરસમજ દૂર થઇ ગઇ. ડોસો તો એનો એ જ ડોસો હતો ને ? લોકોની ભીડ નહોતી, પણ ડોસાના મનમાં ચિંતાની ભીડ લગારે ઓછી નહોતી થઇ. લોકો બહાર જઇને કહેતા, "ડોસો તો જાણે ખડક છે !" ડોસીને થતું વાત કંઇ ખોટી નથી.

એ બોલી, "અરે, ડોસા !"

"હં !" ડોસાએ એની સામે જોયું, ડોસીને થયું કે ડોસો એની સામે નહોતો જોતો. એની નજર તો દૂર પેલા પહાડની ટોચે જે દેવમંદિર છે, એ મંદિરના શિખર પર અટવાઇ ગઇ હતી.

"શું વિચાર કરો છો ?"

"વિચાર કરું છું," ડોસો હસ્યો.

"હસો નહિ ડોસા, આ તમારું હસવું મને નથી ગમતું."

"હં." બસ નાનકડો શબ્દ 'હં' કહીને ડોસો ચૂપ થઇ ગયો.

ભય અને વિસ્મયથી ડોસી અવાક્ બની ગઇ. સાથોસાથ મનોમન બોલી, "ભગવાન, ડોસાને જીવતા રાખજે."

અચાનક એક દિવસ ડોસો કહે, "હું મરીશ." ડોસીની છાતી તો જાણે ફાટી કે ફાટશે, પણ એ વાત મોંએથી કહેવાનો અર્થ જ નહિ. તો તો પછી ડોસો હસીને બોલશે, "છી !" ડોસીને તો મરવા જેવું લાગશે. એ એટલું જ બોલી, "કેમ, શા માટે મરવું જોઇએ ?"

"મારે મરવું છે કેમકે સાહૂબાબુઓ વાત કે મેં લોકોને ફોજદારી દંગાઓ કરવાનું કહ્યું હતું. બહારના લોકો સાથે બાબુઓના સિપાઇઓની મારામારી થઇ ગઇ છે. આપણા લોકોએ એમને માર્યા છે. અને ઘણું નુકસાન કર્યું છે. બાબુઓ કહે છે એ બધી મારી ચડવણીથી થયું છે."

રતનલાલ કહે, "એટલે તો માલિકના સિપાઇઓએ આપણા માણસોને ખૂબ માર માર્યો છે."

ડોસો માથું ધુણાવી હસ્યો, અને બોલ્યો, "વાત એટલી જ નથી રતન, જ્યારે આપણાં લોકોએ માર્યા ત્યારે આપણા લોકોને પાપ લાગ્યું ને ! હું મરીશ, મરીને ભગવાનને કહીશ, ભગવાન તમે પાપ માફ કરી દ્યો, કેવળ અમારું જ પાપ નહિ, એ

સિપાઈઓનું પણ પાપ માફ કરજો. અને – "

"અને શું કાકા ?"

ડોસો હસ્યો, "તો એમને સમજાશે કે હું પાપી નથી."

ડોસો મરવાનું પણ લઇ બેઠો. ખાય નહિ, પીએ નહિ, ચૂપચાપ પડ્યો રહે. ડોસીની બધી જ વાતચીત જાણે પૂરી થઇ ગઇ હતી. એ ચુપચાપ બેઠી જોયા કરતી. "હાય, એનો ડોસો નહિ રહે તો ?" તેના ભણી એકવાર નજર નાખવાનીયે એને ફુરસદ નહોતી. રડવાનીયે શરમ આવતી, તેથી રડવાનોયે અર્થ નહોતો.

જેલની બહાર હો-હા મચી ગઇ, "ભગવાન, અમારા માલિકને બચાવજે."

રતનલાલ અને બીજા બધા ચેલાઓ ઉદાસ થઇ ગયા હતા.

ડોસી હવે રહી શકી નહિ, પણ એનામાં ડોસાને કંઇ પણ કહેવાની હિંમત નહોતી. એ મનોમન ભગવાનને યાદ કરીને કહેવા માંડી, "ઓ ભગવાન, મારા ડોસાને બચાવજે. આટલા બધા લોકોના મોં ભણી જોઇને દયા કર. મારા ભણીએ જોજે દેવ !" ડોસીના મનમાં થતું કે ભગવાનનું હૈયું કંઇ નહિ તો ડોસા તરફ તો નરમ છે. ડોસીને લાગ્યું ભગવાન જાણે હસે છે.

સાચે જ ડોસો મર્યો નહિ. મરણના બધાં જ લક્ષણો વર્તાયાં હતાં ખરાં, સાહૂબાબુઓએ મોટા વૈદ્યરાજને પણ મોકલ્યા હતા. એ લોકોએ પણ કહ્યું હતું, "અમારા હાથની વાત નથી, ખાધાપીધા વિના માણસ જીવે નહિ, જીવી શકે નહિ." તોય ડોસો જીવતો રહ્યો હતો. અદ્‌ભુત ડોસો, એટલા દિવસમાં એનુ પેલું બાલ સુલભ હાસ્ય એક પળ માટે પણ વિલાયું નહોતું. ધીરે ધીરે મૃત્યુનાં બધાં જ લક્ષણો અદશ્ય થઇ ગયાં, આંખોની નિસ્તેજતા ઊડી જઇ સફેદ કમળની પાંખડી સમી આભા ખીલી ઊઠી, માની ગોદમાં ખેલતા બાળકના ચહેરા પરના ઝગમગતા રંગનો ચળકાટ એના મોં પર પ્રકટી ઊઠ્યો. ડોસો કહે, "હું બચી ગયો. ભગવાને મારા મનને કહ્યું, "તેં કોઇ પાપ કર્યું નથી."

ડોસીનું મોં હસી ઊઠ્યું.

એ બોલી, "હવે હું મરીશ."

"કેમ રે ?"

"મારી તબિયત સારી નથી. અને – "

"અને શું ?"

ડોસી કંઇ ન બોલી. કેવળ હસી.

ડોસી સાચે જ મરી ગઇ. સાધારણ તાવ આવ્યો. એ તાવમાં જ મરી ગઇ. મરતી વખતે એ એકીટસે ડોસાના મોં ભણી જોઇ રહી હતી.

ડોસો પથ્થરનો જ હતો. લોકો જૂઠું નહોતા કહેતા. અચાનક ડોસીને થયું, "ના, લોકોની વાત ખોટી છે, સદંતર ખોટી છે; સાચી નથી. જરાયે સાચી નથી. ડોસાની આંખમાં આંસુ, હા, હા, ડોસાની આંખમાં આંસુ હતાં !

એ બોલી, "ડોસા !"

આંખોમાં આંસુ તગતગતાં હતાં, તોય ડોસાના મોં પર હાસ્ય પ્રકટ્યું, ડોસો બોલ્યો ! "બોલ, ડોસી, શું કે'છે ? કે' !"

"મરણ ખૂબ સુંદર છે હોં, મરણ આનંદ આપનારું છે."

ડોસો હસવા માંડ્યો, આંખમાં આંસુ ટપ ટપ કરતાં ટપકી પડ્યાં. ટપકીને પડ્યાં ડોસીના કપાળ પર. ડોસાને આંસું લૂછવાં હતાં. ડોસી બોલી, "ના, રહેવા દો."

મતદાતા સાવિત્રીબાલા

બનફૂલ

તેનું નામ જરા વિચિત્ર જાતનું હતું. રિપુનાશ. તેના મોટાભાઇનું નામ હતું તમોનાશ. પણ કાળની દશા કંઇક એવી જ છે કે તેઓ કોઇનું કશું જ નાશ કરી શક્યા નહોતા. પોતે જ નષ્ટ થઇ ગયા હતા. તમોનાશના જીવનમાં જરાયે પ્રકાશ પ્રવેશ્યો નહોતો. અ. આ. ક. ખ. પણ પૂરાં શીખી શક્યો નહોતો. સાવ જ અભણ હતો. બ્રાહ્મણના દીકરાઓ હતા તેથી જ બંનેનાં સંસ્કૃત નામ પડ્યાં હતાં. તેમના પિતા હતા પાઠશાળાના પંડિત મોહનાશ તર્કતીર્થ. લોકો ટૂંકાવીને કહેતા મોહન પંડિત. સમાજમાં આજકાલ સંસ્કૃત પંડિતોની કદર નથી. તેઓ અતિશય ગરીબ હતા. ક્યારેક ગોરપદું પણ કરતા. તેઓ ગુજરી ગયા ત્યારે તમોનાશની ઉંમર હતી છ વર્ષ, રિપુનાશની ત્રણ વર્ષ. તેમની મા રસોયણનું કામ કરી ઘરસંસાર ચલાવતી. તમોનાશની ઉંમર જ્યારે સોળ થઇ ત્યારથી જ એ એકદમ મસ્તાન બની ગયો. દિવસ આખો મસ્તી કર્યા કરતો. એ એક ગુંડાની ટોળીમાં સામેલ હતો. એ ટોળીમાં એનું નામ હતું તમનાં. ગુંડાગીરી કરી એ થોડુંક રળતો. થોડાક રૂપિયા માને પણ દેતો. થોડા રૂપિયા પોતાના મોજશોખ માટે ખર્ચતો. પણ આ જાતની જિંદગી એ વધુ દિવસ ચલાવી શક્યો નહિ. ગુંડાગીરી કરતાં કરતાં જ કોઇકની છરીનો ભોગ બની માર્યો ગયો. એક દિવસ એનું શબ થોડી વાર તો ફૂટપાથ પર પડી રહ્યું. એ પછી પોલીસ દ્વારા એ મરણોત્તર તપાસ માટે શબઘરમાં લઇ જવાયો. દાક્તરોએ એ શબની ચીરફાડ કરી. અંતે ડોમલોકોને આપી દીધું. તમોનાશની માએ પોતાના મૃત પુત્રની લાશનો પછી દાવો કર્યો નહિ, કારણકે લોકોને ભેગા કરી શબને અગ્નિદાહ કરવા માટે જે રૂપિયા ખર્ચ થાત એ એની પાસે નહોતા.

આમેય કરજ ખૂબ વધી ગયું હતું. હવે વધુ કરજ કરવાની એને ઇચ્છા થઇ નહિ. ડોમલોકોએ તમોનાશના શરીરનાં હાડકાં બહાર કાઢી સાફ કર્યાં અને તેને 'એનેટોમી'ના શરીરશાસ્ત્રના વિદ્યાર્થીઓને વેચી થોડા પૈસાની કમાણી કરી લીધી. અહીં જ તમોનાશનું જીવનવૃતાંત પૂરું થયું.

તમોનાશની મા સાવિત્રી એવું બધું કંઇ રડી પણ નહિ. એના ચહેરા પર એક પ્રચ્છન્ન આગ કેવળ ધગધગ કરી જલતી. તેને વાચા નહોતી, તે દશ્ય પણ નહોતી, છતાં દારુણ હતી. સાવિત્રી જેને ઘેર રસોયણ હતી એ સજ્જને તમોનાશના મૃત્યુ પછી

સાવિત્રીને બે રૂપિયા પગાર વધારવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, સાવિત્રી માની નહિ. ટૂંકમાં કેવળ કહ્યું હતું, "જરૂર નથી".

રિપુનાશ રસ્તાઓ પર રઝળતો ફરતો. જેમને ઘરમાં સ્થાન ન હોય, જેઓ રસ્તે રખડી જીવન વિતાવે, જે કોઈપણ મજા, જે કંઈ રસ્તામાં ચાલતી ધાંધલધમાલ, કોઈ પણ મોટર અકસ્માત, કોઈપણ કારણસર થતી રસ્તા પરની ભીડ જેમને આકર્ષે તેઓ બધાં રિપુનાશના સાથીદારો. એની ટોળીમાં એનું નામ હતું રિપુના. એ જોકે તેમના જેવો બલિષ્ઠ નહોતો. ચહેરો દૂબળો પાતળો. બજારમાં અમસ્તો ઘૂમતો ફરતો. મજૂરી કરી કંઈક રોજગાર કરતો. બીડી પીતાં શીખી ગયો હતો. રોજ એક બંડલ બીડી ખરીદ્યા પછી જે કંઈ બચતું તે માને લાવી દેતો. એમ જ દિવસો વીતતા જતા હતા. રિપુનની ઉંમર જ્યારે સોળ સત્તરની થઈ હશે ત્યાં અચાનક એક ભયંકર બનાવ બન્યો. એ એક ટોપલો કોબી ઊંચકી લાવી એક મોટરવાળા શેઠની મોટરનાં કેરિયરમાં ગોઠવીને મૂકતો હતો, એવામાં એના ગળામાં કંઈક જાણે ખજવાળ જેવું લાગ્યું. મોટરવાળા શેઠ તેની મજૂરીના બાર આના દઈને ચાલ્યા ગયા. રિપનો ફૂટપાથ પર બેસી ખાંસવા માંડ્યો. અચાનક ખાંસી સાથે એક ગળફો લોહી. રિપુન થોડીવાર તો લોહી ભણી જોઈ રહ્યો. એ પછી ઘેર ચાલ્યો ગયો.

સાવિત્રી એને મહોલ્લાના દાક્તર પાસે લઈ ગઈ. તેમણે છાતી-વાંસો તપાસી કહ્યું, 'ક્ષય થયો છે' અને ઉમેર્યું, "મને કંઈ ફી દેવાની નથી. પણ દવા અને ઈંજેક્શન ખરીદવાં પડશે, તે સિવાય સારો ખોરાક ખાવો પડશે. ઈંડા, માખણ, મચ્છી, માંસ, ફળ વગેરે." સાવિત્રી મૂંગી મૂંગી દાક્તરના મોં ભણી જોઈ રહી. તેના ચહેરા પરનો અદશ્ય અગ્નિશિખાનો સંદેશો સંભવ છે દાક્તર સાહેબના અંતર સુધી પહોંચી ગયો હતો. તેમણે કહ્યું, "જો તારી શક્તિ ન હોય તો પછી હોસ્પિટલમાં દાખલ થાય એ જ સારું. તને હું એક ચિઠ્ઠી લખી આપું છું તે લઈને તું એને લઈને હોસ્પિટલમાં જા". ચિઠ્ઠી લઈને સાવિત્રીએ સાત દિવસ હોસ્પિટલની ભીડમાં ધક્કા ખાધા. પણ કંઈ ન વળ્યું. એક રોગી બોલ્યો – "અહીં વિના પૈસે કશું જ વળવાનું નથી, લાંચ દેવી પડશે". આ વાત સાંભળ્યા પછી સાવિત્રી રિપુનને હોસ્પિટલમાં ફરી લઈ ગઈ નહીં. એટલા રૂપિયા કાઢવા ક્યાંથી ? વિના દવાએ જ એના દિવસો વીતવા લાગ્યા. ફરી એણે રસ્તા પર રખડી મજૂરી કરવાનું શરૂ કર્યું. એક દિવસ તેના એક સાથીએ કહ્યું, "જો મને એક વિચાર આવ્યો છે. તું ગમે તેમ કરીને જો છ મહિના અલિપુર જેલમાં વિતાવી શકે તો તારો ક્ષય સારો થઈ જશે."

"જેલમાં જવાથી ક્ષય મટી જશે ? શું વાત કરે છે !" રિપનો પહેલાં તો એ વાત માની જ શક્યો નહિ.

સાથીદારે કહ્યું, "હરું જેલમાંથી સારો થઈને પાછો આવ્યો છે. તેનેય ક્ષય થયો હતો. ત્યાં ખૂબ સારી હોસ્પિટલ છે. વગર પૈસે દવા થશે. તું જેલમાં જા."

કેટલાંક દિવસમાં જ રિપુન ટ્રામમાં ખીસું કાતરતાં જ પકડાઈ ગયો. બધાએ

ખાસ્સો પીટ્યો અને અંતે પોલીસના હાથમાં સોંપી દીધો.

અદાલતમાં ન્યાયાધીશે કહ્યું, "તું તારા બચાવ માટે વકીલ રાખી શકે છે. વકીલ રોકવાની તારી શક્તિ નહિ હોય તો અમે જ તારા તરફથી એક વકીલ રાખી આપીએ."

રિપુને હાથ જોડીને કહ્યું – "ના હજૂર, વકીલની જરૂર નથી. પોલિસ જે કહે છે તે સાચું છે. મેં ચોરી કરવા માટે જ એ ગૃહસ્થના ખીસામાં હાથ નાખ્યો હતો."

ન્યાયાધીશે રાય આપી – "પચાસ રૂપિયા દંડ અને દંડ ન ભરે તો એક મહિનાની જેલ."

રિપુન હાથ જોડી બોલ્યો, "ધર્માવતાર, રૂપિયા તો હું નહિ ભરી શકું. પણ મને એક મહિનો નહિ છ મહિનાની જેલની સજા કરો."

ન્યાયાધીશ તો અવાક્ જ બની ગયા.

"છ માસ જેલ શા માટે માગે છે?"

"મને ક્ષય થયો છે. સાંભળ્યું છે અલિપુર જેલમાં ક્ષયની દવા બહુ સારી થાય છે. છ મહિનામાં તબિયત સુધરી જાય છે."

છતાં ન્યાયાધીશે ચુકાદો બદલ્યો નહિ. જેલની હોસ્પિટલમાં બીમારી સારી થઇ નહિ. રિપુન ખાંસતો ખાંસતો જ એક મહિના પછી જેલમાંથી બહાર આવ્યો. એ પછી પણ એક મહિનો એ જીવ્યો હતો. એક દિવસ અધરાતે જોરથી ખાંસતાં ખાંસતાં ઊઠીને બેઠો થયો અને માના પગ પર લોહીની મોટી ઊલટી કરીને ઇહલોકનો એણે ત્યાગ કર્યો.

સાવિત્રી નિસ્તબ્ધ બની બેસી રહી. એની આંખોમાંથી આગના તણખા ઝરવા માંડ્યા. એક ટીપુંય આંસુ ન સાર્યું.

એ પછી બે મહિને ચૂંટણી આવી. સાવિત્રીબાલા એક મતદાર છે. એમના બારણે એક મતપ્રાર્થી આવીને ઊભો રહ્યો.

સાવિત્રી એમની સામે અગ્નિદષ્ટિએ તાકીને બોલી, "તમને મત આપું ? શા માટે ? તમે મારા પર શો ઉપકાર કર્યો છે ? તમે જ્યારે ગાદી પર હતા ત્યારે મારા વિદ્વાન પતિ સામાન્ય ભિખારીની જેમ મરણ પામ્યા. મારા મોટા દીકરાને હું ભણાવી ન શકી, અંતે એ ગુંડો બની છરો ખાઇને મરી ગયો. નાનો દીકરો મર્યો ક્ષયમાં, તેનાં બિલકુલ દવાદારૂ ન થયાં, બધે જ લાંચ રુશ્વત માગે છે. તમને લોકોને મત શા માટે દેવો જોઇએ ? કોઇનેય મત નથી દેવાની."

મતપ્રાર્થી સજ્જન કહેવા ગયા, "પણ જુઓ ગણતંત્રમાં – લોકશાહીમાં –"

પણ સાવિત્રીએ એમને એ વાક્ય પૂરું કરવા દીધું નહિ. વચ્ચે જ જોરથી ઘાંટો પાડી ઊઠી, "જતા રહો ઘરમાંથી...."

ઉતાવળે પગલે સજ્જન બહાર નીકળી ગયા.

ધડ દઇને સાવિત્રીએ બારણાં વાસી દીધાં.

ટંડેલ

અચિન્ત્યકુમાર સેનગુપ્ત

માએ નસીમને માર્યો. માએ માર્યો તો છો માર્યો, પણ એ શાનો મારે ! એ કોણ મારવાવાળો !

"ગાયવાછરડાં રાખું કે ન રાખું, ખેતીવાડી કરું કે ન કરું, તેમાં એનું શું જાય ? જમીન પડતર પડી રહે તો છો પડી રહેતી, એમાં એને શી પંચાત ! ઘરનાં છાપરાનું ઘાસખડ બદલવાનું છે કે નહિ એ અમે જોઇ લેશું અને ભીંજાવુંય પડશે, તો મા દીકરો ભીંજાશું. એને છત્તર માથે ધરવા નહિ બોલાવું."

"ના" ગુલબાનુએ કહ્યું, "હવેથી ગહરઅલી દેખરેખ કરશે."

"કોણ વળી ગહરઅલી ?" નસીમ ડોક ઝાટકી તાડૂકી ઊઠ્યો.

"પૈસાદાર માણસ છે. પાંચ એકર જમીન છે. ઘર આંગણે કચેરી છે. કેટલીક જમીન-જાગીરના મુકદમા ચાલે છે."

"તેમાં આપણે શું ?"

"એને ઝાલશું તો જમીનજાગીર આપણીય ઠીક રહેશે, ખાવા પીવા, પહેરવા ઓઢવાનાં સાંસાં નહિ રહે. ઘાસખડના છાપરાને બદલે એક દી' પતરાનું છાપરું થશે."

"નથી જો'તું એનું પતરાનું ઘર, આપણું આ ભાંગ્યું તૂટ્યું ખોરડું સારું છે. આપણે શાક-પાંદડું ખાઇને દી' કાઢશું, પણ તું એને કાઢી મૂક."

ગહરઅલીએ ખૂબ મારપીટ કરી હતી. અને એમાં ગુલબાનુએ પણ સાથ દીધો હતો.

અબ્બા જીવતો હોત તો દેન છે કોઇની કે આમ મારપીટ કરે ? ખેતરે જવા માટે આમ કોઇ એને વાંસે ન લાગત. એ જાળ લઇને તળાવ-તલાવડીએ માછલાં પકડવા નીકળી પડતો. અબ્બાજાન કહેતો, "હાટ-બજારમાં હું તને કાપડની એક દુકાન કરી આલીશ."

"એના કરતાં મને એક હોડી લઇ આલોને ?" નસીમ કહેતો. "જમીન કરતાં દરિયા-નદીનું પાણી મને વધુ ગમે છે."

અબ્બાજાનમાં હોડી ખરીદી દેવાની ત્રેવડ નહોતી. નસીમ હજુ એટલો મોટોય નથી થયો કે ભાડાની હોડી ફેરવી રળી ખાય. એની જાળ પણ કેટલાયે દિવસથી તૂટી

ગઇ છે. તોયે એનું મન એ તરફ જ દોડતું હતું. નદીકાંઠે ચૂપચાપ બેસી રહેતો. એના ગાલ પરથી આંસુ ટપકી પડતાં.

એણે સાંભળ્યું છે કે એની માના ગહરઅલી જોડે નિકા થવાના છે. તેઓ એક ઘરનાં માણસ થઇને રહેશે. પણ પછી નસીમ માટે જગ્યા ક્યાં ? ક્યાંય નહિ. ઉપર આભ નીચે ધરતી. આશરા વિનાનો, પરતંત્ર. લોકો એની માને પૂછશે, "આ કોણ છે ?" ત્યારે મા કહેશે, "મારા આગલા ઘરનો દીકરો." "કોને આશરે છે ! કોનું રળ્યું ખાય છે ?" એમ કોઇ નસીમને પૂછશે, તો એ શું કહેશે ? "ગહરઅલી ભેગો છું, એનું રળ્યું ખાઉં છું !" નસીમના હૈયામાં તો આગ ભડભડ બળે.

એકાદ માઇલ દૂર બ્રાંચ લાઇનની એક સ્ટીમર ઊભી રહે છે, શણના ખેતર પાસે – જેટી કે ફલોટ નથી. સ્ટીમરને કાંઠે લાવીને બદામનાં ઝાડના થડ જોડે બાંધી દેવામાં આવતી. કાંઠે બે સીડી મૂકવામાં આવતી. સીડીની બન્ને તરફ વાંસનાં હલેસાંની લગ્ગી ઝાલી બે ખલાસી ઊભા રહેતા. ઉતારુઓ ઊતરચડ કરતા. બદામના ઝાડ તળે એક નાનકડી પતરાની પેટીમાં ટિકિટો રાખી ગુમાસ્તો ટિકિટ વેચતો. જેઓ ઊતરે એની પાસેથી ટિકિટ લે, ફસાવી બનાવી જે વિના ટિકિટના ઘૂસી ગયા હોય તેમની પાસેથી લાંચ લઇ પતાવટ કરે. એ પછી સ્ટીમર પર ચડી જાય, જહાજબાબુ સાથે હિસાબ-કિતાબ પતાવવા. ઘાટનો ગુમાસ્તો પાછો ન ઊતરી આવે ત્યાં સુધી સીડી ન ઉપાડી લે. એક સીડી વખતે ઉપાડી પણ લે તોય બીજી તો રાખી જ મૂકે. ઘાટના ગુમાસ્તાને હલેસા-લગ્ગીનાં વાંસની જરૂર ન પડે.

ગામની જમીન નીચાણમાં હતી. લગભગ હંમેશા જ પાણી ભરાયેલું રહેતું. ફક્ત ઝાડનું થડ જ થોડું સૂકું હતું. ઉતારુઓ પાણી ડહોળતાં ડહોળતાં ગામનો રસ્તો ઝાલે. એક હાથેથી ઠેલી શકાય એવો તરાપો છે ખરો, પણ સાથે સરસામાન હોય ત્યારે જ એનો આશરો લેવો પડે. બાળબચ્ચાંને ખભે કે કાંખમાં ઘાલી પાણી પાર કરી જાય. ટચુકડી એવી બૈરી હોય તો એને યે ઊંચકીને લોકો સામે પાર નીકળી જતાં.

"સીડી ઉઠાવો." પહેલે માળથી ટંડેલે હુકમ કર્યો.

ઘાટ ગુમાસ્તો હજુ ઊતર્યો નથી કે શું ? ના, હમણાં જ તો ઊતરી ગયો, છેલ્લી સીડી ઉપાડી પણ લીધી. હડ-હડ-હડ-હડ કરતું જાડી સાંકળે બાંધેલું લંગર ઊંચકાવા માંડ્યું.

એક પુરુષ આટલી ધમાલમાં ઊતરી નથી શક્યો કે શું ? અરે, એ પુરુષ ક્યાં છે ? એ તો દસ-બાર વર્ષનો છોકરો છે. પેસેન્જર છે કે ? શી ખબર ? વખતે જહાજ જોવા ચડી આવ્યો હશે ! તો પછી એને આગલા પાતાકાટાના ઘાટે ઉતારી દેજો. સાંજની ઓટ વેળાએ. એક મલ્લાહની હોડીમાં તો એ સપાટાબંધ આગળ નીકળી જશે. અંધારુ થઇ જશે તો એ ઘેર શી રીતે પહોંચશે ? બિચારો ! મા બાપ પર કોણ જાણે શું વીતતું હશે !

સ્ટીમર નાનકડી હતી. ઉપરના તૂતક પર ફક્ત થર્ડ-ક્લાસ. આગલા ભાગમાં

કબુતરના માળા જેવી ફર્સ્ટક્લાસની બે નાની ઓરડી, અને એની આગળ ખુલ્લા ખૂણામાં ટંડેલનું વ્હીલ. નસીમ બરાબર વ્હીલ સામે જઇ ઊભો રહ્યો.

પહેલાં તો સહુએ જોયું અણજોયું કર્યું. એમને એમ કે સ્ટીમરનું મશીન જોવાને એ અમસ્તો જ ચડી આવ્યો હશે. પણ એ છોકરો તો ત્યાંથી ખસવાનું નામ જ નહોતો લેતો.

"શું જોઇએ છે ?" માથે કિસ્તી ટોપી પહેરીને હુક્કો પી રહેલા ટંડેલે ગરદન જરાક ત્રાંસી કરી પૂછ્યું.

"હજુર, તમને નોકરની જરૂર હોય તો મને રાખી લો."

"તું કયા ગામનો છે ?" એ નસીમના મોં ભણી જરાવાર તાકી રહ્યો.

"અહીંનો જ – કનકદિયાનો છું."

"મા બાપ છે ?"

"જી મારે કોઇ નથી."

ફરી થોડીક પળો ટંડેલ તેને તાકી રહ્યો. પછી બોલ્યો, "કંઇ કામકાજ આવડે છે ?"

"શું શું કામ કરવાનું છે, હજુર ?"

"રાંધવું, પીરસવું, ધોવું, પોતાં મારવાં, કપડાં ધોવાં, વાસણ માંજવાં, આવું બધું, બીજું શું ? કરી શકે તો લાગી જા કામે." મફતમાં જો એકાદો આવો છોકરો મળી જાય તો શો ખોટો ? વ્હીલ પર બેઠેલા ઇયાદઅલી ભણી ટંડેલે આવા મતલબથી જોઇ આંખનો ઇશારો કર્યો. કંઇ નહિ તોય છેવટે હુક્કો તો ભરી આપશે ! જરૂર પડ્યે હાથપગ શરીર દબાવી દેશે.

ઇયાદઅલીએ કહ્યું, "પગાર બગાર નહિ મળે ?"

"ના હજુર, મને પૈસા નથી જોઇતા."

જહાજમાં જગા મળી ગઇ એટલું તો નસીમ માટે ઘણું હતું. બાપ નહિ, ચાચા નહિ, શેઠ નહિ, માલિક નહિ, નાહક અજાણ્યા લોકોનો માર તો નહિ ખાવો પડે. નસીમ માટે આટલું જ ઘણું હતું. એણે વિચાર્યું કે દિશાહીન બનીને અજાણ્યા પ્રવાહમાં વહી શકશે. એ પણ એક મહાસુખરૂપ હતું.

"સારી રીતે કામકાજ કરશે તો જહાજમાં જ નોકરી રાખી લેશું. કોને ખબર છે કે આજે પગાર વિના રાખેલો નોકર, કાલે આ જહાજનો ટંડેલ પણ બની બેસે," ટંડેલે પોતાની સફેદ આછી પાતળી દાઢી પર હાથ ફેરવતાં કહ્યું.

પણ પહેલે જ દિવસે રાતે નસીમે ટંડેલના હાથનો માર ખાધો. બેધ્યાનપણાને લીધે એને હાથે એક કાચનું વાસણ તૂટી ગયું હતું. બસ પછી પૂછવું શું ? કહેવું નહિ કારવવું નહિ ને તડાતડ મોં પર, માથે પીઠે, ડોકે, પડવા માંડ્યા ધોલધાપટ. ટપટપ કરતા નસીમ જોર જોરથી રડવા લાગ્યો. ટંડેલ બોલ્યો, "વધુ ગરબડ કરી છે તો, હાથપગ બાંધીને આ કાળા પાણીમાં જ ફેંકી દઇશ."

મારની પીડા કરતાં તો નસીમને આશ્ચર્ય જ વધુ થયું હતું. પણ આમાં આશ્ચર્ય

પામવા જેવું કંઇ નહોતું. આ તો અહીંનો રિવાજ. ટંડેલના હાથનો માર સહુએ ખાવો જ પડે. જે સીડી ખેસવે, તૂતકનાં પાટિયા ધૂએ, જેઓ લંગર નાખે, જેઓ દોરડાં રસ્સીનું કામ કરે, જેઓ લાઇટ ફેરવે, તેમનાં કામમાં લગારે ચૂક થઇ કે શરૂ થાય મારપીટ. નીચે મિસ્ત્રીઓના માટેની જગ્યા. તેની ફરતાં કામ કરે કોલસાવાળા, આગવાળા, એંજિનવાળા કામ કરતા હોય પણ. બધી સત્તા શાસનનો ભાર ટંડેલના હાથમાં. કોઇ ભૂલ કરે, કોઇ એક યંત્ર ફેરવવાને બદલે બીજું ફેરવી નાખે, એક ડંડો તાણવાને બદલે બીજો ડંડો તાણે, ટંડેલને હાથે તેની ખેર નહિ. લાતો પડતી, ભૂંડી ભૂંડી ગાળો, એ તો ઠીક પણ ખાસડાનો મારેય ખાવો પડે. તેથીયે તો ટંડેલને સંતોષ ન થાય તો પછી નોકરીમાંથી બરતરફ કરે.

શા માટે ન કરે ? કંપની તો કેવળ ટંડેલને જ ઓળખે, ટંડેલને જ જાણે, એ જહાજનો જાણે જિલ્લા-મેજિસ્ટ્રેટ. બધી જ જવાબદારી ટંડેલની. નદીમાં સ્ટીમર જો કોઇ નૌકાને ડુબાડી દે તો નુકસાન ટંડેલે જ ભરપાઇ કરવું પડતું. તોફાન આંધી ઝંઝાવાતમાં જો સ્ટીમર ડૂબી ગઇ તો કોણ જવાબદાર ? કંપનીના સાહેબ લોકો નહિ, જે કંઇ માલના મુકદ્દમા થાય રસ્તામાં એ સ્ટીમરને લગતાં, તો એ બધાંનો જવાબદાર ટંડેલ સાહેબ. અને એ આંધી ઝંઝાવાતમાંથી સ્ટીમરને બચાવી કાંઠે નાંગરી શકે તો એનું ઇનામ પણ ટંડેલ સાહેબને જ મળે. મિસ્ત્રીઓ-ખલાસીઓ ગમે તેટલી દોડધામ કરે કે બૂમાબૂમ કરે, ફાયદો થાય એ રીતે હોશિયારીથી કામ લે; રૂપિયાની થપ્પીમાંથી એકાદ અધેલીએ એમને ન મળે. જે બધા ચાંદ-બિલ્લા, માન અકરામ મળે એ ટંડેલ સાહેબને ગળે લટકે.

શું થયું એકાએક ?

સ્ટીમર રેતાળ જગ્યામાં અટકી પડી. ધુમ્મસને લીધે કંઇ ખબર ન પડી. પૈડું જમીનમાં ઘૂસી ગયું હતું. તે હવે સહેલાઇથી કે જલદીથી નીકળે એવી આશા ઓછી હતી. ખબર મોકલવા પડશે. આજે ઓછામાં ઓછા સાત આઠ કલાકનું મોડું તો થશે જ. વચ્ચેના સ્ટેશન-ઘાટના ઉતારૂ જેઓ સ્ટીમરની રાહ જોતા બેઠા છે તેઓ આજની આખી રાત દૂરથી ધુમાડો જ જોયા કરશે, અને ભૂંગળું સાંભળ્યા કરશે.

એમાં દોષ કોનો ? દોષ સુકાનીનો, દોષ માલમનો. કદાવર ઊંચા જુવાનિયા મરદ બધાં. હવે એમને મારવામાં મજા ન પડતી. ઊલટાનું પોતાના હાથને વાગે તે નફામાં, પણ જવાના છે ક્યાં ? આ મહિનાનો પૂરો પગાર બરબાદ થઇ જશે. ઉપરથી પોતાના પૈસામાંથી ખાધાખોરાકી ખરીદવી પડશે.

ટંડેલ જાણે આ જહાજનો ઇજારદાર. જેટલો ખર્ચ સામાન સંરજામ બાબતનો, મરામત બાબતનો, ખલાસી મિસ્ત્રીના પગાર બાબતનો, એ બધાંનો કુલ હિસાબ કરી કુલ મોટી રકમ કંપની ટંડેલને હાથમાં સોંપી દે. પછી તેની વ્યવસ્થા કરવાનું કામ ટંડેલનું. મરજી પડે એને પૂરો પગાર આપે. મરજી પડે એને દંડ કરે. મરજી પડે એની ખાધાખોરાકી કાપી લે. મરજી પડે તેને નોકરીમાંથી કાઢી મૂકે. એની વિરુદ્ધ ફરિયાદ

નહિ, ફેંસલો નહિ. સ્ટીમરની અંદરના વહીવટમાં કંપની માથું ન મારે. એ તો કેવળ એટલું જ જુએ કે એક ઘાટથી બીજે ઘાટ માલ અને ઉતારુથી ભરાઇને સ્ટીમર લઇ જઇને કંપનીને કેટલો નફો થાય છે.

તેથી આખી સ્ટીમરના લોકો ટંડેલના હુકમે ઊઠે બેસે. બધા જ કર્મચારીઓ નોકરો એના તાબેદાર. આ તો જાણે સ્ટીમરના ટંડેલને લાટ સાહેબની જગ્યા મળી ગઇ હતી.

"રડવાથી કંઇ ફાયદો નહિ," પાસે બેઠેલો મકબૂલ બોલ્યો. "આમેય હજુ તો ખૂબ માર ખાવો પડશે. માર ખાઇ ખાઇને તો પ્રમોશન મળશે."

મકબૂલ પણ પહેલાં નોકર તરીકે જ સ્ટીમર પર આવ્યો હતો. રસોયા તરીકે નહિ, ધોબી મોચીનું કામ કરવા. ત્રણ વરસ પછી એને સીડી મળી છે. હવે મળશે તૂતકના પાટિયાં, એ પછી રસ્સી દોરડાં. માર ખાધા વિના જહાજમાં બઢતી કે ઉન્નતિ થાય જ નહિ."

સાહેબની મહેરબાની સિવાય કશું જ ન થાય. દસ-બાર વર્ષ પછી સાહેબની જો દયા હોય તો સર્ટિફિકેટ મળે. પછી એ સર્ટિફિકેટના જોરે ટંડેલ બનવાની પરીક્ષા દઇ શકાય. થર્ડ મેટ માલમ અફસરુદીને મુરબ્બીવટ દેખાડીને આ બધું કર્યું. એ સર્ટિફિકેટ ન હોય ને તો બધું બેકાર. તેથી ટંડેલ સાહેબને માખણ મારવું પડે. એમ કરતાં એકવાર પાસ થઇ ગયા પછી પૂછવું જ શું. ગંગા નાહ્યા. પછી જમીનદાર હોય કે ખજાનચી – તહસીલદાર, કોઇની સાડીબાર નહિ. બધાં સરખા."

"ના રે ના. એમાંય એક વાત બીજી પણ છે. ચટ્ટગાંવના લોકો તરફ સાહેબને વધુ પક્ષપાત રહે છે." અવાજ ધીમો કરી બોઇલરનો ખલાસી વિલાયતઅલી બોલ્યો, "પોતાનું ગામ ચટ્ટગાંવને એટલે. કહેશે કે ચટ્ટગાંવ સિવાય ટંડેલ ક્યાં મળે ? કહેવત છે ને ટંડેલ, માછલીની સુકવણી અને દરગાહ, આ ત્રણ એટલે ચટ્ટગાંવ. ડાંગર, ડાકુ અને નહેર-ખાલ આ ત્રણ એટલે બરિશાલ. ટંડેલ બનવું એ કંઇ ડાકુ બનવા જેવું નથી."

"એ ય છો'રા, તારું ઘર ક્યાં ?" બધાએ એકી સાથે એક જ સવાલ પૂછ્યો. " આ જ દેશમાં." નસીમે હતાશ નિરાશ થઇ જવાબ આપ્યો. અને સાંભળીને બધાનાં ચહેરા પણ જાણે કેવા ય ઝંખવાઇ ગયા.

બીજે દિવસે અબ્દુલે બેશુમાર માર ખાધો. પાણી માપતાં માપતાં એણે એક લોખંડનો સળિયો ખોઇ નાખ્યો હતો. ટંડેલ કોઇને મારવા માંડે તો છોડાવવા જવાની કોઇની હિંમત ન થતી. આ તો રોજની વાત.

એની સહુને ટેવ પડી ગઇ હતી. તો ય આંખમાંથી જે આંસુની ધાર વહે એમાં ફેર ન પડે. નદીના પાણીથી આંખોને ધોતાં અબ્દુલ કહે, "પગારમાંથી એની કિંમત અને ઉપરથી એનું વ્યાજ પણ કાપી જ લેશે. ઉપરથી માર મારી હાડકાં ખોખરાં કરી નાંખ્યાં."

તો ય પ્રતિવાદ નહિ, વિદ્રોહ નહિ, ન કોઇ વાંધો ઉઠાવે, ન કોઇ સામે થાય.

પોતાના બચાવમાં કોઇ બે શબ્દો પણ ન બોલી શકે નહિ. માર લાગે નહિ એ માટે શરીરનાં હાડમાંસે કઠોર કરી શકાય નહિ.

નસીમના મનમાં થયું આ બધા પણ કદાચ એના જેવા મા બાપ વિનાના અને નિરાધાર જ હશે ! ના, એવું નથી. બધા જ સીડીથી શરૂ કરી જહાજના 'ફાનીલેન' યાને સર્વોચ્ચ સ્તરે પહોંચવા માગતા હતા. સહુને ટંડેલનું સર્ટિફિકેટ જોઇતું હતું. એને માર ન મારવા દે તો એ હાથમાં સર્ટિફિકેટ લખવા કલમ જ પકડે શાનો ?

તેથી જ તો તે દિવસે જ્યારે મકબૂલ સાથે પાણી કાઢતી વખતે મજાક કરતાં કરતાં નસીમના હાથમાંથી બાલદી પડી ગઇ ત્યારે માર ખાતાં એને પણ પછી શરમ નહોતી આવી. તેના મનને અપમાનનો વિચાર પણ નહોતો આવ્યો. મકબૂલ સાથે, બધાંજ ખલાસીઓ સાથે ઉલટાની એણે મૈત્રી જ અનુભવી હતી.

"તારે શું ? પગાર નહિ, કેવળ માર ખાધો કે પતી ગયું." મકબૂલે રડતાં રડતાં કહ્યું, "અને મારો તો પૂરો પગાર જ બાલદીના બદલામાં કાપી લેશે, પછી મહિનો પૂરો થયે કહેશે, હવે મારી પાસેથી ઉધાર પૈસા લે. રૂપિયે બે આના કરીને વ્યાજ દેજે. જહાજમાં બેઠા બેઠા વ્યાજવટું કરે છે આ ટંડેલ. કોઇ અમને જોનાર કે સાંભળનારેય નથી." કહીને મકબૂલે ઊંચું જોયું. જાણે ઉપરવાળો એ દુઃખી જીવની ફરિયાદ સાંભળતો હોય !

તો પછી બીજા જહાજમાં કેમ નથી જતો રહેતો ?"

"તું કઇ દુનિયામાં વસે છે ? તને ખબર છે કે એક જહાજ છોડો પછી બીજા જહાજમાં નોકરી મળે શું ? ટંડેલની વચ્ચે સંપ હોય છે. તેથી જ તો આમ મોં બંધ કરી મૂંગે મોંએ માર ખાઇએ છીએ કે વળી કાઢી ન મૂકે. એક વાર હાંકી કાઢે તો બરબાદ જ થઇ જવાય. પાણી છોડીને પછી ઝાલવું પડે હળ."

"અને તું વળી બીજા કયા જહાજમાં જઇશ ?" ઇયાદઅલીએ બાજુમાંથી ટપકું મૂક્યું, "બધાય જહાજમાં આ જ રિવાજ."

"કોઇ ધારે તો નાસી ન જઇ શકે ?" નસીમે પૂછ્યું.

બધા જ હસી પડ્યા. સીડીથી શરૂ કરીને 'ફાનીલે' પહોંચવા માટેની સાધના માટે જે બધાં જહાજની નોકરીમાં દાખલ થયા હતા તેમના તો આ વાત વાહિયાત જ લાગી.

"અને નાસી જવું કંઇ સહેલું નથી નસીમ !" સેકન્ડ મેટ - માલમ ગંભીર સ્વરે બોલ્યો, "તારું નામ ઠેકાણું તો સાહેબની નોંધપોથીમાં ટપકાવેલું હોય ને ! નાઠો કે પછી પોલીસમાં ફરિયાદ નોંધાવે, કહેશે કે મારા ખીસામાંથી પાકીટ માર્યું છે, અથવા તો મારી ઘડિયાળ ચોરી લીધી છે. કંપની ટંડેલના વતી લડે. હતો તો જહાજમાં, અને સીધો જઇ પહોંચે જેલમાં."

તો શું નસીમના દિવસો આમ જ પસાર થશે – આ પાણીનો એકધારો અવાજ સાંભળતાં સાંભળતાં જ ! પગાર નહિ, રહેવા સૂવાની જગ્યા નહિ. આમ જ એ દિવસે ને રાતે પાણીમાં જ વહેતો રહેશે ?

"સાહેબને ખુશ કરવાની કોશિશ કર. તે સિવાય બીજો કોઇ આરો નથી. જો એકવાર સીડી પકડવાની તક તો મેળવી લે."

પણ નસીમને સમજાયું નહિ કે માલિકને એ ખુશ કરે શી રીતે ? એના પર જે કામની જવાબદારી હતી એ તો સાહેબના હાથ પગ દબાવવા, નહાતાં પહેલાં તેલ-માલિશ કરવાનું, કે વાળમાં હાથ ફેરવવાનો. સુકાની મદદ કરવા આવે છે રસોઇમાં, એટલે જ તો હજુ સુધી એના હાડકાંપાંસળાં સલામત છે. અને છતાં એય એના મનને રુચતું નથી કેમકે પગાર નથી મળતો. ઊલટાનો જુર્માના રૂપે પૈસા નથી કાપી શકાતા એનો જ તો સાહેબને ઘણો જ અફસોસ છે. તેથી જ તો વળી વચ્ચે વચ્ચે એને ભૂખ્યો પણ રાખે છે. એમ કરીને એક વેળાનાં મરચાં-કાંદાનો ખર્ચ બચાવે છે. ચોખા, મીઠું, કાંદા અને મરચાં ટંડેલ આપે. બાકી બધું સહુ સહુની મરજી પ્રમાણે લે મૂકે. તેલ, મસાલો, માછલી અને શાકભાજી. મહિનાને અંતે પગારમાંથી સહુના ચોખા, મીઠું, કાંદા, મરચાનો ખર્ચ ટંડેલ કાપી લે. તે ય પોતાની મરજી પ્રમાણે.

"જો ટંડેલનું મન જીતવું હોય તો તું ચોરી કર." કોઇએ ધીમેથી એના કાનમાં કહ્યું.

આ સ્ટીમરની સાથે ક્યારેક બાર્જ બાંધેલા હોય છે. તેમાં ચોખાની, મીઠાંની, મરચાંની ગુણો ભરાઇને જાય. બાર્જની સાથે માણસો પણ હોય. તે માણસો સાથે પણ ટંડેલ મિસ્ત્રીઓનો કંઇક બંદોબસ્ત હોય, જેથી સ્ટોર-રૂમમાંથી પણ કંઇક નફો થાય.

ના, નસીમને કંઇ નથી ગમતું. નસીમ માટે તો અહીં કોઇ જ આશા નથી. એકાંતરે આ એક જ પથે સ્ટીમરની આવ-જા. જ્યાં સાંજે પહોંચવાનું હોય ત્યાં પહોંચતા મધરાત થઇ જાય, તો ક્યારેક વળી પરોઢિયું. બસ એટલી જ વિચિત્રતા કે વિવિધતા. નહિ તો એકસરખો એકધારો કંટાળાભર્યો પાણીનો અવાજ, ઉતારુઓની ભીડ, લંગર નાખવા - ઊંચકવાનો હડ હડ કરતો અવાજ. સીડી અને દોરડાં ફેંકતી વખતે એ જ એકસરખી બૂમાબૂમ. એને હવે જરાયે ગમતું નથી. થોડા દિવસ થાય અને હરીફરીને પાછી સ્ટીમર કનકદિયા આવી પહોંચી. નદી આટલી નાની ! એનો પ્રવાહ-સ્રોત આટલો દુર્બળ ! નસીમ કલ્પીયે ન શકતો. પહેલાં પહેલાં શરૂઆતમાં તો મનમાં થતું, નદી શી ખબર કેટલેય દૂર, કયા સમુદ્રમાં જઇને પહોંચતી હશે ? આ દેશથી કેટલે બધે દૂર, દૂર-સુદૂર - પરદેશમાં જઇ પહોંચતી હશે !

નસીમ અંધારા એકાંતમાં નદી ભણી ટીકતો ચૂપચાપ એકલો બેઠો હતો. ગાઢ કાળા પાણી પર ચાંદરણા ઝગમગતાં હતાં. આજે મધરાતે સ્ટીમર કનકદિયા પહોંચી હતી. નસીમને પોતાનું ઘર યાદ આવ્યું. મનમાં થયું ક્યાં છે એને ઘરબા'ર ! ના, એને તો કોઇ ઘર નથી. ત્યાં તો કેવળ ભૂતડા ભૂસકા મારે છે. યાદ આવે છે બધી વાતો, મા યાદ આવતી હતી. ના એને મા નથી. એની મા તો ક્યારનીયે મરી પરવારી છે. મરેલી માના ચહેરા સમી જ તો લાગે છે આ કાળા શામળા જળની ચાંદની.

મોટી ચોરી ન કરી શકે એ તો બરાબર. પણ નાની ચીભડા ચોરી તો કરી જ શકે ! દાતરડું હાથમાં અને ગામનો છોકરો નાળિયેર વેચતો હતો. ટંડેલ સાહેબ માટે દસ

પૈસામાં બે નાળિયેર ખરીદ્યાં. જહાજ પર ચડી આવ્યો જ્યારે સીડી ઊંચકી લીધી ત્યારે નસીમે ટંડેલ પાસેથી એક આની લઇ કાંઠા પર ફેંકી. અને છ પૈસાં ફેંક્યા. નસીમે જીભડો કાઢી મોં બતાવ્યું. વેચનાર છોકરાએ કાદવનો લોંદો ઊંચકી નસીમ તરફ છૂટ્ટો ફેંક્યો. જહાજ એટલીવારમાં તો ત્યાંથી આઘું સરી ગયું હતું. તેથી છાંટોયે ન ઊડ્યો. ટંડેલ અને નસીમ બંને એકી સાથે હસી પડ્યા.

એવી જ રીતે કોઇક માછલી વેચવા આવ્યા હતા, વાંસ-પાતા અને ગાંગ-ખૈરા. નસીમે એમાંથી યે થોડી માછલી તફડાવી લીધી. માટીના હાંડલામાં દૂધ વેચાવા આવ્યું હતું. વાંસના ચોંગાના માપથી માપીને આપતો હતો. એ કહે કે પૈસા જહાજમાં ઉપર પહોંચીને પછી દેશે. ટોપલો ભરીને ખેતરના તાજા કાકડી ચીભડાં વેચાવા આવ્યાં હતાં. નાની કરચલા કોલંબી (ચિંગડી) નાખી ને શાક થશે નહિ તો કાચા જ ખાવાને ચાલશે. બધાને એક જ વાત કહેતો, "પૈસા તો ક્યાંય જવાના નથી, કેમકે હું તો ટંડેલ સાહેબનો નોકર છું."

આટલા દિવસે નસીમને એક ગંજી મળી. અને એક અંગૂછો. એક લુંગી કોણ જાણે ક્યારે મળશે ! એક દિવસ નસીમે ટંડેલ પાસે ચાર પૈસા માગ્યા.

આવી ધૃષ્ટતાભરી વાત તો ટંડેલે એની જિંદગીમાં પહેલીવાર સાંભળી હતી. ભવાં ચડાવી બોલ્યો, "શું બોલ્યો ! પૈસા ?"

નસીમે એવી તે કઇ ભયંકર હરામી વાત કરી હતી ? નસીમ ભયભીત નજરે તાકી રહ્યો.

"પૈસાનું શું કામ છે !"

"એક કુલડી ચા પીશ."

નસીમે આટલું કહ્યું એ સાથે જ ગાલ પર એક જોરથી થપ્પડ પડી. ચક્કર ખાઇને નસીમ નીચે ગબડી પડ્યો. ટંડેલ બરાડી ઊઠ્યો, "આવો બેઅદબ ! મારી પાસે બીડી માગે છે ! બીડી લઇશ ! લઇશ બીડી ? કોઇ દિવસ તો કહીશ કે બાટલી ખરીદવી છે. તેરીમેરી કરી છે ને તો એં આ નદીના ઊંડા પાણીમાં ફેંકી દઇશ."

આંસુ સારતાં સારતાં વળી આજે નસીમને માની યાદ આવી. મા મરી જશે તો પછી એનું મોં કેવું દેખાશે. તેમ વિચાર કરીને અંધકારમાં પાણી ભણી જોતાં માના ચહેરાની કલ્પના કરવાનો પ્રયાસ કર્યો. માના મર્યા મુખની કલ્પના કરવાથી એના મનમાં જોર આવતું. આ માર ખાવાની, માર સહેવાની શક્તિ મળતી. "ઓ મા રે" કહીને પણ એ રડી ન શકે, ત્યારે નિઃશબ્દે એને સહેવા સિવાય બીજો ઉપાય પણ ક્યાં હતો ?

આટલો બધો અત્યાચાર હોવા છતાંય સહુ એક ન થતા, ભેગા ન થતા. ઉપરવાળા ખુદા સિવાય બીજા કોઇ પાસે તેઓ નાલિશ-ફરિયાદ ન કરતા.

આ જહાજરૂપી ખોલીમાંથી એમને માટે મુક્તિ નહોતી. ક્યારે એને સીડી મળશે ? ક્યારે વળી તૂતકના પાટિયા, રસ્સી દોરડા, લંગર અને લંગરખૂંટી, યા તો મિસ્ત્રીનો

ઈલાકો. એની જ આશામાં બધાં લોકો દિવસો પસાર કરતા. કોણ કઇ રીતે ટંડેલને વશ કરી શકે છે, વ્યાજ દઇને, લાંચ દઇને, ચોરી કરીને, માર ખાઇને, એની જ પેરવીમાં હતા. ટંડેલ સાહેબ સરસ મજાની ગવર્નમેન્ટ ચલાવતા હતા.

એ જ રાતે નસીમ એક પેસેન્જરના એક જોડી જોડા ચોરી લાવ્યો. ટંડેલે તો પટ લઇને નદીમાં જ ફેંકી દીધા જોડા, અને કહે, "વાહ રે તારી અક્કલ ! હું એના જોડા ચમચમાવતો ચાલું અને પછી પોલીસ આવીને મને પકડી નહિ લે !" બીજે દિવસે નસીમ ઊપાડી લાવ્યો એક પતરાની પેટી. એ પ ગઇ નદીના ઊંડા પેટાળમાં. એ પેટીમાં હતાં મુકદ્દમાની નકલનાં કાગળિયાં, લેખિત પુરાવા, દાખલા દલીલોની કેટલીક નકલો.

કેમેય કર્યો નસીમ ટંડેલનું મન જીતી શક્યો નહિ. "થશે, ધીમે ધીમે થશે." ટંડેલની નજર જાણે તેના કાનમાં આમ જ કહી રહી ન હોય ! તેની અક્ષમતા, અનાડીપણા માટે ટંડેલ એને ધમકાવતો હતો, પણ પહેલાંની જેમ સીધો મારવા ન માંડતો. એનાથી યે હવે નસીમને આશા બંધાતી હતી.

કંપનીની બત્તીઓમાં ઝાઝો ઉજાસ નહોતો. વરસાદથી બચવા તાડપત્રી પણ નહોતી. સ્ત્રીઓ અને પુરુષો માટે અલાયદા કમરા પણ નહોતા. તોય બધાંની આંખોમાં ઊંઘ હોય જ છે. એવા મુસાફરો પણ નહોતા કે જે પાનાં રમે, ગીતો ગાય કે મજાની સરસ વાતો કરી શકે. આ લાઇનમાં બધા ખેડૂત લોકો. પૂરના ધસમસતા પ્રવાહની જેમ જેઓ આખો દિવસ ગદ્ધાવૈતરૂં કરે અને થાકીને લોથપોથ થઇ માંસનાં પિંડ હોય એમ ઊંઘે.

ઊંઘના ઘેનમાં બેધ્યાનપણાને લીધે, કોઇકની ઢીલી પડી ગયેલી ધોતિયાની ઓટીમાંથી પૈસાની પોટલી પડી ગઇ હતી. નસીમે એને હાથ-સફાઇથી ઉઠાવી લીધી. એને એકવાર થયું કે લાવ ગણી જોઉં, કે કેટલા છે ! પછી થયું લાવ આવતે સ્ટેશને ઉતરીને નાસી જાઉં. પણ શી ખબર, કયા આકર્ષણથી ખેંચાઇને એ ટંડેલ પાસે જ લઇ ગયો. લગભગ મંત્રમુગ્ધની માફક જ. વાઘના મોંમાં પશુ જાય એમ. જે કેવળ મારે, જે હસીને વાત પણ ન કરે, ન્યાય-હકની ફૂટી કોડી પણ જેના હાથમાંથી ન છૂટે, તેને જ ખુશ કરવા તે આતુર બન્યો. જે અનવરત ચૂગળ જ સાંભળે. જે એકબીજાને એકબીજાથી લડાવીને અલગ પાડી રાખે તેની જ મહેરબાની મેળવવા માટે આ હોંસાતૂંસી ! કોણ કોને આમાં પાછળ રાખી આગળ નીકળી જઇ શકે, લગાતાર એ જ કોશિશ, એ જ હરીફાઇ.

"કુલ સાત રૂપિયા સાડા નવ આના." મકબૂલ બોલ્યો. "આમા શો દી' વળે ! જો બે વીસ અને સાત ન હોય ત્યાં સુધી રમત બને જ નહિ, બધું જ બેકાર. આપણા ટંડેલ સાહેબ એમ જ કહેતા હોય છે."

તો પણ કપડાં વગેરે કરતાં રોકડ નાણું સારું. સહુથી સારું જો કંઇ હોય તો ઘરેણું - ગાહું, સોનું - ચાંદી. આજકાલ એના ભાવ કેવા છે ! કાગળના રૂપિયા એની પાસે કંઇ

નહિ, સાવ રદ્દી, બેકાર.

આટલા દિવસે એક નવી લુંગી મળી છે. હવે એક હાફ શર્ટ.

પણ ખેડૂતોની વહુ દીકરીઓ પાસે ઘરેણાં ક્યાંથી હોય ? બહુ થાય તો નાકની ચૂંક કે વીંટી-બીંટી, હાથમાં કાચની બંગડી - સોનાનું ઘરેણું ન હોય.

ના, છે એ પણ. નવી નવેલી પરણીને સાસરે જાય છે. ગળામાં સોનાની હાંસડી છે, હાથમાં બટફુલના કડાં, પગમાં રૂપાનાં કડલાં. પગની આંગળીમાં વીંછીયા - ગુજરી. ફાલસા રંગની સાડી પહેરી ઘૂમટો તાણી એક કોર સૂતી હતી. જાનૈયાઓ અહીં તહીં છૂટા-છવાયા સૂતા હતા. કોણ ક્યાં હતું ને ક્યાં નહિ, કશી જ ખબર ન પડે. આજે જહાજમાં ભીડ તે કંઇ ભીડ ! હૈયે હૈયું દબાય. ક્યાંય મોકળાશ નહોતી. આ ભીડમાં જ નસીમ તક શોધતો હતો.

નવવધૂના ગળા પાસે નસીમે હાથ મુક્યો. એની ગરદન નરમ હતી. નસીમનાં આંગળાં ધ્રૂજ્યાં. એક ઝટકે ગળાની હાંસડી તોડી લીધી.

"ચોર ! ચોર !" ભીડ ઠેલી બે ચાર ડગલાં માંડ નસીમ આગળ વધ્યો હશે કે ઉતારુઓએ પકડી પાડ્યો. એ પછી બધાં એને મારવા જ માંડ્યા. ઢોર માર માર્યો. જે કોઇ આવીને પહેલા પૂછે, અને બીજી પળે એ પણ તૂટી પડે. ચોર માલ તો લઇને ભાગી તો નહોતો શક્યો. વહુની પથારી પાસે જ માલ તો પડ્યો રહ્યો હતો. પણ તેથી શો ફેર પડે ? સ્ત્રીના શરીરને હાથ તો લગાડ્યો હતો ! હાંસડી તો ગળામાંથી ખેંચી કાઢી હતી !

"મારો, મારો, પીટી નાખો. બધાં ભેગાં મળીને."

"ઓ બાપ રે !" નસીમે ચીસ પાડી.

બદન પર અચકન પહેરેલું, માથે મુસલમાની કિશ્તી ટોપી, પગમાં ચંપલ અને ટંડેલ આવીને હાજર થયો. પૂછ્યું, "શું થયું ? શા માટે મારા દીકરાને મારો છો ?"

"દીકરો !" બધાં તો સ્તબ્ધ જ બની ગયા. સાહેબનો દીકરો ! કોઇ બોલ્યું, "અમને તો એમ કે તમારો નોકર છે."

"નોકર ! જૂઠ બાત, એ મારો સગો બેટો છે મા વિનાનો. કોણે માર્યો એને !"

"એણે નવી દુલ્હનના ગળામાંથી દાગીનાની ચોરી કરી છે. ગળામાંથી સમુચી હાંસડી જ કાઢી લીધી."

"ખોટી વાત, બને જ નહિ, ચાલો હું જઇને બીબીને પૂછું છું."

ટંડેલે નવી દુલ્હન પાસે જઇને પૂછ્યું, "આપના ગળામાંથી કોઇએ આપની હાંસડી કાઢી લીધી છે ?"

પરદાનશીન બીબીએ મોં પર ઘૂમટો તાણી લઇ ધીમે અવાજે કહ્યું, "ના ઊંઘમાં ભાન જ ન રહેવાથી પથારીમાં જ પડી ગઇ હતી."

લતાવાડી સ્ટેશન સામે જ દેખાતું હતું. અહીં જ જાન ઊતરવાની હતી. જહાજ ધીમું પડી ગયું. લંગર હડ હડ હડ હડ કરતું ઊતરવા માંડ્યું. ઝાડ જોડે દોરડું

બંધાઇ ગયું.

"સીડી ઊતારો, સીડી ઊતારો." ઉપરથી ટંડેલ બૂમ પાડી ઊઠ્યો.

"નસીમ ક્યાં છે ? નસીમને બોલાવો, આજથી એ સીડી ઝાલશે."

ખલાસીઓમાં તો ધૂમ મચી ગઇ. આટલા દિવસે આજે નસીમની દીક્ષા શરૂ થઇ. પણ આટલા થોડા દિવસમાં જ ? ચોરી કરતાં પકડાયો અને સાથે સાથે નસીબ ખૂલી ગયું. અને જેઓ પકડાયા નથી એ હજુ વલખાં મારે છે, ફાંફા મારે છે. સીડીથી તૂતકનાં પાટિયાં સુધીનુંય પ્રોમોશન મળતું નથી. અને આ આજે, સીડી, કાલે તૂતકનાં પાટિયાં, પરમ દહાડે સુકાની, અને પછી એકદમ ટંડેલ કપ્તાન, જહાજનો નાખુદા!

"ધરો, ધરો, એ તો હજુ નાનકડો છોકરો છે. એકલો ક્યાંથી સીડી ઝાલી શકે ? તમે બધા મળીને એને મદદ કરો." ઉપરથી ટંડેલે રાડ પાડી હુકમ છોડ્યો.

સર્ચલાઇટનાં પ્રકાશમાં નસીમની આંસુભરી આંખો ચમકી ઊઠી.

નવી વહુ લતાવાડી ઊતરી જવાની હતી. પગનાં ઝાંઝર ઝમકાવતી આવતી હતી.

પ્રકાશ ક્યાંય દૂર સુધી પડતો હતો, ઝાડઝાંખરાંનાં માથા પર. નસીમે સીડી મૂકી દઇને વાંસનું હલેસું ઝાલ્યું હતું. એણે દુલ્હનને કહ્યું, "પગ લથડશે તો પડી જશો. આ હલેસાનો વાંસ ઝાલી લ્યો."

વાંસ ઝાલ્યા વિના જ લથડિયા ખાવા માંડી નવી દુલ્હન. ત્યાં જ પાછળથી કોઇએ નસીમને ધક્કો માર્યો. ચમકીને જોયું એ જ માણસ હતો, ભીડમાં એણે જ સૌથી વધુ માર માર્યો હતો. આટલીવાર પછી ઉજાસમાં અત્યારે ઓળખાયો. ગહરઅલી.

ગુલબાનુએ ઉજાસમાંથી મોં સેરવી લીધું. ઝટ લઇને સરખી રીતે ઘૂમટો તાણી લીધો. બદન પર ઓઢેલી ચાદરને બુરખાની જેમ જ વીંટી લીધી હતી. ઘાટ પર તો અનેક અપરિચિત અજાણ્યા લોકોની આવ-જા હોય ને !

બધાની ભેગો નસીમ પણ સીડી ઉપાડવા લાગ્યો. એક પછી એક લાકડાના ટુકડા. કાંઠાની પાસેના ડહોળા પાણીમાં એ પોતાની માનું મરેલું મોં જોવા માંડ્યો. તેની ઉપર જ ઊભા રહી ટંડેલ એને બુલંદ અવાજે શાબાશી દેતો હતો. તેનું સફેદ અચકન અને સફેદ દાઢી ઊડતાં હતાં. જે સૂર્ય દિન સાત કરે છે, તે સૂર્યનાં જેવો જ જાણે એનો ચહેરોહતો.

લગ્ગી = હોડીને ઠેલીને ચલાવવાનો વાંસ.

પાટાતન = લાકડાના પાટિયાનું ભોંય કે તળિયું.

બાર્જ = સપાટ તળિયાનું માલ ભરવાનું વ્હાણ જેને સ્ટીમરની પાછળ બાંધે છે.

રાણી પસંદ

અન્નદાશંકર રાય

ઘણા દિવસ રાહ જોયા પછી લોંચ મળી. કેટલુંક તપાસનું કામ બાકી હતું. વર્ષ પૂરું થાય તે પહેલાં ઇન્સ્પેકશન પૂરું કરવું જોઇએ. બે બાજુ નદી કાંઠાનાં દશ્ય, સામે લાલમાટીના પ્રદેશના પહાડોની હાર, કર્ણફૂલીના ખોળામાં લોંચને વહેતી મૂકવી એય ભારે રોમાંચક લાગતું હતું. મેં સાથે કાગળ અને કલમ રાખ્યાં હતાં. બહુ સમય પછી વિચાર હતો કવિતા લખવાનો. સહયાત્રીમાં કહો તો ટંડેલ, સુકાની અને એમનાં ખલાસીઓ, અને મારા ચપરાસી જે ખાનસામો પણ હતો. તેમને મેં કડક હુકમ કરી રાખ્યો હતો કે કોઇએ મને દખલ ન દેવી.

ડેક-ચેર પર બેસી હું લંગર ઊંચકાતું જોતો હતો. ત્યાં હાંફળા ફાંફળા દારોગા સાહેબ દોડી આવ્યા. હાથમાં એક પત્ર – વાત શી હતી ! ફરી પાછું શું થયું ? મને શું આ લોકો સ્ટેશન છોડવા દેવા નહોતા માગતા કે શું ? પત્ર ખોલીને વાંચ્યો. ના, એવું નહોતું. કલકત્તાથી એક ઉચ્ચ પદવીધારી પોલીસ અફસર આવ્યા હતા. તેમને પણ રાવજન જવાનું હતું. તેઓ જો મારી સાથે આવે તો શું મને અસુવિધા થશે ખરી ? કેમકે નહિ તો એમને એક દિવસ ચટ્ટગાંવમાં રોકાઇ રહેવું પડશે. પોલીસની સ્ટીમ લોંચ આવતી કાલે પાછી આવવાની છે.

અગવડ તો પડે જ ! પણ એમ મારાથી કહી શકાય ખરૂં ? પતી ગયું મારું કાવ્ય લેખન. મનોમન તો મેં એને બાપ પર્યંતને ગાળો ભાંડી, પણ દેખાવ પૂરતું હસીને કહ્યું, "અરે તકલીફ શાની ! એ તો મારું સદ્ભાગ્ય કહેવાય !" દારોગા સાહેબે ઘૂંટી સાથે ઘૂંટી અથડાવી અને એક જબરદસ્ત મોટી સલામ ઠોકી. મને ડેક-ચેર પર સૂતાં સૂતાં વિચાર આવ્યો. ના પાડી હોત તો શું એવી અસભ્યતા થઇ જાત ! એવું તે શું વળી જરૂરી કામ હતું કે એક દિવસ લોંચની રાહ જોઇ હોત તો મોટું નુકસાન થઇ જાત !

શિષ્ટાચારમાં ખાનબહાદુરની જોડી મળવી મુશ્કેલ. તેઓ કહે, કે મારો આભાર માનવા માટે એમને બંગાળી શબ્દ શોધ્યોય જડ્યો નહિ એટલે અંગ્રેજી અને ઉર્દુનો આશરો લેવો પડ્યો. પંજાબી મુસલમાન. ઉંમરમાં ખાસ્સા મોટા, પણ દાઢી અને મૂછો રાખતા નહિ એટલે ઘણા નાના દેખાતા હતા. હસમુખા, દરિયાવ દિલનાં આદમી. આટલી વારમાં એમણે જાણી લીધું કે હું સાહિત્યકાર છું. તેઓ કહે, "તમને મળવાનું તો મને ઘણાં દિવસથી મન હતું પણ આ રીતે મેળાપ થશે એવી તો કલ્પના

પણ નહોતી. સાચે જ મારી તો જરા પણ ઇચ્છા નહોતી કે હું તમારા એકાંતનો ભંગ કરી તમને હેરાન કરું. મેં તો એક દિવસ રોકાઇ જવા જ ઇચ્છ્યું હતું. પણ એસ.પી. એ મને તમારી સાથેં લોંચમાં ધકેલ્યો. તમને ખબર તો મળ્યા જ હશે !"

મેં જરાક આશ્ચર્ય પામી પૂછ્યું, "ના ભઇ, શા ખબર !"

"ખૂબ જ માઠા ખબર છે." પછી એ સજ્જન મારા કાન પાસે મોં લાવી કહે, "એવું ન હોત તો મહાશય, ટ્રંક કૉલ મળતાં જ હું આમ કલકત્તાથી સીધો દોડ્યો આવું ખરો ? અરેરે, છી, છી શેમફૂલ ! શરમજનક !"

હું તો ઘણો જ ઉત્સુક બની ગયો હતો. પણ જાણતો હતો કે ખાનબહાદુર પોતાની મેળે જ કહેશે, તેથી એવો ડોળ કર્યો જાણે પારકી પંચાતમાં મને મુદ્દલે રસ નહોતો.

"તમે સાહિત્યના માણસો. વાતવાતમાં કહેતા હો છો, સત્યમ્, શિવમ્, સુન્દરમ્ પણ મારી આ પિસ્તાલીસ વરસની વયનો અનુભવ કહે છે કે જે સત્ય છે તે સુંદર નથી અને જે સુંદર છે તે શિવમ્ નથી. હું જો ક્યારેય પણ પુસ્તક લખીશ તો શું લખીશ, ખબર છે ? લખીશ કે સુંદર સ્ત્રીઓ મોટે ભાગે ખરાબ હોય છે. અને ખરાબ સ્ત્રીઓ જ ઘણું ખરું સુંદર હોય છે." કહીને ખાનબહાદુર ખડખડાટ હસ્યા.

હું પણ હસ્યો. અને મેં સાથે સાથે ઉમેર્યુ, "પણ અમારા બંગાળમાં એવું નથી હોં !"

સજ્જને વ્યંગમાં કહ્યું, "ના, બંગાળમાં નથી ! બંગાળમાં કામ કરતાં કરતાં આ વાળ પાકી ગયા, દાદા, (મોટાભાઇ) અને આજે હું રાવજાન જાઉં છું –"

"રાવજાન!"

"હા, આ રાવજાન જાઉં છું એ શું બંગાળની બહાર છે ?"

જોતજોતામાં અમારી દોસ્તી જામી ગઇ. મને મારા ખાનસામાને બોલાવતો જોઇ તેઓ બોલ્યા, "અરે, ના, ના, દાદા, તમે તો મારા મહેમાન કહેવાઓ."

હું શી રીતે એમનો મહેમાન થયો ભઇ ! લોંચ ખરું પૂછો તો મારી હતી. પણ મારી વાત સાંભળે એ જ બીજા ! સાંજની ચાનો ઓર્ડર પણ એમણે જ આપ્યો. એટલીવારમાં લોંચ મુખ્ય ઘાટ છોડી આગળ ધપી રહી હતી.

પાસે પાસે બે ડેક-ચેર મૂકી પહાડભણી મોં કરી અમે આરામથી બેઠા હતા. ખાનબહાદુર બોલ્યા, "જેવો તેવો માણસ નથી આ, આખા એક સર્કલનો ઇન્સ્પેક્ટર છે. એક જમાનામાં હું એનો એસ.પી. હતો. એના કામની હું તારીફ કરતો. મગજનો ફરેલો પાગલે નથી, કવિ પણ નથી. બેઅદબી માફ કરજો. એની ચારિત્ર્યવાન તરીકે નામના પણ હતી. આવો માણસ, નોકરીની માયા છોડી, બાળબચ્ચાંની પરવા કર્યા વિના – બીબી નથી, નહિ તો અફસોસનો પાર ન રહેત. આવો માણસ અચાનક અદશ્ય થઇ ગયો."

"અદશ્ય થઇ ગયો !" હું ચમકી ઊઠ્યો.

"તો પછી શરમની વાત છે એમ હું શાનો કહું છું ?"

ખાનબહાદુરે રેશમી રૂમાલથી મોં લૂછ્યું, આંખો લૂછી. "ગયો હતો ખૂનના

મામલાની તપાસ કરવા. બર્મી સ્ત્રી હતી, મહાશય, શયતાનકી લડકી. પેલો બંગાળી મુસલમાન. એનાં ભાગ્યમાં પોસાય શાની ? લગ્ન કરી રંગૂનથી લાવ્યો હતો. જે માણસનું ખૂન થયું એની તો વાત કરું છું. એવી રૂપાળી હતી કે એવી તો આખા બર્મામાંય બીજી નથી એવું સાંભળ્યું છે. એણે અહીં આવીને જોયું કે પે'લીવારની પત્ની મોજુદ છે. શોકની ખબર પડતાં જ ખસમને ગાળે છરી જ ફેરવી દીધી."

હું તો ઉત્કંઠાથી સાંભળતો જ રહ્યો. "અરે, આ મામલાની તો મને ખબરે નથી."

"એ તો હું કહું છું, ગયો હતો તપાસ કરવા. દારોગા જ તપાસ કરતો હતો. પણ છોકરી બંગાળી સમજતી નહોતી તેથી જ ઇન્સ્પેક્ટરને જવું પડ્યું હતું. એ તપાસ જ એનો કાળ બની. એક દિવસ, બે દિવસ, દિવસો પર દિવસો વીતવા માંડ્યા. પણ તપાસ તો જાણે પૂરી જ ન થાય ! અંતે ખબર પડી કે આસામી પણ ગાયબ અને અફસરે નહોતો. હો - હો - હો - હો !"

હસવાની વાત નહોતી. સ્ત્રીના અપહરણના મામલામાં હું ક્યારેય કોઈને છોડતો નથી. હું તો ખાસ્સો તપી જઈ બોલ્યો, "તો પછી આટલા દિવસ તમે લોકોએ કર્યું શું ? એને શા માટે ગિરફતાર ન કર્યો ! આ કંઈ કેવળ ડિપાર્ટમેન્ટનો મામલો નથી. કાર્ટનોય કેસ કહેવાય."

ખાનબહાદુર જરાક કડકાઈથી બોલ્યા, "કોર્ટનો કેસ છે કે નહિ, એ જ તો સવાલ છે. સ્ત્રી છે વિધવા. એટલે ફોસલાવવાનો આરોપ ટકી શકે નહિ. અને એ પાછી ઉંમરલાયક છે, તેથી અપહરણનો આરોપ પણ ન મૂકી શકાય. કયા કાયદા હેઠળ એને ગુનેગાર ઠરાવવો કહો !"

હું ચૂપ થઈ ગયો. તેઓ વ્યંગમાં હસી બોલ્યા, "એમાંય પાછું એમણે લગ્ન કરી લીધાં હોય તો ? ના, દાદા, એટલી સીધી ને સરળ વાત નથી. નોકરીમાંથી વધુમાં વધુ એને બરખાસ્ત કરી શકાય. કલકત્તા પોલીસની ઓફિસ તરફથી એની વ્યવસ્થા તો થશે. મડદા પર ખાંડાનો ઘા કરવા તમારા હાથ સળવળી રહ્યા છે ને ! પણ એ પહેલાં તમારે કાયદો ફરી એક વાર જરાક જોઈ લેવો પડશે."

સાચી વાત હતી. હાથમાંથી મોટી માછલી સરી જાય અને દુઃખ થાય, એવી જ વેદના મને થતી હતી. ખાનબહાદુરને જોકે એનું જરાયે દુઃખ નહોતું. કહે, "સાભળ્યું છે કે તેઓ ડુંગરાળ ચટ્ટગાંવમાં – ક્યાંક છુપાયા છે. ત્યાંથી પછી પગપાળા બર્મા ચાલ્યા જશે. એ પછી શી ખબર કેટલા દિવસ સુધી એ રૂપાળીનો અનુગ્રહ રહેશે એના પર ! એ માણસને બંદર-નાચ નચવી અપમાનિત કરશે કે પછી લાત મારશે, ખુદા જાણે. સુંદર ચહેરો જોઉં કે હું તો દૂરથી જ નવ ગજનાં નમસ્કાર કરી ચાલતી પકડું."

કાયદાનું પુસ્તક મારી સાથે ત્યારે હતું નહિ. તેથી ભાર દઈને કહી શકતો નહોતો કે આસામીને કોઈ નસાડી જવામાં મદદ કરે તો કાયદાની રૂએ એને શી સજા થઈ શકે ! મનોમન બેચેન થતો જોઈ ખાનબહાદુર કહે, "એવો જમાનો આવ્યો છે કે તમારા મનમાં થતું હશે ? હું પોલીસ છું એટલે પોલીસ માટે મને કૂણી લાગણી થાય

છે, અથવા હું મુસલમાન છું એટલે મને મુસલમાન માટે લાગણી થાય એ સ્વભાવિક છે. પણ ના, હું સાચું કહું છું કે એવું નથી. હું પુરુષ છું એટલે જ મને પુરુષ માટે લાગણી થાય છે, એ સ્ત્રીએ જ પુરુષનું અપહરણ કર્યું છે."

વાત સાંભળીને મારામાંહ્યલો ફેમિનિસ્ટ પ્રતિવાદ કર્યા વિના ન રહી શક્યો. એ બોલ્યો, "જેનામાં લવલેશ પણ શિવલ્રી હોય, જરાપણ સ્ત્રી સન્માનની ભાવના હોય, એ નારીને દોષ ન દઇ શકે. દોષિત હંમેશા પુરુષો જ હોય છે ક્યારેય તો વળી દોષ કોઇનોય નથી હોતો, નિયતિનો જ હોય છે."

"હા, હા, એ વાત બરાબર છે. નસીબનો જ." ખાનબહાદુર ખુશ થઇ બોલ્યા, "બરાબર આવો જ તકદીરનો ખેલ મેં મારી ભરજુવાનીમાં જોયો હતો મારા મિત્રની જિંદગીમાં. મિત્ર મારો હિંદુ હતો. તમને થશે કે આ કેવી વાત ! હિંદુ મિત્ર ! મુસલમાનનો ! એ વળી ક્યારથી ? પણ આજનાં જેવું દૂષિત વાતાવરણ વીસ વર્ષ પહેલાં નહોતું. વિશ્વયુદ્ધ પૂરું થયાં પછી તરત જ અમે બંને જણાએ મિલિટરીમાંથી છૂટા થઇ પોલિસની નોકરી લીધી હતી. ત્યારે કોણ હિંદુ ને કોણ મુસલમાન ! ઓહ એ બધા દિવસો હવે ક્યારેય પાછાં આવશે ખરા !"

એમના અવાજમાં સચ્ચાઇનો રણકાર હતો. સ્મૃતિની સરણી પર થઇ તેઓ વીસ વર્ષ નીચે ઊતરી ગયા, જ્યાં સંચિત રાખી હતી પુરાણી મદિરા. અન્યમનસ્કભાવે બોલ્યા, "ઘટના કેટલી બધી જૂની છે ! મને ય ખ્યાલમાં નહોતી રહી. અચાનક અત્યારે શી રીતે યાદ આવી ગઇ ! જુઓ, ખૂબ જ સ્પષ્ટ અને તાજી થઇ ગઇ છે. જોતજોતામાં તો સઘળું જાણે ઉજ્જવળ બની ઊઠ્યું !"

મેં એમની તરફ નજર ફેરવીને જોયું તેઓ શું એ જ વ્યક્તિ હતા કે અન્ય કોઇ ! જાણે એક નવયુવક અર્ધ નિદ્રાવસ્થામાં સ્વપ્ન જોતા હતા. પવન સૂસવાટા મારતો હતો. પવનને ઠેલીને લોંચ ભાગતી હતી. પાણી કપાતાં કપડાંની જેમ ચિરાઇને બે ભાગમાં વહેંચાઇ જતું હતું. મોજાંઓ પાછળ રહી જતાં હતાં. મોજાનાં ઝોલાં લાગવાથી પાછળની સામ્પાન (હોડી) ઊંચીનીચી થતી હતી. ખાનબહાદુર બોલી રહ્યા હતા.

મહેરબાનસિંહ રજપૂત વંશનો નબીરો હતો. અમારા બાપદાદા પણ રજપૂત હતા. કોઇ ગમે તે કરે પણ લોહીનું આકર્ષણ કહીએ એવું કંઇક છે એ વાત ચોક્કસ. રજપૂતો જોડે મને જેટલી આત્મીયતા લાગે છે એટલી આ દેશના મુસલમાનો જોડે પણ નથી લાગતી. એનો અર્થ એ નહિ કે હું હિંદુ ધર્મમાં માનું છું. ધર્મની વાત આવે તો હું કટ્ટર મુસલમાન. ત્યારે આ સારંગ, સુકાની ચપરાસી ખાનસામા બધાજ મને મારા પોતાના લાગે. પણ મહેરબાનસિંહ મારો એક દોસ્ત.

પણ એ જમાનામાં એના જેવો મારે બીજો કોઇ દોસ્ત નહોતો. અમે રોજ મળતા. અને મળ્યા પછી કલાકોના કલાકો ગપસપમાં અને દિવા-સ્વપ્ન જોવામાં ક્યાંય

પસાર થઇ જતા. બંનેને રમવાનો પણ શોખ. બંનેને શિકારની સરખી ઘેલછા. આજની જેમ એ જમાનામાં સિનેમા નહોતા. અમે જ્યાં નોકરી કરતા ત્યાં થોડા દિવસ માટે વચ્ચે વચ્ચે સિનેમા આવતા. ત્યારે અમે બંને સાથે સિનેમા જોવા જતા. તમાશા જોવા જતા. બીજા બધા અફસરોની જેમ અમે બાઇજીને ત્યાં સંગીત સાંભળવા ન જતા. બંને જણ પ્યુરિટન ટાઇપના આદમી. એ વખતે એની શાદીની વાતચીત ચાલતી હતી. મારી બીબી ત્યારે એના બાપને ઘેર હતી. એને ભણેલી છોકરી જોઇતી હતી. અને એ જમાનામાં છોકરીઓને ભણાવવાનો રિવાજ નહોતો.

હવે એવું લાગ્યું કે પંજાબના એક કોન્ટોન્મેન્ટ શહેરમાં એક મિલિટરી કોન્ટ્રેક્ટર હતો. તેની પાસે લાખો રૂપિયા. અમે જ્યારે એ શહેરમાં ગયા, ત્યારે એ મરી ગયો હતો. એની મિલકતનો અર્ધો ભાગ એની મોટી વહુને મળ્યો હતો, અને અર્ધો હિસ્સો એની નાની વહુના ભાગમાં આવ્યો હતો. મોટી વહુ દેવી દેવતાને લઇને બેઠી હતી અને નાની વહુ આનંદ પ્રમોદમાં રત હતી. બંનેમાંથી એકેયને બાળબચ્ચાં નહોતાં. બંને પોતપોતાના મહેલમાં રહેતી. પોતપોતાના દાસદાસી, અલગ અલગ ગાડી, બંનેની બિલકુલ અલાયેદી વ્યવસ્થા. લોકો કહતા બડી રાણી, છોટી રાણી. કેમકે એમનો પતિને રાજાનો ઇલ્કાબ હતો.

અમે જ્યારે ત્યાં ગયા ત્યારે સહુના મોંએ સાંભળ્યું હતું કે સૂરજભાણ જેવી સુંદરી કોઇએ ક્યારેય જોઇ નહોતી. પણ સુંદર હોય તેથી શું વળે ? તેનું ચારિત્ર્ય જરાયે સારું નહોતું. એ ઘૂંઘટમાં કે પરદામાં ન માનતી. કલબમાં જતી. સાહેબ લોકો સાથે નાચ પણ કરતી. સ્ટેશનના બધા જ અફસરોને આમંત્રી પાર્ટીઓ દેતી. કોઇએ એને એકની એક સાડી બીજી વાર પહેરતાં જોઇ નથી. એની પાસે લગભગ બસો પાંચસો તો ચપ્પલ, બુટ ને સેંડલો ! કહેવાતું કે મલાઇથી ભરપૂર દૂધના હોજમાં એ સ્નાન કરતી, અને પછી એ દૂધ બજારમાં વેચાતું !

અને એવીયે જબરદસ્ત લોકવાયકા હતી કે એની નેક નજરે જો કોઇ એકવાર ચડ્યું તો એને એ માલામાલ કરી દેતી. એ વ્યક્તિ પછી ભલે ગમે તે કેમ ન હોય ! એની એને પરવા નહોતી. એ ન ઇચ્છતી ધનદૌલત કે ભેટ સોગાદ. કેવળ એ વ્યક્તિ એને પસંદ પડવી જોઇએ. પણ એને સહેલાઇથી કોઇ પસંદ પડતું નહિ.

નોકરીમાં જોડાયાને બે ત્રણ અઠવાડિયાં થયાં હશે કે મારા નામે સૂરજભાણનું નિમંત્રણ આવ્યું. મને ગાર્ડન પાર્ટીમાં આમંત્ર્યો હતો. મહેરબાને પૂછ્યું તો ખબર પડી કે એના નામે પણ આમંત્રણ-પત્રિકા આવી હતી. પણ એ જવાનો નહોતો. કેમ નહોતો જવાનો ? કારણ એવી સ્ત્રીઓ સાથે એ સંસર્ગ રાખવા નહોતો માગતો.

મેં મશ્કરીમાં કહ્યું, "એક જાતની કેરી આવે છે, એનું નામ છે રાણી-પસંદ. તું રાણી-પસંદ થવા નથી ઇચ્છતો ?"

હું કંઇ કેરી નથી. મને સ્વમાન વહાલું છે. ચિરકાળથી પુરુષ જ પસંદ કરતો આવ્યો છે. પસંદગીનો અધિકાર પુરુષનો છે. આ બાબતમાં એવું નથી. સૂરજભાણ

એની નજરે મારી પરીક્ષા લે. અને હું એવું ઇચ્છું કે હું એને નાપસંદ પડું ?" કહેતાં કહેતાં એનું લોહી ઊકળી ઊઠ્યું.

"કેમ ! સ્વયંવરની પ્રથા તો રજપૂતોની જ છે !"

"હા, પણ સ્વયંવરમાં જેઓ નાપસંદ થતા, તેઓ લડાઇ કરી કન્યાને ઉઠાવી જતા. અને તે સિવાય પણ તું કોની સરખામણી કોની સાથે કરે છે ! ક્યાં કુંવારી કન્યાનો સ્વયંવર અને ક્યાં વિલાસિનીની લીલામૃગયા !"

મહેરબાનને પછી આ વિષે વધારે ઉત્તેજિત કરવો મુનાસિબ ન માન્યું. હું એકલો જ પાર્ટીમાં ગયો. સૂરજભાણ સાચે જ સુંદર સ્ત્રી હતી. શી રીતે એનું વર્ણન કરું ! હું તો તમારી જેમ કવિ નથી. પણ એટલું કહી શકું છું, અંધકારભરી રાતે આતશબાજી ફૂટવાથી જે રીતે આસમાન ઉજ્જવળ બની ઊઠે, જાતજાતના રંગના સિતારાઓ ખીલી ઊઠે, ક્ષણભર ભૂલી જવાય કે જે જોઇએ છીએ એ તો બારૂદ ગંધકનો ખેલ છે, એ રીતે જ અનેક લોકોના મેળામાં સૂરજભાણનો ઉદય. દરેકેદરેક જણ ખાસ્સા આત્મસચેતન (Self conscious) બની જતા. આયનો હોય તો એમાં મોં સુદ્ધાં જોઇ લેતા. શી ખબર એ જ મોં રાણી-પસંદ છે કે નહિ !

એ પછી જેટલી વાર નિમંત્રણ મળ્યું હતું એટલી વાર હું ગયો હતો. રાણીને પસંદ પડવા નહિ. અમસ્તો જ આતશબાજી જોવા. પણ મુસીબત થઇ મહેરબાનને લઇને. એ ન જઇ શકે, ન રહી શકે. ન તો ત્યાંથી બદલી કરાવી નાસી પણ જઇ શકે. એનો ગર્વ એને જવા ન દેતો. એનું ફરજનું ભાન એને નાસીએ જવા ન દેતું. હું સમજી શકતો કે એ ખૂબ જ બેચેન છે. હું એને સમજાવતો, "તું રજા લે, ને ઘેર જા. લગ્ન કર." એ ચૂપચાપ સાંભળી લેતો જવાબ ન દેતો.

એક દિવસ સૂરજભાણે મને પૂછ્યું, "અચ્છા મહેરબાનસિંહ તમારા મિત્ર છે ને ? તેઓ કેમ નથી આવતા ? તમે એમને ન લાવી શકો ?"

હું જેમ તેમ કરી ગમે તે જવાબ દઇ વાત ટાળી. સાચી વાત શી રીતે કરું ? સદા સત્ય બોલવું, એ વાક્ય પાઠ્ય-પુસ્તકમાં જ શોભે. પણ ઘેર જઇ મેં મહેરબાનને ચોખ્ખે ચોખ્ખું કહી દીધું. એ પણ વાત સાંભળીને મૂંઝવણમાં પડી ગયો હોય એવું લાગ્યું. ખુશ થવું કે ગુસ્સે થવું, શું કરવું એ એને સમજાયું નહિ. મને મૂકીને એ બહાર ચાલ્યો ગયો.

બીજી વાર મેં જોયું કે સૂરજભાણની પાર્ટીમાં એ હાજર હતો. મેં જ એનો પરિચય કરાવી આપ્યો હતો. આયનો તો ક્યાંથી લાવવો ! હોત તો વળી લાવી આપત. પણ એની જરૂર ન પડી. સૂરજભાણની આંખો જ તો હતી આયનો ! એ સુંદર કાળી આંખોમાં મહેરબાને જોયું પોતાનું આરક્ત મુખ. એકાદ બે સેકન્ડમાં કેવડી મોટી એક ઘટના બની ગઇ ! એક મારા સિવાય એની કોઇને ખબરેય ન પડી.

મહેરબાનને મારે ચીડવવો હતો, પણ હિંમત જ ન થઇ. એનો ચહેરો જોઇ મન પાછું પડી ગયું. એ યંત્રની માફક કામકાજ કર્યે જતો હતો. ડ્યટી સન્માનપૂર્વક બજાવ્યે

જતો. મારી સાથે હળતો મળતો, પણ લાગતું કે એ અંદરખાનેથી બદલાઇ રહ્યો છે. પોતાની મેળે એ મને જે કહેતો એ હું સાંભળી લેતો. સામે ચાલીને હું કશુંય કહેતો નહિ.

તેનું રોમરોમ જાણે એક વ્યક્તિને માટે સદા-સર્વદા તત્પર રહેતું. એનું સમસ્ત મન પેલી પાસે પડ્યું હતું. અને છતાંય એ સ્વીકાર ન કરતો. મોંએથી ભળતી જ વાત કરતો. કહેતો, "હું એને ઘૃણા કરું છું. એનું અંગેઅંગ દૂષિત છે. એનો સંગ પણ દૂષિત. એ એક ગણિકા સિવાય બીજું છે પણ શું ? પૈસા નથી લેતી એટલો જ ફરક ને ? જો મને થાય કે મારે ગણિકાને ઘેર જવું છે. તો એ મારી પસંદગી પર નિર્ભર છે. હું પૈસા દઇ એને ભોગવીશ. પણ હું કયા દુઃખે સૂરજભાણને ત્યાં જાઉં ? અને એય પાછી એ મને પસંદ કરે; અને એ જ કિંમત ચૂકવીને ભોગવે ! હું શું રાણી-પસંદ છું ?"

આવું કેટલુંય લેક્ચર મારે એનું રોજ ને રોજ સાંભળવું પડતું. એના અંતરમાં એક દ્વન્દ્વ ચાલતું હતું. એને કેમેય ક્યાંય ચેન પડતું નહોતું. મારી પાસે પણ એ કબૂલ કરી શકતો નહોતો કે એ આકર્ષાયો છે. હું તો જો કે સમજતો બધું જ, પણ એને જણાવા દેતો નહિ કે હું જાણું છું. હું કહેતો, "તે તને એને ત્યાં જવાની કોણ ફરજ પાડે છે ? તું નહિ જાય તો કંઇ કોઇને ખરાબ નહિ લાગે. સૂરજભાણ તો જેમ બધાને આમંત્રણ મોકલે છે એમ જ તને મોકલે છે. એને કોણ ગમે છે અને કોણ નહિ એની કંઇ જાહેરખબર થોડી છપાવે છે ! એ તો બધું ઇશારામાં જ નક્કી થઇ જતું હોય છે. મોડી રાતે કોઇ એક સંકેત સ્થળે એની ગાડી આવીને ઊભી રહેતી હોય છે, કોઇ એક જણને એમાં બેસાડી અદશ્ય થઇ જાય છે. કોઇને એની જાણ થતી હશે કે નહિ એય શંકા છે. અને એ પછીએ કહેવાય છે કે એને બીજી એક જગ્યાએ પાછી છોડી પણ જાય છે."

"પાજી સ્ત્રી, બદમાશ સ્ત્રી !" મહેરબાન ગરમ થઇ ગાળો આપતો. "ડાકુ સ્ત્રી ! શયતાન સ્ત્રી !" અને પછી જે બધું એ બોલતો એ અશ્રાવ્ય અને અશ્લીલ.

હું પ્રતિવાદ કરતો. "તારું એણે શું બગાડ્યું છે ? તું શા માટે એને આવી બધી ગાળો ભાંડે છે ? આ તારી કઇ જાતની સભ્યતા છે ?"

કેટલાક દિવસ પછી મહેરબાન કહે, "તે દિવસે તું કહેતો હતો કે બધું સંકેત કે ઇશારામાં જ નક્કી કરે, તે કયો સંકેત ! બજારમાં એક પાતળી ચોપડી મળે છે. તેમાં એક જાતનો સંકેત લખ્યો છે."

મેં કહ્યું, "તારે એનું શું કામ ? તું તો જવાનો નથી. કે પછી જવાનો છે ?"

"હું એ વેશ્યાને ઘેર જાઉં ! અસંભવ ! મારું નામ જ મહેરબાનસિંહ. અમે છીએ ચૌહાણ રજપુત. આ તો પરિસ્થિતિને લીધે પોલીસમાં નોકરી કરવી પડે છે. એટલે શું મારે મારું આમ અધઃપતન કરવું ! તુંય મને ન સમજી શક્યો ! તું તો રાઠોડ વંશનો નબીરો છે !"

હું શું કહું ! ચૂપચાપ સાંભળી લેતો. પણ એ તો જેમ જેમ દિવસ જતા એમ વધુ ને વધુ જ બહાવરો બનતો ચાલ્યો. જે કામ કરવાને એનું મન તલસે, એ કામ કરે તો

એની આબરુ જાય. અને એ સુંદર સ્ત્રીનું આકર્ષણ અતિશય દુર્વાર ! એ ખરાબ સ્ત્રીનું આકર્ષણ ! જેને એ ઇચ્છે એને એ મેળવીને જ રહેતી. ચુંબકની જેમ એ ખેંચી લેતી.

મારું નસીબ સારું કે એ મને નહોતી ઇચ્છતી. પણ મહેરબાન પર એણે જાણે કામણ કર્યું હતું. વશીકરણ નામની વિદ્યા છે, પહેલાં હું એમાં નહોતો માનતો પણ આ જોયા પછી માનવા માંડ્યો. મહેરબાન મારી બાજુમાં જ રહેતો. હું એની હિલચાલ પર નજર રાખવા માંડ્યો. રાતના દસ વાગે એ બહાર જતો. પાછલી રાતે એ પાછો ફરતો. અસ્તવ્યસ્ત દેખાવ. ઘેલછાભરી નજર. બોલવાનું ઠેકાણું નહિ. જે મનમાં આવે તે બોલ્યા કરે. કેવળ એના બધા અશ્લીલ શબ્દો જ મને સમજાતા હતા. અનર્ગળ અશ્લીલ કથન. રોજબરોજ અશ્લીલ શબ્દોની સંખ્યા તો વધતી જ જતી હતી.

મને થતું કે એના ઘેર ખબર આપી કોઇ વડીલને બોલાવું. હજુય વાત કંઇ બહુ આગળ વધી નથી. હજુયે બનવાનું બન્યું નહોતું. કોઇ સુંદર સ્ત્રી જોડે જો પરણી જાય તો એક દિવસમાં આ બદવિચારમાંથી એ છૂટી જઇ શકે. અને પછી જો શિયાલકોટમાંથી બદલી કરાવી એ અમૃતસર કે લાહોર ચાલ્યો જાય તો સૂરજભાણનો ખ્યાલ એક આતશબાજીની જેમ ઓલવાઇ જશે. પણ મહેરબાનના વડીલને ખબર દેતાં મારી હિંમત જ ચાલતી નહોતી. વખતે એ ગુસ્સે થઇ જાય તો ! આમ તો જો કે એ ખૂબ જ ઠંડા મિજાજનો માણસ હતો. પણ ગુસ્સે થાય તો પછી ભાન ભૂલી જતો.

આ પછી જે દિવસે હું સૂરજભાણની પાર્ટીમાં ગયો હતો, તેમાં મહેરબાન પણ આવ્યો હતો. તે દિવસે ઇશારામાં બધું જ નક્કી થઇ ગયું.

થોડા દિવસ પછી હું પરેડ માટે પોશાક પહેરતો હતો ત્યાં મહેરબાનસિંહે આવી મને રોક્યો. એની આંખો, ચહેરો, પ્રત્યેક અંગમાં વિજયનો ઉલ્લાસ. છતાં પણ વિષાદનો દેખાવ કરી બોલ્યો, "અરે, હું તો મરી ગયો." હું એના કહેવાનો અર્થ સમજી ગયો હતો. તે છતાંયે ચમકી ગયો હોઉં એમ બોલ્યો, "કેમ, શું થયું ?"

"હું રાણી-પસંદ બની ગયો છું" આ કરુણ સ્વરે બોલ્યો.

"હં" હું ગંભીર બની બોલ્યો, "એ સારું ન થયું, તું પરેડમાં ગેરહાજર રહેવાનો છે ? એ જ એની સાબિતી. આમ ચાલશે તો તું નોકરી ગુમાવી બેસીશ." એણે લાંબો નિસાસો મૂક્યો. "હું અસહાય બની ગયો છું. શી ખબર નસીબ મને ક્યાં ખેંચી જઇ રહ્યું છે ! તું તો મારો દોસ્ત છે. તું કંઇ સલાહ આપ."

"શી સલાહ !" તેના માટેની સહાનુભૂતિની લાગણીને લીધે મારા દિલમાં દુ:ખ હતું.

"હું એની કિંમત ચૂકવવા માંગુ છું" એ ધ્રુજતો ધ્રુજતો બોલ્યો, "નહિ ચૂકવું તો હું એનો બંદો, ગુલામ બની જઇશ. મારી આબરૂ નહિ રહે."

મેં વિચાર કરી કહ્યું, "એને શી ખોટ છે, કે તારી પાસેથી એ પૈસા લે ! અને તું એને

પચાસ રૂપિયાની ભેટ આપીશ તો એ તને સામી પાંચ હજારની ભેટ દેશે."

"હું લાખ રૂપિયાની આપીશ." એ ગરમ થઇ બોલ્યો, " પણ હું લાખ રૂપિયા કાઢું ક્યાંથી ! કોના તોશાખાના પર ચડાઇ કરું ? ટ્રેઝરી લૂંટું તો કેવું !"

હું એની વાતો સાંભળી ગભરાઇ ગયો. તે જ દિવસે મેં એને ઘેર પત્ર લખ્યો. જો કે ખૂબ સાચવીને બધું મોઘમ જ લખ્યું હતું. તેના ઉપર પણ મારે ખૂબ ધ્યાન રાખવું પડતું. વખતે ખરેખર ચોરી કે લૂંટફાટ કરે તો ? પરેડમાં ગેરહાજર રહેવા બદલ એ દાક્તર પાસે પણ ગયો હતો. મેં દાક્તરને જઇને એને હોસ્પિટલમાં દાખલ કરી દેવા માટે કહ્યું હતું. જો કે મેં એટલો બધો વિચાર કરીને નહોતું કહ્યું.

એનો મોટોભાઇ એને ઘેર લઇ જવા માટે દોડતો દોડતો આવ્યોય હતો. પણ રજા મળ્યા સિવાય જાય શી રીતે ! રજા માટે અરજી કરી, જેટલા દિવસ રજાની મંજૂરી ન મળે એટલા દિવસ રોકાવાનું જ હતું. એટલામાં એક વિચિત્ર બનાવ બન્યો. એક દિવસ સવારના પહોરમાં ઊઠીને સાંભળ્યું કે મહેરબાનસિંહ અલોપ ! અને સાથે સાથે શોધખોળ કરતાં ખબર મળ્યાં કે સૂરજભાણ પણ ગુમ થઇ ગઇ હતી.

આખાયે શહેરમાં ચકચાર ફેલાઇ ગઇ હતી. સૂરજભાણનાં ચાહક - ભક્તો એકબીજાને કહેતા "હાય, હાય, એક ક્ષણના મોહ માટે આખુંય જીવતર, ને કારકિર્દી ધૂળમાં મેળવી દીધાં એણે !"

કેવળ બેચાર જણ રસભેર બોલ્યા, "રાજકન્યા ને અર્ધું રાજપાટ મળત તો આપણેયે નાસી જાત વળી !" અને સૂરજભાણની પસંદગી માટેય કહેવું પડે ! છોકરો જેવો ખાનદાન છે એવો જ સોહામણો છે."

મારું મન અત્યંત ખિન્ન થઇ ગયું હતું. એનો મોટો ભાઇ બિચારો રડતો રડતો પાછો ગયો ત્યારે હું એને થોડે સુધી મૂકવા પણ ગયો હતો. એ કહે, "ભાગ્ય !" મેં કહ્યું, "કિસ્મત !" અમે બંને હિંદુ અને મુસલમાન એકમત હતા. જે નસીબમાં હોય એ જ બનતું હોય છે.

એમ કરતાં મહિનાઓ વીતી ગયા. મહેરબાનના કંઇ જ સમાચાર નહોતા. આ બાજુ સૂરજભાણને ઘેર અંધકાર. એના નોકરચાકરનેય ખબર નહોતી કે એ ક્યાં છે. મેં મારી ડ્યૂટીમાં મન પરોવ્યું.

એક વર્ષ પછી મહેરબાનની ભાળ મળી કે એ અજમેરમાં હતો – અજમેર શરિફ. મને એણે લખ્યું હતું, "તું જાત્રા કરવા અજમેર આવ. હું સમજી ગયો એને કંઇક મારી સલાહની જરૂર પડી છે. મેં રજા લીધી અને હું જિયારત એટલે કે જાત્રા કરવા અજમેર ગયો. મહેરબાન મને પકડીને એનાં ક્વાર્ટર્સમાં લઇ ગયો હતો. મેં જોયું કે બંને મજામાં હતાં. સૂરજભાણ પત્નીનાં રૂપમાં ખૂબ જ લાજ મર્યાદાપૂર્વક રહેતી હતી. મારી સામે પણ માથું ઓઢીને જ આવી હતી.

જે મેં મહેરબાન પાસેથી સાંભળ્યું એ કહું છું – શિયાલકોટથી નાસી જઇ તેઓ ઘણીબધી જગ્યાએ ફર્યાં હતાં. જ્યાં જાય ત્યાં એક જ વાત, તમારો પરિચય આપો !

તમે શું પતિ-પત્ની છો ! સૂરજભાણ એના જવાબમા હા પાડતી, અને મહેરબાન મૂંગો રહેતો. કેમેય એના મોંમાંથી નીકળતું નહિ કે તેઓ પતિ-પત્ની છે. કેવળ એ એના માટે અસત્ય જ નહિ, અપ્રિય પણ હતું. અને છતાં એ જાતની ઓળખાણ આપ્યા વિના ઘર ન મળે, નોકર ન મળે, મદદ ન મળે, સમાજ ન મળે. તો પછી એમને માટે એક જ જગ્યા હતી – અને તે બજાર ! એ પ્રસ્તાવ સાંભળી સૂરજભાણ સળગી ઊઠતી. એ પણ કંઇ કમ ગર્વીલી નહોતી. એ કંઇ બજારું વેશ્યા હતી ?"

એ પછી તેઓ જ્યાં જ્યાં ગયા બધે જ અંતે જ્યારે ખબર પડતી કે તેઓ વિવાહિત નથી ત્યારે એક ટોળું જુવાનિયાનું આવી પહોંચતું. – અને ભાગ માગતું. સૌંદર્ય એક એવી સામગ્રી છે કે એમાં ભાગ આપ્યા વિના ભોગવવા જાઓ તો કોઇ સાંખી ન લે. ઢેખાળા મારી ભગાડે. પોલીસને ફરિયાદ કરવા જાઓ તો પોલીસ માગે લગ્નનો પુરાવો. નહિ તો મોટી રકમ લાંચ. મહેરબાને હાડોહાડ અનુભવી લીધું કે જો એકલાં જ ભોગવવું હોય તો કેવળ અધિકાર જ નહિ સ્વત્વ હોવું પણ જરૂરી છે. સૂરજભાણ પોતાની વિવાહિતા પત્ની છે એવી દલીલ દાખલ કરવી પડશે.

રજપૂતનો દીકરો વાણિયાની વિધવા જોડે પરણે ! તે ય પાછી સતી સાધ્વી હોત તો વળી જુદી વાત હતી. હૈયું વલોવાઇ જતું. રડવુંય આવતું. આમ પણ બદનામી તો થઇ જ ચૂકી હતી. હવે શું મોં છુપાવવા ભોંયમાં પેસી જવું ! મહેરબાને બહુ વિચાર કરી જોયો, પણ આમાંથી છૂટવાનો એકે રસ્તો જ નહોતો. નોકરી મળે એમ જ નહોતું, પોતાને ગામ પાછો જઇ ખેતી પણ કરે તોય વડીલોનાં મહેણાં સવાર સાંજ સાંભળવાં પડે એમ હતું. અને હવે એની સાથે લગ્ન પણ કોણ કરે ! અને લગ્ન ન કરે તો સ્ત્રી-સહવાસનો બીજો ઉપાય શો ! તો શું આ ઉંમરે એ સંન્યાસી થઇ જાય !

અને ત્યાંથી નાસી ન જાય તો બે જ રસ્તા હતા, એક તો લગ્ન, અને બીજો ભાગ પાડવો. બંને માટે મહેરબાનને એક સરખી ચીડ અને અણગમો. અને સૂરજભાણને ? મહેરબાનને વિશ્વાસ હતો કે સૂરજભાણને બંને તરફ સમાન રુચિ હતી.

એ જીવતો હતો ત્યાં સુધી ભાગ તો નહિ જ પાડે. એનાં કરતાં તો મરવું સારું. તો પછી બાકી એક જ રસ્તો હતો – લગ્ન. લગ્નનું નામ પડે અને એની આંખોમાં આંસુનાં પૂર ઊમટે. એનું હૈયું હાહાકાર કરી ઊઠે. એને પોતાના જાતકુળનું ખૂબ અભિમાન, એને પોતાના પૌરુષનો દર્પ. એની નીતિપરાયણતા આમ વિષમ ખાઇ ચૂરેચૂરો થઇ જતી.

જ્યાં સુધી અનિવાર્ય નહિ બને ત્યાં સુધી એ કોઇપણ હિસાબે લગ્ન કરવા નહોતો માગતો. લગ્ન, એ રાંડ સાથે લગ્ન ! વાણિયણ સાથે વિવાહ ! અપવિત્ર સ્ત્રી સાથે પરણવું ! અને છતાં ભાગીદારોનાં હકને અવગણવા માટે એ લગ્ન અનિવાર્ય બન્યું; અનિવાર્ય હતું ભાગ કર્યા વિના ભોગવવા માટે, અવિભક્ત અધિકાર ભોગવવા માટે.

લગ્ન પછી પોતે ફતવો, હુકમ કર્યો કે સૂરજભાણે પરદાનશીન બનવું પડશે.

સૂરજભાણ એ માટે તૈયાર નહોતી પણ લગ્ન માટે એ મનોમન પોતાને કૃતાર્થ માનતી. રાજકુંવર એની સાથે લગ્ન કરે એ એના શૈશવનું સ્વપ્ન હતું. આવી અલૌકિક ઘટના જો બની શકે તો એ માટે થોડું કષ્ટ સહેવું તો પડે જ !

પત્નીને પરદામાં રાખીને હવે મહેરબાન થોડો નિશ્ચિંત થયો. હવે એને આજીવિકા માટે પ્રયત્ન કરવાનો હતો. એ માટે એણે પંજાબની બહાર જવાનું નક્કી કર્યું. પરદેશમાં એને પોતાનો પરિચય છુપાવવાની જરૂર નહોતી. સીધો પોતાનો પરિચય આપી શકે. ફરતાં ફરતાં એ અજમેર જઇ પહોંચ્યો. એણે પોતાનો ફૌજી - રેકોર્ડ બતાવી રેલવેમાં નોકરી મેળવી લીધી. જોકે પગાર વધારે નહોતો. છતાંયે પોતાનું રળેલું અન્ન તો હતું !

અહીં વળી એક નવી સમસ્યા ખડી થઇ. રેલવેની નોકરીમાં મહિનામાં વીસ દિવસ મુસાફરીમાં જવું પડતું. પત્નીને સાથે લઇ જવી સહેલું નહોતું. એકલી મૂકી જાય તોય ફિકર. આવું એક અણમોલ રતન જેના ઘરમાં હોય એ જો રાતની રાત બહાર વિતાવે તો કોઇ પણ મોકો મળ્યે છીંડુ પાડી ચોરી કરે તો એમાં નવાઇ શી ! અને પછી થાણે જઇ ચોપડામાં લખાવવું પડે કે ઘરેણું ગાંઠું કે વાસણ કપડાં ચોરાયાં છે ! અસલમાં શું ચોરાયું હતું એ વાત થોડી લખાવી શકાય ! અને જેના ઘરમાં ચોરી થાય એ માણસ ત્યારે સફરમાં હોય. તો પછી મહેરબાન શું કરે ! ઘર સાચવે કે બહાર ! વહુ રાખે કે નોકરી ! સૂરજભાણને તો આવી કોઇ સમસ્યા નહોતી. તેને જોતાં જ લાગતું કે એનામાં સ્થિરતાં આવી ગઇ હતી. એણે જે રાજકુંવરનું સ્વપ્ન જોયું હતું, એ સફળ થયું હતું. પણ મહેરબાને શું આ ઇચ્છયું હતું ? કે આ જ સ્વપ્ન જોયું હતું !"

મને આ કપરાકાળમાં જ અજમેર જવાનું આમંત્રણ મળ્યું હતું. અજમેર સલાહ આપવા માટે બોલાવ્યો હતો.

તેઓએ લગ્ન કરી લીધાં હતાં એ મેં જ્યારે સાંભળ્યું ત્યારે હું તો ખરેખર ખૂબ જ ખુશ થયો હતો. કેમકે હું હતો મુસલમાન, તેથી મારે તો એવી કોઇ સમસ્યા જ નહોતી. મહેરબાન ગુસ્સે થશે એમ માનીને જ મેં એવી સલાહ નહોતી આપી. હવે એણે મારી સલાહ વિના જે પણ કર્યું હતું તે યોગ્ય જ હતું. પણ મને આ ઇર્ષ્યા-કાતરતાનો અર્થ સમજાતો નહોતો. આટલો બધો સંદેહ અને ઇર્ષ્યા ! જેની સાથે આખી જિંદગી વિતાવવાની હોય એની પર ડગલે ને પગલે અવિશ્વાસ કર્યે કેમ ચાલે ?

એના જવાબમાં મહેરબાન કહે, "એ અત્યંત સુંદર છે ને એટલે ! એ જો અતિશય સુંદર ન હોત તો આટલો સંદેહ એ ન કરત. કદરૂપી હોત તો વિશ્વાસ કરવાનું સરળ બનત.

હું સમજી ગયો કે એ સૌંદર્યથી જ ડરતો હતો. આ ડર શી રીતે નાબૂદ થાય ? સાત આઠ બાળકો થાય તો ! અસાધ્ય સ્ત્રીરોગ થાય તો ! યૌવન ઓસરી જાય તો ! પણ એ બધાંને તો હજુ ઘણી બધી વાર હતી. સૂરજભાણ તો અમારી જ ઉંમરની હતી.

અસમયે અકાળે સ્થવિર થવાની એને લેશમાત્ર ઉતાવળ નહોતી.

મેં કહ્યું, "ભાઇ જે કરવું હોય તે કરજે, પણ પત્નીને કુરૂપ થઇ જાય એવી કામના ન કરતો. તમારા કોઇ પણ દેવી દેવતા જો તારી આ પ્રાર્થના પૂર્ણ કરશે તો પછી ભોગવવાનું પણ તારે જ રહેશે."

પણ મેં જોયું કે એની મતિગતિ ઠેકાણે નહોતી. એ વિચારતો કે એસિડથી બાળી એને કદરૂપી કરી શકાય કે કેમ ? એવી સિફતથી કરવા ધારતો હતો કે એવું લાગે કે એ જાણે અકસ્માત જ હતો. મેં એને કડક શબ્દોમાં એમ કરતાં વાર્યો હતો. કેમકે હું તો સાંભળીને જ કંપી ઊઠ્યો હતો. મેં કહ્યું હતું, "એ કરતાં તો તું એને તલ્લાક આપી દે અને તમે છૂટાં પડી જાઓ તો સારું."

એ કહે, "એ વાત તો તું બોલીશ જ નહિ. પોલીસમાં નોકરી કરત તો પગાર અને પેન્શન મળી હું કેટલાક લાખ રૂપિયા કમાઇ શકત. ખર્ચ બાદ કરતાં પણ હું કમસે કમ એક લાખ રૂપિયા તો ચોક્કસ બચાવી શકત. તો પછી એમ માન કે એ લાખ રૂપિયા મેં દાયજામાં દીધાં છે. તો પછી હું કંઇ એને મફતમાં નથી પરણ્યો. એટલે છૂટાછેડાની તો વાત જ ન ઉચ્ચારીશ. અને અમે છૂટાં શા માટે પડીએ ? અમને તો નસીબે જ ભેગાં કર્યાંછે."

અચાનક મારા મનમાં એક વિચાર આવ્યો. મેં કહ્યું "ધાર કે એ જો તને તારા લાખ રૂપિયા પાછા આપે તો તું એને છૂટી કરીશ ?"

મહેરબાન તો ડઘાઇ જ ગયો ! વિસ્ફારિત આંખે મારી સામે જ જોઇ રહ્યો. શું વિચારતો હતો એ તો એ જ જાણે. એ કહે, "મશ્કરી કરે છે !"

"ના, મશ્કરી નથી કરતો." હું દઢતાથી જ બોલ્યો, "આ જ એકમાત્ર સમાધાન છે."

"તું જો એને આ વાત કરીશ," મહેરબાન આર્ત કંઠે બોલ્યો, "તો એ તો ખરેખર લાખ રૂપિયા ફેંકી દેશે. અને પછી તો હું એનો ખરીદેલો ગુલામ. રાણી-પસંદ બની જઇશ."

એના મનમાં એક વાત એવી દઢપણે બેસી ગઇ હતી કે સૂરજભાણ કોઇપણ હિસાબે એની માલિક ન બને. એ જ હોય સૂરજભાણનો માલિક. અને તે ઉપરાંત સૂરજભાણ સુંદરી નાયિકા પણ ન રહે. કેવળ બની રહે કુરુપા વધૂ. એમ થાય તો જ એ નિશ્ચિંત રહી શકે. નિરુપદ્રવ બને. પણ એ વાત સૂરજભાણને કહે કયે મોંએ ! ન જ કહી શકાય તો !

ખ્વાજા સાહેબની દરગાહ પર નજરાણું ધરી હું અજમેરથી પાછો ચાલ્યો આવ્યો. તે પછી થોડા જ દિવસમાં ખબર પડી કે સૂરજભાણનો મહેલ ફરી દીવાઓથી શણગારાઇ ગયો છે. હું તો નવાઇ પામી ગયો હતો. શું થયું ! શું થયું ! રાણી પાછાં આવ્યાં હતાં.

બીજું કોઇ સાથે આવ્યું હતું ખરૂં ? ના, સાથે બીજું કોઇ નહોતું.

ખાનબહાદુર બોલી રહ્યા હતા, "એ પછી મહેરબાનને હું ક્યારેય મળ્યો નથી. અમારો પત્ર વ્યવહાર પણ બંધ થઇ ગયો હતો. પંજાબથી મારી બદલી અહીં બંગાળમાં થઇ. બદલી થઇ કહેવું બરાબર નથી, છૂપી-પોલીસના વિભાગમાં મારી નિમણૂક થઇ ત્યારથી તો હું અહીં જ છું. બસ, અહીં જ તો લાગે છે વાત પૂરી થઇ.

"અહીં જ પૂરી થઇ !" મારું કુતૂહલ કેમેય શમતું ન હતું. "કહો, કહો તો ખરા કે એ પછી શું થયું ? સૂરજભાણનું શું થયું ? અને મહેરબાનનું શું થયું !"

લોંચ પાણી ચીરતી આગળ વધતી હતી. પાણીની છાંટ ઊડી મારા શરીર પર પડતી હતી. ચા-નાસ્તો ક્યારનાંય પતી ગયાં હતાં. મેં ડીનરનો ઓર્ડર આપી દીધો હતો. ખાનબહાદુર અત્યારે મારા મહેમાન થવાના હતા.

"અરે, દાદા, હવે કંઇ કહેવાનું બાકી રહ્યું નથી. માણસને ઓળખતાં ઉંમર વીતી ગઇ. પણ ત્યારે હું ઓળખી શક્યો નહોતો. તેથી જ આશ્ચર્યથી અવાક્ બની ગયો હતો."

"કેમ ?" મારું કુતૂહલ કેમેય શમતું નહોતું.

"અરે, એણે ખરેખર એસિડ છાંટવાની કોશિશ પણ કરી હતી. એક ટીપું એના ગાલ કે ગરદન પર પડ્યું પણ હતું. તેથી જ તો પાછા આવ્યા પછી સૂરજભાણે પાર્ટી દેવાનું બંધ કર્યું હતું. બહાર પણ નીકળતી નહિ. જો કે ખાસ એને કંઇ નુકસાન થયું નહોતું. સૂરજભાણ પાસે જે લાખેક રૂપિયાનું ઝવેરાત હતું એ બધું જ મહેરબાનના હાથમાં સોંપી એક દોટે એ રેલ્વે-સ્ટેશન જઇ પહોંચી હતી. અને પછી સીધી શિયાલકોટ."

મેં તો ઘૃણાથી કાન પર હાથ જ મૂકી દીધા. આવું સાંભળવાની મને રુચિ જ નહોતી રહી.

"મહેરબાન તો ઝવેરાત સંભાળવામાં રોકાયેલો હતો. ઉતાવળ કરી પાછળ દોડે શી રીતે ! વધુ મૂલ્યવાન શું હતું ? ઝવેરાત કે ઔરત ? ખરે ટાણે ખબર પડી કે ઝવેરાત જ !" ખાનબહાદુર ખેદપૂર્વક બોલ્યા. મને થયું એમની સહાનુભૂતિ સ્ત્રી તરફ હતી. કાન પરથી મારો હાથ ઢીલો પડ્યો.

પણ એ મારી ભૂલ હતી.

અંધકાર ગાઢ થવા માંડ્યો હતો. પહોંચવાને હજુ થોડી વાર હતી. જમવાને પણ વાર હતી. વાત તો પૂરી થઇ ગઇ. હવે અમે શું કરીએ ! કાન પરથી મેં હાથ હટાવી લીધો.

ખાનબહાદુર કહે, "એ તો સારું થયું, મોશાય. થોડેથી જ પતી ગયું. આ એક જ બનાવ તો નહિ, ઘણા જોયા. એક દિવસ નહિ તો મહેરબાન એનું ખૂન પણ કરી નાખત. સુંદરી સ્ત્રીઓ હંમેશા ચંચળ જ હોય છે. એક દિવસ જરાક ચંચળ બનત તો

જાનથી જાત. બચી ગઇ એ જ ઘણું. એસિડના ડાઘથી જરાક રૂપ ઓછુંય થઇ ગયું હશે તોય માની લો કે એના પાપની સજા મળી."

હું એકે અક્ષર બોલ્યો નહિ. પાપપુણ્યમાં મને આસ્થા નહોતી. પાપની સજા, અને તે પણ પાછો પાપી જ આપે ! એ મારે માટે અસહ્ય હતું. મહેરબાનેય કંઇ ઓછો પાપી નહોતો.

"તમે જ વિચારી જુઓ," ખાનબહાદુર કહેવા લાગ્યા, "સ્ત્રીને શું એવું નુકસાન થયું ? નુકસાન થયું તો પુરુષને જ થયું. એ ઝવેરાતથી શું એનું નુકસાન ભરપાઇ થયું ખરું ? એ નુકસાન તો અપૂરણીય. નોકરીમાં હોત તો આટલા વખતમાં ડી.આઇ.જી. ન થાત તોય આઇ.જી. તો ચોક્કસ થાત જ. હાય રે તકદીર ! ને નસીબમાં લખાયું હોય તે જ થાય ને ! અને એ રેલવેની નોકરી પણ ક્યાં રાખી શક્યો ! લાખ રૂપિયાનું ઝવેરાત મળતાં જ માથું ભમી ગયું. એ ઝવેરાતને દાયજામાં દઇને એ શાદી કરી બેઠો. રજપૂતાનાનાં એક ખૂબ જ મોટા ખાનદાન સરદાર પરિવારમાં એનાં લગ્ન થયાં હતાં. એ લોકોએ પછી એને અંગ્રેજ સરકારની - નોકરી કરવા ન દીધી. દેશી રજવાડાની ફોજમાં એ ભરતી થઇ ગયો. તેમાં હોદ્દા સિવાય બીજું હોય પણ શું, મોશાય !"

હું સ્તબ્ધ બની બેસી રહ્યો. શું બોલવું તે સૂઝતું જ નહોતું.

"હવે અમારા ઇન્સ્પેક્ટરનું શું થાય છે તે જોઇએ. એય તો બીજો એક રાણી-પસંદ જ તો છે. યુવતી બધાં કહે છે કે અત્યંત રૂપાળી છે. અને રૂપાળી છે એટલે ચોક્કસ ખરાબ જ હશે. એમાં આશ્ચર્ય પામવા જેવું કંઇ જ નથી. જે જેટલી ખરાબ તે તેટલી જ સુંદર" ખાનબહાદુરે નિસાસો મૂક્યો.

ખોવાયેલા

પ્રેમેન્દ્ર મિત્ર

દિવસ ખૂબ જ ખરાબ હતો. શિયાળાની ઋતુમાં વાદળિયા દિવસ જેવું કંટાળાજનક બીજું કશું જ નહિ હોતું હોય. વરસાદ પણ ખાસ એવો પડતો નહોતો. પણ મેઘાચ્છન્ન આકાશ અને મ્લાન પૃથ્વી કેવાંયે મૃતઃપ્રાય, નિશ્ચેતન લાગતાં હતાં. સોમેશ જો અચાનક આજ ન આવ્યો હોત તો આ બપોર શી રીતે વીતી હોત એ કહી શકું એમ નથી. પણ સોમેશ આજે ગમે તેમ કરીને આવી પહોંચ્યો છે.

એકાદ બે વાર વર્તમાનમત્રનાં બધાં જ પાનાં આમથી તેમ ઊલટાવીને સોમેશની સામે મૂકી હું બોલ્યો, "એક આશ્ચર્યકારક ઘટનાની નોંધ લીધી તેં ?"

"શું?"

"આજના છાપામાં એક સાથે સાત સાત ખોવાયેલી વ્યક્તિઓની જાહેરખબર છે."

સોમેશે બિલકુલ કુતૂહલ દેખાડ્યું નહિ. જેમ બેઠો હતો તેમ જ ઉદાસીન ભાવે કેવળ સિગરેટના ધુમાડાના ગોટા કાઢતો રહ્યો. નિઃસ્તબ્ધ ઓરડાની અંદર ધુમાડાની કુંડલીઓ કેવળ ધીરે ધીરે ચક્રાકારે ઉપર ચડી રહી હતી. બાકી બધું જ સ્તબ્ધ. બહારની નિશ્ચેતન જડતાએ જાણે અમારા મનને જકડી લીધાં હતાં.

આ બેચેન કરતી સ્તબ્ધતાનો ભંગ કરવા માટે કંઇક કરવું જોઇએ એટલા પૂરતું જ મેં બોલવા માંડ્યું, "આ ખોવાયેલાઓની જાહેરખબરો જોઇ મને તો જો કે હસવું જ આવે છે. મોટેભાગે આમાં શું હોય છે ખબર છે ! ક્યાં તો છોકરો નાટક જોઇને મોડી રાતે ઘેર આવ્યો હશે, અને આવું તો લગભગ હંમેશા જ કરતો હોય છે. જમવા બેસતી વખતે પછી બાપે છેલ્લા થોડા દિવસથી તપાસ કરી હશે, "ક્યાં ગયો શેઠ !" અથવા તો 'તમારો ગુણિયલ દીકરો !' વખતે મા રડવા માંડી હશે. પત્નીને ધમકાવી કહેશે, "અમથાં અમથાં કકળાટ કરો મા. આવો દીકરો તો જાય એ જ સારું" એ પછી માનું રુદન ઓર વધી જાય.

બાપ એ વખતે દાંત કચકચાવીને બોલ્યા ભલે હોય પણ મનની આશાની વાત જ જીભે આવી જતી હોય છે. "આ જાત તો સારું જ થાત, પણ જોજેને આ ફેરેય સીધો સડસડાટ ઘેર જ આવશે. આવી મફતિયા હોટેલ બીજે ક્યાં મળશે ?"

મા રડમસ અવાજે કહેશે, "આવી કડકડતી ઠંડીમાં આખી રાત એ ક્યાં રહ્યો હશે, શી ખબર ! કંઇ કરી બેસશે તો, મને તો એની જ ફિકર છે." "ફિકર !" બાપ વ્યંગમાં

જ વાત ઉડાડી દેવા ઇચ્છે. "તારો દીકરો એવું કંઇ કરવાનો નથી, કે કંઇ કરવાનો નથી, તું જરા ધીરજ રાખ જીવને. આરામથી કોઇ દોસ્તને ત્યાં મજા કરતો હશે. જરાક અગવડ પડી કે સીધો આવી પહોંચશે."

માનું રડવાનું તોય બંધ ન થાય. – "તમને તો ખબર છે એ કેવો રિસાળ છે તે !"

કંટાળીને બાપ ઘરમાંથી બહાર જાય. સાંજના ઓફિસથી પાછા ઘેર આવી જુએ તો હાલત ઓર જ ખરાબ. દીકરો પાછો આવ્યો નથી ! મા હવે પથારી નહિ છોડવાનું પણ લઇ બેસે.

"હવે આ ચેન નહિ પડવા દે. આ અશાંતિથી તો વનવાસ ભલો." કહી બાપ બહાર નીકળે અને સીધો વર્તમાનપત્રની ઓફિસમાં જઇ પહોંચે.

વર્તમાનપત્રની ઓફિસની વાત ખૂબ જ જટિલ કઇ બાજુ જવાનું, શું કરવાનું, કંઇ જ ન ખબર પડે. જરાકવાર તો મૂઢની જેમ આમતેમ આંટા મારી, નજર ફેરવી એક તરફની એક ઓફિસની કેબિનમાં દાખલ થઇ એક સરળ સીધા દેખાતા સજ્જનને ખોળી કાઢી સાહસ એકઠું કરી કહેશે, "તમારા છાપામાં એક, આ એક ખબર છપાવવા માગું છું !" સીધા સાદા દેખાતા સજ્જન અચાનક મોં ઊંચુ કરી વ્યંગમાં કહેશે, "ખબર ! કેમ અમે જે ખબર છાપીએ છીએ એ આપને પસંદ નથી ? તે શું આટલા દિવસ અમે ભવાઇ કરતા'તા".

દીકરાની વારંવારની વિનવણીને લીધે ખાનગી મૂડીમાંથી માએ થોડાક રૂપિયા કાઢી આપ્યા હોય તેથી જાણી જોઇને જુઠું ન બોલી શકે એટલે ચૂપ જ રહે.

બાપ બોલ્યે રાખે, "આટલી રાત ગઇ તોય શું ભાઇસાહેબને પાછા આવવાનો સમય નથી થયો ! ગયે વખતે તો નાપાસ થઇ જાણે મારા પર ઉપકાર કર્યો હતો. આ વખતેય કઇ રીતે કૃતાર્થ કરશે એ તો દેખાઇ જ રહ્યું છે. પૈસા કંઇ ઠીકરાં નથી કે નવાબજાદો જેમ મરજી પડે એમ વર્તે છે. કાઢી મૂકીશ, આ ફેરે તો ઘરમાંથી જ કાઢી મૂકીશ."

આમ મોંની બડાશથી જ વાત અહીં પૂરી થઇ જાત. પણ બરાબર એ જ સમયે ગુણિયલ પુત્ર ઘરમાં પ્રવેશે.

બાપ આવેશને પછી રોકી ન શકે. પોતાનીય પાછી માન-મર્યાદા, વચનની સાર્થકતા માટે કંઇક તો બોલવું જોઇએ !

અંતે બાપ કહેશે, "આવા છોકરાની મારે જરૂર નથી, જા, નીકળી જા ઘરમાંથી !"

રિસાળ છોકરો, બીજું કશુંય ન હોય તોય એ ક્ષણે તો પિતૃદેવનો આદેશ માનવા તત્પર થઇ જાય. મા કોનો પક્ષ લેવો એ ન સમજાતાં કેવળ અસહાય કાતરભાવે કહેશે, "અરે, જમવા ટાણે આ શું બધું બોલો છો ? પછી નહિ કહેવાય ?"

આ વખતે બાપ મા પર જ તૂટી પડશે. કહેશે, "તેં જ મોંએથી ચડાવીને ફટવી મૂક્યો છે. તેં જ !"

મા પાલવથી આંખો લૂછે, છોકરો વિશાળ પૃથ્વીમાં નિરુદ્દેશ યાત્રા કરવા નીકળી પડે.

બીજે દિવસે બરાબર ભયંકર ધમાલ. મા એ જ રાતથી અન્નનો દાણોય મોંમાં ન મૂકે. આજે ય સવારે પથારી છોડશે એવું લાગતું નથી. બાપનેય રાતના ઊંઘ ન આવે. પણ એ વાત કહે કયા મોંએ અને કોને ?

બાપ જરાક ડઘાઈ જઇ એકવાર અસહાય ભાવે ચારેકોર નજર ફેરવી લે. પાસેના સજ્જનનો ચહેરો જે અત્યંત રૂઢ સ્વભાવનો લાગ્યો હતો, તેઓ જ સહાનુભૂતિનાં સ્વરે કહેશે, "અરે, આ શું કરો છો ! એ ભાઇ શું કહેવા માગે છે, તે તો સાંભળો પહેલાં ! બેસો ભાઇ, બેસો તમે."

બાપ એક ખુરશી પર જરાકવાર મૂઢ બની બેસી રહે, પછી પેલા સજ્જન કહેશે, "બોલો શા ખબર છે ?"

"જી ! ખરેખર તો ખબર નથી. આ એક જાહેરખબર !"

"જાહેરખબર ! શાની જાહેરખબર ! કેટલી સ્પેસ જોઇશે. કોપી લાવ્યા છો ?"

બાપ વધુ જ વિમૂઢ બની કહેશે – "ખરેખર તો જાહેરખબર નથી – આ મારો દીકરો ઘેરથી ચાલ્યો ગયો છે –"

પછી તેમને વાક્ય પૂરું કરવું ન પડે. ટેબલની બીજી બાજુ બેઠેલા સજ્જન કહેશે, "ઓહ સમજ્યો, શું લખવું છે – દેખાવનું વર્ણન, કે પછી પાછા આવવાનો અનુરોધ ?"

બાપ જાણે આટલી વારે કિનારો સાંપડ્યો હોય એમ કહેશે, "જી, પાછા આવવાનો અનુરોધ. એની મા ખૂબ રડારોળ કરે છે."

"સમજી ગયો. સમજી ગયો. ઝઘડો કરીને ગયો છે !" સજ્જન એક કાગળનું પેડ બાપ તરફ લંબાવી કહેશે, "લ્યો, લખી આપો."

"લખી આપું ?" બાપના ચહેરા પર મુસીબતમાં ફસાયાનો ભાવ સ્પષ્ટ ઊપસી આવે.

સજ્જનને દયા આવે, કહેશે, "અચ્છા અમે જ લખી નાખશું, તમે કેવળ નામઠામ લખી આપો."

પરિચય વગેરે આપીને જતી વખતે બાપ અનુરોધ કરે, "જરાક સારી રીતે લખજો. એની માએ કાલથી મોંમા પાણીનું ટીપુંયે નથી મૂક્યું."

"તમે ફિકર ન કરો, એવું લખીશ કે તમારો દીકરો વાંચીને આંસુ સારશે, તમે ધરપત રાખો."

આશ્વસ્ત બની બાપ ઘેર પાછા ફરે, અને આંસુભરી જાહેરખબર છપાય તે પહેલાં જ જુએ કે ઘેર દીકરો પાછો આવી ગયો છે.

પસ્તાઇને ઘેર આવ્યો છે એવું રખે ધારી લેતા ! એ ઘરમાં રહેવા નથી આવ્યો. કેવળ ચાલ્યા જતાં પહેલાં તેનાં કેટલાંક પુસ્તક લેવા આવ્યો છે.

આ વખતે માનો ક્રુદ્ધ સ્વર સંભળાય, "તે જવું હોય તો જા ! એવો કુલાંગાર પાક્યો છે ! જાણે કોઇ પોતાના દીકરાને વઢતું જ નહિ હોય ! તું તો જાણે મોટો માણસ ! કાલે આખી રાત એમણે બે આંખ ભેળી નથી કરી. એ ખબર છે તને ! જા જો એકવાર, એમનું મોં કેવું લેવાઇ ગયું છે એક રાતમાં ! અને પાછો ભાઇસા'બનો મિજાજ તો જુઓ, કહે છે કે ચાલ્યો જશે !"

બાપ અંદરથી મૃદુ સ્વરે કહેશે, "અરે, હવે શું કામ અમથી વઢવઢ કરે છે ?"

મા ધમકાવીને બોલશે, "તમે ચૂપ રહો. આટલા લાડ સારા નહિ, જરાક વઢ્યા તો કહેશે ઘર છોડીને ચાલ્યો જઇશ. મિજાજ તો જુઓ !"

ગુમ થયેલી વ્યક્તિઓ વિશેની આ બધી જાહેરખબરોનો મોટે ભાગે આ જ ઇતિહાસ હોય છે.

સોમેશની સિગારેટ ત્યારે જ ખલાસ થઇ હતી. આટલીવાર સુધી એણે મારી વાતનો એકે અક્ષર પણ સાંભળ્યો હોય એમ લાગતું નહોતું. એકવાર પણ એને ટટ્ટાર થઇને બેસતાં મેં જોયો નહિ.

જરાક કંટાળીને મેં જ સામેથી પૂછ્યું, "તને થયું છે શું ? કહે જોઉં ! હું તો અમથો જ એકલો બબડી ગયો."

એ વાતનો પણ એણે જવાબ ન આપ્યો; અચાનક પહોળા કરેલા પગને સરખા કરી ટટ્ટાર થઇ બેઠો અને સિગારેટનું વધેલું ઠૂંઠું ફેંકી દઇ એ બોલ્યો, "તને ખબર નથી. આવી જાહેરખબરો પાછળ ઘણીવાર ખરેખરી ટ્રેજેડી પણ છુપાઇ હોય છે."

"તે હશે, એની ક્યાં ના છે ! ક્યારેક સાચેસાચ જે ચાલ્યા જાય તે પાછા ન પણ આવે."

સોમેશ જરાક હસીને બોલ્યો, "ના, એની વાત નથી કરતો. હું તો પાછા આવવાની એક ભયાનક ટ્રેજેડીને વાત કરું છું."

મેં ઉત્સુકતાથી એની સામે જોઇ પૂછ્યું, "એટલે ?"

"સાંભળ કહું છું"

બહાર વરસાદ શરૂ થઇ ગયો હતો. કાચની બારીમાંથી બહારના રસ્તા--ઘાટ ધૂંધળા અને અવાસ્તવિક લાગતા હતા. અમે જાણે સમસ્ત પૃથ્વીથી અલગ થઇ ગયા હોઇએ એવું લાગતું હતું.

"જૂનાં છાપાંની ફાઇલો ઉથલાવીશ, તો તારી નજરે પડશે, બહુ વર્ષ પહેલાં અહીંના એક અગ્રગણ્ય છાપાના પાના પર દિવસોના દિવસો સુધી એક જાહેરખબર છપાતી હતી. એ જાણે જાહેરખબર તો નહિ; પણ એક સંપૂર્ણ ઇતિહાસ. દિવસોનાં દિવસ સુધી છપાતી એ જાહેરખબર તું ધારાવાહિક ભાવે વાંચશે તો તને લાગશે કે એ એક સંપૂર્ણ કહાણી હતી. છાપેલા લખાણ પર જો તું કાન માંડી શકે તો લાગે કે કોઇનો કાતર આર્તનાદ સંભળાય છે. એ જાહેરખબર ચોક્કસ ખોવાઇ ગયેલી વ્યક્તિ વિશે જ હતી. શરૂઆતમાં તો દીકરાને પાછા આવવાનો એક માતાનો કાતર અનુરોધ જ

છાપામાં આવતો, અસ્પષ્ટ ક્ષોભભરી ભાષા, પણ તેની પાછળ છુપાયેલી જે વ્યાકુળતા વર્તાતી તે વાંચ્યા વિના નહિ સમજાય. ધીરે ધીરે માનો કાતર અનુરોધ હતાશ દીર્ઘ નિઃશ્વાસની જેમ અખબારના પાનાંઓ પરથી અદૃશ્ય થતો પણ દેખાયો. એ પછી સંભળાયો પિતાનો ગંભીર સ્વર, જરાક કંપિત છતાં ધીર અને શાંત – "શોભન, પાછો આવ. તારી મા પથારીવશ છે. તને ફરજનું મુદલે ભાન નથી કે શું ?"

એ પછી પણ જાહેરખબરો અટકી નહિ. પિતાનો સ્વર વધુ જ ભારે થવા માંડ્યો હતો. એવું લાગતું હતું કે જાણે અવાજ બેસવા માંડ્યો છે. "શોભન હવે નહિ આવે તો પછી તારી માને તું કદી પણ નહિ મળી શકે."

પણ શોભનનું હૃદય આટલેથીયે પીગળ્યું નહિ. જાહેરખબરો એકધારી ચાલુ જ હતી. પણ હવે પિતા પોતાને સાચવવાની હિંમત હારી બેઠા હતા. હવે એમના અવાજમાં કાતરતા, કેવળ કાતરતા નહિ, અતિશય દુર્બળતા – "શોભન, તને ખબર નથી અમારા દિવસ શી રીતે વીતે છે. પાછો આવ, અમને હવે વધુ ન તલસાવ."

જાહેરખબર ક્રમશઃ હતાશામાંથી હાહાકારમાં પલટાઇ ગઇ. એ પછી એકદમ બદલાઇ ગઇ. એ હવે શોભનને ઉદ્દેશીને નહોતી લખાતી. સાધારણ એક વિનંતી ફક્ત. "આ જાતના દેખાવનો, આટલી ઉંમરનો એક યુવાન આજ એક વર્ષથી લાપત્તા છે. જે પત્તો મેળવી આપશે એને ઇનામ આપવામાં આવશે."

પછી ઇનામની રકમ પણ ક્રમશઃ વર્તમપાનપત્રના પાનાંઓ પર વધવા માંડી. "પાતળો એકવડો બાંધો, એક સોળ-સત્તર વર્ષનો યુવાન. ઓળખ, ગરદન પર જમણા કાન પાસે એક મોટું લાખું. જીવિત છે કે મૃત, એટલી પણ જે ખબર આપશે એને પણ ઇનામ આપવામાં આવશે."

સોમેશ થોડીવાર ચુપચાપ બેસી રહ્યો. વરસાદની વાછટથી બારીના કાચ બિલકુલ ધૂંધળા અને ઝાંખા થઇ ગયા હતા. ઘરની અંદર પણ એટલી બધી ઠંડી લાગતી હતી કે થયું, જો ધાબળા જેવું કંઇ ઓઢવા મળે તો સારું થાય.

મેં કહ્યું, "આ તો થઇ જાહેરખબરની પારાયણ, અસલ વાત શી હતી તે ખબર હોય તો કહે."

"હા, ખબર છે. હું શોભનને ઓળખતો હતો. કંઇ રિસાઇને એણે ઘર નહોતું છોડ્યું. પરિસ્થિતિ એવી હતી કે, ઘર છોડવું પડ્યું. ખૂબ જ સહજ હતું. કંઇ પણ બહાનું ઘર છોડવા માટે હતું. પૃથ્વી પર એવીયે અલગારી એકાદ બે વ્યક્તિઓ પેદા થતી હોય છે કે જે જનમથી જ બિલકુલ નિર્લિપ્ત મનની હોય છે. તેઓ જો કે ખરેખર કઠોર હૃદયના નથી હોતા. ઊલટાનું એમ કહી શકાય કે એમનાં મન એવાં તરલ હોય છે ક્યાંય પકડાઇ કે બંધાઇ ન રહે. કોઇ વસ્તુની એમના પર ઘેરી છાપ કે અસર નથી હોતી. સાંભળીને તને નવાઇ લાગશે કે છાપાંની બધી જ જાહેરખબરોની એને જાણ હોવા છતાં એને એ અનુસર્યો નહિ. વખતે કોઇ દિવસ વળી નજરે પડી હશે કે પછી એ એને અનાયાસે જ ભૂલી ગયો ! ઘરની બહારનાં એ બધાં દુઃખો ને અગવડોથી

બીજું કોઇ હોત તો ત્રાસીને હેરાન થઇ જાત, ત્યારે એણે એમાં જ મુક્તિનો સ્વાદ માણ્યો. બીજાને જે માનવું હોય તે છો માને, પણ એ પોતાને નાનકડા કુંટુંબનો લાડકો દીકરો માનતો જ નહિ. પણ જે દિવસે અચાનક જાહેરખબરો આવતી બંધ થઇ ગઇ તે દિવસે ખબર નહિ કેમ એનું ઉદાસીન મન પણ વિચલિત બની ગયું. જાહેરખબર જરાક અસાધારણ રીતે જ બંધ થઇ ગઇ હતી. ફલાન્ત ભાવે ચાલતાં ચાલતાં એક દિવસ અચાનક નહોતી બંધ થઇ ગઇ. અચાનક જાણે એક ભયંકર દુર્ઘટનાથી વર્તમાનપત્રનાં પૃષ્ઠો સ્તબ્ધ બની ગયાં હતાં. શોભનનાં દેખાવના વર્ણનને બદલે અચાનક એક દિવસ નજરે પડ્યું –

"શોભન, તારી મા હવે તને જોઇ શકે એવું લાગતું નથી. હજુય તારી મા કેવળ તારું જ નામ રટે છે." એ પછી કોઇ પણ જાહેરખબર છાપામાં આવતી બંધ થઇ ગઇ.

ત્યાર પછી પણ બે વર્ષ વીતી ગયાં. શોભન અચાનક એક દિવસ ઘેર પાછો આવ્યો. એક વાત કહું તેથી શોભનનાં સ્વભાવનો તને થોડો પરિચય મળશે. જે વાત મેં તને પહેલાં નથી કરી. શોભન સાધારણ મધ્યમવર્ગનો છોકરો ન હતો, સંપન્ન કહેવાથી પણ એનું વર્ણન યથાર્થ કરેલું નહિ કહેવાય. તેમની પ્રાચીન જમીનદારી ઘણા દુર્દિન વચ્ચેથી પસાર થવા છતાં પણ હજુ એવી ઘસાઇ પણ ગઇ નહોતી. શોભન જ એનો એકમાત્ર વારસદાર હતો."

સોમેશ જરાક હસ્યો અને બોલ્યો, "બે વર્ષ સ્વતંત્ર જીવનનાં દુઃખ કષ્ટે ભલે મન પર અસર નહોતી કરી છતાં પણ એની છાપ શોભનનાં શરીર પર તો વર્તાતી જ હતી. બે વર્ષમાં એ ઘણો બધો બદલાઇ ગયો હતો. પણ એથી એનાં કર્મચારીઓ એને ઓળખી નહિ શકે એવી તો એને મુદ્દલે શંકા નહોતી.

શોભન પોતાને ગામ જઇ સીધો પોતાનાં ઘરમાં જેવો દાખલ થવા ગયો કે સહુ પ્રથમ તો એને એના જૂના નાયબ મોશાયે જ રોક્યો.

"કોનું કામ છે?"

શોભને હસીને કહ્યું, "કોઇનું નહિ, ઘરમાં જાઉં છું."

નાયબ મોશાય એની તરફ જરાક વેધક નજરથી જોઇ રહ્યા, પછી હસીને બોલ્યા, "ઓહ ! પણ આટલી ઉતાવળ શાની છે ? આવો, અહીં બહારના ખંડમાં થોડીવાર આરામ કરો."

શોભન તો અવાક્ જ થઇ ગયો. કહે, "એ શું ? કેમ નાયબ મોશાય શું થયું છે ?"

"ના, ના, થયું તો કશું જ નથી."

"તો પછી ? મા તો સારા છે ને ?" શોભનનાં સ્વરમાં અત્યારે વ્યાકુળતા વર્તાતી હતી.

નાયબ મોશાય એવું અદ્ભુત હસીને બોલ્યા, "સારા જ છે તો ! આવો, અહીં મારી સાથે આવો.

શોભન તો ય બોલ્યો, "તો પછી અંદર જ જવા દો ને !"

"ના, અંદર નહિ જવાય, તમે મારી સાથે ચાલો." શોભન દિગ્મૂઢ જ બની ગયો. અને નાયબ મોશાયને અનુસરતો બહાર પરસાળમાં આવ્યો. બે વર્ષમાં તો ત્યાં પણ થોડું ઘણું પરિવર્તન થયું હતું.

તેમનો જૂનો મહેતાજી પણ નહોતો. બે જણ ત્યાં બેસીને ચોપડા લખતા હતા. પણ પોતાના પરિચિત વૃદ્ધ ખજાનચી મોશાયને જોઇ એણે જરાક નિરાંત અનુભવી.

નાયબ મોશાય એને એક ખુરશી પર બેસાડી, ખજાનચી મોશાયને ઉદ્દેશીને બોલ્યા, "આ ભાઇ અંદર જવા માગે છે."

શોભનને નાયબ મોશાયનો અવાજ કેવોય અસ્વાભાવિક લાગ્યો. ખજાનચી મોશાય નાક પરનાં ચશ્મા આંગળીથી ઠીક કરી શોભન તરફ જોઇ બોલ્યા, "ઓહ, તેઓ આજે જ આવ્યા લાગે છે !"

"હા, હમણાં જ આવ્યા છે."

શોભને આ વખતે અધીર બની કહ્યું, "તમે લોકો કહેવા શું માગો છો ! સાફ સાફ વાત કરો ને ! માને કંઇ થઇ ગયું છે ? બાપુજીને કેમ છે !"

ચારેકોર જેટલી હતી તેટલી બધી જ આંખો એના તરફ આશ્ચર્યચકિત બની ખોડાઇ ગઇ. થોડી વાર તો બધાં જ નીરવ. એ પછી નાયબ મોશાય જ બોલ્યા, "તેઓ તો સારાં છે પણ અત્યારે તમને મળી નહિ શકે."

આ વખતે શોભન ગુસ્સે થઇ ગયો, "કેમ, નહિ મળી શકે ? તમારા બધાનાં ભેજાં તો ઠેકાણે છે ને ? હું તો હમણાં જ અંદર જાઉં છું."

શોભન ઉઠ્યો પણ નાયબ મોશાય બારણા ભણી જરાક આગળ વધી શાંત સ્વરે બોલ્યા, "જુઓ નકામી ધાંધલ ધમાલ કરવાથી શો લાભ ? એથી કંઇ નહિ વળે."

અચાનક શોભન સમક્ષ સમગ્ર ઘટના અત્યંત સ્પષ્ટ બની ગઇ. એણે વિસ્મિત - ભયભીત સ્વરે પૂછ્યું, "તમે શું મને ઓળખ્યો નહિ ?"

બધાં જ ચૂપ.

"હું શોભન, મને ન ઓળખ્યો ?"

નાયબ મોશાય આ ફેરે બોલ્યા, "તમે જરા ઊભા રહો, હું આવું છું અબઘડી." કહીને બાજુના ઓરડામાં જઇ ટેબલનું ખાનું ખોલી તેઓએ કંઇ કાઢ્યું અને શોભનનાં હાથમાં મૂક્યું. એ હતો એનો જૂનો ફોટો. સાધારણ રીતે પાડેલો ! અત્યારે તો એ જરાક અસ્પષ્ટ અને ઝાંખો થઇ ગયો હતો.

નાયબ મોશાયે કહ્યું, "આને ઓળખો છો ?"

શોભને વિસ્મિત સ્વરે કહ્યું, "આ તો મારો જ ફોટો છે."

"જુઓ ત્યારે સરખાવી જુઓ, તમે પોતે જ !"

"આ તો અસહ્ય જ !" મુઠ્ઠીમાં વાળ પકડી એ ત્યાં જ બેસી પડ્યો.

નાયબ મોશાય પણ એની સાથે ત્યાં જ બેસીને બોલ્યા, "જુઓ તમે માઠું ન લગાડતા. તમારી સાથે આ ફોટો જરાક મળતો આવે છે એ સાચી વાત, પણ તમારી

પહેલાં જે બે જણ આવ્યા હતા એની સાથેય મળતો આવતો હતો. અરે, એમને પણ લાખું હતું ! અમને આ વિષે ગરબડ કરવાની મનાઇ છે. અમે બિલકુલ ઘાંઘલધમાલ નહિ કરીએ. તમે અહીંથી ચાલ્યા જઇ શકો છો."

શોભને ઉદ્‌ભ્રાંતની જેમ સહુ ભણી જોઇ લીધું. સહુની નજરમાં અવિશ્વાસ દેખાયો.

કાતર સ્વરે બોલ્યો, "એકવાર કેવળ મને મા અને બાપુજીને મળી લેવા દો. તમે ભલે ન માનો, મારે એકવાર તેમને મળવું છે."

નાયબ મોશાયે હતાશા દેખાડતી હાથની મુદ્રા કરી કહ્યું, "સાંભળો તો પછી, સાત દિવસ પહેલાં જ શોભનનું અવસાન થયું છે. એના મૃત્યુના સમાચાર અમને મળ્યા છે."

શોભન આ સ્થિતિમાં પણ હસ્યા વિના ન રહી શક્યો. એણે પૂછ્યું, "શી રીતે મરી ગયો ?" એના અવાજમાં વર્તાતી મશ્કરીને અવગણી નાયબ મોશાય બોલ્યા, "એ રસ્તામાં ગાડી નીચે કચડાઇને મરી ગયો. નામ, ઠેકાણું, ઓળખાણ કશું જ મેળવવાનું શક્ય નહોતું. પણ જેઓ અકસ્માતના સ્થળે હાજર હતા, એમાંના કેટલાકે અમારી છાપાની જાહેરખબર જોઇ હતી. તેથી અમને બધી વાત લખી જણાવી. ઇસ્પિતાલમાં પણ અમે તપાસ કરાવી હતી. ત્યાંના દાક્તરનું વર્ણન પણ અમારી જાહેરખબરનાં વર્ણન સાથે મળતું આવતું હતું."

શોભન આ પછી શું કરત એ કહેવું મુશ્કેલ છે પણ એ જ વખતે એણે જોયું કે એના બાપુજી ઘરમાંથી બહાર નીકળતા હતા. માણસનું ઝંઝાવાતમાં તૂટી પડેલા ઝાડ સાથે આટલી હદ સુધી સરખાપણું હોઇ શકે ! એ તો સાહિત્યની ઉપમા વાંચ્યા પછી પણ ક્યારેય માન્યામાં નહોતું આવ્યું, એ આજે સત્ય લાગ્યું. એમની ચાલવાની ગતિમાં પણ દુઃખદ દુર્ઘટનાનો પરિચય સ્પષ્ટ વર્તાતો હતો.

બધાં જ કંઇ સમજી શકે તે પહેલાં જ શોભન દોડ્યો અને ઓરડામાંથી બહાર નીકળી ગયો. નાયબ અને બીજા કર્મચારીઓની સમજમાં એ બાબત આવે એની પાછળ દોડે તે પહેલાં જ એ એના બાપુજી પાસે પહોંચી ગયો.

"બાપુજી!"

વૃદ્ધ ચમક્યા. થંભીને ઊભા રહ્યા. ચહેરા પરની એ વેદનામય વિમૂઢતાએ શોભનના હૈયાને ખંજરની જેમ વીંધી નાખ્યું.

"બાપુજી, મને ઓળખો છો ?"

વૃદ્ધ સ્ખલિત પગલે એક ડગલું આગળ વધી ફરી થંભી ગયા. પ્રબળ ભાવાવેશ એમના વાર્ધક્યથી શિથિલ ચહેરાને વિકૃત કરી રહ્યો હતો.

સેવામાં તો નાયબ અને કર્મચારીઓ પણ આવી પહોંચ્યા.

વૃદ્ધે કંપિત હાથ ઊંચો કરી કંપતા સ્વરે પૂછ્યું, "કોણ ?" નાયબ મોશાયે શોભનના ખભા પર દઢતાથી હાથ મૂક્યો અને પોતે જ બોલ્યા. "કોઇ નથી. આ તો પહેલાંની

જેમ – આ મળીને, આ ત્રીજી વાર આવું બન્યું."

એક કર્મચારી બોલ્યો, "અમે એને આવવા ન દેત, પણ એ અચાનક –"

વૃદ્ધે એને અટકાવીને કહ્યું, "એને કંઇ જ ન કહેતા, એને જવા દો." વૃદ્ધે છેલ્લીવાર શોભન ભણી કાતર ભાવે જોયું અને પછી ઘર ભણી પાછા વળ્યા.

શોભન સ્તબ્ધ બની ઊભો રહ્યો. નાયબ મોશાય એને કંઇક કહી રહ્યા હતા. ક્યાંય સુધી એના કાનમાં એકે શબ્દ પેઠો જ નહિ. ક્યારે એ પાછો આવી બહારના ખંડમાં બેઠો, એ ય એને ભાન નહોતું.

થોડીવાર પછી જ્યારે અંદરથી એક નોકરે આવી નાયબ મોશાયને કંઇક કહ્યું, અને નાયબ મોશાયે એને શું જવાબ આપ્યો એ બરાબર સંભળાયું નહોતું, પણ આ વખતે સમજાયું, જ્યારે એ બેહોશી દૂર થઇ ગઇ. નાયબના હાથમાં ઘણા બધાં રૂપિયાની થોકડી હતી, અને સ્વરમાં વિનંતી હતી.

શોભનને એક કામ કરવાનું કહેતા હતા, ઘરનાં ધણિયાણી મરણપથારીએ છે. એમના દીકરાના મરણના સમાચાર એમને હજુ આપ્યા નહોતા. કશું જ એમને જણાવ્યું નહોતું. હજુ પણ તેઓ એને જોવાની આશામાં જીવી રહ્યા હતા. એટલે જ તેઓ લાગે છે કે મરી શકતાં નહોતાં. મૃત્યુમાં પણ શાંતિ પામવાનાં નહોતાં. શોભને એમનો ખોવાયેલો દીકરો બની એમને મળવાનું હતું. મુમુર્ષુની નિષ્પ્રભ નજરથી તો ભેદ પરખાવાનો જ નહોતો. ખોવાયેલા દીકરા સાથે એનામાં ખરેખર સરખાપણું તો હતું જ. મૃત્યુપથના મુસાફરને આ છેલ્લી સાંત્વના દેવા માટે જમીનદારે પોતે એને કાતર સ્વરે અનુરોધ કર્યો હતો. અને એમાં એને તો કોઇ નુકસાન જ નહોતું.

નાયબ મોશાયે નોટોની થપ્પી શોભનના હાથમાં સરકાવી દીધી.

સોમેશ ચૂપ થઇ ગયો. થોડીવાર બહારના વરસાદના અવાજ સિવાય કોઇ જ અવાજ સંભળાતો નહોતો. મેં થોડીવાર રહીને પૂછ્યું, "સોમેશ, તારા કાન પાસે પણ એક લાખું છે."

સોમેશ હસીને બોલ્યો, "એટલે જ તો વાર્તા બનાવવી સહેલી પડી."

શા માટે એ હું કહી નથી શકતો પણ શિયાળાની વરસતી આ શીતળ, પ્રાયઃ અંધકારભરી અસ્વાભાવિક સાંજે એના હાસ્ય પર વિશ્વાસ મૂકવાની મને ઇચ્છા જ ન થઇ.

ઘસમસતું પૂર

સતીનાથ ભાદુડી

પેલી છાતી પરથી એને બળપૂર્વક આંચકી લઇને જ નદીમાં નાખવા પરસાદીને જવું પડ્યું હતું. આ રીતે જે ચાલ્યા જાય, એને દફનાવાય તો નહિ, એટલે નદીમાં જ મૂકી દેવા પડે.

ઘરમાં હતો ત્યાં સુધી તો પરસાદી રડ્યો નહિ. આંખમાં ઝળઝળિયાં આવે તોય બીજી તરફ મોં ફેરવી લઇ છાનોમાનો લૂછી નાખતો. મનચનિયા વળી જોઇ જાય એ બીકે જ સ્તો ! મનચનિયાના મોં ભણી આટલી વાર સુધીમાં એકે વાર પણ એણે ધારીને જોયું નથી. નજર એક થાય તો વખતે એને શરમ આવે ને ! આવે સમયે કંઇ કોઇની સામે જોવાય ખરું ? એક તો શોક, એમાં પાછી લજવાઇ મરે છે મનચનિયા; અત્યારે કંઇ એના દુઃખનો બોજો વધારવો યોગ્ય કહેવાય ! પરસાદી તેથી જ ઘરની બહાર જઇને રડ્યો હતો.

આટલા સમય સુધી તો સહુ એમ જ માનતું હતું કે એની પત્નીને બાળબચ્ચાં જ નહિ થાય. કેટલા દોરા ધાગા, ટુચકા, માદળિયાં, માનતા અને જાતજાતની દવા-ઔષધ પણ એ માટે કર્યાં હતાં. મર્યા પછી મોંમા પાણી પામવાની ઇચ્છા કોને ન હોય ! એ પછી જ્યારથી એને ખબર પડી કે ભગવાને એની સામે જોયું છે, ત્યારથી એણે અધીર બની દિવસો ગણ્યા છે. આ મનચનિયા માટે એ શું કરવું તે વિચારી જ શકતો નહિ. કેટલા સવાલો ? શું ખાવું ગમશે ? દીકરો થશે કે દીકરી ? કોના જેવું દેખાશે બાળક ? અંદર ફરે છે કે નહિ ? માટી ખાવાની મરજી થાય છે ! બીજીએ કેટલી બધી કલ્પનાઓ ! ચામારશી જોડે પણ કેટલી બધી છાનીમાની વાતો કરી હતી ! પાડોશના લોકો એનાં આટલાં બધાં, વધુ પડતાં લાડપાન જોઇ એની હાંસી ઉડાવતા.

એ પછી બુધે બુધે ચૌદ અને ગુરુ શુક્ર શનિ, ત્રણ મળીને આ સત્તર દિવસ. આટલા દિવસ તો જાણે એના હાથમાં સ્વર્ગ જ આવી ગયું હતું. સત્તર દિવસ પછી જેની વસ્તુ હતી એણે પાછી લઇ લીધી. માણસ કેટલું અને શું કરી શકે ! શું જતાં નથી ? જાય જ છે તો ! કેટલી રીતે કેટલા લોકોનાં બાળકો જાય છે ! ... સાંભળ્યું છે ગોળની માટલીમાં ડૂબીને બાળક મરી ગયું, ગરમ દૂધની કડાઇમાં પડી જઇને મરતાં જોયાં છે.... પણ આ રીતે જવું ! અરેરે ! એક તો એ રત્તીભર લોહીની ગાંઠ ! ... એકદમ ભૂરો જ થઇ ગયો હતો. શ્વાસ લેવાનોય ખૂબ પ્રયાસ કર્યો હશે; તેથી જ તો ડોળાય

બહાર નીકળી પડ્યા હતા ! અરેરે !...

ધાવતો જ હશે તો !... ડર શું એ સમજે તે પહેલાં જ ! મુસીબત શું એ જાણે તે પહેલાં જ ! માની છાતીમાં અચાનક પૂર ધસી આવ્યું હતું. માખણના પિંડ જેવા થાનેલાના દૂધની ધાર નીચે ગુંગળાવી નાખે એવો અંધકાર. એ અંધકારને ભેદીને અંતિમ રૂદન પણ બહાર નીકળી ન શક્યું.

મનચનિયાનેય – ઘણી બધી વાર પછી જ ખબર પડી હતી. કેટલી વાર પછી એય શી ખબર !... ત્યાં એને ઠંડુ ઠંડુ કેમ લાગતું હતું !... ક્યારેક એવું થાય, ઊંઘના ઘેનમાં ધાબળો શરીર પર તાણીને સરખી રીતે ઓઢ્યો ત્યારેય એને બીજા જીવની વાત કેમ ન યાદ આવી ! એવી જ છે એ ઊંઘણશી ! અરે ત્યાં તો પછી ઠંડુ કેમ લાગે છે ? મા કાળીના મંદિરનો ઘંટ વાગ્યો, પરોઢિયું થવાને હવે વાર નહોતી. સફાળી ઊઠીને બેઠી થઇ એ. ગોદડી ભીની થાય તોય આવું ઠંડુ તો ધાબળા હેઠે લાગતું નથી. આ તો કંઈક જુદી જ જાતનું લાગતું હતું. છાતી ફફડી ઊઠી. ફાનસ પેટાવતાં પણ ચાર ચાર દિવાસળી વપરાઇ હતી. ફાનસની વાટ વધારી, પથારી ભણી નજર નાખતાંવેંત જ મનની આછી આશા પણ બુઝાઇ ગઇ હતી. એની ચીસ સાંભળી પરસાદી જાગી ગયો હતો.... પણ તેથી કંઇ એ દેહમાં ફરીને ગરમી થોડી આણી શકાય છે ! કશાથીયે કંઇ ન વળ્યું. સત્તર દિવસનાં માંસનાં પિંડને ઘંટીના પડ જેવી છાતીથી કચરી નાખતાં મનચનિયાને ડરેય નહોતો લાગ્યો. એ જ છાતી અત્યારે આંસુથી ભીંજાતી હતી.

મનચનિયાની બુઢ્ઢી કૂતરી પરસાદી જોડે થોડેક સુધી ગઇ, અને પછી પાછી આવી મનચનિયા પાસે બેઠી. એનો રંગ કાળો એટલે એનું નામ કારિયા. કારિયા તાકી તાકીને એની આંસુભરી આંખો સામે, વિખરાયેલા વાળનાં લટિયાં સામે જોતી હતી. ઘરડી કૂતરી ઘણા વખતથી એમની ભેગી જ છે. બધું જ સમજે છે. બરાબર ઘરનાં માણસ જેવી જ તો છે.

મનચનિયા કૂતરીને બાપને ત્યાંથી બીજીવાર આણુ વળી આવી ત્યારે સાથે લઇને આવી હતી. સાચું પૂછો તો લાવી નહોતી. કારિયા પોતે જ પોતાની મેળે જોડે આવી હતી. એય કંઇ આજકાલની વાત થોડી છે ! તેનાં લગ્ન થયાં હતાં ચાર વર્ષની ઉંમરે ! આણુ વળી પંદર વર્ષ પછી. પરસાદીએ આણા માટે રૂપિયા ભેગા કરી, સસરાને કેટલી બધી વાર સંદેશા મોકલ્યા હતા ! સસરો પણ જવાબ જ ન આપે. કેવળ આઘું જ ઠેલ્યે જાય. લોકો પછી એ વિશે દસ વાતો કરે જ ને !

મનચનિયા તે વખતે ગામના તહસીલદાર સાહેબને ત્યાં નોકરાણી તરીકે છોકરાં સાચવવાનું કામ કરતી હતી. લોકો કહેતા, "બાપ પોતાની દીકરીની કમાણી પર જીવવા માગે છે. અને તેય કેવળ નોકરાણીની જ કમાણી પર નહિ." સાંભળીને પરસાદીનો પિત્તો ઉછળતો. લોહી તપી ઊઠતું. કેવળ ઉંમરની ગરમીથી જ નહિ; પૈસાની ગરમી પણ ખરી જ તો ! તેલ પાયેલી ડાંગ લઇ એ તો ઊપડ્યો'તો સાસરે

જવા. લડાઇ-ઝઘડો-મારામારી કરીને જ એ પોતાની માલિકીની વહુને લઇ આવ્યો હતો. ગામની બહાર, પાદરે, એરંડાના ખેતર પાસે જ્યારે ગાડું પહોંચ્યું, ત્યારે પહેલી વાર એણે જોયું કે એક કાળું કૂતરું એમની સાથે સાથે આવતું હતું.

"કોનું કૂતરું છે ?"

મનચનિયાની સાથે પરસાદીનું આ પહેલું પ્રથમ વાક્ય.

"મારું."

ખૂબ ડરતાં ડરતાં જ એ બોલી હતી.

"તારું !"

મનચનિયાનો દેહ કદાવર હોય તેથી શું ? છતાંય ડરી હતી. પતિ માથા ભારે હતો. હમણાં જ તો લડી ઝઘડીને એને લઇ જતો હતો. થોડી વાર અચકાઇને એણે પૂછ્યું,

"લઇ લઉં એને ?"

"રહેશે ?"

"એ તો રહેશે."

ચાલતા ગાડામાંથી ગલૂડિયાને ખેંચીને ઊંચકી લેવાનો પ્રયાસ કરતી જોઇ પતિએ કહ્યું, "અરે, અરે, આ શું કરે છે ! તું શું એટલી વાંકી વળી શકીશ ! જરાક આગળ ખસીને બેસ."

અંગનો સાળુ સંકોરી મનચનિયાએ કૂતરીને ઊંચકીને ગાડામાં મૂકી. અને પુરવાર કરી દીધું કે ભલે ને એ જાડી હોય પણ નકામી નહોતી. કોઇ પણ એના બેવડા બાંધા વિષે કંઇ પણ કહે તો એ શરમની મારી કોકડું વળી સાળુ સંકોરી લઇ શરીરને સંતાડી દેતી. પહેલે જ દિવસે એ વાત પરસાદીના ધ્યાનમાં આવી ગઇ હતી.

"તું કેટલું વજન માથે ઊંચકી શકીશ !"

"એક મણ તો ચોક્કસ જ ઊંચકી શકીશ."

એક મણનો ટોપલો માથે મૂકી મનચનિયાએ કહ્યું હતું કે એટલું તો એ જરૂર ઊંચકી શકશે. પણ ત્યારેય આંખો અને ચહેરા પર અકળામણ ચોખ્ખી વર્તાતી હતી. પરસાદી ત્યારથી વાતચીત કરવામાં સાવધ થઇ ગયો હતો. "હરદા-હાટથી આપણે જથ્થાબંધ શાક લાવી શહેરમાં વેચીએ છીએ. હરદા-હાટ આપણે ત્યાંથી ત્રણ કોસ છેટું છે."

આ જ બધી વાતો એના પતિ સાથે પ્રથમ વાર થઇ હતી. તેની કૂતરીની અને એના ભરેલા શરીર વિષેની વાત. પતિ ભલે ગમે તેટલી હાટ-બજારની અને શાકભાજીની વાત કરે, પણ મનચનિયા સમજી ગઇ કે વાતનું ઇંગિત કઇ તરફ હતું.

એટલેથી જ તે દિવસે નહોતું પત્યું. થોડા આગળ ગયા કે જોયું કે તહસીલદાર સાહેબના બે સિપાઇ ઊભા હતા. તેઓ પરસાદીની વાટ જ જોતા હતા. લાગે છે માલિકે હુકમ કર્યો હતો કે પરસાદીની મારપીટ કરવી. પણ તેઓએ તો ટૂંકેથી જ પતાવી દીધું. માલિકને બદનામ કરવા બદલ થોડી ગાળો દીધી. અંતે મશ્કરી કરી ચાલતી પકડી, કહ્યું, "બે બે કાળી કૂતરીઓ લઇને ચાલ્યો છો, તે અમારા ગામમાં અહીં

અંધારું ઘોર નહિ થઇ જાય ? પણ આ દુબળી પાતળી કૂતરી કરતાં આ જાડી કૂતરી ખૂબ ખાશે હોં ! જો જે !"

બોલતાં બોલતાં બંને સિપાઇઓ એકબીજાનાં અંગ પર લોટી પડ્યા હતાં. આ બનાવ દસ વર્ષ પહેલાં બન્યો હતો. ત્યારથી કૂતરી અહીં જ રહે છે. ત્યારથી જ અહીંના લોકોને જ્યારે મનચનિયાની યાદ આવે ત્યારે સાથે સાથે એની કાળી કૂતરીની યાદ આવ્યા વિના રહેતી નથી. કૂવાકાંઠે હરદાહાટે, ગ્રાહકોને ઘેર જ્યાં પણ મનચનિયા જાય ત્યાં એની કૂતરી પાછળ પાછળ હોય જ. સુકલકડી કારિયા, અને ભેંસ જેવી જાડીભમ મનચનિયાની વાત એકી શ્વાસે બોલી છોકરાંઓ ઠિઠોળી કરતાં. શા માટે છોકરાંઓ આટલાં નિર્દય હોતાં હશે એ તો એ જ જાણે ! જેવી શાકનો ટોપલો માથે લઇ પરસેવાથી લદબદ થતી મનચનિયા રસ્તા પરથી નીકળી કે છોકરાઓ લખોટી રમવાનું બંધ કરી દેતા. એકબીજાને આંખોથી ઇશારો કરતા, કે એક જણ રાગડો તાણી બરાડતો, "મ-ન-ચ-નિ-યા." એટલે બીજો સૂરમાં સૂર ભેળવી ગાતો, "લ-દ-બ-દિ-યા." "મનચનિયા, લદબદિયા." "મનચનિયા, લદબદિયા." કારિયા પૂંછડી નીચી કરી લેતી. મનચનિયા જેવી છોકરાઓની પાસે પહોંચતી કે ટોળીના બે સૌથી વધુ તોફાની છોકરાઓ રસ્તાની બે બાજુ પર જઇને ઊભા રહેતા, એક જણ મનચનિયાની એક બાજુ, અને બીજો બીજી બાજુ. એ પછી એની ચાલનાં ચાળા પાડતાં ચાલતા, દેહભંગિને તાલે તાલે સૂર નીકળે – "લદર-બદર, લદર-બદર, લદર-બદર."

મનચનિયા શરમની મારી મરી જતી. આમ તો એની જીભ કંઇ ઓછી ધારાળી નથી. બીજી કોઇ પણ બાબત પર લોકો એની વાંસે લાગ્યા હોત તો એ સામો જવાબ દીધા વિના ન રહી હોત. ગાળાગાળી, ઘાંટા પાડી એવી ધાંધલ મચાવત કે છાકરાઓને ભોંય ભારે પડી જાત. પણ આ તો પોતાના કદરૂપા બેહુદા શરીરની વાત ! મોં પર ખીલી ઊઠે મૂંઝવણભર્યું હાસ્ય, શરીર પરનો સાળુયે સંકોરી ન શકે, બે હાથે ટોપલો ઝાલવો પડે ને ! છોકરાઓના હાથમાંથી છૂટ્યા પછી થોડે દૂર જાય કે ફરી પાછી કારિયાની પૂંછડી ઊંચી થઇ જાય. છોકરા ભણી મોં ફેરવી કૂતરી બે વાર હાઉ - હાઉ કરીને ભસતી, ગણીને બે વાર. એ પછી એક અતિપરિચિત વાસ નાકથી સૂંઘતી સૂંઘતી પાછી વળીને ચાલવા માંડતી.

મનચનિયાનો આ અકળામણનો ભાવ ગયા થોડા મહિનાથી જરાક ઓછો થઇ ગયો હતો. આ નવીન સંભાવનાને લીધે જ્યારે પૃથ્વીનો રંગ બદલાઇ જાય, ત્યારે ભારે બોજો પણ હલકો લાગે. બેઢંગી વસ્તુ પણ ઢંગમાં આવી જાય, મનનું જોર વધે. અને એના સૌષ્ઠવહીન દેહનો એક અર્થ એને આટલા દિવસો પછી જડી ગયો હતો... પણ એ હવે કેટલા દહાડા !

સત્તર દિવસમાં મનચનિયાનાં રાજપાટ પૂરાં થઇ ગયાં... જે અંગને લઇને એને ચિરકાળની મૂંઝવણ, જે અભિશાપના બોજની શરમથી એ લોકો સામે માથું નીચું કરી

રહેતી, એણે જ આટલા દિવસ પછી એની સાથે ચરમ શત્રુતા કરી છે.. દુશ્મન !... દુશ્મન !

ઘરની ઓસરીમાં પગ લાંબા કરી મનચનિયા બેઠી હતી. ઘરડી કૂતરી એના પગ ચાટતી હતી. કારિયાની આંખોના ખૂણામાંયે આંસુ હતાં કે ચીપડા એ બરાબર કળાતું નહોતું. પોતાનાથી અણજાણ્યે જ આપોઆપ લાગે છે મનચનિયાનો હાથ કૂતરીના શરીર પર ચાલ્યો ગયો, એની પીઠ અને છાતીને હાથથી પંપાળવા માંડી. પીઠ પરનાં બરછટ રૂંવાડાં આંગળામાંથી સરી સરી જતા હતાં. છાતીનાં રૂંવા પીઠ કરતાં થોડાં નરમ અને સુંવાળા હતાં. પાંસળાનાં હાડકાં હાથમાં વાગતાં હતાં. સૂકી છાતી પર આંગળાં ફેરવવા જતાં એણે એ તરફ ધારી ધારીને જોયું. મસા જેવાં ઝીણાં ઝીણાં. જરાક પ્રયત્ન કરીને ન જુઅત તો કાળાં રૂંવાડાંમાં પહેલાં તો નજરેય ન પડત. કારિયાના કાનની ઇતરડી કરતાંય ઝીણાં ઝીણાં એના આઉનાં ડીંટડાં ! ઉંમર થઇ હોવાથી ગયા વરસથી જ ઘરડી કૂતરીને બચ્ચાં થવાનાં બંધ થઇ ગયાં હતાં... પણ એય એક જોતાં સારું ... સો ગણું સારું !

કારિયા તાકી તાકીને જોતી હતી. એકવાર મનચનિયાના મોં ભણી, તો એકવાર ડોક વાળી એના હાથનાં આંગળાં ભણી, અને સમજવાનો પ્રયત્ન કરતી હતી. મનચનિયાની આંખો અને મોં તરફ જોતાં એને લાગતું નહોતું કે એ વહાલ કરતી હતી. તો પછી ! છાતીની ડીંટડીઓમાં એને ગલીપચી થતી હતી એનું શું ?

દુ:ખ તો હતું જ તો ! પણ આ રીતે પેટનો જણ્યો જાય એની કેટલી બધી શરમની વાત એમ કહીને સમજાવી ન શકાય. બધાં જ પેલા સરકારી કૂવા આગળ એની જ વાતો ચર્ચતાં હતાં. કેટલું બધું, શુંનું શુંયે બોલતાં હશે ! મનચનિયાની બહાર નીકળવાની હિંમત જ થતી નહિ. તોય ચેન ક્યાં હતું ? પાડોશના લોકો શું ધૂળ સાંત્વના દેવા આવવાના હતા. એ તો બધું જ સમજતી. કોઇ મળવા આવે તો ચટાઇ પર આડી પડી માથે ચાદર ઓઢી સૂઇ રહેતી. જેને જે મનમાં આવતું તે બોલ્યે જતાં. એ કોઇ વાતનો જવાબ જ ન દેતી. પરસાદી ઘરમાં હોય તો પાડોશીઓને જરાક વારતોય ખરો. એક ડોશીએ તો સહાનુભૂતિ દેખાડવાને બહાને મનચનિયાની ઊંઘણશીપણાની વાત કાઢી હતી, એનેય ધમકાવીને પરસાદીએ રોકી હતી. કારિયા આઠે પહોર ચટાઇ પર બેસી રહેતી. ઓળખીતા પાળખીતા ઘેર આવે તો બેએકવાર ભસીને પોતાની નારાજી દર્શાવી લેતી.

સ્ત્રીની માનસિક હાલતનો ખરેખરો અંદાજ પરસાદીને એના એક વાક્ય પરથી જ આવી ગયો હતો. ભોંય તરફ તાકીને, સંકોચથી એણે પતિને સરકારી કૂવા પરથી પાણી લાવી આપવાનું કહ્યું હતું.

"પીવાનું પાણી ?" પરસાદીએ પૂછ્યું.

મનચનિયા ચૂપ જ રહી હતી.

"નહાવાનું?"

મનચનિયાની આંખોમાંથી આંસુ સરી પડ્યાં હતાં. પતિને ક્યારેય કોઈ સ્ત્રી સરકારી કૂવા પરથી નહાવાનું પાણી લાવવાનું કહી શકે ? એક તો ભારે શરીર, ન નહાય તો ચાલે શી રીતે ? એમાં પાછી શરીરમાંથી નીકળતી દૂધની ખાટી વાસ. પોતાને જ પોતાનું શરીર કેવુંય ગંદુ લાગતું હતું ! તેથી જ શરમ છોડી પતિને નહાવાનું પાણી આણી દેવા કહ્યું હતું. કૂવે જઈને લોકોની વચ્ચે પાણી લેવા જવું એ તો એથીયે વધુ શરમભર્યું હતું. પરસાદી માટલું લઈ જવા નીકળતો હતો. મનચનિયાએ એની સામે બાલદી લાવીને મૂકી, પુરુષ માણસ સરકારી કૂવામાંથી માટલું ભરી પાણી લાવે તો પાડોશીઓ શું કહેશે !

પરસાદી સીધી સાદી અક્કલથી સમજતો હતો કે આ સ્થિતિમાં પોતાની પત્નીને આખો વખત અન્યમનસ્ક રાખવાની, બીજી વાતોમાં મન પરોવવાની કોશિશ કરવી જરૂરી હતી. આંગણામાં શાકભાજીના છોડ ને વેલા મનચનિયાએ પોતાને હાથે જ રોપ્યા હતા, એ બધાંની સારસંભાળ લે તો મન સહેજ ખુશ પણ રહે. પણ કરે તો ને ! ઓસરીમાં બેઠી શુંયે રાતદા'ડો વિચાર કરતી, એ તો એ જ જાણે. પરોઢિયે ઊઠી એ રોજ માંડવા પરથી વાલોર-પાપડી, ચોળી બજારમાં લઈ જવા માટે ચૂંટતી. આ ત્રણ દિવસથી તો મનચનિયા પાપડી ચૂંટવીયે ભૂલી ગઈ છે.

વખત મળે કે પરસાદી પત્ની સાથે વાતો કરી એનું મન બીજી તરફ વાળવા પ્રયાસ કરે; પણ વાત શરૂ કરે કે થોડી વાર પછી બીજી વાત શી કરવી એ સૂઝે જ નહિ. કેવળ કહેવાનું મન થાય. કરવાનું મન થાય, જે ચાલ્યો ગયો છે એની જ વાત; પણ એ વાત કરવાની તો મનાઈ ! બીજી વાત કરવા જતાં પણ અજાણ્યે જ વાત બંધ થઈ જાય. શાકભાજીના બજાર ભાવ વિષે જ એમને બંનેને હંમેશા વાત શરૂ કરવાની આદત છે. પરસાદીએ પાપડીના ભાવથી જ વાત શરૂ કરી હતી. "હમણાં ભાવ સારો છે અને એક મહિના પછી એ કૂતરાના કાન જેવી પાકટ વાલ-પાપડીનો ભાવેય કોણ પૂછશે ! સાતપૂતિયા (સાતપુત્ર)ની શીંગના છોડવા જ સારા, એમાં જ વધુ લાભ; બારે માસ ફળે, લૂમખાંનાં લૂમખાં, એક એક લૂમખામાં સાત સાત શીંગો, આંગણાનો એ સાતપૂતિયા પાપડીનો વેલો દશેરાનીયે પહેલાંથી ફળવા માંડ્યો છે, યાદ છે ને ! તે દા'ડે ખગરિયાની હાટના દશેરાના મેળામાંથી તારે માટે દહીંવડાં !..."

પરસાદી બોલતાં બોલતાં અટકી ગયો. વાત કાઢીને સારું નહોતું કર્યું. દીકરો ત્યારે પેટમાં હતો. પત્નીએ ત્યારે દહીંવડાં ખાવાની મરજી દેખાડી હતી.

"હા, રે હા, કવેળાના શાકભાજીમાં જ તો લાભ. પાપડીનો છોડ આ ફેરે ખૂબ પહેલેથી જ ફળવા માંડ્યો છે, જુનો છોડ છે ને એટલે સ્તો ! ગયા વરસનો છોડ, તું તો એ મૃતવત્સા છોડને ઉખેડી નાખવાનું કહેતી'તી. સારું થયું કે મારા કહેવાથી તેં એને વૈશાખ મહિને પાણી પાવા માંડ્યું, બોલ કહ્યું'તું ને !"

વળી પાછો મનચનિયાના ચહેરા પરનો કેવોય ભાવ જોઈ પરસાદી અટકી જાય.

"દૂધીનો વેલો પણ કેવો સરસ થઈ ગયો છે, જોયું ને ! આખા છાપરા પર પથરાઈ

ગયો છે, કેવા જાડા જાડા એના ફણગા છે ! અંગૂઠા કરતાંય જાડા ! રોજ ભાતનું ઓસામણ રેડે છે ને એનાં મૂળિયાંમાં ! એટલે જ તો આટલી વધે છે. આટલી વધ હોય ને તો પછી એને ફળ ન બેસે. એની ફણગાવાળી ડાંડલીઓ વીણીને કાપી લઇ વેચી નાખવી જ સારી. જોતી નથી કેવળ કુમળાં ફળ બેસે છે, અને સડી જાય છે. ફળ લાગે છે અને સડી જાય છે."

ફરી પાછું શું બોલતાં શું બોલી નાખ્યું એણે ! ફરી પત્નીનું મોં અચાનક કેવું લેવાઇ ગયું ! પરસાદીની વાત અર્ધેથી જ અટકી ગઇ. એ ઊભો થઇ ગયો. આટલું સાચવી સંભાળીને કંઇ વાતો કરી શકાય !

સીવણ ભરત કંઇક લઇને બેસે તો જરાક મન વળે, એમ માની પરસાદી પત્નીનાં કુર્તા માટે થોડીક છીંટ લઇ આવ્યો, શાક વેચવા જશે ત્યારે પહેરવા જોઇશે ને ! મનચનિયા જોઇને બોલી, "આ કપડું ધોવાતાં બહુ ચડી જાય છે."

"તે એટલાં તંગ કપડાં સીવે છે શું કામ ? જરાક ઢીલું સીવતી હો તો !"

કશુંય વિચાર કરીને નહોતો બોલ્યો. તોય મનચનિયાની આંખો નીચી ઢળી ગઇ. કેટલી બધી વાતો કરવાની હતી. પરસાદી બધું જ નક્કી કરીને આવ્યો હતો, બધું જ. પત્નીનો આવો અપરાધી ભાવ જોઇને, ગોટાળે ચડી ગયો.

એણે કોશિશમાં તો લગારે મણા નહોતી રાખી. બીજે દિવસે એ આવ્યો ત્યારે એક ગલૂડિયું લેતો આવ્યો. ગલૂડિયું ખૂબ નાનું, હજુ હમણાં જ આંખો ખોલી હતી.

"આ વળી શું લઇ આવ્યા ?"

"કારિયા હવે ઘરડી થઇ ગઇ છે, ક્યારે મરી જાય એનો શો ભરોસો ! અત્યારથી બીજું કૂતરું પાળેલું સારું, રસ્તાની કોરે કુંઇ કુંઇ કરતું હતું, તે હું લઇ આવ્યો."

મનચનિયા તે દિવસે કામે જવા માટે તૈયાર જ થતી હતી. હવે કેટલા દા'ડા ઘરમાં બેસી રહે ! ઘેર બેસી રહેવું એમના જેવા લોકોને પરવડે ? એટલામાં તો એના પતિએ ગલુડિયું લાવીને હાજર કર્યું.

......મુસીબત ! આટલો વખત જ્યારે કારિયાને વરસે વરસે સાત આઠ ગલૂડિયાં થતાં, ત્યારે એકાદાને પાળવાનો વિચાર સરખોય ન આવ્યો, કેટલાં તો શિયાળવાં ખાઇ ગયાં, કેટલાં બધાં પડોશના છોકરાઓ લઇ ગયા. ભલેને ગમે તેટલું વધ્યું ઘટ્યું ખાવા દ્યો, તોયે કૂતરાને પાળવાનો ખર્ચ તો લાગે જ તો ! કેવળ વધ્યું-ઘટ્યું દઇએ તો કંઇ કૂતરું ઘરમાં રહે ખરું ! એ તો પછી એક ઘરના ઉકરડેથી બીજા ઘરને ઉકરડે એમ રખડતું રહે આઠે પહોર.

પણ પતિ જ્યારે પોતાની મેળે જ લઇ આવ્યા છે ત્યારે એને ઘરમાં જગ્યા દેવી જ જોઇએ તો !

ટોપલો હેઠે મૂકી મનચનિયાએ ગલૂડિયાને હાથમાં ઊંચકી લીધું. ઘરમાંથી નીકળતાં આમેય એને શરમ તો આવતી જ હતી. સારું થયું, આ ગલૂડિયું આવ્યું તો જે થોડો સમય મળ્યો તે. ઘરમાં રહેવાનું બહાનું મળતાં એને હાશ થયું જાણે

જાન છૂટી.

બિલકુલ નાનકડું ગલૂડિયું હતું. નાક લંબાવી ફસ ફસ કરી સૂંઘતું હતું. કપડામાં મોં ઘાલવા માગે. લપ લપ કરી જીભના ટેરવાથી આંગળીઓ, હથેળી, તળિયાં, હાથ વગેરે ચાટીને જોતું હતું. મનચનિયાના શરીરની વાસ એને પસંદ પડી ગઇ હતી. દૂધની ખાટી વાસ એની જાણીતી હતી. ગલૂડિયાને જાણે એની ખોવાઇ ગયેલી દૂધની વાસ પાછી મળી. સહજ વૃત્તિથી એ સમજી ગયું કે આ વાસ જ એને ચોક્કસ એની ઉત્સ-ધારાનો પત્તો લગાડી દેશે.

"બાપ રે બાપ ! એક મિનિટ પણ આ તો જંપતો નથી. એય ચૂપ બેસ અહીં, જરી વાર."

ખોળામાંથી નીચે ઉતારી ગલૂડિયાને મનચનિયાએ દાબીને પડખે બેસાડ્યું. કારિયાના ગળામાંથી એક અવાજ નીકળ્યો, "ઘુ-ર-ર-ર" આગંતુકના રંગઢંગ એને પસંદ નહોતા પડ્યા. આ આખોય બનાવ અંતે ક્યાં જઇને અટકશે એનોય સાથે સાથે અંદાજ પણ કરી લેતી હતી. એકવાર ગલૂડિયા પાસે જઇ એણે એનું શરીર સૂંઘી લીધું. વાસમાં તો એને શું મળ્યું એ તો એ જ જાણે ! એણે એક બગાસું ખાધું, ઓસરીમાંથી નીચે ઊતરી એ જઇને ફળિયામાં બેઠી અને ઝોકાં ખાવા માંડી. ગલૂડિયા સંબંધે એ જાણે સંપૂર્ણપણે નિઃસ્પૃહ હતી.

મનચનિયાના હાથ પર ગલૂડિયાનાં રૂંવાટાં લપેટાઇ રહ્યાં હતાં. રેશમ જેવાં ખૂબ મજાનાં સુંવાળાં લાગતાં હતાં. એના પર આંગળીઓ ફેરવી મજા મેળવવા જતાં શરીરમાં કમકમાટી છૂટે. પણ એ કમકમાટી ખરાબ નહોતી લાગતી. આંગળીઓનાં ટેરવાંને એક કોમળ દેહની હુંફ મનચનિયાના મનને જરાક બેચેન બનાવી દેતી હતી.

એ ગયો છે ત્યારથી તો રોજ દૂધ કાઢીને ફેંકી જ દેવું પડતું હતું, તો હવે ડબલાનાં ઢાંકણામાં કાઢીને એ ગલૂડિયા સામે રાખતી. ગલૂડિયું બચ બચ કરી પીતું. એ અવાજ સાંભળવો ગમતો. ખૂબ મીઠો લાગતો. એકીટશે મનચનિયા એની તરફ જોઇ રહેતી.

ફળિયામાં બેઠેલી કારિયાના કાન સરવા થઇ ખડા થઇ જતા. એની ઉદાસીનતા પણ દૂર થઇ ગઇ. દોડીને ઓસરીમાં આવી પહોંચી. ઢાંકણા પાસે. "તું શા માટે આવી પાછી ? જા, ભાગ, કહું છું તો !"

"ઘે-એ-ઉ—" કરીને કારિયા જરાક ઘૂરકી.

"આ કંઇ તારે ખાવાની ચીજ છે ? અમથી ખીજાય છે ! આવડા બચ્ચાની અદેખાઇ ! શરમાતી નથી ! જા, ભાગ અહીંથી !"

"ઘ-ર-ર-ર-"

અર્થાત આ વ્યવસ્થા કારિયાને પસંદ નથી. પણ હુકમ માન્યા વિના છૂટકો નથી.

ઘરનું કામકાજ પતાવી મનચનિયા ટોપલો માથે લઇ ફળિયામાંથી બહાર નીકળી. હંમેશની ટેવ પ્રમાણે કારિયા પણ આળસ મરડી ઊઠીને ઊભી થઇ.

"તું વળી શું કામ ઊઠી ! તું રહેવા દે. આજે હવે તારે મારી જોડે નથી આવવાનું,

કેમ, કહ્યું નથી માનતી ! જા જોઉં ! જા કહું છું, ઘેર પાછી જા."

ખડકીનો ઝાંપો બહારથી વાસી મનચનિયા ચાલી ગઇ. કારિયાએ ભસીને આખોય ...ડો ગજવી મૂક્યો.

જેને લીધે એને ઘરમાંથી બહાર જવાની શરમ આવતી હતી – બસ તેમ જ થયું. હસી મજાકનો જો ખોરાક મળે તો સાચે જ છોકરાઓમાં દયામાયા ન રહે. આજે પણ મનચનિયાને આવતી જોઇ તેમનું લખોટી રમવાનું છૂટી ગયું – આજે,

"અલી શાકવાળી એકલી કેમ રે !

તારી દૂબળી કૂતરી સાથે નથી કેમ રે !"

આજે તેમણે જોડકણાં ગાતાં, એની ચાલવાની ઢબના ચાળા ન પાડ્યા. નાચ્યા પણ નહિ. કેવળ અંદરોઅંદર પૂતના રાક્ષસીની વાત કરી, મશ્કરી કરી, હસ્યા. મનચનિયાએ સગે કાને સાંભળ્યું. જેમ તેમ કરી, આંખ આડા કાન કરી ત્યાંથી પસાર થઇ જવાય તો જાન છૂટે. એ પછી જ્યાં જ્યાં, જે જે ઘરે શાક વેચવા ગઇ, તે તે ઘરની સ્ત્રીઓએ થોડા દિવસ પહેલાં બનેલા અકસ્માતની રજેરજ વિગત પૂછવા માંડી... પોલિસ પણ જેની કલ્પના નહોતી કરી શકી એ બધું આ લોકોએ ધારી લીધું હતું ! શી ખબર શી રીતે ! નહિ તો કોઇ મા થઇ આવા બધા સવાલ પૂછી શકે ખરી ! અને તેય જેનું આ રીતે નસીબ ફૂટી ગયું હોય એવી સ્ત્રીને !... પતિએ તો જો કે એને હજુ બે ચાર દિવસ ઘેર ઘેર ફરી શાક વેચવા જવાની ના પાડી હતી. કહ્યું, તું કે શાકનો ટોપલો લઇ બજારમાં જઇને જ બેસ. સાચું જ તો કહ્યું'તું ! ત્યારે પરસાદીની વાતનો મર્મ બરાબર એ સમજી શકી નહોતી. એને થયું કે ઘેર ઘેર ફરવાથી પોતે થાકી જશે એમ ધારીને એણે એવું કહ્યું'તું...

મનચનિયા આ પછી કોઇ ગૃહસ્થને ઘેર ન જતાં તરકારી લઇને સીધી બજારમાં જ જઇને બેસતી.

તે દિવસે પતિપત્ની બંને સાથે જ ઘેર આવ્યાં. ઝાંપો ખોલવાનો અવાજ સાંભળવા છતાં પણ કારિયા પૂંછડી પટપટાવતી સામે ન આવી. કોઇ અવાજ કે જવાબ નહિ. વાત શું હતી ! દીવો કર્યો ત્યારે દેખાયું કે આંગણાંમાં કારિયા આડી થઇને, પગ લંબાવી સૂતી હતી, અને ગલૂડિયું એની સૂકી છાતીને મજાથી ચૂસતું હતું. વચ્ચે વચ્ચે માથું મારી મારીને એક ડીંટડી છોડી બીજી ડીંટડી પકડતું હતું. મનચનિયાએ પાસે જઇ હળવેકથી ગલૂડિયાને ઊંચકી લીધું, એટલે કારિયા શરીર ઝાટકીને ઊભી થઇ. જાણે કહી રહી કે ઘણીવાર તમારા કહેવા પ્રમાણે સાચવ્યું છે. આ એક પડખે સૂતાં સૂતાં તો આખું શરીર અકડાઇ ગયું છે. પછી કારિયા જમીન સૂંઘતી સૂંઘતી ઘરની બહાર ચાલી ગઇ.

"આનું એકાદ નામ પાડવું પડશે ને ! મને થાય છે એનું નામ પાડીએ - બચ્ચા."

"હા, બચ્ચા, નામ બહુ સારું છે."

"બચ્ચા એય બચ્ચા. આમ આંખો પટપટાવી શું જુએ છે ! આંગળી ચાટ મા

કહું છું ! બુદ્ધુ ! એ કંઇ ખાવાની ચીજ છે ! ભૂખ લાગી છે નહિ ! તે તો લાગે જ ને ! વખતેય કંઇ ઓછો નથી થયો. દૂધ પીતા બચ્ચાને તો કલાકે કલાકે ભૂખ લાગે, આવ."

"કુંઇ કુંઇ કરીને અવાજ કરે છે એનો અર્થ ઇ કે એને ભૂખ લાગી છે. ભૂખ્યાં થાય તો ગલૂડિયાં એમ જ કરે !"

"ઘણીવાર તો અમથાંય એ તો આમ કુંઇ કુંઇ કરતાં હોય છે."

મનચનિયાના મોં પર હાસ્ય. એ હાસ્ય ન હોત તો છેલ્લાં વાક્યનો અર્થ એના પતિથી પકડાત નહિ. પાંચ દિવસમાં મનચનિયા આ પહેલી વાર હસી હતી.

"એ બધું તું વધારે સમજે. કૂતરાં પાળીને તું એમાં પારંગત થઇ ગઇ છે."

બીજે દિવસે પણ ગલૂડિયાએ આખો દિવસ કારિયાની છાતી ચૂસી હતી. કારિયા આખો દિવસ શરીર લંબાવી સૂતી હતી. મનમાં થતું જાણે આરામ કરતી હતી. મનચનિયા જ્યારે આજે ટોપલો માથે મૂકી ઘરમાંથી બહાર નીકળી ત્યારે ઘરડી કૂતરી સાથે ન ગઇ. આજે હવે એને કંઇ કહેવું ન પડ્યું. એની મેળે જ ન ગઇ. બજારથી આવીને જોયું તો એ એક જ સ્થિતિમાં લંબાવીને પડી હતી. અને ગલૂડિયું ઠાલની જેમ જ માથાં મારી મારીને ધાવતું હતું. ડીંટડાં આજે હવે મસા જેવા નહોતાં રહ્યાં. જરાક મોટા થયાં હતાં. નીચેનો ભાગ પણ જરાક ફૂલ્યો હતો. જરાક લાલ જાંબુડિયા રંગની આભા વર્તાતી હતી ત્યાં. શું છોલાઇ તો નહોતું ગયું ને ! કેવળ શું ચાટવું ને ચૂસવું જ – નખોરિયાં અને બટકાં ભરવાનીયે કંઇ બચ્ચાને ઓછી ટેવ નહોતી ! કંઇ કહેવાય નહિ. આંગળીથી અડીને જોઇ લીધું, – ના, છોલાઇ નહોતું ગયું. શિરા-ઉપશિરાના લાલજાંબુડિયા રંગના બારીક બારીક ડાઘ ઉચ્ચાલનની જેમ જોરથી ઠેલી ઠેલીને ઉપર આવવા માગતા હતા. ચામડી ખાસ્સી ચીકણી ને સુંવાળી જ લાગતી હતી. કારિયાની નજર પરથી ચોખ્ખું સમજાતુ હતું કે મનચનિયાના આ અકારણ કુતૂહલને એ સંદેહની નજરે જોતી હતી... એમાં આમ મોં વકાસી જોવા જેવું શું હતું ? કેમ, પહેલાં ક્યારે જોયું નથી ?...

પતરાના ડબ્બાનું ઢાંકણું હાથમાં લઇ મનચનિયાએ ઓસરીમાંથી સાદ પડ્યો – "બચ્ચા ! ઓ બચ્ચા ! આવ, આવ ! તૂ - તૂ - તૂ ! કુર - કુર - કુર - આવ બચ્ચા !"

બચ્ચું સમજી ગયું કે શા માટે બોલાવ્યું હતું. એ તો ઘુર - ઘુર - કરતું ચડીને ઓસરીમાં પહોંચી ગયું. મનચનિયાને ધકેલી એના અંગ પર ચડવા ઇચ્છે. ઘૂંટણ પરનાં કપડાં પર એના નખોરિયાનો ખર ખર અવાજ થતો હતો.

"બસ, બસ, જરાયે વાર ખમાતી નથી, કેમ આવ્યો શું કામ ? જા ને કારિયા પાસે ! નવી મા મળી છે ને તને ! જાને, ચાટ એના થાન, સૂંઘે છે શું વળી પાછું !"

– કોની વસ્તુ – કોને કામમાં આવે છે... જે આમ ચાલ્યો ગયો હતો એની વાત યાદ આવતી. એ શું ભૂલી શકાય !....

કારિયા ફળિયામાંથી ડોક ઊંચી કરી જોતી હતી. એની આંખના ચીપડા ક્યાં ગયા ?

શું મનચનિયાની વાત સાંભળતી હતી ? એના હાવભાવ એની પ્રત્યેક અંગભંગિ એ શું ધ્યાનથી જોતી હતી ? પતરાનું ઢાંકણું મનચનિયા હાથમાં લેતી કે તરત એનાં કાન ખડા થઇ જતા. બચ્ચાના હાથમાંથી જ્યારે છૂટકારો થતો ત્યારે બહાર જઇ એક આંટો મારી આવવો, એ જ એને માટે સ્વાભાવિક હતું, પણ એમ ન કરતાં એ જઇને ઓસરીની નીચે પૂંછડી પર બેઠી. અતિશય ઉત્કંઠાથી એ બચ્ચાના પાછા આવવાની પ્રતીક્ષા કરતી હતી.

પતરાના ડબ્બાનાં ઢાંકણાને સફાચટ કર્યા પછી પણ એ બચ્ચા ત્યાં શા માટે કુંઇ કુંઇ કરતો હતો ! ત્યાં ઈંઠોણીને પાછો શું કામ સૂંઘતો હતો !"

"પત્યું કે નહિ !"

.... આ તો વહાલ નહોતું... મનચનિયાનો આ અવાજ તો મુસીબતની નિશાની, એ વાત કારિયાને તો બરાબર ખબર છે, તેથી એ ઓસરી પર ચડી બચ્ચાને ગરદનમાંથી દાંત વડે ઝાલીને એને નીચે લઇ આવી.... ચાલ, આપણી જગ્યાએ ચાલ, અહીં આવીને તને મન ફાવે તેમ કર, ... બરાબર પહેલાંની જગ્યાએ આવી બચ્ચાની ગરદન ચાટી ત્યાં જરાક આરામ કરી દીધો. અને પછી ફરી પોતાનો આરામ મેળવવા એ સૂતી. ... લે, હવે લે !... આ વખતે શું કરવાનું હતું એ વાત બચ્ચાને કહેવાની જરૂર ન પડી.

વાંસના થાંભલાને પકડીને અવાક્ બની મનચનિયા ઊભી ઊભી જોઇ જ રહી. ... ઘરડી કારિયાની હોંશ શું હજુ પૂરી નહોતી થઇ ? ... બચ્ચાને માખી સતાવતી હતી, શરીર ન હલાવતાં કેવળ માથું હલાવીને એને ઉડાડવાની કારિયાએ કોશિશ કરી.... શરીર હાલે તો બચ્ચાને ચાટવાની અગવડ પડે ને ! કે પછી પોતાના આરામમાં વિઘ્ન પડશે ! શી ખબર ! આ ઘરડી કૂતરીની છાતીમાં થતા ફેરફાર મનચનિયાની નજરે ચડ્યા હતા ખરા ! એને ખૂબ મન થતું કે પતિને બોલાવીને દેખાડે; પણ લાજની મારી બોલાવી ન શકતી.

પરસાદીની નજરેય એ વસ્તુ ચડી હતી; આ વાત કંઇ મનચનિયા પાસે કરાય ખરી !...

એ રીતે કેટલી બધી વાર મનચનિયા ઊંઘમાંથી જાગી ગઇ હતી. આખી રાત શિયાળની વાસ આવવાથી કારિયા ભસી હતી.

સવારે ઊઠી ત્યારે કારિયા અને બચ્ચા બંનેય નજરે ન પડ્યાં. ક્યાં ગયાં ! 'સાતપુતિયા' પાપડીના માંડવા તળે પેટી જેવું એક લાકડાનું ઘોલકું છે. એક જમાનામાં મનચનિયાએ હંસ પાળ્યા હતા. તેને રહેવા માટે આ ઘોલકું બનાવ્યું હતું. જોયું તો હંસના એ ઘોલકામાં કારિયા બચ્ચાને લઇને સૂતી હતી. ઘોલકું ચારેકોરથી બંધ, કેવળ એક જ બાજુથી હંસને અંદર પેસવા માટે બાંકુ હતું. એટલું બધું નાનું કે એમાં કારિયા માંડ માંડ ઘૂસી શકે.

માથું નમાવી મનચનિયા જોવા ગઇ. અંદર અંધારામાં બરાબર દેખાતુંયે નહોતું.

"ઘુ-ર-ર-ર, અહીં હવે શું કામ છે !"

"ઓહ મર, ચૂપ કર કારિયા, કહું છું ચૂપ કર." મનચનિયા માંડવા પરથી શીંગો ઉતારતી હતી. ખટ ખટ અવાજ થાય કે કારિયા ભસવા માંડતી હતી. પરસાદીએ પૂછ્યું, "એ શું કામ આટલું બધું ભસે છે !"

"એને ગમતું નથી એટલે !"

"સાતપૂતિયાની શીંગનો માંડવો એ એની હદમાં છે નહિ !"

"હા, એ જ બીજું શું !"

"નવું બચ્ચું મળ્યું છે ને !"

"હા રે, સાત ખોટનું બચ્ચું !"

આ વિષે પતિને વધુ વાત કરવાની તક આપ્યા વિના મનચનિયા માટલું લઇ સરકારી કૂવે પાણી ભરવા ચાલી ગઇ.

પરસાદીને થયું, હાશ, જાન છૂટી, બંનેની વાત અસ્વસ્થ કરી મૂકે એવી જગ્યાએ આવીને અટકી હતી. એય પાછી બેયની અણજાણમાં જ.

આજે એમને હરદા હાટે શાકભાજી ખરીદવા જવાનું હતું. જરાક જલદી નીકળવું પડે એમ જ હતું; તેથી પરસાદી ચૂલો પેટાવવા બેઠો. શણનાં સૂકાં લાકડાં ભાંગવાનો અવાજ સાંભળી કારિયા પાછી હાઉ હાઉ કરી ભસવા માંડી.

"બાપ રે બાપ ! લાકડાં યે ચીરવા નથી દેતી !"... સાચે જ, એમ જ હતું. કાગડો માંડવા પર બેઠો તોય કારિયા ભસવા માંડી. પરસાદી ફળિયામાં આંટા મારે તોય કારિયા ભસે, ઘરને છાપરે સમડી બેસે તોય ભસે, બારણા બહાર બિલાડી દેખાય તોય ભસે. બધાં જ જાણે એનાં દુશ્મનો ! બધાંની જ તરફથી મુસીબત – ભય, નજર સામે રાખો, સંભાળીને રહો, મુસીબતની ગંધે આવી કે ભસીને ડરાવો, ચોવીસે કલાક આંખ કાન નાક બધું જ ખુલ્લું રાખો, કોઇનોય વિશ્વાસ નહિ, દુશ્મન આક્રમણ કરે તે પહેલાં જ એના પર કૂદી પડો; જો એને સમય દીધો કે પછી એને પહોંચી ન પણ વળાય....

નાળીના મોં પાસે એક નોળિયો દેખાયો કે કારિયા હંસના ઘોલકામાંથી દોડતી બહાર આવી. ચૂલા પાસેથી પરસાદીએ કૂતરીને બરાબર જોઇ.... કારિયાની આંખો અને ચહેરો લાલ થઇ ગયાં હતાં; બચ્ચાં થવાનાં હોય ત્યારે જે બધાં લક્ષણો એના શરીરમાં દેખાય એ બધાં જ એના દેહ અને હાવભાવમાં સ્પષ્ટ મોજૂદ હતાં. ગલૂડિયું પણ એની પાછળ પાછળ હંસના ઘોલકામાંથી બહાર આવ્યું. નોળિયો તો ડરીને નાસી ગયો. તોય કારિયાનું જોરજોરથી ભસવું અને કૂદકા ઠેકડા થંભ્યા નહિ.... ભારથી લચી પડેલી એની છાતી લગભગ જમીનને અડતી હતી. હરતીફરતી કારિયાની છાતી ચાટવાનું ગલૂડિયાએ છોડ્યું નહોતું.... પણ આ શું ? ... હા,આ તો બરાબર એ જ હતું ! ... બિલકુલ ભૂલ નહોતી ! ... આ શી રીતે સંભવ્યું ! એ બંને પાછાં વળી હંસના ઘોલકામાં પેસી ગયાં.... પરસાદી તો આભો જ બની ગયો. પશુ-પ્રાણીમાં

પણ આવું બની શકે ! એ વાતની એને ખબર નહોતી. મનચનિયાને આ વાત કરવી કે નહિ ! પરસાદીને તો બહુ મન થયું કે પાડોશના લોકોને બોલાવી આ તમાશો દેખાડે; પણ એમ કરવાનો કોઇ રસ્તો જ નહોતો. તેનું મોં તો બંધ કરી દેવામાં આવ્યું હતું, એનું શું !...

હરદા હાટે જતી વખતે રસ્તામાં મનચનિયાએ બંને કૂતરાની વાત કાઢી હતી. ખાવા બોલાવી તોય કારિયા એ ઘોલકામાંથી બહાર નહોતી આવી; ન પોતે ખાધું, ન બચ્ચાને ખાવા દીધું ! બચ્ચાની જ તો વધુ ફિકર હતી....

"અરે ખાધા વિના કોઇ રહી શકે !" કહું કહું કરીને પણ આથી વધુ સાફ અને સ્પષ્ટ પરસાદી મનચનિયાને વાત ન કરી શક્યો. પણ મનચનિયા સમજે તો ને ! ક્યાં સમજી ?"

ઘેર પાછાં ફરતાં સાંજ પડી ગઇ. આટલું નાનું બચ્ચું આખો દિવસ ખાધા વિના રહ્યું, એ એક જ મનચનિયાને ભારે ફિકર. પતરાંના ડબ્બાનું ઢાંકણું લઇ એ તો ગઇ પેલા ઘોલકા ભણી.

"બચ્ચા ! ઓ બચ્ચા ! આવ, તૂ... તૂ... તૂ... તૂ..., આવ ! કુર... કુર... કુર... કુર... કુર... કુર... !"

પરસાદીએ ઘરમાંથી કહ્યું પણ ખરું, "એ હવે આવી રહ્યું !"

સાચે જ બચ્ચું ન આવ્યું.

બાકોરામાંથી મોં બહાર કાઢી "હાઉ હાઉ" કરી કારિયા ભસતી હતી... દાંતિયા કરીને, લાગતું હતું કે જાણે કરડવા ન ધાતી હોય !

"તું શું કામ અમથી બોલાવીને મરે છે ! ચૂપ રહે ને !"

હાથ લંબાવતાં જ કારિયા ગાંડાની જેમ બહાર આવી. આ જાણે કોઇ બીજી જ મૂર્તિ હતી. આ પેલી જાણીતી કારિયા નહોતી ! વાત બરાબર સમજાય તે પહેલાં જ એ દુશ્મન પર તૂટી પડી. નખોરિયા ભરીને, કરડીને એ મનચનિયાના ચીરી ફાડીને ટુકડે ટુકડા કરવા ઇચ્છતી હતી. મનચનિયા ઊછળીને જઇ પડી દૂધીના વેલા પર; અને એના કપડાંનાં તો લીરે લીરાં ઊડી ગયાં. એક જગ્યાએથી તો લોહીની ધાર વહેતી હતી. પરસાદી હોહા કરતો લાઠી લઇને દોડતો આવ્યો; પણ મનચનિયાનું એ બધા તરફ ધ્યાન જ નહોતું. એ તો હંસના ઘોલકામાં પેસી ગઇ ત્યાં સુધી કારિયાની છાતી ભણીથી નજર જ નહોતી હટાવી શકી... કારિયાની છાતીમાંથી ધાવણ વછૂટ્યું હતું ! એ ગરમ ભીના લબડતા માંસપીંડનો ભાર એના હાથ પર પડ્યો હતો, જ્યારે કૂતરી એના પર તૂટી પડી હતી ત્યારે ! હા. ભીનો ! દૂધની શેડ કારિયાની છાતીમાંથી નીકળી હતી... હજુ પણ દૂધ એના હાથ પર એ જ જગ્યાએ લાગેલું હતું.

એના પોતાના અભિશાપનો બોજો જગતને પીસી નાખનાર ભારેમાં ભારે પથ્થર કરતાંય વધુ ભારી બની ઊઠ્યો હતો.

મૃતવત્સા = જેનું બાળક મરી ગયું છે એવી

સીમારેખાની સીમા

આશાપૂર્ણા દેવી

બધાં જ હારી થાકીને પાછાં ફર્યાં. અંતે સતીનાથ પોતે જ બીજે માળે ચડી ગયા, તીવ્ર સ્વરે બોલ્યા, "અસભ્યતાની પણ હદ હોવી જોઇએ, છબિ ! આપણા ઘરમાં લગન, અને આટલા બધા લોકો સામે જે જાતનું અસભ્ય વર્તન તેં કર્યું, એ તો તેં હદ જ કરી ! મને તો તે આટલા બધાં સગાસંબંધી સામે પાઇનો જ કરી નાખ્યો, એને તેંયે ક્યાં તારું મોં દેખાડવા જેવું રાખ્યું છે ! ચાલ હવે, મહેરબાની કર !"

બીજા માળની અગાશી પર ઓરડો બાંધવાની પરવાનગી નહોતી, તોય છબિ માટે જ ખાસ નળિયાંથી છાવરી ઓરડો બનાવ્યો હતો. છબિના નળિયાંના છાપરાવાળા ઓરડામાં બત્તી નહોતી બળતી. કેવળ નીચે બાંધેલા લગ્ન મંડપની અગણિત બત્તીઓની ત્રાંસી એક એક રેખા, જાતજાતની રીતે ઉપર આવી ઓરડાના બારણાને સામાન્ય પ્રકાશિત કરતી હતી.

એ જ બારણાની કોરે હાથ મૂકી છબિ ઊભી હતી; હાથની એ કેટલીક આંગળીઓ અને ગાલની કેવળ એક જ બાજુ દેખાતી હતી. પણ એટલાથી છબિના મુખના ભાવ કળાતા નહોતા.

કળાતું નહોતું કે હજુ પણ પહેલાંની જેમ અણનમ હતી કે જરા નરમ પડી હતી !

સતીનાથ બોલાવવા આવ્યા પછી પણ જો એ પહેલાંની સ્થિતિમાં હોય, તો માની લેવું પડશે, કે છબિ પણ એના પતિની જેમ ગાંડી જ થઇ ગઇ છે.

પણ પરિસ્થિતિનું પરિવર્તન કળાયું નહિ. છબિ વિચિત્ર લાગે એવા શુષ્ક કંઠે બોલી, "તમે શા માટે તકલીફ લીધી, મોટાભાઇ ! હું તો કહીને જ આવી હતી –"

"હા ખબર છે," સતીનાથ ક્ષુબ્ધ અને ક્રોધિત સ્વરે બોલ્યા, "મને ખબર છે, ઘરનાં એક પછી એક બધાં જ આવીને તારી ખુશામત કરી ગયાં છે. અને તેં દરેકને તારો નન્નો સુણાવ્યો છે – 'ખાઇશ નહિ, નીચે ઊતરીશ નહિ' એમ કરીને હડધૂત કર્યાં છે. તારી ભાભી તો બિચારી, સાંભળ્યું કે હાથે પગે લાગી પણ તેં તો – તારો નનૈયો –"

છબિનું મુખ હજુયે દેખાતું નહોતું.

છબિ જો જરાક ઘરમાંથી બહાર આવત તો વખતે દેખાત, પણ છબિ બહાર આવી નહિ. જાણે ઘરના બારણામાં કોઇએ એને લક્ષ્મણરેખા દોરી સીતાની જેમ અટકાવી રાખી હતી. જાણે આ ઊંબરો ઓળંગતાં જ એ રાવણના હાથમાં સપડાઇ જશે.

પણ બારણાં બંધ કરી દઇ પોતે એક વાર પથારીમાં જઇ લંબાવે એટલોય અવકાશ એને મળતો નહોતો. એ સાંજ પડી ત્યારથી જ લગાતાર એક પછી એક જણ છબિને બોલાવવા આવી રહ્યાં છે.

"ઓ છબિ, નીચે પાંચસો માણસ આવ્યાં છે. બધાંય 'છબિ', 'છબિ', કરતાં તારા માટે પૂછે છે. એક વાર તો ચાલ".... "ઓ છબિ, જો તો ખરી તારા મોટાભાઇનો જમાઇ કેવો સોહામણો છે !"... "ફઇ, કન્યાદાનની ઘણી બધી તૈયારી બાકી છે, ચાલો, બાપુ ગુસ્સાથી લાલપીળા થઇ રહ્યા છે, જલદી ચાલો !...."

પણ છબિ તો અટલ.

છબિની દુર્જય રીસ ઊતરતી નહોતી.

છબિ કહે, "માથું દુઃખે છે."

અને છતાં આખો દિવસ તો કશું જ નહોતું. શરૂઆતથી જ લગ્નનું બધું જ કામ છબિ જ સંભાળી રહી છે. રસોડું, ભંડારિયું, જમણ, પૂજા, વગેરેનું બધું જ કામ ફૂદરડીની જેમ ફરી છબિ જ કરતી હતી, એમાં વળી બરાબર લગ્નની સાંજે કઇ પળે પેલી ઘટના બની ગઇ, અને કઇ પળે રાઇનો પર્વત બનાવી, રીસાઇને ઉપર સૂવા ચાલી ગઇ, એનો કોઇને ખ્યાલ નહોતો. કન્યાદાન સમયે એની શોધાશોધ ચાલી હતી.

"છબિ ક્યાં !, છબિ !"

છબિએ છેડાછેડી બાંધવાનો હળદરનો ગાંઠિયો ને કોડી ક્યાં મૂક્યાં છે ? કન્યાની ચુંદડી ક્યાં ? અરે ટાણે કશુંય ન જડે !"

જો કે બધું તરત જ મળ્યું હતું, ત્યાં જ તો બધું પડ્યું હતું. પણ કોઇ પાસે બેસીને હાથોહાથ ન આપે તો અગવડ પડે ને ? અને હળદર-કોડી અને કેવળ ચુંદડીને જ નહિ, વિધિનું બધું જ તો છબિને માથે હતું ! કન્યાની મા બિચારી એકલે હાથે કેટલી જગ્યાએ પહોંચી વળે ? એને શું મહેમાનોની આગતા સ્વાગતા નહોતી કરવાની ?

પણ બધું જ જાણવા છતાંય બરાબર ટાણે જ છબિ ગુમ થઇ ગઇ ! છી, છી ! ધમકાવેલા વરના લાડ કરવા ગઇ હશે કદાચ. "પણ અત્યારે કંઇ એને માટે વખત હતો ? ગાંડો માણસ, વળી પાછું શુંનું શુંયે કરી બેસે ! એને ઘેનની દવા દઇને નીચે આવ ! વર કન્યા માંડવામાં બેસે ત્યારે નિરાંતે જમણની થાળી પીરસી બીજે માળે જઇ વરને ઊંઘમાંથી જગાડી ને લાડ કરીને જમાડજે ને !"

"પણ આ તો નહિ સહેવાય. આટલાં બધાં ઘર ભરીને લોકો એમની સામે તું આમ છણકો કરીને વર પાસે બેસે તો સારું લાગે ? અને ઉપરથી કહે છે કે એય નહિ ખાય અને હુંય નહિ જમું !"

"છી, છી, આવો સરસ જમાઇ મળ્યો છે, મોટાભાઇને ઘેર કેવો હરખનો અવસર ! લગ્નનું ટાણું, લગ્નવિધિ જોવાય એકે વાર ન આવી ! એ તો ઠીક જમવામાંય પાછો મિજાજ દેખાડે છે ! આવો વરો, આ ઉત્સવ, આવું સરસ જમણ,

માંસ-મચ્છી વગેરે જાતજાતની વાનગીઓ, એમાંનો એકે દાણો બેમાંથી એકેયે મોંમાં ન મૂક્યો ! શું ઉપવાસી રહીશ ?"

"ભત્રીજીનુંય ભલું નથી ઇચ્છતી ! ભાઇ ભાભીને નીચાજોણું કરીશ ! હલકાઇનીયે હદ હોય !"

"મોટાભાઇ તારા કરતાં વીસ વરસે મોટા છે બાપ્પને ઠેકાણે તો કહેવાય ! દીકરીની જેમ ઉછેરીને મોટી કરી છે તને, પરણાવી, ઉપરથી બારેમાસ અને ત્રીસે દી' તને અને તારા ગાંડા વરને પોષે છે, તારે માટે ઓરડોય અલગ બંધાવી દીધો છે, એ જ મોટાભાઇએ જરાક ગાંડા વરને ધમકાવ્યો, કે જરાક ધક્કો માર્યો તો શું થયું ? તો શું તારે આમ રિસાવું જોઇએ ! આમ બધા કરેલા ઉપકારને જરાક માટે ભૂલી જવાય ! કૃતજ્ઞા જેવુંય તારા મનમાં કંઇ નથી ?"

આવી મોટી અકૃતજ્ઞતા કરીને છબિ એ પણ જાણે કેવી દેખાતી હતી ! એ દશ્ય જોવા માટે જ લાગે છે આ નળિયાથી છાવરેલા ઓરડાને બારણે, સાંજથી જ જાણે રથ-જાત્રામાં થાય એવી ભીડ જામી ગઇ હતી.

ઘણાં વળી સહાનુભૂતિ પણ દેખાડતાં. જો કે છાનીમાની જ.

એનું કારણ જેનું ઘર હોય, એની વિરુદ્ધપક્ષનાં થઇને વાત કરવી હોય તો છાનીમાની જ કરવી સારી. છાનું છપનું જ કહેતાં, "અરેરે !"– કહેશે – "મરે મુઆ, નાનો બનેવી ગાંડો માણસ, ન સમજે એટલે જ તો આમ વર્તે, તે તમે તો શાણા છો ! દીકરી પરણાવવા બેઠા છો, તે આવા શુભ પ્રસંગે આમ ધક્કો મારીને પાડી નખાય ! બેન બિચારી મુસીબતમાં છે એટલે જ તો તમારે આશરે પડી છે. એટલે જ તમે આમ વર્તી શક્યા ને ! પૈસાવાળી ભાગ્યશાળી બહેન હોત તો શું આમ કરી શકત !"

પણ નીચે ઊતરીને તેઓ જ પાછા નીચે જઇને ઊલટું ગાણું ગાવા બેસતા હતા. શા માટે ન બેસે !

તેઓ ઇશુખ્રિસ્ત કે શ્રી ચૈતન્ય તો હતા નહિ કે તેમનાં શરીરમાં ગુસ્સો ન હોય ! આ સહાનુભૂતિ દેખાડી હતી એના બદલામાં, એના જવાબમાં છબિએ જ્યારે આંસુયે ન સાર્યાં અને ઉપરથી બોલી હતી કે "આ બધી વાતો મને નથી સારી લાગતી, તમે બધાં નીચે જાઓ –"

તો પછી !

અરે ઇશુખ્રિસ્ત કે શ્રી ચૈતન્ય હોત ને તો એનેય ગુસ્સો ચડત ?

પણ આ તો બધી સાંધ્ય લીલા ! રાત્રે, ખૂબ મોડી રાતે, જ્યારે બહારનાં બધાં જ લોકોએ વિદાય લીધી એ પછી, કેવળ ઘરનાં જ લોકો જમવાનાં બાકી હતાં, જ્યારે સતીનાથ પોતાના નવા જમાઇનાં રૂપગુણથી મોહિત, અને પોતાની કેપેસિટીના આનંદથી ભરપૂર હતા ત્યારે એમણે અચાનક એક સવાલ પૂછ્યો, "ક્ષિતીશ જમ્યો ?"

ત્યારે જ લાગે છે એમને યાદ આવ્યું, કે અસભ્યની જેમ એક મસોતા પર ઘણી બધી પૂરી, મીઠાઇ, ચોપક્રાઇ, વગેરે લઇ બધાંની વચ્ચે, ભરી મજલિસમાં ક્ષિતીશને

જમવા બેઠેલો જોઇ, તેમણે એને જોરથી ધમકાવ્યો અને બોચીમાંથી ઝાલીને માંડવામાંથી કાઢી મૂક્યો હતો.

જો કે પોતાનું વર્તન પણ ખરેખર તો નિંદાજનક જ કહેવાય. સતીનાથ પોતે પણ એનો અસ્વીકાર નથી કરતા. પણ પોતેય તો હાડમાંસના બનેલા જ તો છે !

એ જ સમયે હજુ જાન આવીને માંડવામાં બેઠી જ હતી, અને સતીનાથ પણ કન્યાદાન કરવાના હતા. એટલે હજુ ભૂખ્યાં જ હતાં. એ ઉદ્વેગથી અધીર, ઉત્કંઠાથી ચંચળ, અને શંકા કુશંકાથી ભરપૂર, એ સમયે આવું કુત્સિત બીભત્સ દશ્ય સહેવું શું સહેલું હતું ?

સતીનાથ સહી નહોતા શક્યા.

પણ ગાંડાને તેથી હાડોહાડ અપમાન લાગશે, એવીયે આશંકા નહોતી થઇ. ફરી પાછો કંદોઇ-રસોયા પાસે જઇને બેસશે, એવો જ એમનો અંદાજ હતો. એમને ખબર પડી છબિની ગેરહાજરીને લીધે. છબિની ગેરહાજરીથી કેવળ એમને અગવડ જ નહોતી પડી. આખાયે ઘરમાં જાતજાતની વિશૃંખલતા પણ દેખા દેવા માંડી હતી. અને "છબિ, છબિ"ના નામની બૂમાબૂબ મચી ગઇ હતી.

એ જ વખતે મોટી સાળીએ કન્યાદાનના સમયે મંડપમાં જ ખરું કારણ જાહેર કરી દીધું હતું.

"શી ખબર ભઇ ! સાંભળ્યું છે કે તમે જ્યારથી તમારા બનેવીને ધમકાવીને, બોચી ઝાલી ધકેલી દીધો હતો ત્યારથી જ તમારાં બહેનબા માઠું લગાડી પોતાના વરને લઇને ઉપર જઇ ઓરડામાં ભરાઇને બેઠાં છે તે, હેઠાં આવ્યાં જ નથી. અને બનેવીએ પણ જે કંઇ એક ખાંડી ખાવાનું કંદોઇ પાસેથી ઝઘડીને એકઠું કર્યું હતું એ, આંગણામાં, ઓસરીમાં, દાદરમાં ગુસ્સામાં બધું વેરી ને ગયો છે. માન્યું કે એ ગાંડો છે, પણ તમારાં બેન તો ગાંડાં નથી ને ?"

આવો યુક્તિપૂર્ણ સવાલ સાંભળીને સતીનાથ પણ ગુસ્સાના માર્યા ગાંડા બની ગયા હતા, પણ પોતે કન્યાદાન દેવા આસન પર બેઠા હોવાથી યોગ્ય વ્યવસ્થા નહોતા કરી શક્યા. પણ અત્યારે તો મનમાં ઉદારતાના સૂર જ બજતા હતા. અત્યારે હવે સવાલ પૂછી શકાય, કે "ક્ષિતીશ જમ્યો ?" પણ અનુકૂળ ઉત્તર ન મળ્યો. સાંજથી, નહિ નહિ તોય પચાસેક જણ જઇ છબિને લગ્ન જોવા માટે, પાંચ જણ પાસે આવીને બેસવા માટે, પંગતમાં જોડે બેસી જમવા માટે, મનાવવા ગયાં હતાં. પણ છબિ તો જાણે પહાડની જેમ અડગ, અચળ બની બેઠી હતી. કોઇ એને નીચે ન લાવી શક્યું.

આવા અસભ્ય વર્તનની વાતો સતીનાથ ફરી પોતાની પત્ની પાસેથી સાંભળી, એ પછી પણ પિત્તો ન ઉછળે, અને છતાં મનમાં ઉદાર રાગિણી બજતી રહે, એવી આશા રાખવી, એ શક્ય નથી. ગુસ્સાથી ધુંધવાતા તેઓ બીજે માળે ગયા, અને બોલ્યા, "બીજું તો કંઇ નહિ, હું હાથ જોડું છું, એકવાર અમારી જોડે ભાણે તો બેસ !"

છબિનો અવાજ શું કાંપતો હતો ! કે સતીનાથના મનનો ભ્રમ હતો ! લાગે છે ભ્રમ

જ હશે. છબિ તો ખૂબ જ સ્પષ્ટ અવાજે જ બોલી હતી, "એવું બધું શા માટે કહો છો, દાદા ! હું તો તમને કહું છું કે મારાથી નહિ જમી શકાય; ભૂખ નથી, મારું માથું દુ:ખે છે."

સતીનાથને એકાએક પાગલ બનેવીએ ખાવાની ચીજો વેરી નાખી હતી એ વાત યાદ આવી ગઇ. સાથે સાથે એનું એક વાક્ય..... 'ગાંડો હોય કે ગમે તેવો, પણ છબિનો પતિ તો છે !'

તેઓ નરમાશથી બોલ્યા, "ભલે, ન ભૂખ હોય તો ન જમતી, પણ પાસે તો બેસજે, ચાલ, એક વાર નીચે ચાલ, ક્ષિતીશનું જમવાનું ઉપર મોકલવાનું કહું છું, એને જમાડીને નીચે આવજે !"

છબિ એમ જ સ્થિર ઊભી ઊભી જ બોલી, "એ નહિ જમે દાદા."

ફરી ધીરજ ખૂટી ગઇ.

અને એમાં આશ્ચર્યકારક કશું જ નહોતું.

સતીનાથ નીચે આવ્યા, કેવળ ગુસ્સામાં એક જ મંતવ્ય કર્યું, "નગુણા એવા જ હોય." અને તેઓ નીચે ઊતર્યા એ સાથે જ અમલ ઉપર ગયો. છેલ્લે સુધી પીરસીને જમાડવાની જવાબદારી એણે લીધી હતી. એક સાધારણ સ્ત્રીનાં ધનુષ્ય ભાંગવા જેવા પણને લીધે ઘડિયાળનો કાંટો બારનું ખાનું વટાવી જઇ એકના ખાનામા પહોંચ્યો હતો.

એ આ ઘરનો કોઇ નહોતો. ન સગો ન સંબંધી, પાડોશનો છોકરો. એને આ જવાબદારી લેવાની કોઇ જરૂર કે કારણ ન હતું, છતાંય લીધી હતી. એના સ્વભાવને લીધે જ લીધી હતી. પણ હજુય મોડું કરશે તો એના પોતાનાં ઘરનાં લોકો શું કહેશે !

દાદર પર સતીનાથ સામે ભટકાતો રહી ગયો.

સતીનાથે એકવાર તાકીને જોયું, વ્યાકુળ અને વ્યંગભર્યા તીખા સ્વરે કહ્યું, "કાં, તું બાકી રહી ગયો હતો !"

નીચે ઊતરી ગયા.

પાડોશનો છોકરો, નાનપણથી જ ઓળખાણ છે. તેથી નવાઇ પામવા જેવું કશું નહિ, પણ જોડે આશાયે નહોતી રાખી.

અમલે પણ નહોતી રાખી.

અમલ પણ બધું સાંભળી ચૂક્યો હતો. કશું જ બાકી નહોતું. ઘટનાથી માંડીને છેલ્લાં મંતવ્ય સુધી બધું જ.

અમલને પણ પોતાના પર ભરોસો નહોતો.

એને એક વાર જોવાનું કુતૂહલ પણ હતું. આટલી બધી જે છબિ હઠે ચડી હતી તે કેવી દેખાતી હતી ? કદાચ અમલને એ જ જોવાની મરજી થઇ હતી.

છબિ તે જ વખતે ધીમેથી બારણું વાસવા જતી હતી તે વખતે એના મનમાં હશે કે હવે જરાક આડી પડું ? અમલને જોઇને હાથ અટકી ગયો. બારણું અરધું જ બંધ કર્યું.

અમલને થયું લાવ જરાક દીવાસળી સળગાવું ! જોઉં તો ખરો કે એનું મોં કેવું

દેખાય છે ! પણ તેણે સળગાવી નહિ.

બોલ્યો, "બત્તી નથી કરી ?"

છબિએ પહેલાંની જેમ જ રુક્ષ સ્વરે કહ્યું, "શી જરૂર છે !"

"જરૂર તો જો કે નથી, પણ તું કેવી ભૂત જેવી લાગે છે એટલે –"

છબિએ પ્રતિસાદ ન કર્યો, ચંચળતા પણ ન દેખાડી, કૈશોરની સ્મૃતિની મર્યાદા સાચવવા એ આવી મજાકભરી વાત સાંભળી હસી પણ નહિ. છબિ કેવળ છબીની જેમ જ એ આછા આછા ઉજાસમાં ઊભી રહી.

અમલ છબિના ઓરડાની અંદરનું કશું જ જોઇ શકતો નહોતો અરધા-બંધ બારણા પર હાથ મૂકીને છબિ ઊભી હતી. તેથી અમલે ઓરડાની અંદર એક વાર દાખલ થવાનો વૃથા પ્રયાસ કરી કહ્યું, "ક્ષિતીશબાબુ ઊંઘે છે !"

આ વખતે છબિ જાણે અકારણ જ જરાક હસી અને બોલી, "હા."

"મેં સાંભળ્યું કે સતીનાથદાએ એમને હડધૂત કર્યા હતા, પણ છબિ, તું આટલી હદ સુધી આવું ન કરત તો ચાલત ! આ બધું સાંભળીને મને તો એવી શરમ આવી."

છબિ આ વખતે સ્પષ્ટ જ હસી.

અને ફરી એક વાર અમલનાં મનમાં થયું, સાચે જ આ જાણે છબિ નહિ, છબિનું પ્રેત જાણે ! એ પોતે તો ઠીક પણ એ હાસ્ય પણ ! હસીને છબિ બોલી, "મારી નિર્લજ્જતાથી અમલ તમને શા માટે એકાએક આમ શરમ આવવી જોઇએ ?"

અમલ શું સાચે જ દીવાસળી સળગાવશે ! અને જોશે કે કેવળ નિર્લજ્જ જ નહિ, સાવ નિષ્ઠુર છબિનું મોં કેવું દેખાતું હતું ?

અંધકારની છાયામાં ઢંકાયેલી છબિને ઓળખવામાં પણ મુશ્કેલી પડતી હતી.

છબિના દાદા ઠગાયા હતા. સમજ્યા જાણ્યા વિના છબિને એક ગાંડા છોકરા જોડે પરણાવી દીધી હતી. તોય છબિએ કોઇ દિવસ પણ દાદા પર આક્ષેપ સરખોય નહોતો કર્યો. છબિના જેઠે ગાંડા ભાઇને અને ભાઇની વહુને અહીં જ ધકેલી દીધાં હતાં. તે માટે પણ છબિએ એ લોકોનો તિરસ્કાર નહોતો કર્યો.

છબિએ અમલનો પણ એની કાયરતા માટે ક્યારેય તિરસ્કાર નહોતો કર્યો. બિલકુલ સ્વાભાવિકપણે છબિ કામકાજ કર્યે જતી, કુંવારી હતી ત્યારે જે રીતે સંસારની જવાબદારી ઉઠાવતી, એ જ પ્રમાણે ઉઠાવ્યે જતી હતી, વધુમાં એ ગાંડા વરને સાચવતી.

પણ આ બધું હતું છતાં એક અદ્‌ભુત કૌતુકનું બખ્તર પહેરી છબિએ પોતાની જાતને છુપાવી રાખી હતી. અમલને શું એ ખબર નથી ! અમલ તો હંમેશા જ અહીં આવે છે.

ક્ષિતીશને ઝાઝીવાર સુધી ન જોયો હોય તો છબિ ઉદ્વેગ દેખાડે ખરી, પણ એય મશ્કરીનાં આવરણ હેઠળ. વાતો કરતાં કરતાં અચાનક ઊઠી જઇ કહેશે, "રાખો હવે, ઘણીવાર થઇ અમારા નિધિને જોયા નથી એવું લાગે છે. જાઉં ને જોઉં, વળી વેરાગી

બની ચાલ્યા તો નથી ગયા ને !"... ક્યારેક વળી કહેશે, "કેટલા વાગ્યા ! ઓય મા, વાદળિયો દિવસ, સાંજ પડી ગઇ ! જોઉં તો ખરી મારા નાથે પોતે જ રસોડામાં પેસી તપેલાં સફાચટ તો નથી કરી નાખ્યાં ને !" વળી કહેશે, "આ જુઓ, મોં ચડાવીને મહેરબાન અચાનક ક્યાં ચાલ્યા ગયા ! અને આપણે અહીં બેઠાં ગપાટાં હાંકીએ છીએ !" "એય સહેવાતું નથી એમનાથી, જાઉં બાપુ, નહિ તો ભોળાનાથ રુદ્ર બની બેસી જશે."

ગાંડાનું ગાંડપણ ભર્યું વર્તન જોઇ જો કોઇ મશ્કરી પણ કરે, એ ચીડાય પણ, તોય કદિ કોઇએ છબિને ગુસ્સે થતાં નથી જોઇ. તેમની વાતમાં ભેગી ભળી કહેશે, "બોલો બાપુ, બોલો તમે બધાં, ભેળાં થઇને, કહો, એટલે મારે જરાક ઓછું કહેવું, જમાઇબાબુ છે એનું માન જાળવવું તો ઘેર ગયું, પણ 'પ્રહારેણ ધનંજય' કરવાથી જો એનું ભલું થતું હોય તો ચોક્કસ કરો."

હસતાં હસતાં જ બોલતી.

અને એ જ છબિ, આજે વરનું જરાક સાચેસાચ જ અપમાન કર્યું, એમાં આટલી બધી પલટાઇ ગઇ !

તો પછી સતીનાથની પત્નીની વાત જ સાચી માની લેવી પડશે કે શું ? માનવું પડશે કે અદેખાઇની બળતરાને લીધે જ છબિએ સામાન્ય બહાનું મળતાં વાતનું વતેસર કર્યું હતું. દાદાની દીકરીનાં લગ્ન કેવાં ધામધૂમથી કર્યાં ! કેવો સુંદર વર શોધ્યો એટલે જ શું એના પેટમાં બળતું હતું કે ?

છબિ વિષે તો આવી વાત વિચારી પણ ન શકાય, પણ છબિ જ આવી રીતે વર્તી આવો વિચાર કરાવે છે.

આવું અજુગતું અને વિચિત્ર વર્તન કરીને જ તો લોકોને વિચાર કરતાં કરી મૂક્યાં છે, ઇર્ષ્યા જ !

નહિ તો આવી પતિભક્તિ તો છબિમાં ક્યારેય નહોતી ! ઊલટાનું ભાભી પોતે જ કહેતાં, "પતિ ગાંડો છે પણ છબિને લગારે દુઃખ હોય એવું લાગે છે ખરું ? કેવું અદ્ભુત ને અતૂટ હૈયું છે બાપ !"

છબિનું એ જ અતૂટ હૈયું આજે ભાંગીને ભૂક્કો થઇ ગયું હતું ! અને એય અદેખાઇની ઝાળથી જ !

પણ અમલે આ બધા વિચારો જાહેર ન કર્યા. કેવળ એટલું જ બોલ્યો, "તું ઘણી નિષ્ઠુર છે, છબિ !"

છબિ બોલી, "આજે ખબર પડી ?" પછી ઉમેર્યું, "પણ તમે શા માટે ધક્કો ખાધો ? કહો જોઉં ! મને બોલાવવા ?"

અમલે આહત નજરે એક વાર છબિને જોવાનો પ્રયાસ કર્યો, અને પછી બોલ્યો, "ના, તને બોલાવવા આવવાનું સાહસ મારામાં નથી. મને થયું, ક્ષિતીશબાબુને જમવા નહિ દે, અને અટકાવી રાખીને તું દાદાને કેટલી સજા કરી શકીશ ! કેવળ એ

બિચારાને જ તેં રોકી રાખ્યા છે. મને એમણે ખૂબ ઉત્સાહથી કહ્યું હતું, 'તમે મને સરખી રીતે પીરસીને જમાડજો, સમજ્યા ! એ લોકો મને બરાબર જમવા નહિ દે."

વાત પૂરી કરી અમલ જરાક હસ્યો, અને બોલ્યો, "જો કે એમણે તો 'એ લોકો' નહોતું કહ્યું, 'સાળાઓ' જ કહ્યું હતું."

છબિનું શું આટલી વાર ભૂખ્યા રહીને આટલું બધું ગળું સૂકાઇ ગયું હતું ? કે પછી આટલી વાર સુધીના અશોભન વર્તનનો પસ્તાવો થતો હતો ? નહિ તો છબિનો અવાજ તો ખાસ્સો મીઠો અને સુરીલો જ છે ! હતો, હવે નથી, અત્યારે તો એ શુષ્ક અવાજે જ બોલી, "તે તમારી પીરસવાની અપેક્ષા તો ન રાખી, પોતે જ તો –"

"રહેવા દે છબિ, એ બધી વાતોથી – તું જમે કે ન જમે, એમને તો જરાક ઉઠાડ. હું મારું વચન પાળી લઉં."

છબિએ એની કિશોરાવસ્થાની સ્મૃતિની મર્યાદાને બિલકુલ ધૂળમાં મેળવી દીધી. છબિ હતી એમ જ સ્થિર ઊભી રહી બોલી, "એ નહિ જમે."

"છબિ ! સાચે જ તું હવે તો છેક જ અસભ્ય અનાડી જેમ વર્તે છે. બધી જ વસ્તુની એક સીમા, એક હદ હોવી જરૂરી છે. આજે તું ગુસ્સામાં એમને જમવા નહિ દે, પણ કાલ તો દેવું પડશે ને ? પછી ?"

છબિ આ વખતે હસી પડી.

ખરેખર જ હસી પડી, ખડખડાટ. બોલી, "કાલે પણ એ નહિ જમે અમલ, કાલે પણ નહિ, પરમે પણ નહિ, કોઇ દિવસ નહિ."

અમલ આવી સાધારણ ગુસ્સાની વાતથી આમ આટલો બધો ડરી કેમ ગયો ! આ હાસ્ય સાંભળી સાચે જ અમલને લાગ્યું હતું કે આ છબિ છે કે એનું ભૂત !

તેથી જ અમલ "છબિ !" કહીને આર્તનાદ કરી ઊઠ્યો હતો !

છબિએ એ સાદનો જવાબ ન આપ્યો. છબિ હલીચાલી પણ નહિ.

છબિની એ નિશ્ચલ મૂર્તિ તરફ તાકી રહી, અમલ અચાનક જ એક બહુ સમય પહેલાં વિસરાઇ ગયેલી એક હરકત; એક મૂર્ખાઇ કરી બેઠો. એક વાર પાસે જઇને બારણું પકડી રાખેલા હાથને એણે જોરથી પકડીને દબાવ્યો. અને બોલ્યો, "છબિ, બત્તી કર."

છબિએ ધીમેથી હાથ સેરવી લીધો.

બોલી, "શા માટે ?"

"મારે જોવું છે."

"જોવાનું કશું જ નથી, અમલ !"

"છબિ, તું તારી જાતને આટલી શાણી, હોંશિયાર ન સમજ, બારણું ખોલ, મને જોવા દે."

છતાંયે છબિ હટી નહિ.

કેવળ અવાજમાં વધુ જ દૃઢતા આણી બોલી, "સાચે જ, એમાં જોવા જેવું કશું જ

નથી, અમલ."

અમલ પણ પ્રેત જેવો બની ગયો હતો કે શું ?

અમલ પણ આવો કેમ દેખાતો હતો !

અમલ શું ભૂલી ગયો હતો કે પોતે આટલો બધો સમય નીચે ગેરહાજર હતો તેથી નીચેના લોકો શું ધારતા હશે ? એમના કિશોરકાળનો ઇતિહાસ કોઇથી છૂપો નહોતો !

ઘણીવાર પછી અમલને યાદ આવ્યું કે નીચે પણ એક દુનિયા વસે છે એણે નીચે જવું જોઇએ. તેથી એ બોલ્યો,

"છબિ, આ શી રીતે બન્યું ?

છબિ એક વિચિત્ર સ્વરે જ બોલી, "ગાંડાનું ગાંડપણ, બીજું શું ? 'સાલાઓએ ખાવા ન દીધું.' કહીને પોતે જ પોતાનું માથું ફોડી –"

"છબિ તું શું પાષાણ છો –"

"વખતે હોઉં પણ ખરી !"

"છબિ, નીચે જઇને એ લોકોને શું કહું ?"

"કંઇ જ નહિ, અમલ, મારા સમ છે, વરકન્યાની આજે સોહાગરાત છે. એમની આ રાત બરબાદ નહિ કરતા."

"છબિ તું શી રીતે આ સહી શકે છે ?"

"અમલ સહેવું તો પડશે જ. સીમારેખા શી રીતે ભૂલી શકાય ? એમના આનંદના સમયે હું શું મારા –"

"આખી રાત આમ જ રહીશ તું ?"

"ના, સૂઇ જઇશ, બહુ ઊંઘ આવે છે. થાય છે કે નહિ તો હું પડી જ જઇશ."

અભદ્ર અને અસભ્ય છબિએ અચાનક અમલનાં મોં પર જ બારણાં વાસી દીધાં.

ખટ લઇને 'સ્ટોપર' બંધ થવાનો અવાજ આવ્યો.

હા, બારણા બંધ કર્યા વિના હવે છબિથી નહિ રહેવાય. સતીનાથની વાત હવે એને બરાબર યાદ આવતી હતી. બધી જ વસ્તુની હદ હોય છે, સીમા હોય છે, સીમા હોવી જરૂરી છે.

કેટલાક કલાક આ ઠંડા ઠંડા અંધકારની અંદર ડૂબી જવા મળશે, તો છબિ ફરી શક્તિ સંગ્રહ કરી શકશે. વળી કાલે સવારે સ્વાભાવિક ભાવે જ નીચે ઊતરી સ્વાભાવિક સ્વરે જ કહેશે, "કાલે લગ્નની ધમાલમાં તમને બધાંને હેરાન નહોતાં કર્યાં. પણ આજ હવે હેરાન કર્યા વિના ચાલે એમ જ નથી. આવો, હવે જુઓ. જે કરવાનું છે, એ તો તમારે લોકોએ જ તો કરવાનું છે !"

ઠગિની

સુબોધ ઘોષ

સનાતન, અને સનાતનની દીકરી સુધા. જેવો બાપ તેવી દીકરી.

એક પછી એક એવી અદ્‌ભુત ઘટના બને, અને એ ઘટનાની વેદનાથી બાપ જે રીતે સદંતર ભાંગી પડે અને ધ્રુસ્કે ધ્રુસ્કે રડે, તે જ રીતે દીકરી પણ વ્યથાના બોજાથી માથું ઊંચકી જોઇ પણ ન શકે, આંખે પાલવ દાબી હીબકાં લેતી રડે. જેઓ પાસે ઊભા રહી એ દશ્ય જુએ તેમની આંખમાં પણ આંસુ આવી જાય અને તેઓ નિસાસા નાંખે. ....અરેરે, કેવી દુ:ખની વાત. એકની એક દીકરી સિવાય દુનિયામાં જેને બીજું કોઇ જ ન હોય, એ માણસનું હૈયું દીકરીને પારકે ઘેર મોકલતા ભાંગી તો પડે જ !

સુધાના લગ્નને બીજે દીવસે જ્યારે સુધાને લઇને વર, જાનૈયા, અને બીજા બેચાર જણાએ મળીને વિદાય લેવાની તૈયારી કરી ત્યારે, સનાતન ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો અને સુધા ડૂસકાં ભરવા લાગી.

પણ એક મહિનો પૂરો થાય ન થાય ત્યાં સુધીમાં તો પાડોશના એ જ બધાં માણસો અને એ વર, અને બીજાંયે ઘણાં બધાં ખૂબ સારી રીતે સમજી ગયાં. હા, બરાબર, એકદમ શબ્દશઃ સાચું, જેવો બાપ તેવી દીકરી. જેવો ધૂતારો સનાતન તેવી જ ધૂતારી તેની દીકરી સુધા.

પોલિસે પણ કહ્યું, જેવો બાપ તેવી જ બેટી. આ વખતની ઘટના મળીને ત્રણ વાર આવું થયું. એક વાર તારકેશ્વરમાં, અને એક વાર બાશીરહાટે, આ જ જાતના છેતરપીંડીના બે કેસ થયા હતા. આ છે ત્રીજો કેસ. ત્રણે બનાવ આ એક જ બાપ અને એક જ બેટીનાં કરતૂત હોય એવું લાગે છે. આ રીતે માણસોને ફસાવવાં એ જ એ બંનેનો ધંધો છે.

ભાટપાડાના બજાર પાસેની એક ગલીમાં એક નાનકડી ઓરડીના બારણાનું બંધ તાળું તોડી પોલિસે તલાશી લીધી હતી. પણ એ ખાલી ઓરડાનાં ખૂણામાંથી એક તણખલુંયે નહોતું જડ્યું. સનાતન અને સુધા, એ બાપ અને દીકરી જાણે એક અદ્‌ભુત જાદુના ખેલ દેખાડતાં હોય એમ એકદમ હવામાં અદશ્ય થઇ ગયાં. ક્યારે નાસી ગયાં, કોઇ કહી શક્યું નહિ. મહોલ્લાના લોકો જેઓ એક મહિના પહેલાં એ બાપ દીકરીનાં આંસુ જોઇને રડું રડું થઇ ગયા હતા, એમનેય શરમ આવતી હતી અને તેઓ જ આક્ષેપ કરતા હતા. – "ખરેખર, આ દુનિયા એક પ્રાણીઘર છે. અહીં જે ન

થાય તે ઓછું."

કોઈ કહેશે, "પ્રાણીઘરમાં પણ આવાં કુત્સિત કાર્યો નહિ થતાં હોય મોશાય, આવું તો માણસોની દુનિયામાં જ બને."

બીજો એક જણ કહેશે, "શરમની વાત તો એ છે કે, આપણા જ મહોલ્લામાં આપણી જ નજર સામે આવો એક બનાવ બની ગયો ! ક્યાંનો એ માણસ અને એક છોકરી આવ્યાં, અને આ થોડા દિવસમાં તો આખાય પાડાના લોકોને મૂરખ બનાવી ચાલતાંયે થઇ ગયાં, મોશાય, કોઇને એમના પર જરાય શકે ન પડ્યો."

હા, કોઇનેય સંદેહ નહોતો થયો. એ ધ્રુસકે ધ્રુસકે રડવું અને પોક મૂકીને રડવાના દશ્યમાં જે અતિ અદ્‌ભુત એક છેતરપિંડી હસી રહી હતી, એ પાડાના લોકોની આંખે, અને વર કે જાનૈયાની નજરેય નહોતી ચડી. પણ ક્યાંથી ચડે ? બાપ દીકરીના એ કરુણ રુદનની છબી અત્યારે પણ યાદ કરે તો થાય- ના, આ છેતરપિંડીનો બનાવ નથી, બીજું જ કંઇ છે.

પોલીસ કહેતી હતી, બીજું કંઇ નથી. બંને બાપ દીકરી તો છે જ. પણ નવી નવી જગ્યાએ નવતર નામ ધારણ કરી, જાતનું નામ બદલી, બાપ દીકરી થોડા દિવસ રહે. ત્યાર પછી જ આવાં કારતૂત કરી ત્યાંથી છૂ થઇ જાય.

મહોલ્લાના લોકો પણ દુઃખ અને શરમથી, અને જાણે પોતે જ અપરાધી હોય એવા મોં પર ભાવ આણી તાકી રહે, પેલા એ જ સજ્જન ભણી, જેઓ માત્ર એક મહિના પહેલાં જ 'ટોપર' પહેરી એક સાંજે આ જ મહોલ્લામાં આજની આ ખાલી ઓરડીના એક ગરીબ પિતાને કન્યાની જવાબદારીમાંથી મુક્ત કરવા માટે આવીને હાજર થયા હતા. મહોલ્લાના કોઇ કોઇ છોકરાઓ પાછા મોં હી-હી પણ કરતા.

સજ્જન જરાક ઉમરલાયક પણ હતા. ઉમર પિસ્તાળીસથી તો વધુ જ હતી, પચાસની આસપાસ હશે. એ સજ્જનની નૈહાટીમાં કપડાની દુકાન છે. તેઓ વિધુર અને નિઃસંતાન એક ધંધાદારી વ્યક્તિ છે. ફરી લગ્ન કરવા માટે તૈયાર પણ નહોતા. ઇચ્છા પણ નહોતી. પણ સનાતનબાબુનો પરિચય થયા પછી અને સનાતનબાબુના દારિદ્રનો પરિચય થયા પછી તેમનું આ ઉમરલાયક મન આ દુનિયા પાસેથી એક મધુર હાસ્ય પામવા માટે ખૂબ જ વિચલિત બની ઊઠ્યું. આ જ ગલીની એ ઓરડીમાં સનાતનબાબુના આમંત્રણે એક દિવસ થોડી મીઠાઇ અને ખીર ખાવા આવ્યા હતા; ત્યારે મનોમન નક્કી કરી લીધું હતું, કે એમણે સનાતનબાબુનો આ કન્યાની જવાબદારીમાંથી ઉદ્ધાર કરવો જ જોઇએ. પોતાની જ જ્ઞાતિના એક ગરીબની આટલી સુંદર દીકરી આ રીતે આ ગલીના અંધકારમાં પડી રહી છે. એવો વિચાર કરતાં પણ નૈહાટીમાં કાપડિયા અને ખાસ્સા પૈસાદાર એ માણસના મનને દુઃખ થયું હતું. દીકરીના બાપ સનાતનને રોકડા પાંચસો રૂપિયા દઇને, અને કન્યાદાનની સામગ્રી માટે બીજા કેટલાય રૂપિયા દઇને, અને કન્યા માટે દસ તોલા સોનાનાં દાગીનાં દઇને, સનાતનની સંમતિ અને એક શુભદિન, નૈહાટીના ગણેશ વસ્ત્રાલયના એ

માલિકે લગ્ન કરવાનું નક્કી કરી લીધું હતું. બિચારા ! સુંદરી સુધાના ઘૂંઘટ-ઢાંક્યા મુખ ભણી જોતાં જોતાં ધન્ય બની, અને સુધાને લઇને એક સવારે આ ગલીની આ ઓરડીમાંથી જેમણે વિદાય લીધી હતી, તેઓજ આજે પોલીસ સાથે આવી આ બારણા પાસે ઊભા હતા ! લગ્નનાં સાતેક દિવસ પછી સનાતન પોતે જ નૈહાટી જઇ સુધાને લઇને આ જ રહેઠાણે પાછો ફર્યો હતો. એ પછી તેઓ અહીં કેટલા દિવસ રહ્યાં હતાં એ કોઇ પણ ચોક્કસ કહી શકે એમ નહોતું ! પત્ર લખ્યો પણ કોઇ જવાબ ન મળતાં, અને એક દિવસ અહીં આવીને ઘરનાં બંધ બારણાં જોતાં, ગણેશ વસ્ત્રાલયના માલિક ચોંકી ઊઠ્યા હતા. પોલીસને ખબર આપ્યા, ત્યારે પોલીસે કહ્યું, "હા, આ મળીને ત્રીજી વાર. આ રીતે જ પહેલાં પણ બે વાર, એ બાપે એની એ દીકરીનાં લગ્ન કર્યાં હતાં, અને લગ્ન પછી થોડા જ દિવસમાં બાપ દીકરી બંને અદશ્ય થઇ ગયાં હતાં. એમનાં અસલ નામ પોલીસ પણ જાણતી નહોતી.

તારકેશ્વરમાં તેઓ હતાં બ્રાહ્મણ. અને બશીરહાટમાં કાયસ્થ. ભાટપાડામાં વૈદ્ય બનીને આવ્યાં હતાં. તારકેશ્વરમાં કેસ થયો, પ્રસન્ન ચક્રવર્તી નામે એક બાપ અને સુનયના નામની એક દીકરી પર, છેતરપીંડી માટે. બશીરહાટમાં થયો હતો, સદાનંદ ઘોષ નામે એક બાપ અને માધવી નામની એક દીકરીની છેતરપીંડીનો કેસ. અને અહીં હવે ભાટપાડાની આ ગલીમાં તેઓ જ સનાતન સેન અને સુધા સેન નામના અદ્‌ભુત બાપ અને અદ્‌ભુત એક દીકરીની એક છેતરપીંડીની સ્મૃતિ જ કેવળ મૂકીને અદશ્ય થઇ ગયાં છે.

ત્રણ ભોળા અને વિશ્વાસુ માણસના જીવનમાં જુઠ્ઠી મધુરજની અને ખોટી ફૂલશય્યા કરીને, નિર્મમ ભાવે છેતરી આ પૃથ્વીની માનવમેદનીમાં અત્યારે શી ખબર ક્યાંય છુપાઇ રહ્યાં છે. એક અદ્‌ભુત ઠગ અને એક અદ્‌ભુત ઠગિની દીકરી. જેવો બાપ તેવી જ દીકરી, અને જેવી દીકરી તેવો જ એનો બાપ.

ભાટપાડાની ગલીમાંથી વિચાર કરતી કરતી પોલીસ પાછી ગઇ. મહોલ્લાના લોકો મૂંઝવણ અનુભવતા ઊભા ઊભા વિચારતા જ રહ્યા. અને ગણેશ વસ્ત્રાલયના માલિકે કલ્પનામાં એક હસમુખ, શાંત અને સુંદર ચહેરો જોયો. અને દુઃખ તથા વિસ્મયથી તેઓ કંપી ઊઠ્યા, "ઓહ આમ કરીને માણસ માણસને ઠગી શકે ?"

ભાટપાડાના લોકોને ખબર નથી, પોલીસ પણ અનુમાન કરી શકી નથી. અને ગણેશ વસ્ત્રાલયના માલિકનું મન કલ્પના પણ નહિ કરી શકે કે બરાબર આ જ પળે રાનાઘાટની એક વસ્તીના એક ક્ષુદ્ર ઘરની બારી તરફ જોઇ આ જ રીતે પોતાનાં ભાગ્યને એક નિષ્ઠુર છલનાની જાળમાં સમર્પણ કરવા માટે બીજા એક માણસની આંખો હસી રહી હતી ! વિજયબાબુ નામે એક સજ્જનની કરબી નામની એક તરુણી કન્યા રમેશ નામના એક યુવક સાથે વાત કરી રહી હતી.

બારી પાસે ઊભા રહી ઓરડાની અંદરથી કરબી રીસભર્યા સ્વરે આસ્તેથી બોલી, "તમે વારે વારે શા માટે આવો છો ?"

રમેશ ઉલ્લાસથી વિભોર બની હસતો હતો. "એક જ્યોતિષે મારો હાથ જોઈ શું કહ્યું છે ખબર છે ? કે જે મારી પત્ની થશે, એના નામનો પહેલો અક્ષર હશે 'ક'."

કરબી હસી, "પણ તમે સમજતા કેમ નથી, કે આ રીતે કેવળ રોજ આવીને બારી પાસે ઊભા રહેવાથી કશું જ નહિ વળે, સિવાય કે મારી બદનામી."

સાયકલ પર શરીરને ટેકવી રસ્તા પર ઊભા જ રમેશે કહ્યું, "પણ હું આવ્યા વિના રહી નથી શકતો, કરબી. જે દિવસે તેં પ્રથમ વાર મારી સામે જોયું છે ત્યારથી જ મને થઈ ગયું છે કે તું જ મારી શાંતિ અને તું જ મારું સુખ."

કરબી – "આ તમારો પૈસાદાર માણસોનો તરંગ છે. હમણાં આવવું ગમે છે, પણ થોડા દિવસ પછી આ તરફની વાત ભૂલમાંય યાદ નહિ આવે, આવવાનું પણ નહિ ગમે અને આવશો પણ નહિ. તો પછી અમસ્તા જ શા માટે –"

રમેશ – "હું પૈસાદાર નથી, અને પૈસાદારના તરંગોય મારે નથી. હું તો તને મળવા મારા હૃદયની તાકીદથી આવું છું. આ મારો તરંગ નથી કરબી."

કરબી – "તમે પૈસાદાર નથી !"

રમેશ – "મુદ્દલે નહિ."

કરબી – "તમે શું કરો છો !"

રમેશ – "હું આર્ટિસ્ટ છું."

કરબી – "એટલે શું ?"

રમેશ – "તું ક્યારેય કલકત્તામાં રહી છો ?"

કરબી – "હા, થોડા દિવસ હતી."

રમેશ – "સિનેમા જોયો છે ક્યારેય ?"

કરબી – "એકાદ બે જોયાં છે."

રમેશ – "સિનેમા હાઉસની દીવાલ પર આંકેલાં મોટાં મોટાં રંગીન ચિત્રો ક્યારેય નજરે ચડ્યાં છે !"

કરબી – "હા –"

રમેશ – "એ ચિત્રો હું દોરું છું."

કરબી – "એ માટે તમને પૈસા મળે ?"

રમેશ – "હા, વળી, એ જ તો મારો ધંધો છે. અને ભગવાનના આશીર્વાદથી મારો ધંધોય સારો ચાલે છે."

કરબી – "મહિને પચાસેક રૂપિયા મળે ?"

રમેશ હસ્યો – "મળે વળી."

કરબી – "ખરેખર કેટલા મળે છે તે કહોને !"

રમેશ – "ભલેને ગમે તેટલા હોય, તને હું સુખમાં રાખી શકીશ."

કરબીએ મોં ભારમાં રાખી કહ્યું, "હા રે, ગરીબની દીકરીને સુખી રાખવા માટે વરસમાં એક જોડી સાડલા, અને રોજ એકવારના બે મૂઠી ચોખાની જરૂર, એથી વધુ

કશું જ નહિ."

રમેશ માઠું લગાડી બોલ્યો, "એવું શા માટે ? શું હું વરસમાં એક જોડી જ કપડાં પહેરું છું ? કે રોજ ફક્ત બે મૂઠી ભાત જ ખાઉં છું ?"

કરબી હસી, "તો પછી કહોને, તમારી પાસે કેટલા રૂપિયા છે ?"

રમેશ – "તને સુંદર રીતે શણગારી શકું એટલા, તને જરાયે તકલીફ ન પડે એટલા રૂપિયા છે વળી. પણ.... એ પેલા જેટલા નહિ."

દૂર એક મારવાડી ધનવાની જબરદસ્ત મોટી હવેલી ભણી આંગળી ચીંધી રમેશ બોલ્યો – "એના જેટલો હું પૈસાદાર નથી, પણ તુંય નથી કરબી, તેથી –"

કરબી – "લગ્નનો ખર્ચ ક્યાંથી કાઢશો ?"

રમેશ થોડીવાર ચૂપ થઇ વિચાર કરવા માંડ્યો. પછી જરાક હતાશ થઇ બોલ્યો, "વિજયબાબુ પાસે શું મુદ્દલે પૈસા નથી ?"

કરબીની આંખોમાં આંસુ છલકાયાં, "હોત તો શું –"

રમેશ – "કેટલા રૂપિયા ખર્ચ થતો હશે ?"

કરબી – "મને ખબર છે. ગૃહસ્થ ઘરની દીકરીનાં લગ્નમાં કંઇ નહિ તોય ઓછામાં ઓછા બે હજાર રૂપિયા તો લાગે જ."

રમેશ વિસ્મય પામ્યો – "બે હજાર ?"

કરબીની આંખોના ખૂણામાં સંદેહપૂર્ણ અસંતોષનો ભાવ તીક્ષ્ણ બની ઊઠ્યો, "–શું વિચાર કરો છો ? શું આટલી મામૂલી બે હજારની રકમ પણ તમે ભેગી નહિ કરી શકો ?"

રમેશ વિષણ્ણ બની બોલ્યો, "ભેગી તો કરી શકું. પણ એટલી ઉતાવળે ભેગા કરવાનાં હોય તો ઘણી બધી જગ્યાએથી સો બસો કરીને ઉધાર લેવા પડે."

કરબી – "તો પછી ઉધાર લો. ઉધાર તો ગમે ત્યારે ફેડી શકશો. પણ મોડું કરશો તો ...."

બોલવા જતાં અચાનક કરબી અટકી ગઇ. ફરી આંખો ભરાઇ આવી.

રમેશે પૂછ્યું, "શું થયું ?"

કરબી – "સાચે જ તમે મને ચાહો છો ?"

રમેશ – "હા, કરબી."

કરબી – "તો પછી જરા જલદી કંઇક વ્યવસ્થા કરો. જો નહિ કરો તો લાગે છે મારે મરી જવું પડશે."

રમેશ વિચલિત થઇ બોલ્યો, "એવું શું બોલે છે ?"

કરબી – "હા, વૈદ્યવાટીના એક બુઢ્ઢા બીજવર જોડે મારા લગ્નનું લગભગ નક્કી થઇ ગયું છે. લગ્નના ખર્ચ માટે ત્રણ હજાર રૂપિયા એ વૈદ્યવાટીના સજ્જન બાપુને દેવા માટે તૈયાર પણ હતા."

રમેશે પોતાની સાયકલનું હેન્ડલ જોરથી પકડ્યું. આંખ અને ચહેરો એક પ્રતિજ્ઞાથી

કઠોર બની ગયો. કરબીના મોં સામે જોઇ બોલ્યો, "એમ હું કદાપિ નહિ થવા દઉં, કરબી. વિજયબાબુને તું ના પાડી દેજે. – જોજે એ બુઢ્ઢાના રૂપિયાને હાથ પણ ન લગાડે." સાયકલના પેડલ પર પગ મૂકી રમેશ લગભગ બરાડી જ ઊઠ્યો – "હું તને વચન આપું છું કરબી, લગ્નનો બધો જ ખર્ચ મારો. દસ દિવસમાં હું તને પરણીને મારે ઘેર લઇ જઇશ."

રમેશ ચાલ્યો ગયો.

રાનાઘાટના એ ક્ષુદ્ર ગૃહના આંગણામાં એક નાનો સરખો ઉત્સવ જ ઊજવાઇ ગયો. મહોલ્લાના લોકો તો વિજયબાબુ નામના આ નવાગંતુક ગરીબ સદગૃહસ્થ અને કરબી નામની એમની શાંત અને સુંદર દીકરીના વ્યવહારથી આ ટૂંક સમયમાં જ મુગ્ધ બની ગયા હતા. જમણ વગેરેની સામાન્ય થોડી વ્યવસ્થા વિજયબાબુ કરવા માગતા હતા, પણ મહોલ્લાના સજ્જનોએ વિજયબાબુને વાર્યા હતા. – "આવો બધો નકામો ખોટો ખર્ચ કરવાની જરાયે જરૂર નથી મોશાય. તમારા જેવી સ્થિતિના લોકો માટે આવો બધો ખર્ચ કરવો એ બિલકુલ અન્યાય કહેવાય."

કેવળ દોઢ હજાર રૂપિયાના દાગીનાથી દીકરીને શણગારી અને બીજા બધા કામનો ખર્ચ જેમતેમ પતાવી વિજયબાબુએ શુભકાર્ય ઉકેલી લીધું.

મહોલ્લાના લોકોને થયું, સજ્જને જીવનભરની જે કંઇ પુંજી રળીને એકઠી કરી હતી એ બધી ખરચી નાખી દીકરીના દાગીના કરાવ્યા હતા. આટલું બધું તણાવાની કંઇ જરૂર નહોતી. કારણ વરપક્ષ તરફથી તો આટલી બધી માંગણી થઇ નહોતી. એક માત્ર સંતાન આ એક દીકરી, અને આ તો એમના જીવનની એક માત્ર જવાબદારી હતી તેથી એ પૂરી કરવા માટે પોતે પોતાને બિચારાને ભિખારી જ કરી મૂક્યો હતો. ખરેખર, વિજયબાબુ દીકરીને ખૂબ જ વહાલ કરતા હતા.

રમેશના જ આપેલા રૂપિયામાંથી ખરીદેલાં દાગીનાથી શણગારાઇને જ રમેશ સાથે ચાલી નીકળી હતી, રમેશની પરિણીતા કરબી. દીકરીને વળાવતી વખતે એ જ કરુણ દશ્ય. એ જ ઘેલું દશ્ય, જે દશ્યે એક વાર તારકેશ્વર, એક વાર બાશીરહાટ, એક વાર ભાટપાડાના લોકોની આંખો ભીની કરી દીધી હતી. ધ્રુસકે ધ્રુસકે રડ્યા વિજયબાબુ, અને પોકે પોકે રડી કરબી.

રાનાઘાટના અનેક લોકોની આંખો ભીની કરી પતિ સાથે પતિગૃહે જવા કરબી રવાના થઇ. અને તે જ દિવસે સાંજે કલકત્તાના બાગબજારની એક ગલીમાં, એક ઓરડીના આવાસની અંદર રમેશની નવવિવાહિતા – વધૂ આવીને ઊભી રહી.

તેના બે દિવસ પછી બાગબજારની ગલીના એ નાનકડા આવાસના વક્ષમાં ઉત્સવનો દીપક આખી રાત જલ્યો. વહુભાત અને ફૂલ-શય્યા, ઉત્સવમાં ઝાકઝમાળ નહોતી પણ હાસ્ય અને કલરવની ઝકઝમાળ જરૂર હતી. રમેશનાં પોતાનાં કહી શકાય એવાં આ દુનિયામાં જેઓ હતાં. એમાંથી થોડાક લોકોએ આવીને રમેશના જીવનના આ ઉત્સવના સમસ્ત કાર્યોનો ભાર લઇ લીધો હતો. આવ્યાં હતાં એક

માસી અને એમની ત્રણ દીકરીઓ, એક કાકા એમનાં દસ દીકરા દીકરી લઇને, રમેશનાં બે મિત્રો અને એમની મા, અને એક મિત્રની પત્ની પણ. આ બધાં જ વહુ જોઇને ખુશ થયાં. એક રાત અને એક સવારની વેળા ને ધમાલ, વાતોના તડાકા, હસાહસ અને કોલાહલથી ભરી દઇ જ્યારે બધાં ચાલ્યાં ગયાં. ત્યારે સાંજનો તડકો ઓરડાની બારીમાંથી અંદર આવી આળોટતો હતો. ઘરમાં નવવધૂએ આટલીવારે નિરાંતનો શ્વાસ લીધો. માથા પરથી ઓઢેલો છેડો પાડી નાખ્યો અને પોતાની મોટી મોટી કાજળ-આંજેલી આંખો ફેરવી ચારેકોર જોયું, રમેશ પોતાની કરબીના મોં ભણી તાકી રહ્યો. રમેશ બોલ્યો, "હું તારું એક સુંદર ચિત્ર દોરીશ – કરબી. બે દિવસમાં તો પુરું પણ કરી નાખીશ, એ પછી તું તારી સગી આંખે જ જોજે મારા હાથોથી હું શું કરી શકું છું."

કરબી ઉત્સુકતાથી જોઇ બોલી, "શું કહો છો ? મને તો સમજાતું નથી."

રમેશ – "તારી આંખોને એકદમ જીવંત કરી દઇશ ચિત્રમાં."

કરબી – "કરી દેજો, હું પાછી આવીને જોઇશ."

રમેશ આશ્ચર્ય પામી બોલ્યો, "તે તું ક્યાં જાય છે ?"

કરબી – "બાપુ પાસે."

રમેશ – "તે તો જઇશ જ, પણ આજકાલમાં ક્યાં જવાની છે ?"

કરબી – "જવા તો નથી ઇચ્છતી, પણ બાપુ જો આવી પહોંચશે, તો ગયા વિના કંઇ છૂટકો છે ?"

રમેશ – "તારા બાપુજી આવવાના છે ?"

કરબી – "મને લાગે છે, કાલ સવારે જ વખતે આવી પહોંચશે."

થોડીવાર કરબી ચૂપ રહી. એ પછી અચાનક જાણે એક અસહ્ય વેદનાથી વ્યાકુળ બની બેઠી, "ઓહ, બાપની વાત યાદ આવે તો પછી ક્યાંય નથી ગોઠતું, લાગે છે તેઓ હજુ પણ રડતા જ હશે."

સાંત્વના દેતાં રમેશ બોલ્યો – "એમાં નવાઇ નથી, તું એકની એક તો છો. તારા બાપુજીનું દુઃખ તો હું સમજી શકું છું. પણ.... જોયું જશે, તારા બાપુજીને આવવા તો દે. એ પછી હું એમને સમજાવીને કહીશ."

કરબી – "શું કહેશો તમે ?"

રમેશ – "એકાદ મહિના પછી તું જજે. તે પહેલાં તને લઇ જવા માટે આગ્રહ ન રાખે."

કરબી – "મને નથી લાગતું કે તેઓ માને. અને હું યે તમને કહી રાખું છું કે તમે ના નહિ પાડતા. બાપુનું દિલ નહિ દુભવતા."

રમેશ વિષણ્ણ ભાવે હસ્યો, "પણ મારા મનનું દુઃખ એમને નહિ સમજાય !"

કરબી – "તમારા મનમાં વળી દુઃખ શાનું છે ?"

રમેશ – "તારા બાપુજી જો કાલે આવે અને તું જો એમની સાથે ચાલી જશે. તો

મને બહુ ખરાબ લાગશે કરબી, મને જરાય નહિ ગમે."

રમેશના મોં ભણી કાજળ-આંજેલી મોટી મોટી આંખોની નજર જરાક તીવ્ર કરી કરબી નીરખી રહી.

રમેશ બોલ્યો, "તું જો જઇશ, તો હું પણ તારી જોડે આવીશ. રાનાઘાટ થોડા દિવસ રહી પછી તને સાથે લઇને પાછો આવીશ."

કરબી બોલી – "છી, છી, તમને જરાય માન સન્માનનો ખ્યાલ નથી ? વિના બોલાવ્યે કોઇ માણસ વળી સાસરે જતું હશે ?"

રમેશ – "તારા બાપુજી શું મને સાથે આવવાનું નહિ કહે ?"

કરબી – "ના."

રમેશ – "કેમ ?"

કરબીએ વાત ઉડાડવાનો પ્રયાસ કરી કહ્યું, "શી ખબર કેમ ?"

રમેશ – "પણ તું તો બાપુજીને કહી શકે ને ?"

કરબી – "શું કહું ?"

રમેશ – "મને પણ સાથે લઇ જવાનું કહેજે."

કરબી – "છી, છી, મને શું સાવ તમે બેશરમ માની લીધી છે ? દીકરી ઊઠીને બાપને એવી વાત કરી શકે ? શરમ ન આવે ?"

રમેશ ચૂપ થઇ ગયો.

કરબી બોલી – "તમે કેમ ગંભીર થઇ ગયા ? તમને કંઇ શક પડે છે ?"

રમેશ – "શક ? શક વળી શાનો ?"

કરબી – "લાગે છે તમને શક છે કે મને તમારા માટે જરાયે લાગણી નથી."

રમેશ – "મારે માટે તને જરા પણ લાગણી નથી એવો શક જાગે તે પહેલાં તો હું મરી જ જઇશ."

કરબીની આંખો અચાનક કંપી ઊઠી, લાગે છે એના હૃદયની અંદર એક અદ્ભુત ભય ફફડી રહ્યો હતો. આસ્તે આસ્તે, માંડ માંડ શ્વાસને રૂંધાતો અટકાવી બોલી, "તમે મરો શા માટે ? એના કરતાં હું જ મરી જાઉં ને ! અને તમે આ ઘરમાં એક નવી વહુ લાવી એક દિવસ એને મારી વાત કરજો અને હસજો."

રમેશ – "આવી ભયાનક વાત મશ્કરીમાંય બોલીશ નહિ, કરબી."

કરબી હસી – "ભાગ્યવાનની જ વહુ મરે."

રમેશ – "જૂઠી વાત."

રમેશે પણ હસતાં હસતાં કરબી પાસે આવી એનો હાથ ઝાલ્યો અને કહ્યું, "આવી વહુ કોઇનેય નહિ હોય."

કરબી ચમકી ઊઠી, રમેશે હસતાં હસતાં કહ્યું, "આવી વહુ જો મરી જાય, તો પછી એ અભાગિયા પતિને પણ જીવીને લાભ નહિ."

હાથ છોડાવી લઇ કરબીએ બીજી તરફ નજર ફેરવી. ત્યાર પછી ઊઠીને પલંગના

એક ખૂણામાં જઇને કોકડું વળી બેઠી. જાણે રમેશનાં મોં ભણીએ જોવા નહોતી માગતી, અને રમેશની એ નજરને પોતાનું મોં દેખાડવા પણ કરબી જાણે નહોતી માગતી.

સાંજ ઢળી ગઇ. કરબી અચાનક વ્યાકુળ બની બોલી, "તમે શું આજે જમવાના નથી રાતે ? અને લાગે છે મનેય ભૂખી રાખવી એવું નક્કી કર્યું છે કે શું ?"

રમેશ – "એટલે શું ?"

કરબી – "બહારથી ખાવાનું ખરીદી લાવવાની જરૂર નથી, પણ તો પછી મને રાંધવાનુંયે તો કહેતા નથી ?"

જવાબ દેવા જતાં રમેશનો અવાજ આનંદથી ઊછળી રહ્યો હતો, એ બોલ્યો, "તું રાંધીશ ?"

કરબી – "હા, આજની એક જ રાત તો છું. જરાક તમારે ઘેર કામ કરતી જાઉં !"

કરબી હસવા માંડી. રમેશ પણ હસતાં હસતાં બોલ્યો, "ક્યારથીયે મારું મન એ વાત કરવા તડપી રહ્યું હતું."

કરબી – "કઇ વાત ?"

રમેશ – "આટલા દિવસ સુધી તો હોટેલનું ખાણું ખાતો આવ્યો છું. પણ આજે તો તું ઘરમાં છે એટલે હોટેલમાંથી ખાણું લાવવાનું મને જરાયે મન નહોતું થતું."

કરબી – "મારા હાથનું જમવાનો આટલો બધો શોખ થયો છે ?"

રમેશ – "થયો જ છે તો !"

કરબી અન્યમનસ્કની જેમ બીજી તરફ જોઇ અચાનક બોલી પડી – "પણ આવો શોખ ન થાત તો સારું હતુ."

રમેશ – "એ શોખ તો હંમેશા જીવનભર રહેશે."

એ પછી મોડું ન થયું. બાગબજારની ગલીની નાનકડી એક ઓરડીની અંદરથી બળતા કોલસાનો ધુમાડો નીકળી સાંજની હવામાં ફેલાઇ ગયો. એક નવવધૂના હાથે એ ઘરની અંદર એક નૂતન ઘર-ગૃહસ્થીનો આનંદ ખટખટ અને ટનટન અવાજ કરતો થાળી તપેલી વાસણો અને કડછી તવેથા તથા હાંડી કળશ વગેરે પર બજતો હતો. નવા સાડલાનાં પાલવને કમરે ખોસી, હળદર ચોળેલી હથેળીની પાછલી બાજુથી કપાળ પરના વીખરાયેલા ફરફર ઊડતા વાળને સેંથાની બે તરફ સેરવી દઇ, એક નૂતન ગૃહિણી ઘરકામ કરી રહી હતી.

રસોઇ પતી ગઇ. ઓરડામાં ભોંય પર કરબીએ પાથરણું પાથર્યું. રમેશ જમવા બેઠો.

પાથરણા પર બેસીને રમેશ કરબીના મોં ભણી જોઇ રહ્યો. રમેશ કંઇક કહેવા ઇચ્છતો હતો !

રમેશના મનમાં જાણે કોઇ એક વાત તૃષ્ણાર્ત બનીને તલસતી હતી.

કરબીએ પૂછ્યું, "જમવા બેઠા વળી આટલા ગંભીર કેમ થઇ ગયા ?"

રમેશ બોલ્યો, "એક વાત કહું ?"

કરબી – "કહોને ?"

રમેશ – "એકલા જમવાનું ગમતું નથી."

કરબી – "એટલે ?"

રમેશ – "તું પણ ચાલ, આપણે બે ભેગાં બેસી એક થાળીમાં જમીએ." ફરી કરબી ચમકી ઊઠી. પણ કશું જ બોલી ન શકી. કેવળ સ્તબ્ધ બની ઊભી રહી. રમેશ પણ ઊઠીને ઊભો થયો. હસતાં હસતાં જ છતાં ખાસ્સા જોરથી કરબીનો હાથ પકડી, પાથરણા પાસે બેસાડી બોલ્યો, "આ પછી તો કામની ધમાલમાં કેટલીય તકો હાથમાંથી સરી જશે. તારી ભેગા બેસી એક થાળીમાં આ રીતે જમવાનો આનંદ જીવનમાં શી ખબર ફરી કેટલી વાર મળશે ?"

કરબી જમવા બેઠી, રમેશે અને કરબીએ એક સાથે હાથ લંબાવી થાળીમાંના ગરમ ગરમ ભાત ખાધા. જાણે જીવનના એક નવીન વ્રતનું રમેશ અને એનો પ્રેમ પામેલી પરિણીતા સંગીની પાલન કરતાં હતાં.

જમતાં જમતાં કેવાયે રડમસ અવાજે કરબીએ પ્રશ્ન પૂછ્યો, – "તમારે ખૂબ મહેનત કરવી પડે છે નહિ ?"

રમેશ – "ચોક્કસ, ધંધાને તો કોઇ પર પણ દયામાયા ન જ હોય. તાવથી ધગધગતા શરીરે કેટલાય દિવસો સુધી કામ કર્યું છે."

કરબી – "આટલી બધી મહેનત કેમ કરવી પડે ?"

રમેશ – "પેટ માટે જ તો."

કરબી – "કેટલી આવક થાય ?"

રમેશ – "કોઇ મહિને પચાસ, કોઇ મહિને સો, તો કોઇ મહિને કશું જ નહિ."

કરબી – "એમાં વળી મારી એક જવાબદારી ઉમેરાઇ. હવે તો તમે કામ કરીને ગાંડા જ થઇ જશો."

રમેશ – "જરાયે નહિ. હવે તો મનનાં આનંદે વધુ જ મહેનત કરી શકીશ."

કરબી – "તમે તો કેટલા બધા રૂપિયા કરજે લીધા છે ને ?"

રમેશ જાણે હસીને કરજનો ભાર અવગણી ઉડાડી દેવા ઈચ્છતો હતો. બોલ્યો – "ખૂબ કામ કરીને બે વરસમાં તો કરજ ફેડી નાખીશ. તેની વળી ફિકર શી ?"

કરબીનું માથું અચાનક નીચે નમી ગયું. જમતાં જમતાં હાથ અટકી ગયો. અને ચૂપચાપ બેસી રહી કરબી. રમેશે પૂછ્યું, "શું થયું ? કેમ જમતીં નથી ?" કરબીના સ્થિર થઇ ગયેલા હાથ ભણી જોઇ રહ્યો રમેશ. પછી અદ્‌ભુત એક બનાવ જોઇ આર્તનાદ કરી ઉઠ્યો – "આ શું કરબી ?"

ટપ કરીને આંસુનું એક ટીપું કરબીના નતમસ્તકની છાયામાં છૂપાયેલી આંખોમાંથી ટપકી પડ્યું, કરબીના હાથ પર । હાથ ધોઇને કરબી ઊભી થઇ ગઇ. કમરે ખોસેલા પાલવને ખોલી આંખો લૂછી. પછી બોલી – "સાંભળો."

રમેશ – "બોલ."

કરબી – "તમારે બચવું છે ?"

રમેશ – "એટલે શું કરબી ?"

કરબી – "જો તમે બચવા માગતા હો તો અબઘડી પોલીસને બોલાવી મને પકડાવી દો."

રમેશની આંખો થરથર કાંપવા માંડી. – "આ તું શું બોલે છે, કરબી ! કંઇ જ સમજાતું નથી."

કરબી – "હું તમને છેતરવા આવી છું. હું તમારી ન્યાતની નથી, હું કરબી નથી. હું કુંવારી નથી... હું છું...." કરબી ગર્જી ઊઠી – "હું એક ભયંકર બાપની ભયંકર દીકરી છું. હું કંઇ તમારું ઘર માંડવા નથી આવી, નાસી જવા માટે જ આવી છું."

જાણે નાટકની એક અભિનેત્રી, જુઠ્ઠો એક વેશ ભજવતી હતી. મજાક કરવા માટે મશ્કરીમાં જ જાણે અમસ્તી જ રમેશને ભય દેખાડતી હતી ! રાજકુમારીનો વેશ સજી એક માયાવિની ડાકણ એક રાજાને બરાબર આજ રીતે અભિનય કરી બેશરમની જેમ કેટલી બધી ભયંકર વાતો સુણાવી નાસી ગઇ. એ હતભાગી રાજાનું નામ રમેશને કેમેય યાદ નહોતું આવતું. અરે એ જોયેલા નાટકશાળાના નાટકનું નામ પણ યાદ નહોતું આવતું."

તોય રમેશ ડરી ગયો. ચુપચાપ બેઠો જાણે મૃત્યુના સમાચાર સાંભળતો હતો. કરબીના મોં ભણી જોઇ રમેશ સમજવાની કોશિશ કરતો હતો. સાચે જ આ ચહેરો શું એક ભયંકર ઠગિનીનો હોઇ શકે ખરો !

કરબી બોલી – "હું જાણું છું તમે પોલીસને બોલાવી મને પકડાવી નહિ શકો. તમે સાવ મૂરખ અને નિર્બળ છો." શરીરના એક પછી એક કરી બધાં દાગીના કાઢી કરબીએ ભોંય પર મૂક્યા.

"આ લો, તમારા કંઇ નહિ તોય દોઢ હજાર રૂપિયા તો બચી ગયા. હવે મને ગુપચુપ ચાલ્યા જવા દો."

રમેશ – "તું ક્યાં જાય છે !"

કરબીએ જવાબ ન આપ્યો.

રમેશે કઠોર સ્વરે ચિત્કાર કરી પૂછ્યું, "ભયંકર બાપ પાસે પાછી જવા ઇચ્છે છે !"

કરબીએ જવાબ ન આપ્યો.

રમેશે ફરી કહ્યું, " મારા સવાલનો જવાબ આપ, કરબી."

કરબી જોર જોરથી રડવા માંડી, "તમે કહો કે તમે મને જવા નથી દેવા માગતા."

રમેશ થોડીવાર શાંત બેસી વિચાર કરવા માંડ્યો. એ પછી આંસુભરી આંખે કરબીનો હાથ ઝાલી બોલ્યો, "ના, જવા દેતાં જીવ નથી ચાલતો."

કરબી – "તો પછી સાંભળો."

રમેશ – "બોલ."

કરબી – "આજે અત્યારે જ આપણે બંને અહીંથી ચાલ્યા જઈએ."

રમેશ – "ક્યાં જઈશું ?"

કરબી – "તમે જ્યાં લઈ જશો ત્યાં જઈશ, જ્યાં રાખશો ત્યાં રહીશ."

પછી રમેશે મોડું ન કર્યું. એ જ રાતે બાગબજારનો એ નાનકડો આવાસ ખાલી થઈ ગયો.

ઠગની ઠગિની દીકરી જીવનમાં છેલ્લીવાર સંસારના એક પાડાના લોકોને કેવળ વિચારમાં ગરક કરીને પોતાના પતિ સાથે ચાલી નીકળી.

કેવળ એક જ જણ ઠગાયો હતો. રાનાઘાટથી એક વિજયબાબુ બીજે દિવસે સવારે બાગબજારની ગલીમાં આવીને ઊભા રહ્યા, અને જોઈને દંગ રહી ગયા. એ ઘરને બારણે તાળું લટકતું હતું. મજબૂત કઠોર અને નિષ્ઠુર એક તાળું. બારણાની તડમાંથી નજર નાખી વિજયબાબુએ જોયું તો ઓરડાની અંદર કેવળ શૂન્યતા ! એક ભયાનક શૂન્યતા !

પણ વધુ વાર દંગ બની, જોઈ રહેવું ન પડ્યું. પોલીસ આવી હાથ પકડતાં જ વિજયબાબુ નામની વ્યક્તિ જોર જોરથી ધ્રૂસકે ધ્રૂસકે રડવા માંડી.

"હટ્ દીકરી થઈને આમ બાપને ઠગાય રે ઠગિની ?"

ટોપર = લગ્ન સમયે બંગાળમાં વરરાજા મુગટ જેવું માથે પહેરે છે.

એક પ્રેમકથા

નરેન્દ્રનાથ મિત્ર

બારીમાંથી ડોકિયું કરી પ્રભાતબાબુએ પૂછ્યું, "શું લખો છો ! તો રહેવા દો. હમણાં ડિસ્ટર્બ નહિ કરું."

મેં કાગળ અને પેન આઘાં મૂકી મારા શ્રદ્ધેય વૃદ્ધ મિત્રને આવકારતાં કહ્યું, "આવો, આવો. અંદર આવો."

પ્રભાતબાબુ જરાક ખચકાયા અને પછી બોલ્યા, "પણ તમે લખો છો તો."

મેં કહ્યું, "બધું જ લખવું કંઇ લખવાનું થોડું હોય છે ? એકાદ બે પત્રના જવાબ લખતો હતો. આવોને !" આમંત્રણ મળવાથી પ્રભાતબાબુ ખંડમાં પ્રવેશ્યા. સોફા પર બેસી હાથની છત્રી જમીન પર આડી પાડી દીધી. જતી વખતે ભૂલી ન જવાય એ માટે જ એવું કર્યું હશે ! પ્રિય વસ્તુને આંખોથી અળગી કરવા નહિ ઇચ્છતા હોય !

તેઓ અંદર આવ્યા એટલે હું મારા ઉચ્ચાસન પરથી નીચે ઊતર્યો અને એમની સામેના નીચા સોફા પર જઇ બેઠો.

તેમણે મારી સામે જોઇ હસીને કહ્યું, "તમે કાગળપત્ર ઘણા લખો છો, નહિ ! એક જમાનામાં મને પણ પત્ર લખવાનો નશો, કહો કે શોખ, ખૂબ જ હતો. રાત જાગી જાગીનેય મિત્રોને પત્ર લખતો. એ અર્થમાં તમે મને man of letters કહી શકો."

મેં એમને સ્વમુખે પોતાને આપેલા ખિતાબનો હસતે મોંએ સ્વીકાર કરી લઇ પૂછ્યું, "ચા ચાલશે ?"

ચાની વાત સાંભળી પ્રભાતબાબુ પ્રસન્ન થઇ બોલ્યા, "એ તો ચાલશે જ. પણ આ બપારના સમયે ચાને લીધે તમને આ આશ્રમમાં તકલીફ તો નહિ થાય ને – ગૃહસ્થાશ્રમમાં તમારા ! હું તો હવે ગૃહી નથી તેથી ડરતાં ડરતાં ચાલું. ક્યાંક વળી કોઇની ગૃહિણીની શાંતિ ભંગ કરી બેસું તો ?"

મેં અંદરના ખંડમાં જઇ બે કપ ચાનો ઓર્ડર આપ્યો. અને ફરી મારી જગ્યા પર આવી બેઠો.

પ્રભાતબાબુ કેવળ નામનાં જ પ્રભાત, પણ એમનો ફરવા નીકળવાનો અને વાતો કરવાનો સમય મધ્યાહ્‌ન અને મધરાત. વય છે ચુંમોતેર વર્ષ. શરીર ક્ષીણ થઇ ગયું છે, પણ મનને જીર્ણ થવા નથી દીધું. બસમાં, ટ્રામમાં મજેથી મુસાફરી કરે છે. ખૂબ મળતાવડા માણસ, મરજી પ્રમાણે સભાસમિતિમાં જઇને હાજર થઇ જાય. જૂના

ભાઇબંધ-મિત્રોની ખબર રાખે. વળી નવા મિત્રોનાં આહરણમાં પણ વિરામ નથી લીધો. પુત્રની વયનાં કે પૌત્રની વયનાં, બધાંના જ એ સમોવડિયા. એમને પોતાને જો કે પુત્ર પણ નથી. અને પૌત્રો પણ નથી. પ્રભાતબાબુ પરણ્યા જ નથી.

આડાં અવળાં થોડાં ગપ્પાં હાંક્યા પછી મેં કહ્યું, "ખરા છો, તમે પ્રભાતબાબુ ! પરમ દિવસે રાતે તમે તો આવ્યા જ નહિ ! મેં મારા બે-ત્રણ મિત્રોને તમારા માટે વાત કરી હતી. તેઓ પણ તમને મળવા આવ્યા હતા. અમે તમારી ઘણી રાહ જોઇ હતી."

પ્રભાતબાબુએ જરાક જીભ બહાર કાઢી લજ્જિત ભાવે કહ્યું, "ભૂલી જ ગયો હતો. કલ્યાણબાબુ, સાવ જ ભૂલી ગયો હતો, પરમદિવસે રાત્રે હું અલિપુરમાં મારા એક મિત્રને ઘેર ગયો હતો. ત્યાં અમે એક એનિવર્સરી ઊજવી."

મેં પૂછ્યું, "શું તમારા મિત્રની બર્થ એનિવર્સરી હતી ?"

પ્રભાતબાબુએ માથું હલાવી કહ્યું, "ના, મોશાય, એવું કશું જ નહોતું. વરસગાંઠ બરસગાંઠ એ ક્યારેય ઊજવતો નથી. આ પહેલાં ક્યારેય પૂજા-પર્વણીનું કોઇ અનુષ્ઠાન કરતાં પણ મેં એને જોયો નથી. ન તો સામાજિક ભાવે કે ન વ્યક્તિગત ભાવે. સંધ્યા-આહ્નિક, જપ-તપ, આસન વગેરે કશું જ નહિ. ઊલટાનું મેં જ એને ઘણીવાર કહ્યું હશે, 'શૈલેન, ઇવન ધ ડેવિલ હેઝ હિમ રિચ્યુઅલ્સ, તું તો ડેવિલથી યે ચડ્યો !' એ પછી આ થોડા સમયથી જોઉં છું કે આ એક અનુષ્ઠાન એ પરમ નિષ્ઠાથી પાલન કરે છે. વર્ષમાં માત્ર એક દિવસ. એ અનુષ્ઠાનમાં ફક્ત એક જ વ્યક્તિને એ આમંત્રે છે."

મેં પૂછ્યું, "એ વ્યક્તિ કોણ તમે જ ને !"

પ્રભાતબાબુએ હસતે મોંએ એનો સ્વીકાર કર્યો.

ચા આવી. પ્રભાતબાબુએ ચાનો કપ હોઠે અડાડી ખીસામાંથી પેકેટ બહાર કાઢી એક સિગારેટ લઇને સળગાવી. પ્રભાતબાબુ સસ્તી સિગારેટ પીએ છે.

હું સિગારેટ નથી પીતો. એ જાણવા છતાં સકૌતુક એક ઓફર કરી બોલ્યા, "એકાદીયે નહિ ચાલે ?" મને માથું ધુણાવતો જોઇ હસીને બોલ્યા, "સારું છે. મેં તો ક્યારે સિગારેટ પીવાનું શરૂ કર્યું એય મને યાદ નથી. લાગે છે સ્તનપાન છોડ્યું ત્યારથી જ ધૂમ્રપાન શરૂ કર્યું હશે."

મેં કહ્યું, "તમે કોઇ અનુષ્ઠાનની વાત કરતા હતા ને ?"

પ્રભાતબાબુ બોલ્યા, "રાખો મોશાય, રાખો. વાર્તા ભલે અમે ન લખીએ તેથી કંઇ લખાણની રીતરસમ નથી જાણતો એવું નથી. પરણ્યો નથી એટલે શું જાનમાંય નહિ ગયો હોઉં ! સસ્પેન્સ નષ્ટ કરું એવો બુદ્ધુ હું નથી. વાતનો અંત પહેલેથી જણાવી દઉં તો તમે મારી વાર્તા કાનેય શાના ધરશો ?"

"વાર્તા જોકે મારી નથી, મારા એક મિત્રની છે, તમને વાત કરવાનો જરાક ડર લાગે છે. તમારા પેટમાં તો વાત રહે જ નહિ." ગોપને હું તમને જે કંઇ કહું, સંગોપને તમે વાતને દસ જણનાં કાને પહોંચાડશો નહિ ત્યાં સુધી તમારા જીવને નિરાંત નહિ

થાય. પણ આ વાર્તા લખવાથી તમને ફાયદો નહિ થાય; કલ્યાણબાબુ, આ વાર્તાના કોઈ તમને શ્રોતા કે વાચક જ નહિ મળે. ખૂબ જૂના જમાનાની વાર્તા છે. કેવળ જૂના દિવસો જ નહિ, વાતાવરણ પણ જૂનું અને પુરાણાં મૂલ્યોની વાત છે. ભલે જૂના દિવસો, પણ અમારે માટે તો નવા જ હતા. અમે ત્યારે ભરજુવાન, કેટલાં વર્ષ થયાં હશે ! માની લો ને કે અર્ધી સદી. તોય ક્યારેક મને થાય છે, કે હજુ આ તે જ દિવસની વાત છે. પણ તે તો ક્યારેક ક્યારેક જ. વળી કોઈવાર થાય કે કેટલા દૂર-સુદૂર એ દિવસો ! દૂરનો ભૂતકાળ, પોતાનો ભૂતકાળ લાગે જાણે ઐતિહાસિક પ્રાગૈતિહાસિક જમાનો !

એ જમાનામાં પશ્ચિમ સીમાડાના એક શહેરમાં કલકત્તાથી મારી બદલી થઈ. હું તો ઘરકૂકડિયો નથી. તોય મને જવાનું મન નહોતું થતું. કલકત્તામાં કેટલાયે ભાઈબંધ-મિત્રો. ઓફિસનો સમય બાદ કરતાં બધો જ સમય અડ્ડો જમાવવામાં ને ગપાટા મારવામાં જ વીતતો. અરે ક્યારેક મધરાત પણ થઈ જતી. એ અડ્ડામાં સાહિત્યચર્ચા, સંગીત ચર્ચા, નાટકચર્ચા થતી. પણ જ્યાં જવાનું હતું ત્યાં તો નોકરી સિવાય બીજું શું હશે ! એ નોકરી પણ કઈ જાતની હતી તે કહું. લશ્કરનાં ખાધાખોરાકી, કપડાં-લત્તાં, વગેરેમાં જે કેટલાક લાખ ખર્ચ થતો હતો એનો ઓફિસમાં બેઠા પાઈ પૈસા પર્યન્તનો હિસાબ મેળવવાનો. જે રીતનું મારું જીવન હતું એમાં આ હિસાબ મેળવવાના કામમાં મારું મન ન લાગતું. પણ નોકરી એટલે નોકરી, કર્યે જ છૂટકો. પતિને પ્રેમ ન કરી શકે તોય સતી સ્ત્રીને એમનો સંસાર ચલાવ્યા વિના બીજો ઉપાય શો ?"

એ શહેરની એક સાધારણ મધ્યમવર્ગની મેસમાં હું ઊતર્યો હતો. પણ મેં જેટલો મારી જાતને મિત્રવિહોણો માન્યો હતો એટલો હું બન્યો નહોતો. મારી મેસની ઓરડીમાં નાનકડી એવી અડ્ડાની બેઠક જામતી. ગીતો, વાતો, ઠઠ્ઠા-મશ્કરી, પાનાં, ચોપાટ પાસાં બધું જ ચાલતું. એમાં જેમને બીજી જાતના નશાની આદત, તેઓ એની વ્યવસ્થા કરી લેતા, એ અડ્ડામાં અમારા એ શૈલેન સેને પણ આવવા માંડ્યું. શૈલેન મારો કલીગ. બંને એક સેક્શનમાં કામ કરતા. શૈલેન મારા જેવો નહોતો. મન દઈને કામ કરતો. ખાસ્સો ગુણવાન. પણ એના ગુણ કરતાં રૂપ જ વધારે નજરે ચડતું. મારો મિત્ર ભલે હતો, પણ મારા જેવો કાળો કદરૂપો નહોતો. મારા કરતાં દોઢેક ઈંચ બટકો, હું લગભગ છ ફૂટ ઊંચો છું. શૈલેન અટલો ઊંચો નહોતો.

પણ એનામાં ક્યાંય કોઈ રીતે ખામી નહોતી. સુંદર ગૌર ગુલાબી રંગ. અણિયાળું નાક અને અણિયાળી આંખો. કાળા ભમ્મર વાળ. સોહામણો બાંધો. જો કે શૈલેન સ્પોર્ટ્સમેન કે જિમ્નેસ્ટ નહોતો. તો પણ એનું રૂપ સ્ત્રૈણ રૂપ નહોતું. પૌરુષનું જ રૂપ. એ જ પૌરુષ એના ગાંભીર્યમાં, ધૈર્યમાં, સ્થિરતામાં ખીલી ઊઠતું. જ્યાં સુધી મને યાદ છે ત્યાં સુધી અમારી એ પ્રથમ મૈત્રી અસવર્ણ મૈત્રી હતી. એના વ્યક્તિત્વમાં એવું કશુંક હતું જે મારામાં નહોતું. વળી મારામાં એવું કંઈક હતું જેનો અભાવ પોતાનામાં

મનોમન અનુભવતો. અમારા બંને વચ્ચેનું પ્રથમ આકર્ષણ એ અસમાનતાનું આકર્ષણ."

શૈલેન અમારા અડ્ડામાં આવીને ચુપચાપ બેસી રહેતો. ક્યારેક મારા રૅક પરથી એકાદ પુસ્તક ઉતારી લઇ વાંચતો. અથવા ક્યારેક કેવળ બીજા પાંચ જણનું વર્તન જોતો. એનો સ્વભાવ ખૂબ જ શરમાળ અને ઓછાબોલો હતો. અત્યારે જો કે એવો નથી રહ્યો.

બધાં ચાલ્યાં જાય પછી જો વખત રહ્યો હોય તો શૈલેન મારી પાસે બેસતો. ત્યારે સમાન વયના અને સમાન રુચિવાળા બે યુવાન મિત્રો વચ્ચે જે બધી વાતો થાય તેવી અમારી વચ્ચે થતી.

એક દિવસ શૈલેન નિર્જન સ્થાન અને સમય જોઇને મને કહે, "મારે તને એક વાત કરવી છે."

"તે કરને !"

પ્રસ્તાવના કરી શૈલેન ચુપ થઇ ગયો.

મેં પૂછ્યું, "શું થયું ? આ જ તારો વાત કરવાનો નમૂનો છે ?"

શૈલેન કહે, "ના, રહેવા દે."

મેં પૂછ્યું, "કેમ રહેવા દે ! તું જે નથી કહી શકતો તે હું તને કહી દઉં !" એ પછી અવાજનું અનુકરણ કરી મેં કહ્યું, "પ્રભાત, ભાઇ હું પ્રેમમાં પડ્યો છું. પડ્યો છું એટલે કેવો ! એકદમ અતલમાં ડૂબી ગયો છું, હવે તું મને બચાવ."

શૈલેન બોલ્યો, "તને શી રીતે ખબર પડી કે મારે તને એ જ વાત કહેવી હતી !"

"ક્યાંથી અછતું રહે ! તે દિવસે તારે ઘેર આવ્યો હતો ત્યારે જ ખબર પડી ગઇ હતી."

શૈલેન ચુપચાપ બેસી રહ્યો.

એ શહેરમાં મેસમાં તો હું જ રહેતો હતો. શૈલેન તો રહેતો નહોતો. ત્યાં એના બાપુજી એક વિશાળ સરકારી ક્વાર્ટર્સમાં રહેતા હતા. મા, બાપુજી, ભાઇ-બહેનો મળીને એક બહોળું કુટુંબ હતું.

શૈલેન ઓફિસથી છૂટ્યા પછી ઘણી વાર મને એને ઘેર લઇ જતો. એની મા મને દીકરાની જેમ વહાલ કરતી. પોતાને હાથે રાંધીને જમાડતી. એનાં ભાઇ-બહેનોને પણ મારા પર ખૂબ સ્નેહ હતો. તમને કહેવામાં હવે હરકત નથી કે તે જમાનામાં બીજાંયે કેટલાક પરદેશમાં વસતા બંગાળીઓના ઘરનાં બારણાં મારે માટે ખૂબ સહેલાઇથી ઊઘડતાં. પણ મને તો શૈલેનનું ઘર જ સૌથી વધુ ગમતું.

એમના ઘરમાં જ મેં પહેલીવાર માધુરીને જોઇ. છોકરીનાં રૂપ જોઇને મને થયું કે એ શૈલેનની બહેન જ હશે. એના જેવો જ ઊજળો વર્ણ. અને છોકરી હતી એટલે વધુ જ ગોરી લાગતી. નેણ-નાક પણ ભારે સુંદર. મને જો કે લાંબો ચહેરો જ પસંદ છે. પણ ગોળ થાળી જેવું મોં પણ એક ખીલતા કમળના ફૂલ જેવું સુંદર દેખાઇ શકે. એ મેં

પહેલીવાર જોયું. માથાના વાળ જેવા લાંબા તેવા જ ઘટ્ટ અને કાળા. આવા રેશમ જેવા સુંદર વાળ મેં ક્યારેય જોયા નથી. માધુરી શૈલેનની બહેન નહોતી. એ શૈલેનની માને માસીબા માસીબા કહી બોલાવતી, અને તે છતાં પણ એ પાછી માસીની દીકરી પણ નહોતી. એ પણ થોડા વખત પછી જ ખબર પડી. માધુરીનાં ઘરનાં જાતનાં બ્રાહ્મણ. અને પદવી હતી મુખર્જી. શૈલેનના ઘરનાં જે મહોલ્લાના જે રસ્તા પર રહેતાં હતાં, માધુરીનાં ઘરનાં પણ ત્યાં જ રહેતાં. માત્ર થોડા ગજના અંતરે. બંને પરિવારમાં ખૂબ જ ઘનિષ્ઠતા, અને આવ-જા પણ ઘણી, જમવા ખાવાનોય સંબંધ. આ ઘરની મા પેલા ઘરનાં છોકરાંઓની માસીબા. પેલા ઘરની મા, આ ઘરનાં છાકરાંઓનાં માસી મણિ કે નાના માસી.

શૈલેને પૂછ્યું, "તને શી રીતે ખબર પડી ?"

મેં કહ્યું, "ખબર પડી તમે જે રીતે એકબીજા સામે જોતા હતા, તે જોઇને. તારા ટેબલ પર માધુરીનું નામ લખેલી ચોપડીઓ જોઇને. એની ગીતની નોટબુક પર તારા હસ્તાક્ષરમાં એનું નામ લખેલું જોઇને."

શૈલેન પકડાઇ ગયો એટલે હસી પડયો. અને બોલ્યો, "એટલીવારમાં તેં આટલું બધું જોઇ પણ લીધું ! પ્રભુ, તમારે તો પછી ડિટેક્ટીવ વિભાગમાં નોકરી લેવી જોઇતી હતી."

શૈલેન મને આદરમાં 'પ્રભુ' કહીને બોલાવતો. ક્યારેક વળી 'ગુરુદેવ' પણ કહેતો. હું હતો એનો ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડ.

પકડાઇ ગયો એટલે શૈલેને મને બધી જ વાત માંડીને કરી. એ કહેવા માટે તો આવ્યો હતો. એમની એ કૈશોરના પ્રેમની વાત, બધાથી છાનાછપનાં હળવામળવાની વાત, પ્રથમ તારૂણ્યના ભરયૌવનનાં એકમાત્ર નશાની વાત, શૈલેને મને ખૂબજ ખુલ્લા દિલથી કરી. એક સમય એવો હતો કે તેઓને પોતાનો પ્રેમ છુપાવવો જ ગમતો. ઘરનાં લોકોથી છુપાવતાં, પોતાનાથીયે છુપાવતાં. પણ હવે એવું નથી. હવે તેઓ ઇચ્છે છે કે એમના પ્રેમનો બંને ઘરનાં લોકો સ્વીકાર કરે. જે માધુરી આટલા દિવસ એમને ઘેર દીકરીની જેમ આદર-જતન પામી હતી, એ હવે વહુ બની ઘર અજવાળવા ઇચ્છતી હતી. જે શૈલેન માધુરીના ઘેર સારા અને આદર્શવાદી છોકરા તરીકે માન સન્માન પામ્યો હતો એ હવે મધુર પદ-ગૌરવ પામવા ઇચ્છતો હતો – જમાઇનું પદ.

મેં પૂછ્યું, "તો પછી વાંધો શો છે ?"

શૈલેન બોલ્યો, "વાંધો નાતજાતનો !"

મેં કહ્યું, "હત્ તારીની, જાત ! એક કામ કરને, માધુરીના પિતા જો કન્યાદાન નહિ આપે, તો તું સુભદ્રા હરણ કર. હું તારો રથ હંકારી જઇશ. સર્વ ધર્માત્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ."

"ના ભઇ, એ તો શક્ય જ નથી."

"કેમ, માધુરી ડરે છે !"

શૈલેન બોલ્યો, "ડર છે, દ્વિધા છે, તે સિવાય એ એના રૂઢિચુસ્ત ક્રોધી બાપને ખૂબ જ વહાલ કરે છે. બાપની મરજી વિરુદ્ધ કશું કરી શકાય એવો તો માધુરીને ખ્યાલેય ન આવે."

મેં કહ્યું, "તો ચાલ પછી એ એંજિનીયર સજ્જનને જઇને આપણે સમજાવીને હા પડાવીએ. હું તારો વકીલ થવાને તૈયાર છું."

શૈલેન બોલ્યો, "અરે બાપ રે ! તો પછી તો એના ઘરનાં બારણાં મારે માટે સદાને માટે બંધ થઇ જશે. મારા બાપુજી પણ એ અપમાન નહિ સહી શકે. પછી તો એમના તરફની એકે બારી ખુલ્લી જ નહિ રહે."

"વાત તો સહુ જાણે છે. સમજે છે પણ પણ કોઇ મોં ખોલવા તૈયાર નથી. નહિ તો આટલા દિવસનો ગાઢ સંબંધ બગડી જાય ને !"

મેં કહ્યું, "તારા માબાપની મરજી છે ?"

શૈલેને જવાબ આપ્યો, "તેમની મરજી એ નથી. એમને પ્રેમલગ્નનો ખૂબ ડર લાગે છે. એમની એવી માન્યતા બંધાઇ ગઇ છે કે આ ગાંધર્વ-લગ્ન પછી અમે અલગ ઘર માંડશું, અને માબાપ કે ભાઇબહેનને જોઇશું પણ નહિ."

શૈલેન પોતેય ડરપોક તો હતો જ. હું એના માટે થોડીક વીરતા કે શૌર્ય દેખાડું એય એને મંજુર નહોતું. એને ડર હતો કે તેથી બધું જ ખલાસ, ચોપટ થઇ જશે, જે થોડું ઘણું મળે છે તે ય ગુમાવી બેસશે. બીજું કંઇ નહિ તોય સાંજના બે જણાં મળી તો શકે છે. એકબીજાનો અવાજ તો સાંભળી શકે છે. છાનાંમાનાં જે એકબીજાને મળીને થોડું ઘણું વહાલ કરી આનંદ મેળવે છે એય પછી તો નહિ રહે.

મેં હસીને કહ્યું, "શૈલેન તો પછી તું આને વાર્તા જ રહેવા દે, અને બેસી રહે, બીજી કોઇ આશા રાખ મા."

એ પછી બંનેના ઘરે છાનાછપના થોડા દિવસ સુધી લગ્ન માટે ગોરબ્રાહ્મણે આવ-જા શરૂ કરી. માધુરી માટેય મૂરતિયાની શોધખોળ ચાલુ થઇ. શૈલેનની ઇચ્છા વિરુદ્ધ છોકરીની તપાસ ચાલવા માંડી. દહેજ, દહેજ અને દાગીના સહ અનેક લોકો કન્યા દેવાને તૈયાર હતા. પણ શૈલેન જ તૈયાર ન થયો. પરિણામે કેવળ ગોર અને બ્રાહ્મણોએ જ આવજા કરી. એકેય પતંગિયું (બંગાળમાં પતંગિયાને લગ્નનું પ્રતીક માને છે) ઊડીને બેમાંથી એકે ઘરે બેઠું નહિ.

એ પછી મારી બદલી સિમલા થઇ. નીકળવાને દિવસે માધુરીએ એમના બગીચાનાં લાલ ગુલાબનો એક તોરો મને ભેટ આપ્યો હતો, અને આપ્યાં હતાં બે અમૂલ્ય મુક્તા-બિંદુ.

એની એ કાળી અણિયાળી આંસુભરી આંખો સામે જોઇ મેં કહ્યું હતું, "મધુ, આમ શા માટે રડે છે !" માધુરીએ કહ્યું હતું, "પ્રભાત દા, અમારે તો હવે તમારા સિવાય કોઇ મિત્ર જ ન રહ્યું, અમને ભૂલી ન જતા."

હું મારા મિત્રનો પ્રભુ, પ્રતિનિધિ, તે સિવાય વધુ કશું જ નહોતો. હું હંમેશાં સહાયક ક્રિયાપદ (auxiliary verb) રહ્યો છું, ક્યારેય મૂળ ક્રિયાપદ બન્યો નથી કે બની શક્યો નથી. પણ તે છતાંય મને ક્યારેય એવું નથી લાગ્યું કે મને ઓછો પ્રેમ મળ્યો છે. શૈલેનને કહેવાથી શું વળે ? હું યે થોડું ઘણું જ પામ્યો છું. એ જ અલ્પ અલ્પ ક્ષુદ્ર મામૂલી કુશકીની ભીખ માંગીને જ મેં ય મારી ભિક્ષાની ઝોળી ભરી લીધી છે.

પ્રભાતબાબુએ ઘડિયાળ તરફ જોયું પછી બોલ્યા, "બાપ રે ! હવે ટૂંકામાં પતાવું, નહિ તો તમારે તમારાં પત્નીની વઢ ખાવી પડશે. અને મને ચાનો કપ જે ભાગે આવે છે એય મળવો બંધ થઇ જશે. મારી સિમલા બદલી થયાને થોડા દિવસ પછી શૈલેન પટણા ગયો. સરકાર ભાગ્યનિયંતા. અમને બંને મિત્રોને વચ્ચે વચ્ચે ખૂબ દૂર-સુદૂર ઠેલી દે, વળી ક્યારેક પાછા એકાદ સ્ટેશને છ-બાર મહિના ભેળાય કરી દે. અને પછી એક જ ટેબલ પર સામસામા બેસી કામ કરીએ અને વાતો કરીએ. જોઇને અમને આનંદ થતો કે ઉંમરની સાથે અમારો દેખાવ બદલાઇ રહ્યો છે, અમે પણ જીવનનાં એક સ્ટેશનેથી બીજા સ્ટેશને બદલી થઇ રહ્યા છીએ. છતાં એક જગ્યા પરથી અમારી બદલી થતી નહોતી – એ જગ્યા હતી, અમારી મૈત્રી. અમે છ જ મહિનામાં 'આપ'માંથી 'તમે' પર પહોંચી ગયા હતા અને 'તમે'માંથી 'તું' પર પહોંચતાં એકાદ વર્ષથી વધુ સમય નહોતો લાગ્યો. દૂર રહેવા છતાં અમે બંને એકબીજાના ખબરથી વાકેફ હતા. કાગળ પત્રનો વ્યવહાર જ ચાલતો વધારે, મળવાનું તો ભાગ્યે જ બનતું. માધુરીનાં મા ગુજરી ગયાં. બંને ભાઇઓ મોટા થઇ ગયા હતા. બાપ વધુ વૃદ્ધ બન્યા હતા. એ જબરદસ્ત બાપ – અત્યારે એકદમ અસહાય અને દીકરી પર જ અત્યંત નિર્ભર બની ગયા હતા. માધુરી હવે એમની સર્વસ્વ, જાયા, જનની, દુહિતા. શૈલેનનાં મા અને બાપ બંને ગુજરી ગયાં હતાં. ભાઇ બહેનો એને જ 'ત્વમેવ પિતા ચ માતા ત્વમેવ' માનતાં હતાં. શૈલેને જ બધાંને વરાવ્યાં પરણાવ્યાં હતાં. સહુએ પાતપોતાની નોકરીની જગ્યાએ જ સંસાર માંડ્યા હતા. છતાં ચિરકુમાર બડો-દાદા યાને મોટાભાઇ જ હતા. સંસારના વટવૃક્ષ. હું એને કાગળ પત્ર લખતો. માધુરી સાથે પણ મારો પત્રવ્યવહાર ચાલુ હતો.

એ પછી હું અને શૈલેન લગભગ એકી સાથે જ રિડાયર્ડ થયા. શૈલેનને એક્સટેન્શન મળ્યું હતું. કેટલાંક પ્રમોશન પણ મળ્યાં હતાં. મને નહોતું મળ્યું. એને બદલે હું ભારતભરમાં બસ, રખડ્યો જ છું શોખથી રંગમંચ પર ચડી, ગાલ પર રંગ લગાડી, માથે વાળની વીગ પહેરી ઘડપણમાં પણ હીરો બન્યો છું. વળી ક્યારેક અર્ધી-સાહિત્યક, અર્ધી-રાજનૈતિક વક્તૃતામંચ પર પણ ચડી જઇને બેઠો છું. આજકાલ ધર્મસભામાં જાઉં છું, અને તે માટે તમે મનોમન હસો પણ છો.

હવે તો પેન્શનના રૂપિયા લેવા ડેલહાઉસી જઇએ છીએ ત્યારે જ હું અને શૈલેન મળીએ છીએ. શૈલેન અને હું બંને રિટાયર થયા પછી કલકત્તામાં જ છીએ. એ દક્ષિણમાં અને હું ઉત્તરમાં છું. હવે અમે ખાસ મળતા પણ નથી. અને પત્ર વ્યવહાર

પણ બંધ થઈ ગયો છે. શૈલેને એક વાર લખ્યું હતું કે 'મારા અક્ષરો હવે બિલકુલ વંચાય એવા નથી રહ્યા.' ત્યારથી મેં ગુસ્સે થઇને એને પત્ર લખવાનું બંધ કરી દીધું છે. હવે હું ફક્ત એની સાથે ફોન પર જ વાત કરું છું. શૈલેને અલિપુરમાં એક માળનું મકાન બાંધ્યું છે. પહેલાં ભત્રીજા - ભત્રીજી ભેગાં રહેતાં હતાં. આજકાલ એમનાં બાળકો રહે છે. કોઇ સ્કૂલમાં ભણે છે તો કોઇ કોલેજમાં જાય છે. મારે ઘર નથી બાંધવું પડ્યું. બાપદાદાનું મકાન તો છે જ. મોટાભાઇ જોડે હું એમાં ભાગીદાર છું, પણ એ તો નામનો જ. તમને ખબર છે કે મનથી તો હું અનિકેત જ છું. ઘરમાં રહું છુંયે કેટલીવાર ? આજથી બાર વર્ષ પહેલાંની વાત છે. હું પેન્શનના રૂપિયા ગણતો હતો ત્યાં કોઇએ પાછળથી આવીને ઝટથી મારો હાથ પકડી લીધો, અને કહે, "એય પરમાર્થવાદી, ધનનો આટલો મોહ શાનો ?"

જોયું તો શૈલેન. મેં હસીને કહ્યું, "ઘડપણમાં કામિની છોડી શકાય, પણ કંચન ન છોડી શકાય. ફળમૂળ ખરીદવામાંયે પૈસા લાગે છે."

શૈલેન મને ચાની હોટેલમાં લઇ ગયો. કહે, "તારી જોડે વાત કરવાની છે."

એક એકાંત ટેબલ શોધી લઇ બંને જણા સામસામા બેઠા. વૃદ્ધાવસ્થાએ કોઇના વાળ મુઠ્ઠીમાં પકડ્યા હતા તો કોઇના દાંતના મૂળમાં મુક્કો માર્યો હતો. શૈલેનના વાળ એકદમ સાફ - માથે ટાલ. મારે દાંતનું ચોકઠું.

શૈલેને વધુ વાત ન કરતાં ખીસામાંથી એક કવર કાઢી મારા હાથમાં મૂકી કહ્યું, "વાંચ." હસ્તાક્ષર ખૂબ જ પરિચિત, હજુ પણ કલ્પી ન શકાય એવા સરસ મોતીના દાણા જેવા.

મેં કહ્યું, "આ તો તારો પત્ર છે."

શૈલેને ધમકાવીને કહ્યું, "અરે ભઇ, વાંચને, કેમ જાણે મારા પત્રો તેં કોઇ દિવસ વાંચ્યા જ નથી ને !"

પરબિડીયામાંથી પત્ર કાઢી વાંચવા માંડ્યો. કાગળ તો મોટો હતો પણ લખ્યાં હતાં માત્ર બે વાક્ય.

"તમારી સાથે જરૂરી વાત કરવાની છે. ચોક્કસ આવજો એ જ – તમારી માધુરી."

મેં હસીને કહ્યું, "હું મારી વાત સુધારીને કરું છું, લાગે છે ઘડપણમાંય કોઇને તો વળી કામિની પણ નથી છોડતી. ક્યાં છે એ ?"

શૈલેને કહ્યું, "બેરેકપુર. ભાઇઓ સાથે રહે છે." બાપના મૃત્યુ પછી માધુરીના ઘરનાં સહુ લખનૌ છોડીને કલકત્તા ચાલ્યાં આવ્યાં હતાં એ તો મને ખબર હતી. પણ કઇ જગ્યાએ રહેતાં હતાં તે ખબર નહોતી.

શૈલેન બોલ્યો, "ભાઇઓ બધા નોકરી કરે છે. માધુરી પણ અત્યાર સુધી નિશાળમાં શિક્ષિકા હતી. પણ શરીર લથડી પડતાં ન છૂટકે નોકરી છોડી દીધી છે, સાંભળ્યું છે એના બાપુ ખાસ કંઇ મૂડી નથી મૂકી ગયા. ત્રીસેક હજાર માંડ દીકરી માટે અલગ રાખી ગયા છે. અને દીકરાઓને પણ થોડું ઘણું આપી ગયા છે."

હાલમાં હું એની ખબર નહોતો રાખતો. ઘણા સમયથી અમારો પત્રવ્યવહાર બંધ જ થઇ ગયો હતો.

શૈલેન કહે, "બહુ દિવસથી માંદી છે. ચાલ એક વાર ખબર કાઢતા આવીએ, અને શું કામ છે એય જાણી લઇએ."

મેં કહ્યું, "તું એકલો જ જા. હું આવીશ તો એ વાત નહિ કરે."

"ના, તું પણ ચાલ, અને આજે જ જઇએ."

મેં કહ્યું હતું કે ફરી કોઇવાર જઇશું. પણ શૈલેન હવે મોડું કરવા નહોતો માગતો. ફરી ક્યારે પાછા મળીએ શી ખબર !

બંને જણા પોતપાતાને ઘેર ફોન કરી દઇ, બેરેકપુર જવા ચાલી નીકળ્યા.

શૈલેને તો કહ્યું કે ચાલ ટેક્સી કરી લઇએ, મેં કહ્યું, "ના, પેન્શનના ગણત્રીના રૂપિયા આમ ગમે તેમ ઉડાડી ન દે. ચાલ બસમાં જ જઇએ."

જતી વખતે હું કોલેજ સ્ટ્રીટ માર્કેટમાંથી એક ડઝન સરસ તાજાં મોટી સાઇઝનાં ગુલછડીનાં ફૂલોનો તોરો લઇ ગયો હતો.

શૈલેન મશ્કરીમાં કહે, "તને હજુ આ બધો શોખ બહુ છે નહિ ?"

સ્ટેશન પાસે જ ઘર હતું. પહેલા માળના ફલેટમાં તેઓ રહેતાં હતાં.

સાંકળ ખખડાવતાં જ એક વહુએ આવીને બારણાં ખોલ્યાં. અમે અમારો પરિચય આપ્યો. એ અમને માધુરીના ઓરડામાં લઇ ગઇ.

નાનકડા પલંગ પર માધુરી સૂતી હતી. સફેદ તળાઇ સરસ રીતે પાથરી હતી. ઓરડો પણ સુઘડ રીતે ગોઠવેલો હતો, પણ માધુરી તો સાવ કેવીયે થઇ ગઇ હતી ! પથારી જોડે એનું શરીર જાણે એકાકાર થઇ ગયું હતું. એનામાં ઊઠીને બેસવાનીયે તાકાત નહોતી રહી. તોય જાણે અમને જોઇને માધુરીમાં નવી શક્તિ ન આવી હોય ! – ઉત્સાહથી એ પથારીમાં બેઠી થઇ ગઇ. મારા તરફ જોઇ, જરાક મલકાઇને બોલી, "મને ખાતરી હતી કે તમે પણ આવશો જ."

એ પછી માધુરી શું કરી બેઠી એ સાંભળો. એના બંને ભાઇઓની વહુઓને બોલવી કહે, "પેલા ઓરડામાં લક્ષ્મીના આસન પાસે એક સિંદૂરની કુલડી છે. એમાં મેં સિંદૂર ઘોળીને રાખ્યું છે. જા લઇ આવ."

નાની વહુ કુલડી લઇ આવી. માધુરીએ તેના હાથમાંથી એ લઇને શૈલેનનાં હાથમાં મૂકીને કહ્યું, "આ સિંદૂર મારા માથામાં પૂરી આપો. મારે કુંવારા નથી મરવું."

મેં ધારીને જોયું કે માધુરીનો મેઘ જેવો કેશરાશિ હવે નહોતો રહ્યો. ઉંમરને લીધે નહિ, પણ બીમારીને લીધે એના વાળ ઊતરી ગયા હતા. વચ્ચે વચ્ચે રૂપેરી રેખા પણ નજરે પડતી હતી.

શૈલેને એની સેંથીમાં સિંદૂર ભરી દીધું. વહુઓની ઇચ્છા હતી કે શંખ વગાડે, પણ માધુરીએ હાથનો ઇશારો કરી રોક્યા હતા.

મેં કહ્યું, "માધુ, તું શું વાળ પાક્યા પછી સિંદૂર ભરવાની રાહ જોતી આટલા

દિવસથી બેઠી હતી !"

પ્રતિપદાના ચાંદની જેમ માધુરીના મુખ પર એક આછી પાતળી હાસ્યની લકીર ખીલી ઊઠી.

માધુરી બોલી, "એવું જ લાગે છે. પ્રભાતદા, હવે બાકીનું મંત્રોચ્ચારનું કામ તમે પતાવી દો."

"હું શું બ્રાહ્મણ છું કે મંત્રોચ્ચાર કરું ?" એ સિવાય હું પોતે પણ મંત્રમુગ્ધ બની ગયો હતો. એમ છતાં પણ હું ધીરે ધીરે બે લાઇન બોલ્યો, "યદિદં હૃદયં તવ, તદિદં હૃદયં મમ."

તેઓ બંને કંઇ બોલ્યાં નહિ. કેવળ કાન માંડીને ધ્યાનથી સાંભળી રહ્યાં.

જીવનમાં કેટલાં બધાં લગ્નમાં અને જાનમાં ગયો છું. કેટલી બધી દૂર દુર્ગમ જગ્યાએ દુ:સાહસભર્યાં અભિયાન પણ ખેડ્યાં છે. પણ આવી રીતનાં લગ્નમાં ક્યારેય ગયો નથી, કલ્યાણબાબુ, અને આ રીતે ગોરપદું ય ક્યારેય કર્યું નથી.

તે દિવસે એ રજનીગંધા, ગુલછડીનાં તોરાની ખરીદી સાર્થક થઇ ગઇ હતી. એ ફૂલો મેં માધુરીના પલંગ પર એક તરફ મૂકી દીધાં. થોડી વાર માટે એની એ રોગશય્યા ફૂલશય્યા બની ગઇ.

માધુરી એ પછી વધુ દિવસ જીવી નહોતી. એના ભાઈઓએ ખર્ચ કરી દવાદારુ કર્યાં હતાં. શૈલેને પણ મણા રાખી નહોતી. કલકત્તા લાવી સારામાં સારા નર્સિંગહોમમાં રાખી હતી. પણ એના પેટનું અલ્સર કેમેય રુઝાયું જ નહિ. ઓપરેશન ટેબલ પર જ ખલાસ થઇ ગઇ. હું બીજાં એક ડઝન ગુલછડીનો ગુચ્છ લઇ એની ખબર કાઢવા ગયો હતો.

શૈલેને જ મુખાગ્નિ ઝર્યો હતો. પોતાની ગાંઠના પાંચેક હજાર રૂપિયા ખરચી શ્રાદ્ધ વગેરે પણ કર્યું હતું. લોકોને જમાડ્યા પણ હતા. ઘેર કીર્તનકારોને બોલાવી ભજનકીર્તન પણ કરાવ્યાં હતાં. અમે તો બધા અવાક્ જ બની ગયા હતા. પહેલાં એ આવી બધી વસ્તુઓમાં માનતો નહોતો. હું સમજી ગયો કે આ માધુરીની ઇચ્છા હતી.

એ મધુર હૃદયની બીજી એક અંતિમ ઇચ્છાનું નિદર્શન શૈલેને મને દેખાડ્યું. પહેલાં જેમ એ પ્રેમપત્રો લઇ ખીસામાં ફરતો હતો, તેમ એક બીજું પણ જાડું એનવલપ ખીસામાં લઇને ફરતો હતો. માધુરીએ કહી રાખ્યું હતું કે એના મરણ બાદ ખોલવું.

ખોલતાં જ ખબર પડી કે એ પત્ર નહોતો, એ તો એક લીલા રંગના પરબિડિયામાં ત્રીસ હજારનો ચેક, માધુરી, શૈલેનને નામે લખી ગઇ હતી.

"હું આ રૂપિયા શા માટે લઉં !"

મેં કહ્યું, "હવે લઇ લે, લગ્ન કર્યાં ત્યારે તો દહેજના રૂપિયા નહોતા મળ્યા. આ એ જ છે એમ માનીને લઇ લે. જવા શા માટે દે છે !"

શૈલેને માધુરીના ભાઇઓને એમાંથી થોડાક રૂપિયા દીધા હતા. અને બાકીના

હૉસ્પિતાલમાં આપી દીધા. માધુરીના નામે એક બેડ રાખી હતી. એમાં ગરીબ સ્ત્રીનો ઇલાજ થતો.

ત્યારથી જ વર્ષમાં એક દિવસ શૈલેન મૃત્યુતિથિ ઊજવે છે. એ અનુષ્ઠાનમાં હું જ એક માત્ર અતિથિ હોઉં છું. ખંડની દીવાલ પર માધુરીનો મધ્યમ સાઇઝનો એક ફોટો ટીંગાડેલો છે. તે ફોટો કંઇ હમણાંનો નથી. પહેલાંનો છે, માધુરીના પ્રથમ તારુણ્યનો ફોટો.

એ ઉદ્ભિન્ન યૌવનાની છબી સામે રાખી અમે બંને વૃદ્ધો બે ખુરશી પર સામસામા બેસીએ છીએ, ચા પીએ, વાતો કરીએ. ક્યારેક વળી બધી જ વાતો બંધ કરી કેવળ ચુપચાપ બેસી રહીએ.

શૈલેને મૃત્યુના હાથમાંથી એક પ્રેમની રક્ષા કરી છે, અને મેં વૃદ્ધત્વના હાથમાંથી એક મૈત્રીને બચાવી રાખી છે.

પ્રભાતબાબુ ઊઠીને ઊભા થયા. છત્રી સામે રાખી હોવા છતાં પણ આજે તેઓ ભૂલીને ચાલ્યા જતા હતા. મેં એને ઊંચકી, અને એમના હાથમાં આપી.

એમણે સ્મિત કરી કહ્યું, "થેંક્સ !"

માનનીય પરીક્ષક મહાશય

નારાયણ ગંગોપાધ્યાય

સર,

મારો આ પરીક્ષાનો ઉત્તરપત્ર તમે છેક સુધી વાંચશો કે નહિ, એ હું જાણતો નથી. કારણ તમે જોયું હશે કે મેં એક પણ પ્રશ્નનો ઉત્તર લખ્યો નથી. પહેલેથી છેલ્લે સુધી તમને આ પત્ર જ લખ્યો છે. તમે વખતે થોડીક લીટીઓ વાંચીને ભવાં ચડાવશો. અને તો 'ઝીરો' માર્ક દેશો. એ પછી નોન્સેન્સ રાઇટીંગ, માટે મારે નામે યુનિવર્સિટીમાં એક રિપોર્ટ મોકલશો. તમે ઝીરો આપો કે રિપોર્ટ કરો એની મને ફિકર નથી. વખતે ધૈર્ય રાખી લખાણ પૂરું વાંચી જાઓ એ જ આશાએ તમારી સમક્ષ આ નિવેદન રજૂ કરું છું.

એકાદ બે પ્રશ્નોનો જવાબ કદાચ હું લખી શકત. પણ તેથી પાસ માર્ક મળવા તો બાજુએ રહ્યા. પૂરા વીસ માર્ક પણ ન મળત. તેથી હવે એ પ્રયત્ન જ નથી કરતો. તે સિવાય આજ સાંજ પછી તો હું પાસ-નાપાસની સીમા બહાર 'ચાલ્યો જઇશ. કલકત્તાની આસપાસ થઇને પણ અસંખ્ય ટ્રેનો આવજા કરે છે. તેમાંની કોઇની પણ નીચે હું મારો અંતિમ હિસાબ પતાવી દઇશ. આ પેપર જ્યારે તમે જોતા હશો, ત્યારે ટ્રેન નીચે કચરાઇ મરેલા અજાણ્યા યુવકના મૃત્યુના ટૂંકા અને પુરાણા સમાચાર તે વખતે તમારી સ્મૃતિમાંથી ભૂંસાઇ પણ ગયા હશે.

તમારો અધ્યાપક - વિવેક અહીં સુધી પહોંચી એક વાર અટકીને ઊભો રહેશે. તમે કહેશો, "છી, છી, પરીક્ષામાં પાસ ન થવાયું એટલે આપઘાત ! કે આથી અધમ કાયરતાની કલ્પના પણ ન કરી શકાય ! દેશનાં યુવાનોમાં જો આટલું પણ નૈતિક બળ કે ખમીર ન હોય તો પછી બંગાળી ક્યાં જઇ ઊભો રહેશે ! – અને આખીએ જાતનું ભવિષ્ય શું ?

વિશ્વાસ રાખજો સર, આ બધી વાત હું જાણું છું. અને ખાત્રીથી માનજો, કે મેં પણ જીવવા ચાહ્યું હતું. ધાર્યું હતું કે મારા જ હાથના સ્પર્શે સાંથાલ પરગણામાં પૂર આણતી ઘેલી પહાડી નદી વિશાળ કેચ્મેન્ટ એરિયામાં અટકીને થંભી જશે. હું સ્વીચ દબાવીશ તો હાઇડ્રોઇલેક્ટ્રિકની હજારો બત્તીઓથી ઝગમગી ઊઠશે. બિહાર અને પશ્ચિમ બંગાળનો શ્રેષ્ઠ ઇન્ડસ્ટ્રીયલ બેલ્ટ – બ્લાસ્ટ ફરનેસની રક્તિમ આભામાં હું જ પીગળેલા પોલાદથી આગામી ભારતવર્ષની બુનિયાદી રચના કરી શકીશ ! સર, હું

આપઘાત કરવા નહોતો માગતો.

મારી ચારે તરફ બેઠેલાં છોકરાંઓ દ્રુતવેગે પરીક્ષાનાં ઉત્તરપત્રો લખી રહ્યાં છે. તેમનામાં અનેક જણ હજુ મારી જેમ જ સ્વપ્નાં જોઇ રહ્યાં છે. અને થોડા દિવસ પછી ક્રૂસ લિસ્ટમાં, (રીઝલ્ટમાં) ઘણાં બધાંના એ સ્વપ્નાં રોળાઇ જશે. તો પણ એમાંથી કોઇ કોઇ વખતે કૃતકાર્ય બને પણ ખરાં. ભાવિ ભારતવર્ષની આશાની મશાલ સ્વહસ્તે સળગાવી લેશે તેઓ ભાગ્યશાળી, ભલે આગળ વધે, પણ બીજાં જે બધાં મારા જેવાં છે તેમની સંખ્યા ઘણી મોટી છે. તેઓ બધાં આમ જ ખોવાઇ જશે ક્યાંક. અથવા જીવતાં હોવા છતાં જીવિત નહિ હોય. તેમની વાત કોઇ પણ પંચવર્ષીય સફળતાની ખાતાવહીમાં લખેલી નહિ મળે. હું તમને ઓળખતો નથી. ક્યારેય જોયા પણ નથી, કોઇ દિવસ જોઇ પણ નહિ શકું. પણ હું એટલું જાણું છું કે તમે અધ્યાપક છો, વિદ્યાર્થીઓની નજીક તમે રહો છો, તેમના જીવન તરંગો તમને સ્પર્શે છે, વખતે તમે એમને સ્નેહ પણ કરતા હશો. તેથી છેક સુધી તમે વાંચો કે ન વાંચો, મારી વાત તમારા સિવાય મારે બીજા કોને કહેવી ?

સર, સ્વપ્ન જ્યારે જોયું હતું ત્યારે એ વાત સદંતર ભૂલી ગયો હતો કે હું મેદિની પુરના એક અજાણ્યા ગામના મામૂલી ખેડૂતનો દીકરો છું. પણ મારા બાપુ ખેડૂત હોવા છતાં પણ દીલ્હીના જાજવલ્યમાન નેતાઓ કરતાં એમનો દેશપ્રેમ જરાયે ઓછો નહોતો. મારો જન્મ ઓગણીસો બેતાલીસના સપ્ટેમ્બરની મધરાતે એક જંગલમાં થયો હતો. કારણ ત્યારે મિલિટરીએ અમારા ગામને સળગાવી દીધું હતું. અને આપણા રાષ્ટ્રધ્વજને મક્કમતાથી હાથમાં ઝાલી, બુલેટથી વીંધાયેલી છાતીએ એક ડાંગરના ખેતરમાં મારા બાપુ આળોટી પડ્યા હતા.

મારા બાપુની ઇચ્છા હતી કે દીકરો થાય તો એનું નામ સ્વાધીનકુમાર પાડવું, એ આગ ઓકતી પ્રલયંકરી રાતે બાપુના શોણિતના આશીર્વાદ સાથે – સ્વાધીન આકાશ તળે હું જન્મ્યો હતો, કારણ મિલિટરીના ભયાનક તાંડવ છતાં પણ દેશના એકેએક મનુષ્યનું મન તે દિવસે પરાધીન નહોતું.

પણ એ બધો ઇતિહાસ રહેવા દો. સર, તમે જો આટલે સુધી વાંચ્યું હશે તો આ વખથે સાચે જ તમારી ધીરજ ખૂટી ગઇ હશે – મારો વંશ પરિચય સાંભળવાની માથાફોડમાં તમારે શા માટે ઊતરવું જોઇએ ! તે સિવાય ત્રણ કલાકથી વધુ સમય તો મને મળવાનો નથી – ત્યાં તો ઉત્તરપત્ર મારા હાથમાંથી ઝૂંટવાઇ જશે. તેથી ટૂંકમાં જ કહેવાનો પ્રયત્ન કરું છું.

કિસાનનો બેટો, ખેતી કરત તો તો ગમે તે રીતે જીવતો રહી શકત, અથવા દુકાળ પડત તો ઘણાં બધાં જેમ ખાધા પીધા વિના, અથવા અખાદ્ય ખાઇને મરતાં હોય છે, એમ હું પણ મરી જાત. પણ મારું નસીબ ખરાબ, – કે મારા કાકાએ મને ગામની માઇનર સ્કૂલમાં દાખલ કરી દીધો અને તમે નહિ માનો સર, પણ મને એક સ્કોલરશિપ પણ મળી હતી.

સર, એ સ્કોલરશિપ જ મારો કાળ બની. મેં સ્વપ્ન જોવા માંડ્યાં. માએ મને ખોળામાં ખેંચી લઈ આંસુનો ધોધ વહેવડાવ્યો. બાપુ માટે માને મેં પહેલીવાર રડતાં જોઈ. એ પછી આંખોમાં અજવાળું આંજી હું કાકા જોડે આઠ માઈલ દૂર બડોગંજની હાઈસ્કૂલમાં દાખલ થવા ગયો.

હોસ્ટેલમાં રહેવાના પૈસા તો હતા જ નહિ, જગ્યા મળી ધાન્ય-ચોખાના આડતદાર સામંતના ઘરમાં. સામંતના ઘરનાં લોકો દૂરના અમારા સંબંધી હતા – પણ ગરીબ ખેડૂતની સાથે તેઓ સગપણ સ્વીકારવા ચાહતા નહિ. અસલ સંપર્ક હતો જમીનદાર અને પ્રજાનો, મહાજન અને ઋણી દેવાદારનો. કાકાએ જ હાથેપગે લાગી એમને ત્યાં મારા રહેવાની વ્યવસ્થા કરી દીધી હતી. હાઈસ્કૂલમાં દાખલ થયો. ફીશિપ પણ મળી.

સર, સામંતને ત્યાં તો લક્ષ્મી જાણે ખૂંટે બાંધેલી હતી. બે લોરી, ત્રણ ઠેકાણે મોટી મોટી આડત, પણ જેઓ ધંધાદારી હોય છે, તેઓ કદી ખોટો પાઈ પૈસો વેડફતા નથી. પાંચસો રૂપિયા દાન કરી પચીસ-હજાર રૂપિયાનો મોટો ફાયદો કરી લે. મને રહેવા ખાવા દેતા ખરા, પણ તેના પૈસા વસૂલ કરી લેતા.

આ ઉત્તરપત્ર જોઈને જ તમને સમજાઈ ગયું હશે કે મારા અક્ષરો ખરાબ નથી. તેમાંય ગણિત મારું સારું હતું. માઈનર પરીક્ષામાં ગણિતમાં મને સોમાંથી સો માર્ક મળ્યા હતા. એ લોકોએ એ તક જતી ન કરી. શરૂઆતમાં મારી પાસે કાગળ પત્ર લખાવતા. પછી ચોપડા લખાવતા. એ પછી હિસાબ પણ લખાવતા. સવારે બે કલાક મારે માટે નામું લખવાનું કામ બાંધી દીધું હતું. ભણવાનો સમય મને રાતના આઠ વાગ્યા પછી મળતો. તો તમે જ વિચારી જુઓ, સારી રીતે અભ્યાસ કરવાનો કોઈ ઉપાય હતો ? આડતની અડોઅડ એક નાનકડી ઓરડીમાં હું અને એમનો એક ગુમાસ્તો રહેતા. ગુમાસ્તાની વય હશે ચાળીસથીયે વધુ. સૂકો ચામાચિડિયા જેવો દેખાવ. – અદ્ભુત મોટી મોટી ચમકતી આંખો. હું ભણવા બેસતો ત્યારે એ હુક્કો પીવાની શરૂઆત કરતો.

મારી ત્યારે વળી ઉંમરે કેટલી ! બારથી વધુ તો નહિ જ. હુક્કો પીતો જાય, અને ચમકતી આંખો વધુ ચમકાવી સીસકારતો હોય એવા કઢંગા અવાજે જે બધી વાતો એ મને સંભળાવતો, તે બધી વાતોનો અર્થ પણ હું ત્યારે તો સમજતો નહોતો. પછી સમજ્યો. અકથ્ય, અશ્લીલ બધી વાતો. કઈ રીતે કેટલી બધી સ્ત્રીઓનાં શીલનો એણે સર્વનાશ કર્યો હતો, એનું જ વિવરણ. મને એ સારું કે ખરાબ શું હતું એય પૂરું સમજાતું નહિ. પણ ખૂબ જ કંટાળો આવતો.

"જરાક ચૂપ રહો ને, તો હું ભણું !"

"હવે ભણ્યા ભણ્યા, ખેડૂનો દીકરો, ભણીને શું વિદ્યાસાગર થવું છે ! હેં ! એના કરતાં હોકો પીતા શીખ. બીડી ફૂકતાં શીખ."

ગુમાસ્તો માંડ થાકીને સૂતો ત્યાં તો ફટ લઈને ફાનસ ઓલવાઈ જતું. સામંતને

ઘેરથી જે થોડુંઘણું ઘાસતેલ નસીબજોગે મળતું, તેમાંથી રાતના નવથી વધારે વાર ફાનસ જલી ન શકતું. સ્કોલરશિપના સામાન્ય જે કંઇ રૂપિયા મળતા, તેમાંથી નાનોમોટો ખર્ચ કર્યા પછી ઘાસતેલ ખરીદવાને પૈસા ન બચતા.

છતાંયે હું ફર્સ્ટ - સેકન્ડ આવતાં આવતાં હું આઠમા ધોરણ સુધી તો પહોંચ્યો. એ પછી શરૂ થઇ પુસ્તકોની સમસ્યા. જોયું કે સ્કૂલ ફાઇનલનાં પુસ્તકો ખરીદવા માટે લગભગ સિત્તેર એંસી રૂપિયાનો હડસેલો ખમવાનો હતો. કાકાએ ઘરમાં ખાવા માટે રાખેલી ડાંગર વેચી થોડા રૂપિયા મોકલ્યા, સામંત શેઠે પણ દસ રૂપિયાની મદદ કરી હતી, હેડમાસ્તરે મહેરબાની કરી સ્કૂલની ત્રણ કોપી આપી. તોય અર્ધાંય પાઠ્યપુસ્તકોયે હું ભેગાં કરી ન શક્યો.

અને સામંતોનું દસ રૂપિયાનું દેવું ચૂકવવા મારે ચોપડાઓ ભરી ભરીને નામું લખી દેવું પડ્યું.

સર, માઇનર સ્કૂલમાં સ્કોલરશિપ મળી તેથી મને થયું કે હું સાવ તુચ્છ સાધારણ વિદ્યાર્થી નથી. મારામાં શક્તિ છે. એના જોરે હું સ્વાધીનકુમાર – સ્વાધીન ગૌરવે ઉન્નત મસ્તકે ઊભો રહીશ. જે ભારતવર્ષ માટે મારા બાપુએ પોતાની છાતીનું લોહી વહેવડાવ્યું હતું, એ જ ભારતવર્ષમાં હું સાચે જ મારે લાયક સ્થાન મેળવી શકીશ. પણ ન તો હું બરાબર ભણી શક્યો, ન હું સરખી રીતે પરીક્ષા દઇ શક્યો. રિઝલ્ટ આવ્યું ત્યારે જોયું કે હું થર્ડ ડિવિઝનમાં પાસ થયો હતો. હેડમાસ્તરથી શરૂ કરી બધાં જ એકી અવાજે, "છી, છી" કરવા માંડ્યા. સામંતોનો એક દીકરો જે ત્રણવાર બી.એ.માં નાપાસ થઇ અત્યારે હલદી નદીને તીરે બંદૂક ખભે લટકાવી સારસ કુંમ્ડાનો શિકાર કરતો રખડતો હતો એ કહે, "પાસ થયો, એ જ એનાં નસીબ કહો, કેટલાયે બ્રિલિયન્ટ છોકરાઓ સ્કૂલ ફાઇનલમાં જ માર ખાઇ જાય છે."

બે દિવસ તો હું ઘરની બહાર જ ન નીકળ્યો. ન ઊઠ્યો, ન જમ્યો. અને તે દરમિયાન માની આંખનાં આંસુ ટપોટપ મારા કપાળ પર પડતાં રહ્યાં. માએ કહ્યું, "ઊઠ, બાપ, ઊઠ, હવે જરા વધુ ધ્યાન દઇને ભણજે, તો તું ખરેખર મોટો માણસ થઇ શકીશ. તારા જેવા તો કેટલાયે દુઃખી ને ગરીબો તો ભણીયે નથી શકતા, પાસે નથી થતા, એનો તો વિચાર કર !"

સર, કમર કસી હું આવ્યો કલકત્તા. શું કરું ! એ જ પેલા સામંતો પાસેથી જ ભલામણ પત્ર લાવ્યો હતો. સરકાર લોકો સામંતના વેવાઇ છે. બડો-બજારમાં એમનો તમાકુનો ધંધો છે. ત્યાં જ મારી રહેવાની વ્યવસ્થા થઇ.

ત્યાંય એ જ કામ, દુકાનમાં, ધંધામાં, મદદ કરવાની, જરૂર પડે તો ઉઘરાણીએ જવાનું, તોય મને થયું, કલકત્તા, એટલે કલકત્તા ! કેવું વિશાળ જીવન અહીં – કેટલી બધી તકો ! મોટી મોટી કોલેજો, પ્રખ્યાત નામી બધાં દિક્પાલ સમા અધ્યાપકો, એ બધી કોલેજમાં એક વાર હું પગ મૂકી શકીશ. એ પ્રોફેસરોના જ્ઞાનનો મને સ્પર્શ પણ થશે તો મારા મનની અંદર હજારો પ્રદીપ ઝગમગી ઊઠશે. મને લાગતું હતું કે સમસ્ત

પૃથ્વીનાં પ્રાણનાં સ્પંદનો, તરંગો અહીં કલકત્તામાં આવીને અથડાતાં હતાં. તેની સાથે જો હું જીવન ભેળવી શકીશ તો હું રાતોરાત ખુલ્લા આસમાન તળે ઉન્નત મસ્તકે ઊભો રહી શકીશ. પ્રથમ વર્ષાના જળનો સ્પર્શ પામી મૃતપાય રોપ જેમ નૂતન કિસલય ધારણ કરી વૃદ્ધિ પામે છે તેમ.

હું કોલેજમાં ગયો. સાથે હતા કેટલીક ખાધા ખોરાકી માટે રાખેલી ડાંગર વેચીને આણેલા રૂપિયા. મને ખબર છે, એને લીધે અમારા ઘરનાં બધાં જ લોકોને ઘણા બધા દિવસો સુધી ક્યાં તો અર્ધા–ભૂખ્યા યા તો ઉપવાસી રહેવું પડશે. પણ જો હું પરીક્ષામાં સારી રીતે પાસ થઇશ, લાયક બનીશ તો – !

કોલેજનું વિશાળ મકાન. એમાં જાણે રથયાત્રાના મેળાની ભીડ ! એ ભીડ ઠેલી હું માંડ ઓફિસ સુધી પહોંચ્યો, તો સાંભળવા મળ્યું, "થર્ડ-ડિવિઝન ! આઇ.એસ.સી.માં એડમિશન ! શક્ય નથી."

એકાદ બે નહિ, સર, છ, છ કોલેજમાંથી મને જાકારો મળ્યો. અંતે એક સાધારણ કોલેજમાં જગ્યા મળી ગઇ. હું વાઇસ-પ્રિન્સીપાલને મળવા ગયો. જો કંઇ કંસેશન મળી શકે તો !

"કંસેશન !" વાઇસ પ્રિન્સીપાલનાં ભવાં ઊંચાં ચડી ગયાં, "થર્ડ – ડીવીઝન !"

"સર –"

"આઇ.એસ.સી.માં તો આમ પણ કંસેશન દેતા નથી. તેમાં પાછો થર્ડ ડિવિઝન !"

"સર, ગરીબનો છોકરો છું –"

બધા જ બંગાળીઓ ગરીબના જ દીકરા હોય છે. એમ જોવા જઇએ તો દરેકે દરેક છોકરાને ફ્રી-સ્ટુન્ડશિપ દેવી પડે !"

"સર, એકદમ ખેડૂતનો દીકરો છું. –"

વાઇસ–પ્રિન્સીપાલ અતિશય નારાજ થઇ બોલ્યા, "તો પછી કોલેજમાં ભણવા શું કામ આવ્યો છે ! ખેતી જ કરવી હતી ને ! હાયર એજ્યુકેશન તમારા લોકો માટે નથી. ગો – ગો – ડોન્ટ ડિસ્ટર્બ મી –"

કંસેશન ન મળ્યું. પાછાં વળતાં સામંતોના પેલા ગુમાસ્તાની વાત વારે વારે યાદ આવતી હતી. 'ખેડૂતનો છોકરો, વિદ્યાસાગર થવા હાલી નીકળ્યો છે ! હેં !'

સર, ત્યારે જ હું ઘર ભેગો થઇ ગયો હોત તો સારું થાત. એક ખેતરમાં, તડકામાં, આગ વરસી રહી છે. તેઓનાં કપાળ પરથી ટપ ટપ કરીને પરસેવાનાં ટીપાં પડે છે – ત્યાં જ મારી પોતાની જગ્યાએ જ હું જાત તો સારું થાત, શહેરના આ અપમાનના ચાબખા આમ મારા શરીર પર પડત નહિ. પણ સર હું આશા છોડી ન શક્યો. હું જીદે ચડી ગયો. મને થયું કે જીદ પૂરી કરીને જ રહીશ.

સરકારની તમાકુની દુકાનનાં એક ખૂણામાં હું રહેતો. સામંતના ઘર કરતાં અહીં કેટલો બધો ફરક હતો ! ત્યાં એક શેડનાં છાપરામાં રહેતો હતો એ ખરું, પણ બહાર આકાશ હતું, પ્રકાશ હતો. નહાવા માટે મસ્ત એક શામળા ઊંડા તળાવનું પાણી હતું –

હવામાં ધતુરો, ચંપા, બકુલની સુવાસ હતી. પણ અહીં બડો બજારની ગલી, મધરાતે બાર વાગે પણ લાઇનબંધ દુકાનોમાં ઇલેક્ટ્રીક લાઇટ સળગતી હોય છે. ત્રણ હાથ રસ્તાની બંને તરફ ગગનચુંબી, ભેજવાળાં, લીલ-બાઝેલાં મકાન – હવા નહિ, ધક્કા-ધક્કી કરતાં હજારો લોકોની રાતના એક દોઢ વાગ્યા સુધી આવજા. બફારો - ગરમી; લાઇનબંધ દુકાનોમાંથી તમાકુ અને ગોળની વાસ; અને કાન ફાડી નાખે એવો કોલાહલ.

એ બધાંની એક ખૂણામાં એક પાટ પર હું પડ્યો રહેતો. આખી રાત ઉંદરડા દોડે, ધોળે-દહાડે વાંદાનો ઉત્પાત. સરકારના ઘરનાં કોલેજની ફી દેતાં. અને પાંચ રૂપિયા મહિને હાથ-ખરચી દેતાં. તેના બદલામાં મારે સવાર સાંજ કામે જવું પડતું. ઉઘરાણીએ પણ જવું પડતું. કંઇક સગવડ કરીને ટ્યૂશન કરી શકવાનેય સમય નહોતો. પુસ્તકો ! આઇ.એસ.સી.નાં બધાં જ પુસ્તકો ખરીદવાને કેટલા રૂપિયા લાગે છે એ હું આજેય નથી જાણતો. સર, માનું છું તમનેય નહિ ખબર હોય. તમારા જમાનામાં જે પુસ્તક પાંચ રૂપિયામાં મળતું તે આજે બાર રૂપિયાથી ઓછે નથી મળતું. એકાદ બે જુની એડિશનનાં પુસ્તકો જે મેં ફુટપાથ પરથી ખરીદ્યાં હતાં. એમાં અર્ધો સિલેબસ તો હતો જ નહિ.

અને અભ્યાસ હું કેટલો કરી શકતો હતો એ સાંભળો. જમવા જવું પડતું સરકારના ઘેર – બહુ બજારમાં. ત્યાંથી જમીને દસ વાગ્યા પહેલાં પાછો ન આવી શકતો. ત્યાર પછી પીળો ઝાંખો બલ્બ પેટાવી ભણવા બેસતો. ત્યારે થતું આંખોના ડોળા તો જાણે હમણાં જ બહાર નીકળી પડશે, નોટબુકની નોટ્સના શબ્દો એક ઢગલો અર્થહીન અક્ષરો જેવા લાગતા. ક્યારે ઊંઘ આવી જતી એ ભાને ન રહેતું. આખી રાત શરીર પરથી ઉંદરો અને વાંદાઓ દોડાદોડ કરતાં.

અને કોલેજ ? ત્યાં કેવી ખીચોખીચ ભીડ ! એક એક બેંચ પર પાંચ જણને બેસવાની જગ્યા હતી. ત્યાં સાત આઠ જણ સાંકડે માંકડે બેસતા. નોટ્સ લખવી હોય તો પણ નોટબુક મૂકવાની જ જગ્યા ન મળતી. લેબોરેટરીની હાલતનું યે શું કહેવું ! પંદર છોકરાઓની કામ કરવાની જગ્યામાં પચાસ છોકરાં કામ કરતાં.

ભાવિ વૈજ્ઞાનિક ! સ્વાધીન ભારતના ઇતિહાસના ઘડવૈયા – તેમના શિક્ષણની આ રૂપરેખા !

તોયે સર, કોશિશ કરવામાં મેં જરાય પાછી પાની નહોતી કરી. બેચાર જણની વાત નથી કરતો. અમારા જેવા સાધારણ વિદ્યાર્થીઓ જે કોલેજમાં ભણવા માટે જ આવતાં હોય છે. છતાં શા માટે ભણી નથી શકતાં ! શા માટે તેઓ નાપાસ થાય છે ?

એક ઘટના વર્ણવું છું, સર, આ સ્થિતિમાં પણ મને એ વાત યાદ આવતાં હસવું આવે છે.

કોલેજનો ફાઉન્ડેશન ડે. ભભકાદાર સભા, ધ્વજવંદન, વક્તૃતા, વાઇસ પ્રિન્સિપાલનું ભાષણ સર્વોત્તમ હતું. બોલતાં બોલતાં એમની આંખોમાં ઝળહળિયાં

પણ આવ્યાં હતાં.

"અમે એક સ્ટેટિસ્ટિક્સ કાઢ્યું છે. કોલેજના ટેન પરસેન્ટ, છોકરાઓ લગભગ બધાં જ પાઠ્યપુસ્તકો ખરીદી શકે છે. ટ્વેન્ટી પરસેન્ટ થોડાં ઘણાં ખરીદી શકે છે. બાકીના સેવન્ટી પરસેન્ટ એક પણ પુસ્તક ખરીદી શકતા નથી ! આ પરિસ્થિતિમાં અમે શું ભણાવીએ ! કોને ભણાવીએ ! આનો જો પ્રતિકાર ન કરીએ, તો પછી આ દેશ અંતે ક્યાં જઈને અટકશે ?"

પ્રતિકાર જો કે વાઇસ-પ્રિન્સિપાલે વિચારી જ રાખ્યો હતો. એમણે કહી જ દીધું હતું કે કોલેજનું શિક્ષણ ગરીબ વિદ્યાર્થીઓ માટે નથી.

સર, (બીજા કલાક) સેકન્ડ અવરનો બેલ પડ્યો. હવે વધુ વાર હું લખી શકીશ નહિ. વખતે તમે અહીં સુધી વાંચ્યું પણ હશે તો પછી તમારી ઉદારતા ને સહૃદયતા પર હવે વધુ ઉત્પાત ન કરી શકાય. ટૂંકમાં જ મારી વાતો પૂરી કરી લઉં.

મારી મા અભણ છે. વાંકાચૂકા અક્ષરે એની વાત કાકા પત્રમાં લખતા.

'તું માટો થા, બાપ, દેશનાં દસ માણસમાં તારી ગણતરી થાય. તારા બાપ જે નામ કરી ગયા છે, એને ઉજાળજે. સ્વતંત્ર ભારતમાં તારે એક મોટો માણસ બનવાનું છે, ભૂલીશ મા.'

ભૂલ્યો નથી – એક દિવસ માટે પણ નહિ. પણ સ્વાધીન ભારતે તો મારી જવાબદારી ન ઉપાડી લીધી, મારા માટે શિક્ષણનો માર્ગ પણ મોકળો ન કર્યો. વિસ્તાર્યો નહિ. એ તમાકુની દુકાનમાં નોકરી કરી – ક્લાસના નામે પેલી અર્થહીન ગરબડમાં, બફારામાં, અને કોલાહલપૂર્ણ બડો-બજારની ગલીની એ દુકાનમાં પીળી ઝાંખી ઇલેક્ટ્રીક લાઇટના અજવાળામાં, મારી આંખો સામે બધું જ ધુંધળું બની જતું – માથામાં એકાએક લોહીના તરંગો રહી રહીને આવીને અફળાતા અને ફાટી પડતા. મનમાં થતું અહીંથી નાસી જાઉં, કૂદી પડું કોઈ જૂના સરોવરનાં ઊંડા શામળા – પાણીમાં, છાતી ભરી શ્વાસમાં તાણી લઉં ચંપા, ભાંટીફૂલ, નાગકેસરની સુંગંધ, કોઈ વર્ષાના કાજળ-કાળા વાદળને હાથ લંબાવી સાદ પાડી બોલાવું, "આવ વર્ષા, કૂદીને ધાન દઈશ માપીને –"

પણ કલકત્તાના મોટા સરોવરોમાં શામળું શીતળ જળ ક્યાંય નથી. નથી નાગકેસર, કરેણ ફૂલની સુવાસ. અમારા દેશમાં ઘરમાં ભરપેટ ખાવાને ધાન નથી. માણસના આગભભુકતા હૈયામાં ક્યાંય એકાદ ઝાપટું વરસાદે નથી.

ક્યાં જાઉં ? નાસીને ક્યાં જાઉં ?

આશા છોડવી નથી ! મારે જીવવું છે. મારે મોટાં થવું છે. હું નહિ હોઉં તો નૂતન બ્લાસ્ટ – ફરનેસનો અગ્નિ પેટશે નહિ, હાઇડ્રોઇલેક્ટ્રીકની વિદ્યુત દોડશે નહિ, ઓટોમેટિક રિસર્ચનું કામકાજ બાકી રહી જશે. રિફાઇનરીના પેટ્રોલિયમ – પેટ્રોલ, કેરોસીન – બ્લુ ઓઇલ – પેરેફીન નિત નવતર રૂપ ધારણ શી રીતે કરશે ? પેલા મહા દાનવનો મંત્ર મારે જબરદસ્તીથી છીનવી લેવો પડશે, હું છું સ્વાધીન

ભારતનો વૈજ્ઞાનિક.

સર, બધાં જ સ્થાન ! બંગાળની પ્રત્યેક કોલેજમાં મારા જેવા અસંખ્ય વિદ્યાર્થીઓ સ્વપ્ન લઈને જ જીવતા હશે, જીવી રહ્યા છે. સ્વપ્નના ઘેનમાં જ તેઓ ફરતા હોય છે. તે પછી એક દિવસ જ્યારે સ્વપ્ન ભાંગી પડે છે ત્યારે નજરે પડે.

સર, અભ્યાસ તો કંઈ થયો નહિ, ક્યારે ભણું ? પુસ્તકો ક્યાંથી કાઢું ! ધારો કે સામાન્ય પુસ્તક કે નોટ મેળવીયે લઉં, પણ પીળા બલ્બના ઝાંખા પ્રકાશમાં એનો કોઈ અર્થ જ ન રહેતો. એક માંકડની હારની જેમ તેઓ આંખોની સામે કિલબિલ કરતાં હલ્યાં કરતાં. એ પછી ક્યારે સ્નાયુઓ તૂટવા લાગતા અને સમગ્ર ચેતના આચ્છન્ન થઈ જતી. તમાકુ, ચીકણો ગોળ અને ઉંદર–વાંદા, ડેમ્પની વાસવાળા ઓરડામાં જ્યારે સવારના પ્રકાશે હું જાગી ઊઠતો ત્યારે થતું જાણે મારા માથા પર વીસ મણનો બોજો લાદેલો છે. એ પછી આઠ ન વાગે ત્યાં હિસાબના ચોપડા !

વાર્ષિક પરીક્ષાનાં ઉત્તર-પત્રો તપાસાતાં નથી. ફી આપી હોય તો પૂરા ક્લાસને પ્રમોશન. પ્રિટેસ્ટ મેં આપી નહોતી. વાંચ્યું જ નહોતું તો શી રીતે આપું ? એ પછી પાસે આવી ટેસ્ટ.

સર, અહીં મારો ગુનો કબૂલી લઉં, ટેસ્ટ જ્યારે નજીક આવી ત્યારે મનમાં આખો વખત ન બુઝાય એવી ચિંતા બળવા માંડી. પુસ્તકો – માત્ર થોડાંક પુસ્તકો મારી પાસે હોત તો ! ફર્સ્ટ ક્લાસ વખતે ન મળત, પણ સેકન્ડ ડિવિઝન તો જરૂર મળત. અને મેથેમેટિક્સમાં તો ડિસ્ટીંક્શન પણ મળત.

સર, ગુસ્સો નહિ કરતા. મારા મનની સ્થિતિ જરાક સમજવાની કોશિશ કરો. હું જાણે પાગલ બની ગયો હતો ! ત્યાર પછી – ત્યાર પછી – મેં કોલેજમાંથી મારા ક્લાસમેટનાં પુસ્તકો ચોરવા માંડ્યાં.

મારે માટે તમે શું ધારો છો ! જે ધારવું હોય તે ધારી શકો છો. હું પણ શું આ વાત ધારી શકતો હતો કે હું અંતે ચોર બની જઈશ ! મારા બાપુએ પોતાનું લોહી રેડીને દેશની સ્વાધીનતા આણી હતી, એનો દીકરો થઈને મેં આ શું ચોરી જ આદરી !

સર, જો શક્ય હોય તો – મારો ન્યાય કરતાં પહેલા વિચારી જોજો કે છોકરાઓ શા માટે પાઠ્યપુસ્તકની ચોરી કરે છે ! શા માટે પરીક્ષાના પેપરમાં કોપી કરે છે ! શા માટે પ્રશ્નો અઘરા લાગે તો આમ હિંસ્ર અશોભન રીતે પરીક્ષા હૉલમાંથી બહાર નીકળી જાય છે ! આ બધું અન્યાય ખૂબ જ અન્યાય. આ બધી વસ્તુ થવી ક્યારેય વ્યાજબી નથી. કોઈ પણ વ્યક્તિ આનું સમર્થન ન કરે, પણ છતાંય શા માટે બને છે ! શા માટે છોકરાઓ આ રીતે ખોટે માર્ગે જાય છે ! એક પાસ નાપાસ પર તેમનું કેટલું બધું, સમગ્ર ભવિષ્ય નિર્ભર હોય છે. તમે ક્યારેય એનો વિચાર કર્યો છે ?

ચોરી કરેલાં પુસ્તકોને લીધે મેં જેમતેમ કરીને ટેસ્ટ તો પાસ કરી. ફીસ દીધી હતી તેથી ટેસ્ટ ન પણ આપી હોત તોયે પરીક્ષામાં બેસવાની પરવાનગી તો આપત જ, પણ પછી ? પરીક્ષાની ફી તો દેવાની હતી ! અને એય કેટલા બધા રૂપિયા !

દેશમાં ઘરની હાલત તો ખરાબ જ હતી, – કાકાના પત્ર પરથી એ સમાચાર તો મને મળી જ ગયા હતા, એવામાં ખાવાનાય સાંસા પડવા માંડ્યા – હજુ નવો પાક થયો ન થયો ત્યાં જ ! માની લક્ષ્મીપૂજાનો સિંદૂર ચોપડેલો છેલ્લો રૂપિયો પણ વપરાઈ ગયો હતો – વખતે ગાય વેચીને થોડા રૂપિયા મોકલી શકત.

મેં લખી નાખ્યું. ગાય વેચવાની જરૂર નથી. હું ગમે તેમ કરીને પૈસાની સગવડ કરી લઈશ.

પણ સગવડ કરું ક્યાંથી ! સ્ટુડન્ટ્સ એઈડ ફંડમાંથી પંદર રૂપિયાની મદદ મળી, પણ પછી ?

સરકાર શેઠે મને બોલાવ્યો. અને કહ્યું, "પરીક્ષાની ફી માટે ફિકર ન કર, હું પચાસ રૂપિયા આપીશ."

આટલી બધી દયા !

સર, આટલા દિવસમાં હું બરાબર સમજી ગયો છું. દયા કેવળ દયા માટે નથી હોતી. એની પાછળ એક જબરદસ્ત માંગ હોય છે. પૃથ્વી પરની દયાની કિંમત સાંઘાતિક ભાવે ચૂકવવી પડતી હોય છે.

ફી દેવાઈ ગઈ, એ પછી – એ પછી આ છ મહિનાથી હું લગાતાર દયાનું ઋણ ફેડી રહ્યો છું.

તમે માનશો, સર, ગણિત, ફિઝિક્સ – કેમેસ્ટ્રી, બંગાળી, અંગ્રેજી કશું જ ન વાંચી શક્યો. પચાસ રૂપિયાની બદલીમાં રાતની રાત જાગીને, ડોળા તો જાણે હમણાં બહાર નીકળી પડશે, એવી હાલતમાં, અને માથા પર જાણે વીસ મણનો બોજો ઉપાડી હું સરકાર શેઠનાં ચોપડાઓ તૈયાર કરતો રહ્યો.

શાનાં ચોપડાઓ ! ઈન્કમટેક્સને ઊંઠાં ભણાવવાના ચોપડા. છાનાં ગુપ્ત ચોપડાઓ. પચાસ રૂપિયાનું દેવું, પ્રત્યેક સ્નાયુ વડે, એક એક લોહીનાં ટીપાં વડે મારે ચૂકવવું પડયું છે. આ પછી પણ શું હું અભ્યાસ કરી શકું ? હું અતિ–માનવ તો નથી !

તોય પરીક્ષા દેવા આવ્યો હતો. તોય આશા નહોતી છોડી. મને થયું હતું કે વખતે એકાદ મિરેકલ – ચમત્કાર જો થઈ જાય ! આ ચોરી કરી હવે મારો હાથ પાકો થઈ ગયો છે. કોપી કરવા માટે હું પુસ્તકનાં પાનાંઓ ફાડીને સાથે લાવ્યો હતો. પણ મિરેકલ ન થયો. ખમીસ નીચેથી હું કાગળની એકાદી ચબરખી પણ ન બહાર કાઢી શક્યો. ન તો ફર્સ્ટ પેપરમાં, કે ન સેકન્ડ પેપરમાં, કે થર્ડ પેપરમાં – મારી આંખો સામે બધું નાચી રહ્યું છે. કેવળ સરકાર કંપનીનાં ખોટાં, બનાવટી હિસાબોના ચોપડાઓ મારા મગજમાં ઘૂમરી લઈ રહ્યા છે. પ્રત્યેક છાત્ર અને ઈન્વીજીલેટરના ચહેરા એક એક જમા ખર્ચના પાના જેવા દેખાતા હતા.

આ બંગાળીનું પેપર મારું છેલ્લું પેપર છે સર, વૉર્નિંગ બેલ વાગી ગયો. હવે પાંચ જ મિનિટમાં પેપર ઝૂંટવી લેશે. મારી વાત પણ પૂરી થવા આવી છે.

આજ સાંજ પછી કોઈ પણ એકાદ ટ્રેનનાં પૈડા નીચે મારા મનનો બધો બોજો

ઉતારી નાખીશ.

સર, મેં જીવવા ઇચ્છયું હતું. – હું સ્વાધીનકુમાર, મેં સ્વાધીન ભારત–વર્ષ માટે જીવવા ઇચ્છયું હતું. શા માટે હું જીવી ન શક્યો ! મારા જેવા હજારો વિદ્યાર્થીઓ તરફથી એ જ પ્રશ્ન તમારી સામે હું રજૂ કરતો જાઉં છું. જવાબ તમે વિચારી જોજો.

કાયરની જેમ હું આપઘાત કરું છું ? ના, ના આ મારી હાર નથી. મારો પ્રતિવાદ છે. બેંતાળીસના સપ્ટેમ્બરની એક પ્રલયંકરી રાતે મારા બાપુએ દેશની જમીન પર પોતાની છાતીનું લોહી રેડ્યું હતું. હું પણ મારું લોહી દેશના લાખો વિદ્યાર્થીઓ – વિદ્યાર્થીઓનીઓ માટે વહેવડાવી ઇતિહાસની એક પ્રસ્તાવના કરી જાઉં છું. સૂચના કરી જાઉં છું. એ ઇતિહાસ ક્યારે ઘડાશે તે મને ખબર નથી. તમને ખબર છે, સર ! તમે કહી શકો છો !

પ્રણામ.

નાનકડી કથા

સંતોષકુમાર ઘોષ

એ મારી પીઠ પર ઝૂકી પડ્યો હતો – તેનો શ્વાસોચ્છ્વાસ મારા કાનને અડતો હતો. મારા હાથની આંગળીઓ કેવીયે નિશ્ચેતન લાગતી હતી. તેને મેં બોલતાં સાંભળ્યો, "શા માટે નકામો જૂનાં કાગળિયાં વીંખે છે ! ધૂળ ઉડાડે છે ! સરસિજ એ વાર્તા તને કેમેય નથી જડવાની."

તેનું મોં મારા કાન પાસે. અસ્વાભાવિક ભૂતિયો, સિસકારા જેવો અવાજ, શ્વાસનળીમાં કાણું હોય તો આવી જાતનો અવાજ નીકળે.

મેં કહ્યું, "એ ભલે, પણ મારે એ વાર્તા જોઇએ છે."

"જોઇએ જ છે ?" એણે મશ્કરી કરી. "શા માટે જોઇએ છે ?"

"સરખાવી જોત. એ જ અસલ છે કે વિજુમામીની વાર્તા, જે મેં તને કહી તે ?"

"એ વાર્તામાં શું આવે છે ?"

"બધું તો યાદ નથી. આંધી-તોફાન, વરસાદની રાત, સૂસવાટા મારતો પવન, અમારા ઘરને ઓટલે બેઠેલી ભિખારણે ઊંધા પડી પોતાના બાળકને ઢાંકી દીધું. બાળક તોય રડ્યું હતું. ભૂરું થવા માંડ્યું હતું. અંતે આમતેમ જોઇ એ બાઇએ પોતાનો પહેરેલો સાડલો કાઢી એની ત્રણ-ચાર ઘડી કરી બાળકને વીંટી દીધું. કેવળ એ દશ્ય જ યાદ છે."

સાંભળીને એ ખડખડાટ હસ્યો. કાળા ઢીલા ઝભ્ભાની ઘડીએ ઘડી ફૂલી ઊઠી અને મોજાં બની રાત્રીના રંગ સાથે મળી જતી હતી.

એની આંખો સામે તાકીને જોવાની મારામાં હિંમત નહોતી. મેં ક્ષુબ્ધ કંઠે કહ્યું,

"આ વાર્તા કંઇ હસવા જેવી છે ?"

એ બોલ્યો, "હાસ્યાસ્પદ, એ તો તને પણ ખબર છે. કેટલા દિવસ પહેલાં લખી હતી કહે જોઉં ?"

"વરસ તો ગણીને નહિ કહી શકું. પણ જ્યારે એક પૈસાના શીંગદાણા લઇને એક કલાક વિતાવી શકાતો, ચાની દુકાનમાં બે પૈસાનો એક કપ લઇને બે કલાક. બે આનામાં બપોરે ધરમતાલાથી અલિપુર ફરીને બાલિગંજ પર્યંત જવાતું. ત્યારની –"

હાથ ઊંચો કરી એણે કહ્યું, "બસ, હવે જરૂર નથી, સરસિજ, એ વાર્તા તું શોધીશ નહિ."

"કેમ નહિ મળે ?"

"કેમ કે નથી એટલે."

એણે જરાક ખાંસી ખાધી. એ જ અતિ સાધારણ રીતે મલકાયો. "વાર્તા અસલમાં મારી પાસે છે. આ જો." કહીને એણે પોતાના કાળા ઝોળામાં હાથ ખોસી દીધો – દરેકે દરેક ઘડીમાં, મોજાં ઊઠ્યાં, રાત્રીના શરીરમાં મળી ગયાં. કોઇ એક વસ્તુ એણે બહાર કાઢી અને મારી આંખો સામે હલાવવા માંડ્યો. આછા અંધકારમાં કળી ન શક્યો. મને થયું એકાદ બિલાડીનું બચ્ચું. સુકલકડી, હાડકાંનું ચામડે મઢ્યું માળખું. આંખોના ડોળા બહાર નીકળી પડ્યા હતા. નિસ્તેજ કીકી.

હાથ લંબાવી એને અડી મેં હાથ પાછો ખેંચી લીધો. એ હસતો હતો. "જોયું ને ! તું પણ હવે એને ચાહતો નથી. જેને અડવાનો આટલો ડર, એને ટકાવી શી રીતે રાખીશ !"

અદ્‌ભુત પ્રાણીને એણે ફરી પોતાના ઝભ્ભામાં ઘુસાડી દીધું. "એ છો મારી પાસે રહે." આંખો પટપટાવી મેં એની સામે જોઇ ડરતાં ડરતાં પૂછ્યું, "તું કોણ છે !"

જવાબ ન દેતાં આસ્તે આસ્તે એ પાછો હસ્યો, "એનો ઝભ્ભો કંપ્યો. કાંપતાં કાંપતાં, વારે વારે કંપીને રાત્રીમાં મળી જઇ સ્થિર થયો. મેં તાકીને જોયું. એ પણ ક્યાંય નહોતો. ત્યારે મેં એને ઓળખ્યો. એ હતો સમય. એ જ સમય. જ્યારે એક પૈસાના શીંગદાણા, વગેરે. જ્યારે ગેસના થાંભલા પરની જાહેરખબરથી 'ઘર ખાલી'થી માંડીને 'નોકરી ખાલી છે', 'મૂરતિયા કે કન્યાથી માંડીને વિદ્યાર્થી – વિદ્યાર્થીનીઓની ભાળ મળતી. જ્યારે મમતામયી મા પેલી ભિખારણ સ્ત્રી –

સમયે મને અત્યારના પ્રકાશમાં દેખાડ્યું એટલે જ તો એ બનાવ મને મરેલા રૂંવાડા ખરી પડેલા બિલાડીના બચ્ચા જેવો લાગ્યો હતો. મને જો એ ઝભ્ભામાં ડોકિયું કરવા દેત. જો તે વખતની નજર અને ઉમર પાછી આપત, અને મન અને પ્રકાશ, અને ત્યારની ગંધ, મોહ બધું જ, તો એ સુંદર નિર્લજ્જ ભિખારણને ફરી જીવિત જોઇ શકત. પેલા ઝભ્ભામાં બધું જ જીવંત, બહાર ખેંચી લાવ્યા કે મડદું.

"પછી શું થયું સરસિજ ?"

"પછી વિજુમાસીએ ખૂબ ઠંડા અવાજે મને કહ્યું, "આવ." ટેક્સીનું મીટર ચૂકવી હું નીચે ઊતર્યો. કાચી ખુલ્લી ગટર, ખાસ્સો મોટો કૂદકો મારવો પડ્યો હતો. શાર્કસ્કીન પર તોય જરાક કાદવનાં છાંટા ઊડ્યા હતા."

આ ગલી જાણે ટેક્સીના બરાબર માપેમાપ બનાવી હતી. જેમ કે દિવાસળીની ડબ્બી અને એનું ખોખું. અંદર પેસતાં જ લાગ્યું કે આ જગ્યા જાણીતી છે. કંઇ નહિ તોય વાસ તો ખરી જ. પહેલાં અહીં હું રહ્યો છું. અચાનક જૂની પ્રેયસીના ઘરમાં દાખલ થતાં જેવું લાગે. – મૂંઝવણ, સંકોચ, ખચકાટ, અને છતાં જાણે જાણીતું જાણીતું, શરીરના પ્રત્યેક સળ, વળાંક, બગાસું, વાળની ગંધ. પહેલાં જેમ વર્ત્યો છું તેમ હવે નહિ વર્તી શકું. વિચિત્ર લાગશે. સામસામાં બેસશું તો પણ મોં પાસે મોં નહિ

લઈ શકું, થોડું અંતર તો રહી જ જશે.

વાંધો શો હતો ? – મારી ઉંમર ! બુશર્ટના ખીસાને ફુલાવતી કડકડતી નોટોની થપ્પી ! બૂટનો ચમચમાટ થોડો ઓછો કરી શક્યો હોત.

વિજુમામી એક ફાનસ લઈને આવ્યાં. મેં કહ્યું, "જરૂર નહોતી, હું એમ જ આવત. – પરિમલને કેમ છે મામી ?"

બોલતાં બોલતાં જ ઓરડીમાં જઇને હું ઊભો રહ્યો, તે વખતે જો શરીરમાં તાવ હોત તો એકદમ પરસેવો છૂટી, તાવ ઊતરી જાત. બારણું તો ચોક્કસ એક હતું જ, નહિ તો હું અંદર જ શી રીતે આવ્યો હોત; બાકી કહી શકાય એવું કશું જ નજરે ન પડ્યું – પરિમલ કેમ છે !"

વિજુમામીનું ગંભીર મોં જોઈને જ મારે સમજી જવું જોઈતું હતું કે સવાલ નિરર્થક હતો.

મામીએ આંગળી વડે અંદરની ઓરડી દેખાડી દીધી. એક સ્ટૂલ હતું. હું બેઠો. જો કે મારા પેટની ચરબી પર દબાણ આવતું હતું. છાતીનાં બટનો ખોલી નાખું કે કેમ, એમ વિચારતો હતો, અને પગમાં જોડા સાથે ઘરમાં આવ્યો એ યોગ્ય કર્યું કે નહિ, એ નક્કી કરવા માટે. ઓરડીમાં બીજા કોઇના જોડા છે કે નહિ, એ પછી ભલેને જૂના કે ફાટેલાં હોય, એ જોવા મેં નજર ફેરવી.

"ચા લાવું ?"

હું ભાનમાં આવ્યો. જોયું વિજુમામી પૂછતાં હતાં. મે કહ્યું, "લાવો." ઓરડાના એક ખૂણામાં એક કપને કીડીઓ ચાટતી હતી. બે વાંદાઓ અંદરથી મૂછ બહાર કાઢી ડોકિયું કરતા હતા. કપને ઉઠાવીને વિજુમામીને જતાં જોયાં.

(સરસિજ પછી ? કંઇ છુપાવીશ નહિ)

"ના, છુપાવીશ નહિ. જો તું કોણ છે એ ખબર નથી. વખતે મારો આત્મા, વખતે વિવેક, અથવા તો ફાધર કન્ફેસર. બધું જ કહીશ, કહેવા તો બોલાવ્યો છે તારી પાસે કબૂલ કરું છું. આ હું પી શક્યો નહિ. શું થયું હતું ખબર છે ! હાથ લંબાવી કપ લેવા જતો હતો, ત્યાં અચાનક હાથમાંથી વછૂટી જઇ જમીન પર પડી ગયો. મારા સફેદ દૂધ જેવા શાર્કસ્કીન પર બીજા પણ થોડા છાંટા ઉડ્યા હતા. વિજુમામી લજ્જિત બની બોલ્યાં, "ઓહ !"

ઉતાવળે લુછવાનું મસોતું લેવા દોડ્યાં." મેં કહ્યું, "અરે !"

હસે છે ? તું શું કહીશ એ મને ખબર છે.

મેં જાણી જોઇને જ કપ પાડી નાખ્યો હતો અથવા મારી વૃત્તિએ પડવા દીધો હતો ! જરાક વાર પહેલાં જ મેં એ કપમાં વાંદો જોયો હતો. તે સિવાય ગંદવાડથી ખદબદતી ભોંય. બદહજમી જેવી ખાટી વાસ, એ ઘર – ત્યાં બેસીને મારા ગળેથી કશું જ ઊતરત નહિ.

પણ એ માટે મારા મનમાં અનુતાપ નહોતો – એમ નહિ. કામ રુચિકર નહોતું

થયું. અનાડી જેવું અશિષ્ટ લોકો જેવું આચરણ, વિજુમામીની નજરે મને પકડી પાડ્યો હતો કે નહિ, ખબર નથી. શું કરું, પણ આપણે બધાં જ તો વૃત્તિનાં દાસ છીએ. જો ઊબકા આવે, એ કંઇ મારે વાંક ? શું આપણે ઓડકારને રોકી શકીએ છીએ, અથવા હેડકીને અટકાવી શકીએ છીએ ?

(તને યાદ ન આવ્યું કે વધુ નહિ માત્ર દસ બાર વર્ષ પહેલાં તું પણ આનાથીયે ઊતરતી પાયરી પર હતો. આ જાતની ગલી, આ ઘર, તારા શ્વાસોચ્છ્વાસ સાથે સહેલાઇથી ભળેલું હતું.)

હતું ! હવે નથી, જો આપણે એક ટેવ પરથી – બીજી ટેવ પર ઉતરી જઇએ, જાણે બીજો જન્મ. એક દિવસ એ અંધ-કૂપ સાથે એકાકાર થઇ ગયો હતો. એ વાત જેમ સાચી છે, તેમાંથી નીકળી આવ્યો છું એ પણ એટલી જ સાચી છે. વાસ્તવિક સ્થિતિ અકપટ ભાવે – નિખાલસતાથી કબૂલી શકાય. દસ વર્ષની વયે સિવડાવેલું ખમીસ વીસ વર્ષની વયે જો શરીરે ન ચડે તો એ કોનો વાંક ? જેનું શરીર છે એનો તો ચોક્કસ જ નહિ. – સમયનો જ તો !

બાજુની ઓરડીમાંથી ઘરઘર અવાજ આવતો હતો. એ તરફ કાન રાખી મેં વિજુમામી ભણી પ્રશ્નભરી નજરે જોયું.

"પરિમલ. છાતીમાં કફ જામી ગયો છે, શ્વાસ લેવામાં તકલીફ પડે છે, તેથી આખો વખત એવો જ અવાજ થાય છે. અત્યારે તો ઊંઘે છે, તો પણ."

ગંદકીથી ખદબદતી ભોંય, જાણે કેટલા વખત પહેલાંની જામેલી લીલથી એ બની હતી. ઘરની સપાટી રસ્તા કરતાં કેટલાક વહેંત નીચી, જાણે એક સૂકો હોજ.

("સરસિજ, બસ કર, આ પછી તું શું શું બોલીશ, એ મને ખબર છે. મોભનાં લાકડાંને ઊધઇ, ફાટેલાં ગાદલા અને ગોદડાં. બારણાને ખૂણે જાળાં, આ જ બધું ને ! ના, ખોટું નહિ હોય, પણ વર્ણનમાં જાન નહિ હોય. જે જીવનમાં તું કોઇ અંશ નથી એની છબિ આંકવાનો પ્રયત્ન ન કર.")

બુઝું – બુઝું થઇ રહેલા ફાનસમાં ફટ ફટ અવાજ થતો હતો. એ તરફ નજર રાખી હું બોલ્યો, "પરિમલ કેટલા દિવસથી માંદો છે મામી ?"

"આજ બાવીસ દિવસ થયા."

"દાક્તર શું કહે છે ?"

"દાક્તરને હજુ સરખો દેખાડ્યો છે જ ક્યાં કે કંઇ બોલે ! અભાગણીના હાથમાં કંઇ છે જ નહિ. ગળું અડવું, હાથે અડવા, એની તો સામેય જોવાતું નથી, સરસિજ; લગન વખતે જે બેચાર તોલા સોનું દીધું હતું એય આટલાં વરસમાં વેચી માર્યું."

"મામી, તમે ક્યારે આવ્યાં ?"

"બુધે બુધે આજ આઠ દિવસ. પેટની દીકરી છે ને ? ખબર મળતાં જ રહેવાયું નહિ. સરસિજ તને તો ખબર છે કે આ ખુકુ મને કેટલી વહાલી છે."

"મામી, મને તો ખબર છે."

"હાથવગું જે હતું, તે બધું એકઠું કરીને દોડી આવી. ત્યાંના હાલ પણ તારાથી ક્યાં અછતાં છે ! ટુકુ આ વખતે પરીક્ષા દેશે – હજુ ફી પણ નથી ભરી."

"સમજું છું, મામી."

આંખો પર પાલવ દાબી વિજુમામીએ એમનો ફાટેલો પાલવ દેખાડ્યો.

"સરસિજ છોકરીઓનાં ફરાકે બધાં ફાટી ગયાં છે. બે મહિનાનું ઘરભાડું બાકી છે. છવ્વીસ દૂ ને બાવન રૂપિયા. એક વેળા ભાત તો બીજી વેળા રોટલી, તેય મહિનાનું પૂરું રેશન તો ખરીદી જ નથી શકતી. તોય –" વિજુમામી બોલ્યાં, "તોય ખબર પડતાં જ જે હતું તે લઇને આવવું પડ્યું. પહેલાં પરિમલની જિંદગી, પછી બીજી વાત."

પાલવના છેડે બાંધેલી ગાંઠ છોડી વિજુમામીએ એક નોટ કાઢી હતી – જૂની પુરાણી ચોળાયેલી. એક પગલું વિજુમામી આગળ વધ્યાં હતાં. સ્થિર દષ્ટિ, હું પાછળ હટ્યો હતો. હું સમજી ગયો હતો કે શા માટે. વિજુમામી મારા હાથમાં રૂપિયા ખોસી દેશે. ખોસી પણ દીધા. એમનો હાથ ધ્રુજતો હતો, એમનો અવાજ પણ.

"મારા હાથમાં હવે કશું જ નથી, સરસિજ, જો પરિમલનાં ઇંજેકશન આમાંથી તું લાવી આપે તો, પાછા જવાને આટલા રૂપિયા ગાડીભાડાં માટે મહામહેનતે બચાવી રાખ્યા હતા."

રૂપિયા મેં લીધા નહિ, લઇ શક્યો નહોતો. ચાલ્યો આવ્યો હતો. પણ એય કંઇ મોટી વાત નહોતી. મને મારી પેલી વાર્તા યાદ આવી. 'ક્રોડ પત્ર' – ભિખારણે પોતાનો પહેરેલો સાડલો કાઢીને પોતાના ખોળાના શિશુને વીંટી દીધો હતો.

(ખુકુ એટલે કે ઉષાને તું તે દિવસે મળ્યો નહિ, સરસિજ !)

"મળ્યો હતો, ફાનસ લઇને ઉષા જ મને મૂકવા મારી પાછળ ગલીના નાકા સુધી આવી હતી."

ત્યાં પહોંચ્યા પછી હું પાછો વળીને ઊભો રહ્યો. ફાનસનાં પ્રકાશ અને મેશને લીધે જાણે એનું શરીર અલગ અલગ ટુકડામાં વહેંચાઇ ગયું હતું. "તું કેવી થઇ ગઇ છો ઉષા ?" ઉષા હસી. મોં ફેરવી લીધું.

"હમણાં જ માંદી પડીને ઊઠી છું ને ! તેમાં પાછા એ માંદા પડી ગયા. રોજ જ લગભગ આખી આખી રાતના ઉજાગરા."

ઉષાએ માથે નહોતું ઓઢ્યું, તેથી વાળ ઊડતા હતા. ફાનસની વાટ કંપી કંપીને એના શરીર પર, ચહેરા પર, ખભા પર, ગાલ પર, આંખો પર, છાયાપ્રકાશની રૂપરેખા આંકતી હતી. ઉષા ફરી હસી. "શું જુઓ છો ! ભૂતડીને ! આ થોડાંક વરસમાં તો સાવ ભૂત જેવી જ થઇ ગઇ છું, નહિ ?"

મારે કહેવું ઊચિત હતું કે ના, તું જેવી હતી તેવી જ છો, પણ હું ચુપ રહ્યો.

ઉષા અચાનક મોં દાબી હસી, "પણ તમે બદલાઇ ગયા છો." - તમે વધુ જાડા થયા છો. ઉષાએ એ વાત જુદા રૂપે કહી હતી કે નહિ, એ હું નક્કી કરી શક્યો નહિ, તેથી મેં રૂમાલથી મારું મોં લૂછ્યું. મારું શાર્કસ્કીન, મારું બુશર્ટ તે વખતે મને ભોંકાતું હતું.

ઉષાને મેં બોલતાં સાંભળી, "અમારી આ ગલીમાં ટેક્સી નહિ મળે, સમજ્યા ! આખી રાત ઊભા રહેશો તોય નહિ."

વ્યંગ સમજતાં હું છોભીલો પડી ગયો. અને ઉતાવળે મોટા રસ્તા તરફ ચાલવા માંડ્યો. હમણાં આવું છું કે કાલે આવીશ, એવું જ કંઈક અસ્પષ્ટ બોલ્યો હોઈશ.

એણે કહ્યું, "સરસિજ, તારું જમવાનું ઢાંકેલું પડ્યું છે, તું તો એને અડ્યો પણ નહિ !"

મેં કહ્યું, "ના, અહીં વરંડામાં બેસીને મને સિગારેટ પૂરી કરી લેવા દે."

એ હસ્યો. ખૂબ જ કઢંગી રીતે પાછળથી આવીને એ મને વળગી પડ્યો. અંધકારના રંગના એના હાથ મારા ગળાની આસપાસ વીંટળાયેલા હતા – "મારું ગળું દાબી દઈશ !"

જેનો ચહેરો હું અત્યાર સુધી જોઈ શક્યો નહોતો, પણ તે હતો, મને વીંટળાયેલો હતો. મેં તેને બોલતાં સાંભળ્યો, "તને ખલાસ કરવાથી શું વળશે ! જરાક જેટલી રાખ થઈને રહી જઈશ. થોડોક ધુમાડો બનીને ઊડીશ. અચ્છા, બીજું, આ બે કલાકમાં તે કેટલી સિગારેટ ખલાસ કરી કહે જોઉં ! એના કરતાં જમવાની થાળીનું ઢાંકણું ખોલ, અને પેટમાં કંઈક નાખ."

"તને કહ્યું તો ખરું કે મને ભૂખ નથી."

"કેમ નથી ?"

"કેમ, એ તો તને ખબર છે. મારું મન ઉદાસ છે. ઉષાને આજે હું જોઈને આવ્યો છું એટલે. એ ઓરડામાં દાખલ થતાં એની હાલત જોઈ રડવું આવે. ખબર છે ઉષાનો વર પરિમલ ખૂબ જ માંદો છે – બચવાની યે આશા નથી. ઉષાના હાથમાં પૈસાય નથી. ઘરમાં હાથે પહેરવાની પાતળી બે સોનાની બંગડીયે નથી."

બોલ્યો, "ખબર છે. સરસિજ, પણ શું તું એટલે ઉદાસ છે ?" એની બોલવાની ઢબ કેવીયે વ્યંગભરી હતી.

મેં કહ્યું, "એની સાથે વાત કરતાંય મને દુઃખ થતું હતું. ઉષા મારે માટે શું છે, મારી કોણ છે, તે તને ખબર નથી એટલે જ આમ બોલે છે, શું થઈ શકત એ. એક ભૂલને લીધે આજે એ કેટલી મોટી કિંમત ચૂકવી રહી છે."

એ ખડખડાટ હસી પડ્યો. એ હાસ્ય ભાંગેલા ગ્લાસની અગણિત કાચની કણીઓ માફક મને વાગતું હતું. એણે હસવું રોકી કહ્યું, "છાતી પર હાથ મૂકીને કહે જોઉં સરસિજ, સાચે જ તું દિલગીર છે ! તને તરછોડી પરિમલને ઉષા પરણી, અને એ સુખી ન થઈ, આજે અંધકાર ઘરની ઓરડીમાં એ ગૂંગળાય છે, એ જોઈને તું જરાયે રાજી નથી થયો ?"

મેં કંઈ જવાબ ન આપ્યો. આપીને શો ફાયદો ? એ હલકટ છે. એ અવિશ્વાસુ છે, એ ઉષાને ઓળખતો નથી. વિજુમામીની વાત હું એને કહીશ તો શું એને સમજાશે ખરી !

દીકરી પર વિજુમામીને ખૂબ જીવ. છેલ્લી દસની નોટ પણ એમણે છેડેથી છોડીને આપી દીધી. આ વાત સાંભળીને પણ એ વખતે ખડખડાટ હસશે.

(સરસિજ, બીજે દિવસે સવારે ફરીવાર તું ત્યાં ગયો હતો !)

"ગયો હતો. ટેક્સી તે દિવસે ગલીમાં નહોતી લીધી. હાથમાં દવા, ખીસામાં ફળ, ધોતિયાના છેડાને બરાબર સાચવતો હું ઉષાના ઘરના બારણે જઈને ઊભો રહ્યો. ચારેકોરનાં મકાનોમાં ત્યારે હજુ બધે જ ધુમાડિયા કોલસાના ચૂલા સળગી રહ્યા હતા.

બારણાં ખોલીને આજે પણ વિજુમામી જ ઊભાં હતાં.

"પરિમલને કેમ છે, મામી !"

"એમનું એમ જ. આવને !"

દિવસના જેટલા અજવાળાને અંદર પ્રવેશવાની પરમિટ મળી હતી તેના પરથી ઘરનો અત્યંત દરિદ્ર દેખાવ છતો થતો હતો; વર્ણન કરવા નથી માગતો. જૂનો અંગૂછો, ફાટેલી લૂંગી, દીવાલ પર ડાઘા, ગંદાં ગાદલાં, માખીઓ આ બધું તો હતું જ; હોય જ ને ! રહેશેય ખરું. આગલા દિવસનો મૂડો શોધી કાઢ્યો. આજે ધોતિયું અને પહેરણ પહેર્યાં હતાં. તેથી બેસતાં અગવડ ન પડી.

વિજુમામીના હાથમાં દવા મૂકી દીધી. ફળનું પડીકું પણ. વિજુમામીનું મોં દબાયેલી ખુશીથી ઉજ્જવળ બની ગયું. તે એમણે છુપાવવાનો પ્રયાસ પણ ન કર્યો.

બાજુની ઓરડીમાંથી ઘર ઘર અવાજ આવતો જ હતો. મારા કાન કઈ તરફ છે એનો અંદાજ આવતાં જ વિજુમામીએ કહ્યું, "કાલ આખી રાત આમ જ કાઢી છે. મા દીકરી વારાફરતી આખી રાત જાગ્યાં છીએ. ખુકુને બહાર મોકલી હું બેઠી રહી, અને આખી રાત ભગવાનને પ્રાર્થના જ કરી છે, આજની રાત જો હેમખેમ નીકળી જાય તો સારું. અને એણે આ ઓરડીમાં બેઠાં માથાં પછાડી પછાડીને લોહી કાઢ્યું છે, પેલી ઓરડીમાં બીમારનો કણસાટ, એ તે કેવી બિહામણી રાત, એ હું તને નથી કહી શકતી, બાપ," વિજુમામી જરાક અટક્યાં.

"વચ્ચે વચ્ચે ખુકુ દોડીને એ ઓરડીમાં આવતી. એના મોં સામે તો જોવાય એમ જ નહોતું. આંખો જાણે બળતી હતી. કાલ તો તેં એને જોઈ છે ! કપાળ તો લોહીલુહાણ કરી નાખ્યું છે. પરિમલની છાતી પર હાથે હું જ ફેરવી દઉં છું, બેડ-પેન દઉં છું, અને ખુકુને તો ઝાઝું ત્યાં ફરકવાય નથી દેતી. એના શરીરના હાલ જોયા છે ને ! હાડકાનું માળખું જ જોઈ લ્યો. નસીબમાં જે લખ્યું હોય તે કોણ મિથ્યા કરી શકે ! પણ જ્યાં સુધી હું છું આંખ સામે, ત્યાં સુધી સાચવ્યા કરું છું. સરસિજ, ગમે તેમ પણ મા છું ને ?"

મારાં તો સાંભળીને રૂંવાડાં ઊભાં થઈ ગયાં. મામીની આંખો નીચે કાળાં કુંડાળાં. વાળ જાણે ખડી-ચૂનાનાં પાણીમાં ન બોળ્યા હોય ! મેં કહ્યું, "તમારી તબિયતેય ક્યાં સારી છે, મામી ! આ રીતે જાગશો તે તમેય તો પટકાઈ પડશો."

વિજુમામી હસ્યાં, હાસ્ય-રૂદન મિશ્રિત એક અલ્પસ્થાયી જલચિત્રની છાપ એમના

ચહેરા પર અંકિત થઇ. "મારી તો વાત જ જવા દે, હું તો ખર્યું પાન, આજે તેડું આવે, કે કાલે આવે તો છો આજે જ આવે, પણ જો જાણી લઉં કે હવે ડર નથી, અભાગણી સર્વનાશમાંથી ઉગરી ગઇ છે તો બસ !"

(સરસિજ, એ એક જ વાક્યથી તું વિજુમામીને નવતર પ્રકાશમાં જોઇ શક્યો !)

"હા, એ પળે મને વિજુમામી ગરીબ ન લાગ્યાં. નસીબનું ચક્કર, અછત અભાવની ખેંચતાણીમાં વિજુમામીનાં ઘરનાંએ સર્વસ્વ ગુમાવી દીધું હતું – તોય જેટલું સાચવી શક્યાં હતાં, એની કિંમત પણ કંઇ ઓછી નહોતી. એ પણ એક અલગ જ જીવન. – જ્યાં એક જણના સહારે બીજો એક જણ ઊભો રહે, ઊભો રહી શકે. જેમ હલકાં ગંજીફાનાં પાનાં એકબીજાને ટેકે અડીઅડીને ઊભાં રહે. બીમાર માટે ભાડૂતી નર્સ રાખવાની તો તેઓમાં ત્રેવડ જ નહોતી, એ ખરી વાત, પણ હોત તોય ન રાખત. આ જીવનને હું એક દિવસ ઓળખતો હતો. આજે ફરી જાણ્યું.

મેં ધીમે સાદે પૂછ્યું હતું, "મામી, ઉષા ક્યાં છે ?"

વિજુમામી કહે, "ઊંઘે છે, આખી રાત ઘડીએ ઘડીએ અહીંથી તહીં કરીને એવી થાકી ગઇ છેં કે અબઘડી જ આંખ મળી છે; એટલે જ ઉઠાડી નહિ. છો ઊંઘે ! હવે પાછું ફરી જિંદગીમાં ક્યારે ઊંઘવા મળશે, શી ખબર !"

બહાર, ગલીના નાકે લાગે છે એક કૂતરું રડતું હતું. તે તરફ આંગળી ચીંધી ઇશારો કરી વિજુમામી ગુસપુસ કરતાં બોલ્યાં, "જો સાંભળ, રોજ રોવે છે. સવાર, બપોર, સાંજ, મધરાતેય, ત્યારે તો સાવ બારણાં પાસે આવીને રડે. આ ખૂબ અપશુકનિયાળ કહેવાય. લાગે છે પરિમલ હવે નહિ બચે, બાપ."

એકાએક કોણ જાણે મને શું થયું ! એ એક જ વાક્યે મને પોતાને પણ ખૂબ જ નકામો અને અસહાય કરી દીધો. મહામહેનતે મેં ઊભા થઇ, મારા અવાજમાં જેટલી તાકાત હતી તે ભેળી કરી કહ્યું, "બચશે, મામી, આપણે એને સાજો કરી દેશું."

વાક્યનો મર્મ ન સમજી શકતાં વિજુમામી મારી સામે જ એકીટશે જોઇ રહ્યાં. મેં કહ્યું, "આપણે એને સારો કરી દેશું, મામી. આપણાથી બનશે એટલું કરી છૂટશું, મામી." મેં જરાક ગળું ખંખારી, સંકોચ દૂર કરી કહ્યું, "મામી, તમે માઠું નહિ લગાડતાં. અત્યારે જો કે મારો હાથ પણ ભીડમાં છે ખાસ હાથવગુંય કંઇ નથી. તમને તો ખબર છે કે આજકાલ હું લખનૌમાં રહું છું. આ કેટલાક દિવસથી હોટેલનોય ઘણો ખર્ચ થઇ ગયો છે. તોય સામાન્ય જે કંઇ છે એમાંથી થોડુંક દવાદારૂ, ફળફૂલ, દાક્તર વગેરે માટે દઇ જવા માગું છું."

હું ખીસામાં હાથ નાખવા જતો હતો. વિજુમામીએ હાથ લંબાવી મને રોક્યો. તેઓ ખૂબ જ લાગણીવશ થઇ ગયાં હતાં. એમની આંખોમાં ઝળઝળિયાં. હાથ લંબાવી કહે, "ઊભો રહે, બાપ, ના – ના, મને નહિ, એના જ હાથમાં દે. તો ખુકુને લાગશે ભરી દુનિયામાં એ સાવ એકલી અટૂલી નથી. એનીય પડખે ઊભો રહેનાર મિત્ર છે."

વિજુમામી રીતસર દોડીને અંદર જવા જતાં જ હતાં. અચાનક અટકીને ઊભાં

રહ્યાં. મોં પર કેટલીક રેખાઓ ઊપસી આવી. એક વાર પાછાં વળી મારી આંખો ભણી તાકી રહ્યાં. એ દશ્ય હજુ મારી આંખો સમક્ષ તાદશ છે. કંઈક કહેવા માગતાં હતાં મામી. કોઈ એક વાત જીભને ટેરવે આવીને અટકી ગઈ હતી.

વિજુમામી પાછાં મારી પાસે આવ્યાં. જેટલું પાસે આવી શકાય – "સરસિજ" (મામીને ખૂબ ધીરેથી પૂછતાં સાંભળ્યાં) "સરસિજ, કેટલા !"

પહેલાં તો હું અર્થ જ નહોતો સમજ્યો. ફરી પાછા વિજુમામી એ જ સ્વરે બોલ્યાં, "કેટલા ?" ત્યારે તરત જ અર્થ સમજાયો. પેલો કૂતરો હજુયે ભસતો હતો.

સફેદ દૂધ જેવા કુર્તાના છાતી પાસેના ખીસામાંથી એક નોટ બહાર કાઢી. 'એકસો રૂપિયા, હું કહેવા જતો હતો, "મામી, અત્યાર પૂરતા – " વાક્ય પૂરું ન કરી શક્યો.

"એ – ક – સો –" એક પલકમાં તો વિજુમામીને બદલાતાં જોઈ રહ્યો. ગળાનો અવાજ પણ એમનો જ હતો, એમ કળવો મુશ્કેલ હતો.

"એ – ક – સો રૂપિયા !" વિજુમામી તરડાયેલા, ફાટેલા અવાજે બોલ્યા, "બધા જ એને દઈશ, બાપ ! એનાં કરતાં છૂટાં કરાવીને લઈ આવ – હું – હું – મને પણ થોડા નહિ દે !"

સળગતી આગની ઉપર ધરેલા કાગળની જેમ વિજુમામીનો ચહેરો જરાક જરાક લોભથી સંકોચાવા માંડ્યો. એકસો રૂપિયા ! આ એક જ શબ્દ જાણે સ્ટીમરની જેમ નદીની છાતી ચીરી સેંથી તૈયાર કરી ચાલ્યો ગયો. એક તરફ ઉષા, તેનું ગંદુ-મેલું નાનકડું ઘર, મરણાપન્ન પતિ, અછત, અભાવ, આસન્ન-વૈધવ્ય, બીજી તરફ વિજુમામીનો પોતાનો સંસાર – બાકી ઘરભાડું, છોકરીઓનાં ફરાકનું કપડું, રેશન – જે ઘરસંસારને સ્નેહથી અંધ બની વીસરી ગયાં હતાં. બંને સ્પષ્ટ બે ભાગમાં વહેંચાઈ ગયાં.

('ક્રોડ પત્ર' વાર્તા, પેલી ભિખારણની વાર્તા તને જડત તો તું શું કરત ?")

"ફાડી નાખત."

એ બોલ્યો, "હં." ઘણીવાર સુધી એ ચૂપ રહ્યો. એનાં ચહેરા પરનું રહસ્યમય હાસ્ય અદશ્ય થઈ ગયું હતું. અંતે હળવેકથી બોલ્યો, "સરસિજ, તેં શું કેવળ વિજુમામીને જ જોયાં, ઘર ભણી તાકીનેય ન જોયું ? અસલમાં એનાં ઉકેલની ચાવી તો એ ઘરમાં જ હતી. એક ખાટલો ઢાળો કે ઘર ભરાઈ જાય, એવડા ઘરમાં કેટલું મોટું મન સમાઈ શકે ? – એ હિસાબ જો તને કરતાં ન આવડતો હોય ને, તો પછી સરસિજ તું એ વાર્તા નહિ લખતો."

ઝાડ

જ્યોતિરિન્દ્ર નન્દી

એક હતું ઝાડ. ઘણું પુરાણું. ઝાડ સુંદર હતું કે અસુંદર, કોઇ પૂછતું નહિ.

ઝાડ પોતાની મેળે જ ઊભું હતું. એને કોઇ પ્રયોજન છે કે નહિ એ જાણવાની પણ કોઇને પરવા નહોતી.

જેમ માણસ માથા પરનું આકાશ જુએ, વાદળ જુએ, પગની નીચે ધરતી જુએ, ધૂળ જુએ, ઘાસ જુએ, તે જ રીતે આંખો સામે એક ઝાડ ઊભું છે એમ જુએ. સાંજના જુએ, બપોરે જુએ, સવારે જુએ. કેવળ આંખોથી જુએ. હૃદયથી કે અનુભૂતિથી જોતા નથી, સમજતા નથી.

અથવા આવી રીતે એક ઝાડને સમજવું જોઇએ એવો કોઇ કદી વિચાર પણ કરતું નથી.

દિવસોના દિવસો વીતી જાય. એક પછી એક ઋતુ બદલાતી રહે. એક પછી એક વર્ષ આવે અને જાય – ઝાડ પોતાની જગ્યાએ જ ઊભું છે.

વર્ષાઋતુમાં પાંદડાંઓ મોટાં થાય. પુષ્ટ થાય, શરદ્‌કાળમાં પાંદડાંઓ ભારે બને, જાડાં બને, લીલો રંગ વધુ ગાઢ લીલો બને, કાળા રંગની પડખે જઇ ઊભો રહી શકે એટલો ગાઢ. હેમંત ઋતુની અધવચ્ચે, અચાનક એ ગાઢ કાળાશ પડતો લીલો રંગ ધૂળિયો – ધૂસર બની જાય. એ પછી શિયાળામાં પીળો, ફિક્કો, રક્તહીન પ્રસૂતિનો પાંડુર દેખાવ ધારણ કરી પાંદડાંઓ ખરી પડે. ઝાડ વિરક્ત બને. ત્યારેય ઝાડ તો ઝાડ જ રહે.

ઝાડનો દેખાવ ત્યારે કેવળ લાકડા જેવો લાગે, નાનાં લાકડાં, મોટાં લાકડાં, પાતળાં છોડિયાં જેવા લાકડાં, સાંકડાં સળેકડાં જેવાં લાકડાં. પાતળી સુંવાળી માણસની આંગળી જેવાં ઝીણાં ઝીણાં લાકડાં. લાકડીઓના એક જબરદસ્ત માળખા જેવું બની એ ઊભું રહે.

પણ તેથી કંઇ માણસ એના પર ગુસ્સો કરે ! ન જ કરે. કારણ મેઘ-મેદુર આકાશ તળે અરણ્યનું રૂપ ધારણ કરી ઝાડ જ્યારે ઊભું રહે, ત્યારે માણસ એને જે નજરે નિહાળે, શિયાળામાં સૂકા આકાશ તળે, પાતળાં જાડાં કેટલાંક સુકલકડાં લાકડાંનો

બોજો માથે ઉપાડી એ ઊભું રહે ત્યારે પણ – માણસ એને એ જ નજરે જુએ. તેથી જ તો કહેતો હતો કે લોકો ઉપર ઉપરથી જ જુએ છે. દિલ દઇને જોવું નહિ, જાણવું નહિ. નહિ તો પછી ફાગણમાં લાલમાં લીલો ભેળવેલી નવીન પાંદડીઓનો સમારોહ જોઇને માણસ નાચત, અથવા વૈશાખ બેસતાં અસંખ્ય, મ્હોરેલી મંજરી મસ્તક પર ધારણ કરી ઝાડ આશ્ચર્ય સુંદર ગુલાબી આભાથી આકાશને આલોકિત કરે, તે જોઇને આનંદથી ચિત્કાર કરી ઊઠત, તે કોઇ કરતું નથી. હજુ સુધી કોઇએ કર્યું નથી.

બે ત્રણ મકાનની વચ્ચે એક ટુકડો પડતર જમીન પર એક ઝાડ ડાળી ડાળખાંઓ ફેલાવી ઊભું છે. તેથી તેઓને થોડીક સગવડ તો છે જ. એટલું જ ફક્ત તેઓ જાણે છે. આ મકાનના લોકો જાણે છે, પેલા મકાનના લોકો જાણે છે, આસપાસના બીજા બે ત્રણ મકાનોના લોકો પણ – જરાક – સગવડ મેળવવા ઝાડ પાસે આવે. વળી, જેમકે સવાર પડતાં જ છાપું હાથમાં લઇ બેચાર જણ પ્રૌઢ કે વયોવૃદ્ધ ઝાડ નીચે ભેગા થઇ રાજનીતિ / સમાજનીતિ – અર્થનીતિ વગેરેની આલોચના કરે, – જેમ કે બપોર નમતાં આ ઘરની ડોશી, પેલા ઘરની ડોશી, આ મકાનની વહુઆરુ, પેલા મકાનની દીકરી ઝાડ તળે પાતળા ગાલીચા જેવા ઘાસની બિછાત પર પગ લાંબા કરી બેસીને, રસોઇની વાત, સીવણની વાત, ભરતની વાત કરે, બાળક થવાની વાત, બાળક ન થવાની વાતો કરી સમય પસાર કરે. સાંજ પડે કે દોડતી આવે છોકરાંઓની ટોળી. ઝાડને ઘેરીને તોફાન મસ્તી, દોડાદોડી કરે, ઝાડ પર ચડી ડાળો ભાંગે, પાંદડાં તોડે, અથવા કોઇ કોઇ દિવસ ઝાડની ડાળ પર હીંચકો બાંધી હીંચે.

અથવા શિયાળાની બપોરે ઝાડની છાયામાં માથું રાખી, દેહને તડકામાં લંબાવી દઇ કોઇ કોઇ વળી વાર્તાનું પુસ્તક વાંચે, વળી ઉનાળાની રાતે બરાબર આ જ ઝાડ નીચે સાદડી પાથરી ફાનસ પેટાવી – મહોલ્લાનાં પાંચ સાત જણ ભેગા મળી કુંડાળામાં બેસી પાનાં રમતાં હોય એ દશ્ય પણ નજરે પડે.

જ્યારે માણસ ન હોય, ત્યારે ઝાડ તળે બકરી કે ગાય વગેરે માથું અંદર ઘાલી મનની મોજે ઘાસ ચરતાં નજરે પડે.

અને ઉપર જાતજાતનાં પંખીઓનો કિલબિલાટ, પાંખોનો ફડફડાટ, ચાંચ સાથે ચાંચ ઘસવાનો અવાજ, અને વચ્ચે વચ્ચે પાંદડાઓ હવામાં હલે અને ડાળીઓ ડોલે.

ક્યારેક તો એવોય સમય આવે જ્યારે પંખી ન હોય, હવા ન હોય, ઝાડ સ્થિર સ્તબ્ધ.પડતર જમીન પર નિબિડ પડછાયો પાડી અનંતકાળનું સાક્ષી બની એકલું અટુલું ઝાડ જાણે યુગોનાં યુગોથી ઊભું હોય એવું લાગે. અથવા તો લાગે કે એ કોઇ ફિલસૂફ છે. નીરવ બની અવિચળ બની જગતને નીરખે છે. સંસારની ચડતી પડતી પર ધ્યાન આપે છે. પાપનો જય, પુણ્યનો પરાજય જોઇ વિમૂઢ વિસ્મિત બની ગયું છે.

ચિંતનશીલ વ્યક્તિની જેવી મનની અવસ્થા હોય ચિંતનશીલ વ્યક્તિ જેમ ચૂપ રહે. સાચે જ ક્યારે ક્યારેક ઝાડ એક એવી વ્યક્તિ છે એમ કલ્પી શકાય. તે વખતે

એની આસપાસ બીજું કોઇ માણસ પશુ પક્ષી હવાની ચપળતા – કલ્પવી પણ કષ્ટદાયક બને.

વખતે આ રીતે કોઇ ઝાડને જોતું હતું, ઝાડ વિશે વિચારતું હતું. આટલા દિવસ ખબર નહોતી. શી ખબર ઝાડને એવી અંતર્દષ્ટિ હતી. તેથી ઝાડ સમજી શક્યું હતું કે પૂર્વદિશાના મકાનની લીલી બારીમાં બેસી એક છોકરી એને ગંભીરતાપૂર્વક જોઇ રહી છે. ના, પહેલાં વખતે એ બીજા દસ જણની જેમ સફેદ આંખોથી ઝાડનાં ખરતાં પાંદડાંને જોતી હતી. નવી ફૂટતી કૂંપળ, કિસલય જોતી. હવે એની આંખો સફેદ નથી. કાજળ આંજીને ઘેરી કાળી બની ગઇ છે. હવે ઢીલો હલકો ચોટલો ઝુલાવતી, ફોક ઊડાડતી, એ ચંચળતા નથી દેખાડતી, કે ઘરની સામે પડતર જમીન પર એક ઝાડ છે કે વાંસનો થાંભલો, એમ ઉપર ઉપરથી જોઇને પતાવી દે. અત્યારે એ શાંત, ગંભીર, માથા પર દઢતાથી વાળેલા સંયત – સખત અંબોડા જેમ એનું મન પણ લાગે છે – સતર્ક સુસંબંધ, સ્થિર અને નિબિડ બની ગયું છે. અને એ નિબિડ ગાઢ મનની સતર્ક નજર વડે એ આખો વખત ઝાડને જ નીરખતી હોય છે. ઝાડ વિષે – વિચારતી હોય છે. વિચાર કરતાં કરતાં એક દિવસ એની નજર કેવીયે ભીત અને સંત્રસ્ત બની ઊઠી. આંખોની કાળી પાંપણ હવે હલતી નહોતી. કાળી કીકી બંને પથ્થરની જેમ સ્થિર ને કઠણ બની ગઇ. ઝાડ સમજી ગયું કે એક ભયંકર વિચારે એનો કબજો લીધો છે. એ કાળી પાંપણથી ઘેરાયેલી બંને આંખોની નજરમાં કેવળ ભય જ નહોતો, જાણે વિદ્વેષ પણ ભળેલો હતો. ઝાડ ડરી ગયું, એણે જોયું કે કેવળ દિવસના ઉજાસમાં જ નહિ, રાત્રીના ગાઢ અંધકારમાં પણ બંને આંખો બારીમાં જાગતી રહેતી. નિરાકાર અસ્પષ્ટ છાયામૂર્તિ બની રાત્રીના ગંભીર તમસમાં છુપાવા ઇચ્છવા છતાંય જાણે ઝાડ એ નજરથી પોતાને બચાવી શકતું નહોતું. આતંકની સાથે કોઇ ઢગલે ઢગલા ઘૃણા એના પર વેરી રહ્યું હતું.

એ પછી એ વાતની જાણ બધાંને જ થઇ ગઇ. લાગે છે એ લીલી બારીની પાસે બેસીને જ સહુને એ વાત કરી દીધી હતી કે આ ઝાડ દુષ્ટ છે. આ ઝાડ શયતાન છે. એને અહીંથી હટાવી દેવું જોઇએ.

પડતર જમીનની આજુબાજુના લોકો સજાગ સચેતન બની ગયા. માણસની જેમ શયતાન બની એક ઝાડ માણસો ભેગું હળીમળીને રહી શકે એ વાત એમણે પહેલીવાર સાંભળી અને જાણી.

તેથી જ તો સહુએ વિચાર કરવાનું શરૂ કર્યું. વૃદ્ધોની ટોળી ભેગી થઇ ઝાડ નીચે બેસી પોલિટીક્સની આલોચના કરે છે. ડોશીઓ યુવતીઓ સાથે બેસી, બાળકો થવા ન થવાની ચર્ચા કરે છે. બાળકોનું ટોળું ઝાડ પાસે આવી રમે છે. આવું ઝાડ જો સારું ન હોય, જો એનામાં દુષ્ટબુદ્ધિ છુપાયેલી હોય તો –

કાપી જ નાખવું પડશે ! બાળી નાખવું પડશે, મૂળિયાં સોંતુ ઉખેડી નાખવું એ સૌથી ઉત્તમ. સફેદ ફૂલનો ગજરો બાંધેલી, મોટા કઠણ અંબોડાને હલાવી લીલી બારીની પાસે બેઠેલી એ વ્યક્તિ બોલી, "એમ નહિ થાય તો આ ઝાડ ક્યારેક શી મુસીબત ખડી કરશે એ કહી ન શકાય."

બધાંએ સાંભળ્યું, બધાંએ જાણ્યું.

"નાનાં બાળકો ત્યાં રમ્યાં કરે છે. ઝાડની એક મોટી ડાળ માથા પર ભાંગી પડતાં વાર કેટલી ? આ ઝાડ પર વીજળી પડી શકે. અને તે વખતે જે નીચે બેઠું કે ઊભું હોય એનું સાથે સાથે નિશ્ચિત મૃત્યુ. અર્થાત્ ઝાડ વીજળીને બોલાવી લાવી શકે, શયતાન શું ન કરી શકે ?" સાંભળીને લોકોની આંખો ઊઘડી ગઇ.

પણ પેલી લીલી બારીની વ્યક્તિ આટલું કહીનેય ચુપ ન રહી. ઝાડ વિષે આટલા વખતથી જે બધાં ઉદાસીન હતાં તેઓએ વધુ ભયંકર વાત સાંભળી.

"કેવળ વીજળી જ શા માટે ? શયતાન મધરાતે કોઇ પણ માણસને પાસે બોલાવી શકે."

"હં, અને સવારે ઊઠીને બધાં જુએ કે એ ઝાડની એકાદ એક ડાળ પર એ માણસ લટકે છે."

ગળે ફાંસો ખાવા માટે ઝાડની ડાળ ખૂબ જ સરસ અવલંબન છે, એ વાત સહુને નવેસરથી યાદ આવી.

આ ઝાડને બાળી જ નાખવું જોઇએ. કાપી જ નાખવું જોઇએ. બને તો મૂળ સાથે જ.

વખતે ઝાડને ખબર નહોતી. પડતર જમીનની પશ્ચિમ તરફ બીજા એક મકાનની લાલ રંગની બારીમાં બેસી બીજો એક જણ એને વેધક નજરે જોતો હતો. એ તરફ નજર પડતાં ઝાડ ચમકી ઊઠ્યું. અને ખુશ થયું. લાલ રંગની બારી આગળના માણસની આંખો બંને ખૂબ સુંદર હતી. એ આંખોમાં ભય, આતંક, ઘૃણા, વિદ્વેષ કશું જ નહોતું. હતાં કેવળ સ્નેહ, પ્રેમ, મમતા, સહાનુભૂતિ. જોઇને ઝાડ વિસ્મય પામ્યું. કેમ કે થોડા દિવસ પહેલાં જ એ માણસની નજર અશાંત હતી. ચાલવામાં, બોલવામાં ચપળતા હતી. હાફ-પેન્ટ પહેરી સમયે અસમયે એની પાસે એ દોડી આવ્યો છે. ડાળખાં પાંદડાંને નિશાન બનાવી ઈંટ અને પથ્થર ફેંક્યા છે. પાંદડાંની આડમાં રહેલા પંખીના માળાને શોધી કાઢી તોડી નાખ્યા છે, અને જ્યારે ત્યારે હીંચકા બાંધી હીંચક્યો છે. એ જ આજે ભદ્ર, સ્નિગ્ધ, સુંદર બની ગયો છે. પાતળા કુર્તાની બાંય કોણી સુધી ચડાવી, બે હાથની હથેળીમાં હડપચી ગોઠવી બારી પાસે મૂકેલા ટેબલ પાસે બેસી ઝાડ તરફ ગંભીર નજરે જોઇ રહે છે. વિચાર કરતાં કરતાં ટેબલ પરની ફૂલદાનીમાંથી એક ગુલાબને નાક પાસે લાવી વાસ સૂંઘે છે, જાણે ઝાડને જેટલું જુએ છે. જેટલો એનો વિચાર કરે છે, તેટલો એ પરિતૃપ્ત થાય છે, આનંદિત થાય છે. જાણે ઝાડ વિષેના વિચાર સાથે ગુલાબની સુગંધને એક અદ્ભુત મેળ છે, સરખાપણું છે. લાગે છે ઝાડને

એ ગુલાબ જેટલું જ સુંદર માને છે.

ઝાડ નિશ્ચિંત બન્યું, આશ્વસ્ત થયું. લાલ બારીએ બેઠેલા માણસના મોંએથી બધાંએ જુદી જ વાત સાંભળી.

"આ ઝાડ ઈશ્વરના આશીર્વાદ સમું આપણી વચ્ચે ઊભું છે. એને સાચવી રાખવું જોઈએ. આ ઝાડ નીચે સવાર સાંજ લોકો ભેગા થાય છે. એક માણસને બીજા માણસની નજીક લાવે છે આ ઝાડ. એનો અર્થ એ છે કે એ આપણને સામાજિક બનતાં શીખવે છે. ઝાડ છે એટલે બાળકો રમી શકે છે. માની જેમ બાળકોને સ્નેહ અને આનંદની લહાણ કરે છે મેદાનમાં રહેલું આ ઝાડ."

"સાચે જ એ સુંદર છે. તેથી જ તો નિર્દોષ સુંદર પક્ષીઓ એનો આશ્રય લઈ સદા સર્વદા કુંજન-ગુંજન કરે છે. પતંગિયાં ઊડતાં આવે છે."

મહોલ્લાના લોકોએ નવેસરથી વિચાર કરવાનું શરૂ કર્યું.

પશ્ચિમની લાલ બારી આગળનો સુંદર માણસ એટલેથી જ અટક્યો નહિ.

"ઈંટ, લોખંડ, સિમેન્ટ વચ્ચે વસીને આપણે ક્લાંત થઈએ છીએ. આપણી આંખો સામે એક લીલું કુંજાર ઝાડ છે તેથી તો આપણે પ્રકૃતિને યાદ રાખી શક્યા છીએ. આપણે પૂરેપૂરા કૃત્રિમ નથી બન્યા એ આ ઝાડના પ્રતાપે. આ ઝાડ રહેવું જ જોઈએ. આ ઝાડ આપણા ક્લાન્ત અવસાદગ્રસ્ત જીવનમાં એક કવિતા સમું છે."

તો શું લાલ બારીએ બેઠેલો માણસ કવિ હતો ! ઝાડે વિચાર્યું. રાતના બારી પાસેના ટેબલ પર બેસી એ માણસ કાગળ કલમ લઈ કંઈક લખે તો છે. જ્યારે ન લખે ત્યારે ચુપચાપ બેઠો બારી બહાર ઝાડ ભણી જોઈ રહે.

ખરાબ વાત સાંભળી લોકો જેમ વિચલિત બને છે તે જ પ્રમાણે સારી વાત સાંભળી તેઓ નિશ્ચિંત બને છે. ખુશ થાય છે.

તેથી એક જણે ઝાડને ખરાબ કહ્યું ત્યારે લોકો ખળભળી ઊઠ્યા હતા. વળી બીજા એક જણે ખૂબ ઉપકાર કરે છે એમ કહ્યું એટલે શાંત થઈ ગયા.

તેથી તેઓ પછી ઝાડની માથાકૂટમાં ન ઊતર્યા. ઝાડ હતું એમ જ ઊભું રહ્યું.

પણ પૂર્વની બારીની વ્યક્તિ ચૂપ ન રહી. ઝાડે સાંભળ્યું કે દાંત કચકચાવી એણે પ્રતિજ્ઞા કરી, "જો બીજું કોઈ મદદ નહિ કરે તો એ પોતે જ કુહાડી લઈને ઝાડને ખતમ કરશે. આ ઝાડને એ કેમેય સહી શકતી નહોતી. શયતાનને કોઈ પણ હિસાબે આંખો સામેથી હટાવશે."

ઝાડને આ સાંભળીને દુઃખ થયું, વળી મનોમન હસ્યું પણ ખરું. એને પૂર્વની બારીની વ્યક્તિને બોલાવી કહેવાનું મન પણ થયું, "તારા અંબોડામાં સફેદ ફૂલોનો ગજરો શોભે છે, તારી આંખોમાં કાજળ, કપાળ પર કંકુની ટીલડી સોહે છે, તારા હાથની આંગળીઓ ચંપાકળી જેવી સુંદર. તું આવા સુંદર અને નરમ હાથમાં કુહાડી ઝાલી શકીશ ?"

જાણે પશ્ચિમની બારીના માણસને કાને આ વાત પહોંચી ગઈ. તેનાં સુંદર

આંગળાંઓ સખ્ત બની ઊઠ્યાં. ઝાડને બરાબર ખબર છે એ હાથ, હાથનાં આંગળા જરૂર પડ્યે પોલાદ જેવાં દૃઢ બની શકે છે, આજે ભલે એ આંગળીઓ વડે કવિતા લખે, ગુલાબનાં ફૂલને સ્નેહ કરે, એક દિવસ એ જ હાથે ઢેખાળા ફેંકી એણે ઘણાં બધાં પક્ષીઓના માળા વેરવિખેર કરી નાખ્યા હતા, ઝાડની ડાળીઓ ભાંગી હતી. પાંદડાં તોડ્યાં હતાં, અને રુદ્રની જેમ હાથની બંને મુઠ્ઠીમાં હીંચકાની દોરી મજબૂત ઝાલી દાનવ-શિશુ જેમ હીંચ્યો પણ હતો. તેથી જ લાગે છે આજે વજ્રમુષ્ટિ શૂન્યમાં ઊંચી કરી એણે પ્રતિજ્ઞા લીધી કે આ ઝાડનું ગમે તે ભોગે પોતે રક્ષણ કરશે. જો કોઈ આ ઝાડનો નાશ કરવા આવશે તો એને એ ક્ષમા નહિ કરે. જીવનમાંથી કવિતાને દેશવટો દીધે નહિ ચાલે. જો કોઈ ઝાડને આંગળી પણ લગાડવા આવશે તો એ પોતાના શરીરમાં લોહીનું છેલ્લું ટીપું પણ હશે ત્યાં સુધી એનો સામનો કરશે. ઝાડ પર એક ઘસરકો પણ નહિ પડવા દે.

ઝાડને નવેસરથી ડર લાગ્યો. એને લીધે પૂર્વ અને પશ્ચિમની બારીની બે વ્યક્તિઓ વચ્ચે સંઘર્ષ તો નહિ જામે ને?

તે દિવસે બપોર નમી ગયા. એક બકરી અને તેનાં બે બચ્ચાંએ ઝાડની છાયામાં ફરી ફરીને ઘાસ ખાધું. સાંજ પડતાં બાળકોની ટોળીએ દોડાદોડી કરી. અગણિત પક્ષીઓએ કલશોર કરી મૂક્યો અને પછી શાંત થઈ ગયાં. રાત પડી. નિર્મેઘ સ્વચ્છ શ્યામલ આકાશમાં અગણિત તારલાઓ ઝગમગી ઊઠ્યા. હવા વહેતી હતી. ઝાડનાં પાંદડાંનો સરસરાટ થતો હતો. રોજ જેમ થાય છે. પડતર મેદાનની ચારે કોરનાં મકાનોમાંથી જાતજાતના અવાજો સંભળાતા હતા. બત્તીઓ બળતી હતી. જેમ જેમ રાત જવા માંડી, તેમ તેમ એક એક મકાન ચુપ થવા માંડ્યું, બત્તીઓ ઓલવાતી ગઈ. ત્યાર પછી ચારે દિશાઓ નિઃસીમ અંધકારથી છવાઈ ગઈ. અંધકાર અને સ્તબ્ધતા. માથા પર કોટિ કોટિ તારલા લઈને ઝાડ ચુપચાપ ઊભું હતું. એક વખત એવો આવ્યો કે પવન પણ પડી ગયો. ઝાડનું એકે પાંદડું પણ હાલતું નહોતું.

એવે વખતે.

ગાઢ અંધકારમાં પણ ઝાડ તો દિવસના અજવાળાની જેમ જ જોઈ શકે. ઝાડે જોયું કે પૂર્વ તરફથી એ આવતી હતી. પાલવ ખેંચીને જોરથી કમરમાં ખોસ્યો હતો. ગજરો અંબોડામાંથી કાઢી નાખ્યો હતો. જાણે લડાઈ કરવા જ આવતી હતી. હવે ફૂલનો ગજરો ન હોય. હાથમાં ધારાળી કુહાડી. ઝાડ તો ધ્રૂજી ઊઠ્યું.

પણ સાથે સાથે બીજી એક દિશામાંથી માણસનો પગરવ સંભળાયો. ઝાડે એ તરફ નજર ફેરવી. આ વખતે ઝાડને નિરાંત થઈ. એ આવી ગયો હતો. પશ્ચિમની બારીનો પેલો માણસ આવી ગયો. તેના હાથમાં અત્યારે કલમ નહોતી, હતી એક લાઠી. બદન પર પાતળું કુર્તું નહોતું. બાંય વિનાનું ગંજી ફરાક પહેર્યું હતું. એનાં જડબાં સખત થઈ ગયાં હતાં. દૃષ્ટિ નિર્મમ બની ગઈ હતી. જાણે અબઘડી એ વજ્રસમ હુંકાર કરશે.

ઝાડે કાન માંડ્યા.

વિષણ્ણ સ્તબ્ધતા. અનિશ્ચિત પળો.

ઝાડની ડોચ પર એક પંખીનું બચ્ચું કિલબિલ કરી ઊઠ્યું. જાણે કોઇ એક દિશામાંથી એક અજાણ્યા ફૂલની સુગંધ વહેતી આવી આકાશના એક છેડા પરના એક તારલા પાસે દોડી ગઇ. જરાક હવાનો ઝોકો આવ્યો બીજું શું ! નરમ ડાળીઓ ઝૂલવા માંડી.

જાણે મનોમન ઝાડે આવી જ આશા રાખી હતી. તેથી ખૂબ નવાઇ ન લાગી.

કમર કસીને પાલવ ખોંસેલી વ્યકિતના હોઠ પર હાસ્ય વિલસી ઊઠ્યું.

પશ્ચિમની બારીના માણસનાં સખ્ત જડબાં જરા નરમ પડ્યાં. વજ્રનિર્ઘોષ સંભળાયો નહિ.

એક જણ બીજા એક જણ ભણી તાકી રહ્યું હતું. બંને જણ વચ્ચેનું અંતર એટલું બધું ઓછું હતું કે ગાઢ અંધકારમાં પણ તેઓ એક બીજાના ચહેરા સ્પષ્ટ રીતે જોઇ શકતાં હતાં. જાણે બંને એકબીજાનાં શ્વાસોચ્છ્વાસ પણ સાંભળી શકતાં હતાં.

"કેમ હાથમાં કુહાડી ?"

"ઝાડને કાપવા માટે !"

"શો ફાયદો ?"

"ઝાડ શયતાન છે."

"ઝાડ તો દેવતા છે."

"શયતાનને જે દેવતા માને તે મૂર્ખ કહેવાય."

"દેવતાને જે શયતાન માને એ તો પાપી. તેના મનમાં પાપ, તેના હૃદયમાં હિંસા. તેથી એને સફેદ કાળું દેખાય. પ્રકાશ હોવા છતાં એની આંખોને બધું જ અંધકાર દેખાય."

"તો શું પૃથ્વી પર અંધકાર જેવું કશું જ નથી ? કશું જ કાળું નથી ?"

"ના."

"એ શી રીતે સંભવે ?" એના હાથમાંથી કુહાડી સરી પડી એ વિચારમાં પડી ગઇ. ઝાડ ખુશ થયું. ઝાડે જોયું એક વ્યક્તિએ કુહાડી ફેંકી દીધી અને બીજાએ હાથની લાઠી. "આમ શી રીતે બન્યું ?" વિચારતાં વિચારતાં પૂર્વની બારીની વ્યક્તિ મોં ઊંચું કરી ઝાડના પાંદડાંની વચ્ચેથી દેખાતા તારલાઓનો ઝગમગાટ – જોઇ રહી. એ પછી એકવાર બોલી, "બધું જ તેજોમય. બધું જ સુંદર – કશું જ કાળું નહિ, ક્યાંય અંધકાર નહિ – આવું ક્યારેય બને !"

"જ્યારે પોતાના અંતરમાં પ્રકાશ જાગે ત્યારે બને !"

"એ પ્રકાશ એટલે શું ?"

"પ્રેમ."

યુવતીની આંખનાં પોપચાં કંપી ઊઠ્યાં. એણે દીર્ઘ નિશ્વાસ નાખ્યો.

એનો કંઠ કરુણ બની ગયો.

"મારી ભીતર શું પ્રેમ નહિ જાગે !"

"અભ્યાસ કરવો પડશે. અનુશીલન કરવું પડશે." યુવક સુંદર મીઠું હસ્યો. "પ્રેમ કરતાં શીખવું પડશે."

"તમે મને શીખવાડજો."

ઝાડે આંખો બંધ કરી. એને ઊંઘ આવવા માંડી. ઝાડ પણ ઊંઘે. કેટલી રાત ફિકરમાં એ ઊંઘ્યું નથી. અથવા જાણી જોઇને એણે હવે નીચી નજર કરી. માણસ જેમ ઝાડ પ્રતિ ઉદાસીન હોય છે. ઝાડને પણ ક્યારેક ક્યારેક મનુષ્યો પ્રતિ ઉદાસીન થવું પડે છે. અભિજ્ઞ ઝાડને એ કહેવું ન પડ્યું.

પ્રાણ-પિપાસા

સમરેશ બસુ

કૃષ્ણ પક્ષની દુર્યોગમયી એક રાતની વાત કરું છું. આ દુર્યોગ, અચાનક વાદળાં ચડી આવ્યાં, ગડગડાટ કરી ગરજવા માંડ્યાં, વીજળી ચમકી, મુશળધાર વરસાદનાં એકાદ બે ઝાપટાં પડી ગયાં, એ જાતનો નહોતો. એકધારો રુગ્ણ–ગળાના રુદન સમો કેટલાક દિવસથી અવિરત વરસતો વરસાદ, એ સાથે પૂર્વના પવનનો લગાતાર ઝંઝાવાત. પરાંના રાજમાર્ગ સિવાય બીજા બધા કાચા રસ્તાઓ અને ગલીઓ જાણે લાંબી કાદવ ભરી ગટર બની ગયા હતા. દુર્ગંધ અને કચરાથી છવાઇ ગયા હતા. અસંખ્ય મકાનોની ભીડ, ઠાંસાઠાંસી, ગીચમગીચ.

રેલ–લાઇન પાસેના મેદાનમાં થઇને હું જતો હતો. પણ ભીંજાયેલા શરીરની ઉષ્મા સુદ્ધાંયે નહોતી રહી. મેદાન પર થઇને વહેતી આવતી હવા સીધી આવીને શરીરને ધ્રુજાવી દેતી હતી. રીતસર દાંત કકડતા હતા. નિરુપાય બની ડાબી તરફ વળી શહેરમાં દાખલ થયો. કંઇ નહિ તોય હવાનો સપાટો તો ઓછો લાગશે !

શણ-મિલનું શહેર, ઊંઘતું હોય એવું નિઃસ્તબ્ધ લાગતું હતું. જાણે ધંધો, કામકાજ અને ચંચળતા બધું જ આ અવિરામ વરસાદમાં ભીંજાઇને ચીંથરાનું પોતું બની ગયાં હતાં. બીજો કોઇ દિવસ હોત તો કૂતરાઓ વ્હાઉ વ્હાઉ કરતા પાછળ પડ્યા હોત. આજે વેઠ ઉતારતા હોય એમ એકાદવાર ઘુ–ર–ર– ઘુ–ર–ર–ર ઘૂરકીને શરીર પર પડેલી વરસાદની છાંટ ખંખેરી નાખતા હતા. ગૃહસ્થ માણસ તો નજરે નહોતું પડતું. કોઇ બારી બારણામાંથી જરા સરખો પ્રકાશ પણ નજરે પડતો નહોતો. રસ્તા પરની બત્તીઓ જાણે કાણા જાનવરની જેમ ઝાંખી આંખ વડે તાકી રહી હતી. પણ તેથી અંધકાર જરાપણ ઓછો થતો નહોતો.

રસ્તો બરાબર ઓળખી નહોતો શક્યો, એટલું જાણતો હતો કે હું ઉત્તર દિશામાં જઇ રહ્યો છું. રસ્તાની એક કોરે ચાલતો હતો. નીચો ઢાળવાળો રસ્તો, પાણી ભરાઇ ગયાં હતાં. કોઇના પણ વરંડામાં જઇને રાત વિતાવી શકાય એમ પણ નહોતુ. કેમકે વરંડો કહેવાથી જે સમજાય એવું કંઇ અહીં ક્યાંય નજરે જ પડતું નહોતું, અને વસ્તીઓની હાલત જોઇને લાગતું હતું કે, અંદરનાં ઘરો પણ કોરાં નહિ હોય. તે સિવાય આ પરિસ્થિતિ કંઇ નવી નહોતી. મને ખબર છે કે ત્યાં રાતભર સૂવાથી લોકો જાતજાતની વાતો ઉડાડી શકે. અને વધારામાં પોલીસની બેઅદબી તો ઊભી જ હતી.

મારે નૈહાટીની રેલ કોલોનીમાં એક મિત્ર પાસે જવાનું હતું. કંઇ નહિ તોય થોડા દિવસનો ખોરાક, કોરાં કપડાં અને આવી ખરાબ સંકટમયી ભીની ઠંડી રાતે જરાક આશ્રય તો મળશે. પણ અત્યારે લાગે છે અડ્ડો છોડી ન નીકળત તો સારું હતું. પણ બીજો રસ્તોય નહોતો, ખાસ કરીને કેટલાક દિવસ પહેલાં જ અમારા અડ્ડાનો કંગાળ, ખાવાનાંય સાંસાં, એવા મિત્રોમાંનો એક મરી ગયો. ત્યારથી જ જરાક નિરાંતનો શ્વાસ લેવા માટે જ બહાર નીકળી પડવાનો વિચાર કરતો હતો. એ મિત્ર મરી ગયો એ તો સારું જ થયું, તે સિવાય બીજું થઇ પણ શું શકત એ હું કલ્પી પણ નથી શકતો. જીવવા માટે જે જરૂરી, એમાંનું કશું જ નહોતું, તોય છાતીમાં – જવા દો એ વાત. એ કંઇ કહેવા જેવી વાત નથી. પણ એ મને એક વસ્તુ આપી ગયો છે. નાનકડી વસ્તુ છતાં લાગે જાણે પર્વત સમાન એનો ભાર અને કષ્ટકર. એ બોજો છે –

અરે બાપરે, પવને તો જાણે કરોડરજ્જુને ઉપરથી નીચે સુધી હચમચાવી નાખી. વરસાદનું જોર પણ વધી ગયું. અચાનક, આટલી વાર પછી હવે તો વાદળાંનો ગડગડાટ પણ સાંભળવા માંડ્યો હતો. આ ફેરે કેવળ દાંત જ નહિ, રીતસર હાડેહાડ જ કાંપતાં હતાં. ઝાડની મરેલી ડાળીની જેમ હું પણ ભીંજાઇને એકદમ ઢોલ બની ગયો હતો. એટલામાં એક ચાર રસ્તાના નાકા પર આવી પહોંચ્યો. શણમિલના માલને રવાના કરવાની રેલ–સાઇડીંગ પાસે. જગ્યા જરાક ખુલ્લી હતી. ભેંસનો એક તબેલો નજરે પડતાં અંદર જાઉં કે નહિ, એમ વિચારતો જરાક આગળ વધ્યો ત્યાં અચાનક એક બૂમ સંભળાઇ, "એય આ બાજુ !"

ના, અશરીરી ભૂત વગેરેમાં હું માનતો ન હોવા છતાં પણ અતિશય ચમકી ઊઠ્યો. મને બોલાવે છે, જલધારા વીંધીને અવાજના માલિકને શોધવા માંડ્યો. જમણી તરફ એક ઝાંખા પ્રકાશનો અણસાર નજરે પડ્યો, અને અધખુલ્લાં બારણામાં એક મૂર્તિ, હા, સ્ત્રી જ હતી. તો પછી મને નહિ હોય. હું આગળ વધ્યો. ફરી : "કેમ ભઇ ! આવો ને !"

હું ઊભો રહી ગયો. મેં પૂછ્યું, "મને બોલાવે છે !" જવાબ આપ્યો, "તમારા સિવાય બીજું છે કોણ રસ્તા પર ?"

બોલવાની રીત સાંભળી ચમકી ઊઠ્યો. ઓહ, આટલીવારે ધ્યાન ગયું કે ખરાબ રસ્તો હતો. સાવ જ વેશ્યાવાડો નહોતો, પણ એના જેવું જ. મજૂર વસ્તી પણ આજુબાજુમાં હતી ખરી.

હું મનમાં ને મનમાં હસ્યો. એ સ્ત્રીએ ઘરાક સારો ગોત્યો છે ! એણે એમ જ માની લીધું છે ને ! પણ સાચે જ, આ સમયે જરાક એના બારણા પાસે ઊભા પણ રહેવા મળે તો ! મને એ તરફ જતાં ન જોઇ એ સ્ત્રી બોલી ઊઠી, "અરે બાપરે ! આંધળો તો નથી ને !"

મેં મનમાં હસીને વિચાર્યું, "ચાલને જાઉં તો ખરો. હાલત જોઇને પોતાની મેળે જ જાકારો દેશે. અને ગમે તેમ કરી જો વરસાદનું જોર નરમ પડે ત્યાં સુધી માથું ઢાંકવા

છાપરું મળે તો ખોટું શું ? આમેય નૈહાટી તો દૂર રહ્યું, ભેંસના તબેલાથી આગળ વધાય એમ જ નથી. પહેલાં જાન પછી બીજું. જીવતો નર ભદ્રા પામે. કહેવત પર જેમને ભરોસો નથી તેઓ ક્યારેય આવી સ્થિતિમાં મુકાયા નહિ હોય.

હું તો એ સ્ત્રીના બારણા પાસે જઇ પહોંચ્યો, એક ગતાનુગતિક સંકોચ મારામાં પેદા નહોતો થયો એમ તો નહિ. મેં પૂછ્યું.

"શા માટે બોલાવે છે ?"

"કોઇ સાવ ગામડિયો લાગે છે બાપ !" એના હાસ્યમાં અણગમો ભેળવી એ બોલી, "અંદર આવોને !"

જેવો હું અંદર દાખલ થયો કે એણે બારણા વાસી દીધાં. વરસાદનો અવાજ આવતો જરાક ઓછો થઇ ગયો. હવા આવવાનો કોઇ રસ્તો જ નહોતો. મેં જોયું કે નળિયાની વચ્ચેની તડમાંથી વરસાદનું પાણી પડતું હોવાથી ઘરની ભોંય પણ ભીંજાઇ ગઇ હતી. લાકડાની ખાટલી પર પાથરેલી પથારી ભીંજાઇ નહોતી. ઘરમાં કેવળ સામાન્ય બે-ચાર વાસણકૂસણ, થાળી, ગ્લાસ, લોટો.

"આ તોફાન માથે લઇ ક્યાં મરવા જાઓ છો !" એવી રીતે એ બોલી, જાણે કેટલાય સમયથી એ મને ઓળખતી હતી.

મેં કહ્યું, "ઘણે દૂર, પણ –"

"સમજી ગઇ." એ મોં દાબીને હસી. પછી બોલી, "ઘર તો તમે સાવ કાદવ કાદવ કરી મૂક્યું. હવે આ કપડાં બદલી નાખો."

ઠંડી અને ઓચિંતી મુસીબતથી તો હું રીતસર – ઠંડોગાર જ થઇ ગયો હતો. મેં કહ્યું, "પણ આ –" એ વાક્ય પૂરું કરું એ પહેલાં જ એ બોલી ઉઠી, "શું પહેરવા દઉં, રાખ ! આ ભીનું કુર્તું કાઢી નાખો."

કાઢી નાખી શકું તો સારું જ પણ .... જરા જોરથી જ બોલી નાખ્યું, "અમસ્તો જ બોલાવ્યો છે, અહીં ખીસાં સાવ ખાલી છે."

આ વખતે એ અટકી ગઇ. મેં માન્યું હતું એવું જ હતું. એ થોડીવાર તો મોં વકાસી મારા મોં ભણી તાકી જ રહી. જાણે એને ભરોસો નહોતો આવતો. એણે પૂછ્યું, "કંઇ જ નથી !"

એની સઘળી આશા એક ફૂંકમાં ઓલવાઇ ગઇ હોય એવો ભાવ એના મોં પર વર્તાતો હતો. મેં કહ્યું, "નહિ તો આવી તોફાની રાતે કોઇ બહાર નીકળે ઘરમાંથી ટહેલવા !"

એ અસહાય બની ચુપ રહી. એ તો હું પહેલેથી સમજી ગયો હતો. પણ એ અહીં ધંધો કરવા બેઠી હતી ભીખ માગવા નહિ. હું બારણું ખોલવા ગયો.

એણે પાછળથી પૂછ્યું, "આવે વખતે ક્યાં જશો ?"

મેં કહ્યું, "ભેંસના તબેલામાં." મેં બારણું ખોલી નાખ્યું. ઓહ ! હવા જાણે મોં ફાડી મને ગળી જવા માગતી હતી. મેં બહાર જવા પગ ઉપાડ્યો.

એણે પાછળથી અચાનક બૂમ પાડી, "એ ઇ, સાંભળો. જ્યારે બોલાવ્યા જ છે ત્યારે રાત રહી જાઓ." નિસાસો નાખી બોલી, "મારું નસીબ જ ખરાબ છે."

મેં કહ્યું, "કેમ તારું નસીબ શું કામ ખરાબ હોય? મને તું તબેલામાં જ જવા દે."

"જેવી મરજી." કહીને એ હતાશ બની ખાટલા પર બેસી પડી, "આજ તો હવે કોઇ આશા જ નથી."

મને થયું, "ખોટું શું છે? આ દુર્યોગમાં જ્યારે આવો આશ્રય મળ્યો જ છે તો પછી છોડવો શા માટે? પણ બાઇમાણસ જોડે રાત વિતાવવી એ ખૂબ જ અજૂગતું અને ખરાબ લાગ્યું. કેમકે આ મારે માટે તદ્દન નવું જ હતું. જો કે સ્ત્રીઓ સંબંધે આગ્રહ અને કુતૂહલ તો મારામાં તમારા જેવા બીજા દસ જણ કરતાં તો વધારે જ છે. તેથી કંઇ અહીં! છી, છી, એ તો હું નહિ કરી શકું... તો પછી એની સાથે સૂતા વિના પણ રાત તો વિતાવી શકાય. પાછા અંદર આવી મેં બારણું બંધ કરી દીધું.

એનો બાંધો પાતળો અને લાંબો, ઘઉંવર્ણો ઊજળો વાન. ગાલ બેઠેલા, મોટી મોટી આંખો કુમળું ઘાસ શોધતી ગાય જેવી હતી. એ આંખોમાં કાજળ અને ચહેરા પર પાછી લાલી લગાડી હતી. જાડા હોઠો પર નાકનું ટેરવું ઊંચું, જાણે આકાશ ભણી જતું.

ખોળી ખોળીને એક જૂનો ચણિયો શોધી લાવી મને પહેરવા દીધો. અને બોલી, "આ સિવાય તો બીજું કશું જ નથી."

ચણિયો! મને હસવું આવ્યું, જવા દો, કોણ જોવા આવે છે! પણ –

મારી છાતી ધડકી ઊઠી. તરત જ ખીસા પર મારો હાથ દબાઇ ગયો. મરતી વખતે મારો મિત્ર જે નાનકડી વસ્તુનો પર્વત સમાન બોજો મારા પર લાદી ગયો હતો એને મેં તપાસી લીધો. વસ્તુ તો નહિ, એ જાણે લોહીનો પિંડ, હા લોહીનો પિંડ જ તો! મને મનમાં અતિશય સંશય પેદા થયો. મેં વેધક નજરે એની તરફ જોયું. એ ત્યારે પીઠ ફેરવી બ્લાઉઝની અંદરની બોડિસ કાઢતી હતી. મેં કહ્યું, "ખરું કહું છું, મારી પાસે કંઇ જ નથી હોં!"

"કેટલી વાર કહેશો એકની એક વાત, એક જ રટણ કર્યા કરો છો!" એ હતાશાથી બોલી.

"હા, બાપુ." મેં કહ્યું, "કહી રાખેલું સારું. અને મારીએ એવી કોઇ મરજી પણ નથી. ફક્ત વટેમાર્ગુની જેમ રાતવાસો રહેવું છે."

એણે એની ગાય જેવી આંખો ઊંચી કરી મારી સામે જોયું. અને બોલી, "કોઇ તમને સમ દે છે કે શું?"

એ તો સાચી વાત. મેં ચણિયો પહેરી લીધો. પણ ઉઘાડા શરીરને લીધે ધ્રુજારી વધી ગઇ. બહારનો વરસાદ અને પવનના સૂસવાટા બારણાને ધણધણાવી દેતા હતા.

મારી તરફ જોઇ, પાલવથી મોં ઢાંકી જરાક હસી, પછી એણે મારા પર એક જૂના સાડલાનો ગાભો ફેંક્યો, "લ્યો, ઓઢી લ્યો, અને સૂઇ જાઓ."

કહીને મારા કુર્તા અને ધોતિયાને દોરી પર પહોળાં કરી સૂકવી દીધાં, અને બોલી,

"જરાક વારમાં સુકાઇ જશે."

આરામ વસ્તુ ઘણી જ ખરાબ. ખાસ કરીને આવી ખરાબ હાલતમાં, હું લગભગ ભૂલી જ ગયો કે હું એક બજારુ ઓરતના ઘરમાં છું. મેં કહ્યું, "બે દા'ડાથી પેટ સાવ ખાલીખમ છે. તેથી જ મારા આવા હાલ કરી નાખ્યા વરસાદે."

એણે કંઇ જવાબ ન દીધો. ઘૂંટણમાં મોં ઘાલી બેસી રહી. મેં કહ્યું, "ચાલ, હવે સૂઇ જઇએ."

એણે મોં ઊંચું કર્યું. ચહેરા પર વેદના વર્તાતી હતી.એની સુપુષ્ટ છાતીનાં હાડકાંઓ શ્વાસોચ્છ્વાસ સાથે ઊંચાનીચાં થતાં હતાં. એણે પૂછ્યું, "ભાત ને સૂકું શાક છે, ખાશો?"

ભાત ને સૂકું શાક? સાચે જ આ તો આશાતીત ! ભાતની વાસથી જ જેનું અર્ધું પેટ ભરાતું હોય એની સામે ભાત ! મોંમાં પાણી આવ્યું. અને પેટ પણ જાણે અલગ જીવ બની ગયું ! ભાત શબ્દ સાંભળતા જ અંદર કંઇનું કંઇ થવા માંડ્યું. – પણ –

એટલી વારમાં તો એણે ઇનેમલની થાળીમાં ભાત પીરસવા માંડ્યો. જોઇને મારા મનનો સંશય ફરી વધી ગયો. મેં દોરી પરથી મારું કુર્તું જલદી જલદી ખેંચી લીધું. આ લક્ષણો મને સારાં ન લાગ્યાં. ગભરાઇને હું બોલ્યો, "પણ ભાત માટેય મારી પાસે પૈસા નથી."

ગાય જેવી આંખોમાં આ વખતે ચીડ દેખાઇ. એ બોલી, "તમારા નસીબમાં તબેલો જ લાગે છે. ક્યાં સુધી એકની એક વાત સંભળાવશો !"

સુખ કરતાં શાંતિ ભલી. અભાગિયો મરતી વખતે એવી વસ્તુ આપી ગયો હતો કે અત્યારે એ બોજો વેંઢારી ચાલવું જ મુશ્કેલ બની ગયું હતું. એને રાખવુંય ઝેર, અને છોડવુંય ઝેર. બહાર પડ્યો રહ્યો હોત તો વખતે આ બોજો યાદ પણ ન આવત. એ ફરી બોલી, "તમે કદી માણસો ભેગા રહ્યા જ નથી કે શું ?"

સાંભળો વાત ! પૂછે છે કોણ ! કારખાના બજારની એક બજારુ ઓરત ! મેં કહ્યું, "રહ્યો છું પણ તમારા જેવા લોકો સાથે નહિ."

એ થોડી વાર મારી સામે મૂંગી મૂંગી જોઇ રહી, પછી બોલી, "પડયું જ છે તો ખાઇ લો. આમેય ખરાબ થઇ જશે." મને થયું તો એમાં વાંધોય શું છે ! મફતનો ભાત, અને અહીં જોવાય કોણ આવવાનું છે ! કુર્તાને હાથમાં રાખી મેં લુસલુસ ભાત ખાઇ લીધો. એ પછી એક લોટો પાણી પીધું. આવી રીતે પીરસેલે ભાણે જમવું, એ મારે માટે ચરમ બાબુગીરી જ હતી. અને એટલે જ સંશયે મનને ચારેકોરથી જકડી લીધું હતું.

એ પછી સૂવાનો સવાલ. એ એક બીજી મુસીબત. મેં લંબાવ્યું, અને પછી પૂછ્યું, "તું ક્યાં સૂઇશ ?" એ જવાબ આપ્યા વિના મારી સામે જોઇ રહી. ઉઘડી ગયેલું માથું ફરી ઢાંક્યું – હું બેઠો થયો. એ પાંગત ભણી નીચે ભોંય પર બેઠી અને બોલી, "તમે જ સૂઓ, હું તો રોજ જ સૂઉં છું. એક જ રાતની તો વાત છે. જ્યારે બોલાવ્યા

જ છે તો –'

બોલતાં બોલતાં એની નજર મારા હાથમાંના કુર્તા પર પડી, એણે દોરી તરફ જોયું, ફરી મારી તરફ. હું પણ જોઇ જ રહ્યો હતો. એ બોલી, "આ કુર્તું તો હજુ ભીનું છે !"

"ભલે, એમાં તારે શું ?"

એ ચુપ થઇ ગઇ. શરીરને આરામ મળતાં સંકોચાયેલા તણાયેલા જ્ઞાનતંતુઓ ફરી સ્વાભાવિક સતેજ અને ગરમ થઇ ગયા. બહારની એ હવા અને વરસાદનું વાતાવરણ જે અત્યાર સુધી મને ફેંકી દેવા ચાહતું હતું, એનો જ દબાયેલો અવાજ અત્યારે મને હાલરડા જેવો મીઠો લાગવા માંડ્યો. આંખોનાં પોપચાં પણ ભારી થવા માંડ્યાં.

મેં એના ભણી જોયું, એ એમ જ બેઠી હતી. એની નજર ક્યાં હતી તે કળાતું નહોતું અત્યંત થાકેલી અને છૂપી યંત્રણાનો આભાસ એની આંખોમાં દેખાતો હતો. શી ખબર, એ લોકોને કંઇ ઢોંગધતુરાનો અભાવ થોડો હોય છે, તે વેળા જ મને થયું કે વખતે ઊંઘ આવી ગઇ અને દરમિયાન – ઓહ, એ અભાગિયાની વસ્તુને હું કાલે જ ઠેકાણે પાડી દઇશ. શી જરૂર હતી મરતી વખતે મને એ વસ્તુ આપી જવાની ! એ એક લોહીનો પીંડ ! લોહીનો પીંડ જ તો ! પરસેવાની વાસથી ગંધાતા મસોતાની પોટલી. એમાં એક રાક્ષસી ભૂખાળવી ગંધ પણ હતી. એ છોકરો મરતી વખતે હોઠના ખૂણામાંથી ઝરતા લોહીને ચાટીને બોલ્યો હતો, "આ તું રાખ."

એવી રીતે એ શબ્દો બોલ્યો હતો કે છાતીમાં – જવા દો એ વાત.

અને ત્યારેય એમની એમ જ બેઠેલી જોઇ અચાનક મારાથી બોલાઇ જવાયું – "તુંયે સૂઇ જા ને, થોડીક જગ્યા છોડીને !"

એ થોડીવાર તો મારી સામું જ જોઇ રહી, બોલી, "કમાલ માણસ છો તમે, બાપ રે...."

પછી એ સૂઇ ગઇ.

મારું શરીર આરામને લીધે રીતસર ઢીલું પડી ગયું હતું. ખાસ્સો આટલો દૂર સૂતો હોવા છતાં પણ એ બાઇનું શરીર એટલું બધું ગરમ હોઇ શકે એનો ગરમી અનુભવ થઇ રહ્યો હતો. કેવી વિચિત્ર રાત અને કેવો વિચિત્ર પરિવેશ ! કોઇ મને અહીં જુએ તો શું કહે ! છી, છી, પણ આટલો આરામ, મારા પીડિત થાકેલા શરીરને, આટલો સુખનો અનુભવ પહેલાં ક્યારેય થયો હોય એવું મને યાદ નથી. આંખોમાં ઊંઘ ઘેરાઇ રહી હતી, પણ –

ના એમ ન થાય. એ મિત્રની વાત કરું છું. હતભાગી, મરતી વખતે પોટલી સોંપી કહી ગયો હતો, "મારું લોહી."

મેં પૂછ્યું, "શાનું લોહી ?"

આંખનાં આંસુ અને હોઠને ખૂણે લાગેલું લોહી લૂછી એ બોલ્યો,"મારી છાતીનું, મેં રોજ ભૂખ્યા રહીને –"

બોલતાં બોલતાં રક્તશૂન્ય આંગળીઓ વડે પોટલી ફંફોળવા માંડ્યો.

હું ગુસ્સો ન રોકી શક્યો; મેં કહ્યું, "શું કામ, હેં !"

એ કહે, "ઘર બાંધવાની આશામાં –"

એવી રીતે શબ્દો બોલ્યો હતો એ કે પછી ગાળો દેવાને મારા ગળામાંથી અવાજ..... જવા દો એ વાત.

ત્યાં એનો વેદના કાતર ઊંહકારો સંભળાયો.

મેં પૂછ્યું, "શું થયું ?"

એણે મારી સામે જોયું. એની બંને આંખો વેદનાથી લાલ અને એમાં રુદનનો આભાસ. એ બોલી, "કંઇ નહિ."

એના ગરમ શ્વાસોચ્છ્વાસ મારા શરીરને અડતાં મેં આરામ અનુભવ્યો. ઠંડીથી થીજી ગયેલા શરીર પર જાણે કોઇ શેકતાપ કરતું હોય એવું લાગ્યું. અચાનક મનમાં થયું કે દેખાવમાં ખૂબ ખરાબ નહોતી. જરાક હોઠ અને નાક જ ખરાબ હતાં. આંખોનાં બીડેલાં પોપચાં. છાતી સરસા લાગેલા બે હાથ. અને એની ઢળેલી છાતી, વિચિત્ર માયાનું સર્જન કરતી હતી. એણે મને પૂછ્યું, "તમને ઊંઘ નથી આવતી ?"

"હું ઊંઘવાનો નથી." મેં કહ્યું. મનમાં થયું, તો પછી તને તો મજાનો લાગ જ મળી જશે, ના, એમ નહિ થવા દઉં બાપુ.

એ જેમ બોલતી હતી એમ મારો સંશય વધતો જતો હતો. એના કરતાં એ ચુપ રહેતી હોય તો !

બહાર તાંડવ હજુ પૂરજોશમાં ચાલુ જ હતું. છાપરામાંથી પાણી ચૂઇને ભોંય પર પડતાં પાણીનાં ટીપાંનો ટપ ટપ અવાજ સંભળાતો હતો. સાથે સાથે – છછુંદરીનો ખડભડાટ પણ.

એ ફરી કણસીને રડી પડી.

"શું થયું ?"

જરાકવાર ચુપ રહી એ બોલી, "રોગ."

"રોગ ? શાનો રોગ ?"

એ નીરવ.

"બોલને !"

તોય એ નીરવ.

હું અચાનક ખિજવાઇને બોલ્યો, "કહે ને કયો રોગ ! ક્ષય, કોલેરા, એવું કંઇ હોય તો ચાલતી પકડું. રોગ જોડે મને નથી બનતું."

એય છણકો કરી બોલી, "તમને કોની જોડે બને છે એ કહેશો !"

એય સાચી વાત ! આમાં બનવા ન બનવાની વાત જ ક્યાં આવી ? મેં કહ્યું, "તો કહેને, કે શો રોગ છે ?"

"આ લાઇનમાં જે રોગ થાય, એ વળી." એ બોલી. લાઇનમાં રહીને ! સર્વનાશ ! ભય અને ઘૃણાથી મારું નાક ચડી ગયું. મેં પૂછ્યું, "એ છતાંય સાંજે, રાતે –"

"હા હા વળી, પાંચ જણ." એ બોલી.

ઓહ કેવું ભયંકર ! મેં પૂછ્યું, "તો પછી દવા કેમ નથી કરતી ?"

"પૈસા ક્યાંથી કાઢું ?"

"કેમ તારી કમાણીમાંથી."

"એ તો શેઠના પૈસા છે."

"શેઠ, આ શું નોકરી છે !"

"નહિ તો શું ? શેઠનો ધંધો, ઘરબા'ર, ચીજવસ્તુય શેઠનાં. અમે તો ફક્ત અહીં કામ કરવા આવ્યાં છીએ."

સાંભળીને હું તો દંગ જ રહી ગયો. તો પછી આ લોકોની જિંદગી કંઇ આરામની નહોતી ! આયે નોકરી જ ! મેં કહ્યું, "સાલો તારો શેઠ કેવો છે ! દવા કેમ નથી કરાવતો !"

"એની મરજી પડે તો કરાવે. મિલ-કારખાનામાં રાત-દિવસ કેટલા બધા લોકો મરે છે. કારખાનાના માલિકો શું એમની દવા કરાવે છે ?"

સાચી વાત. એ વેદનાર્ત શાંત દષ્ટિએ આ વખતે ખરેખર મને ભાન ભુલાવી દીધું. યુદ્ધ ક્ષેત્રમાં સૈનિક પ્રાણ આપે છે. પણ જીવનના પ્રતિરોધની આ કેવી લડાઇ ! મેં કહ્યું, "તો પછી..."

એ કહે, "શું તો પછી ? શેઠની આંખમાં ધૂળ નાખી જે કંઇ કમાણી થાય એમાંથી દવા કરું."

"જીવતા રહેવા માટે !" હસવા જતાં મારું મોં વિકૃત બની ગયું.

"બધાં જ જીવતાં રહેવા ઇચ્છતાં હોય છે." વેદનાથી હોઠ દબાવી બોલી.

સાચી વાત, જમીન પર વાઘ છે, એમ જાણવા છતાંયે જમીન પર માણસો પોતાનું ઘર, અને ગામ વસાવે જ છે ને ! પૂર, ઝંઝાવાત, ભૂખ, શું નથી ? તોય ! અને પેલો અભાગિયો પણ ઘર બનાવવા જ માગતો હતો ને ! હા, અને પોટલીનો પ્રત્યેક પૈસો લોહીનાં ટીપાં ! એક લોહીનો પિંડ – આ પોટલી.

એણે પૂછ્યું, "ઊંઘવું નથી !"

ના, આંખમાં ઊંઘ નહોતી. એના શ્વાસોચ્છ્વાસ સ્પર્શતા હતા. યંત્રણાથી ઉષ્ણ શ્વાસોચ્છ્વાસ. મીઠો તાપ, ધગધગતી આગ જેવો લાગ્યો. પોટલી સાથે કુર્તાને પણ સખતાઇથી પકડી હું ઊઠી ગયો. બહાર દુર્યોગ એવોને એવો જ હતો. રાત લગભગ પૂરી થવા આવી હતી. મેં મારાં કપડાં પહેરી લીધાં.

એ ઊઠી. હસવાનો પ્રયાસ કરી બોલી, "ચાલ્યા ?"

ખીસા પર હાથ મૂકી પોટલીને મજબૂતીથી પકડી કહ્યું, "હા."

અભાગિયો હોઠને ખૂણેથી વહેતા લોહીને ચાટી લઇ મરતી વખતે બોલ્યો હતો, "આને તું રાખ." શા માટે ? શા માટે ?

એ યંત્રણાથી પીડિત ધીમા અવાજે બોલી, "ફરી આવજો."

એની એ શી આંખો ? આખાયે ચહેરા પર લાંછનાનાં ડાઘ. આકાશભણી ઊઠતું નાક, જાડા હોઠ. પણ આવો ચહેરો તો મેં ક્યારેય જોયો નહોતો.

અત્યંત ઉતાવળે હું પાછો ફર્યો, એના તરફ, અને એ પોટલી મેં એના હાથમાં મૂકી દીધી. એના શ્વાસ મારા શરીરને સ્પર્શ્યા. મેં નજર નીચી ઢાળી દીધી. અને અશાંત ક્રોધથી મેં પાછા વળી દાંત કચકચાવ્યા. અને હવામાં એ શબ્દો વહી ગયા. મેં કહ્યું, "પાછો બોલાવ મા."

બોજમુક્ત બની હું ઉત્તર દિશા ભણી ચાલવા માંડ્યો. વાનપ્રસ્થ નહિ, સંન્યાસ નહિ, મિત્રને ઘેર. પૂર્વ હવાએ મને પશ્ચિમ ગંગાના ઘાટ ભણી હડસેલી દેવા ઇચ્છ્યો. પણ ન ઠેલી શકી.

મિત્રના પુસ્તક માટે પ્રસ્તાવના

બિમલ કર

મારો મિત્ર સ્વર્ગસ્થ વસુધા મુખોપાધ્યાય અખ્યાત અને અજ્ઞાન લેખક. લગભગ વીસ બાવીસ વર્ષ પહેલાં અમે ત્રણે મિત્રોએ મળીને એનું એક પુસ્તક છાપ્યું હતું. વસુધા ત્યારે અમારી વચ્ચે હતો. એ પુસ્તકો યથારીતિ ગોઆ-બાગાનના એક છાપખાનામાં ઘણો લાંબો સમય સુધી પડ્યાં પડ્યાં સડી ગયાં. ફુટપાથ પર બે પાંચ પુસ્તકો અમે બે-ચાર આનામાં માંડ વેચી શક્યા હતા. એ પુસ્તક કોઇએ ખરીદ્યું હોય કે વાંચ્યું હોય એવી આશા નથી રાખતો.

વસુધાનું એ પુસ્તક આટલાં વર્ષ પછી ફરીથી છપાઇ રહ્યું છે. છાપે છે ભુવન. મારો અને વસુધાનો મિત્ર. પહેલીવાર છાપ્યું ત્યારે પણ એ હતો.

'નરકની યાત્રા' આ નામે જ પહેલીવાર પુસ્તક છાપ્યું હતું. આ વખતે પણ એ જ નામ રાખ્યું છે; જૂના પુસ્તકમાં ત્રણ વાર્તા હતી, આ વખતે બીજી બે ઉમેરી છે. વસુધા એક એવી હોસ્પિટલમાં ગુજરી ગયો હતો કે ત્યાં જવું, અથવા એનો કોઇ અંતિમ લેખ (વખતે એણે લખ્યો હોય) ત્યાંથી આણવો એ શક્ય નહોતું. અમે અમારા જાણીતા લેખોમાંથી જ એનું પુસ્તક છપાવીએ છીએ.

મારે પહેલેથી જ વાચકોની માફી માગી લેવી જોઇતી હતી. હું લેખક નથી. પ્રસ્તાવના શી રીતે લખાય એ જાણતો નથી. મારી ભાષા પણ પ્રસ્તાવનાને યોગ્ય નથી. ભુવને જ મને આ જવાબદારી સોંપી છે. એ માને છે, જુવાનીમાં વસુધા સાથે મેં પણ લખવાનો પ્રયાસ કર્યો હતો. તેથી આ કાર્ય કરવા માટે હું જ યોગ્ય હતો. ભુવન એમ પણ માને છે કે વસુધા વિષે એના કરતા હું જ વધુ જાણું છું. વાત જો કે બરાબર નથી. કલમ ન ઝાલવા છતાં ભુવન મારા કરતાં વસુધાનો ઓછો અનુરાગી, ગુણમુગ્ધ કે ઓછો ઘનિષ્ઠ નહોતો; છતાંય વસુધાના પુસ્તકની પ્રસ્તાવના મારે જ લખવી પડે છે.

વીસ બાવીસ વર્ષના લાંબા ગાળા પછી વસુધા જેવા અખ્યાત અજ્ઞાત લેખકનું અપઠિત વિસ્મૃત એક પુસ્તક ફરી શા માટે પ્રકટ કરીએ છીએ એનુંયે કંઇક કારણ આપવું જોઈએ. મિત્રતા સિવાય આમ તો આનું બીજું કારણ ન હોઇ શકે. એ વાત ઠીક કે મૃત મિત્ર તરફ પ્રેમ લાગણી પ્રદર્શિત કરી વ્યક્તિગતભાવે અમે કંઇક સાંત્વના મેળવીએ છીએ. બીજું કારણ બીજી જ જાતનું છે. ચાર પાંચ મહિના પહેલાં ભુવન

એક વાર કાશી ગયો હતો. કાશીમાં રામાપુરામાં એક સજ્જન જોડે એને ઓળખાણ થઇ. સજ્જન વૃદ્ધ. એક દિવસ એમની બેઠક ખંડમાં બેસી ભુવન વાતો કરતો હતો, એવામાં એક છોકરો આવ્યો અને એક મઢેલી છબી આપી ગયો. થોડા દિવસ પહેલાં ઓરડામાંથી જાળાં પાડતી વખતે દીવાલ પરથી પડી જવાથી છબીનો કાચ ભાંગી ગયો હતો. ફરી એને મઢાવીને ઘેર આણી હતી. સ્વાભાવિક રીતે જ ભુવનની નજર એ છબી પર પડી. ભૂખરી રંગ ઊડી ગયેલી એ છબીમાં ભુવને વસુધાને જોયો. ત્રણ ચહેરામાં એક વસુધાનો હતો. બીજા બેમાંથી એક વૃદ્ધ પોતે અને બીજો એમની દીકરીનો હતો. ભુવન કહે, "આને હું ઓળખું છું, આ મારો મિત્ર વસુધા છે." કહીને એણે વસુધાનો બીજો પરિચય ઉમેર્યો, "એ લેખક હતો." વૃદ્ધ કહે, "મારી દીકરી પણ કહેતી હતી કે એ લેખક છે. "જોકે મેં એને ક્યારેય લખતાં નહોતો જોયો. પણ અમે હરિદ્વાર ગયા ત્યાં એને એક ક્ષય રોગીની સેવાચાકરી કરતાં જોયો હતો. આ છબી હરિદ્વારની છે. છોકરો બિલકુલ સંન્યાસી જેવો હતો... તમે એના કંઇ સમાચાર જાણો છો ?" ખબર નહિ શુંયે વિચાર આવતાં ભુવને વસુધાના અવસાનના સમાચાર ન આપ્યા. એ કહે, "ના, મને ખબર નથી."

કાશીથી પાછા આવ્યા પછી ખબર નહિ, કેમ ભુવનના ભેજામાં એક વિચાર ચડી બેઠો, વસુધાનું એ પુસ્તક પોતે છાપશે. મેં એને ઘણીવાર પૂછ્યુ હતું, "શા માટે છાપવું છે ? છાપીને શો ફાયદો !" એ માથું હલાવી કહે, "ના, છાપવું છે, આપણે માટે છાપવું યોગ્ય જ કહેવાય. વસુધાને મેં પહેલાં ઘણીવાર કહ્યું હતું કે મારી પાસે જો પૈસા હોત તો હું તારું પુસ્તક છાપત. હવે મારી સ્થિતિ સારી છે. હું એના પુસ્તક માટે ખર્ચ કરવા તૈયાર છું."

મને મનમાં થયું, ભુવન આજે લગભગ છેંતાળીસ સુડતાળીસ વર્ષની ઉંમરે પણ એવો જ લાગણીપ્રધાન અને ઉત્સાહી રહ્યો છે. હું નથી રહ્યો. મારી એક માત્ર સાંત્વના, કે હું વસુધા માટે આટલી પ્રસ્તાવના તો લખી શક્યો છું. વાચક પોતાની ઉદારતાથી મારી અશક્તિને માફ કરે.

વસુધાનો જન્મ પશ્ચિમ બંગાળમાં થયો હતો. પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થયું તે વર્ષે, ઓગણીસો અઢારમાં જન્મ. બનતાં સુધી માગશર મહિનામાં. તેના પિતા પોસ્ટમાસ્તર હતા. નોકરીની વારંવાર બદલી થતી હોવાને લીધે વસુધાએ હજાર ઘાટનાં પાણી પીધાં હતાં. જો કે બંગાળ અને બિહારમાં જ. વસુધાની માનો સ્વભાવ નમ્ર, શાંત અને ધર્મભીરુ હતો. એની એક મોટીબહેન હતી. વસુધા જ્યારે કોલેજમાં ભણતો હતો તે વખતે એ સાસરામાં જ ગુજરી ગઇ. વસુધાનાં બીજાં આત્મીય સંબંધીઓની અમને ખબર નથી.

વસુધા જ્યારે કલકત્તાની કોલેજમાં ભણવા આવ્યો, ત્યારથી અમારી સાથે ઓળખાણ. એ હોશિયાર વિદ્યાર્થી નહોતો, દેખાવમાં સુંદર પણ નહોતો, એ તો ઠીક એનો અવાજ પણ તરડાયેલો હતો. પણ મિત્ર તરીકે એ દુર્લભ હતો. એ જેટલું વાંચતો

નહિ તેના કરતાં દસગણા મનોમન જાતજાતનાં વિચાર કરતો. એ જ્યારે અમને કંઇ કહેતો કે સમજાવતો, ત્યારે એનો તરડાયેલો અવાજ આવેગને લીધે કેવોય અદ્ભુત મીઠો બની જતો. વસુધાની આંખો જ કહી દેતી કે એ વધુ પડતો લાગણીપ્રધાન હતો. એનો ચહેરો લાંબો, ચિબુક અણિયાળી, નાક પાતળું અને ઊંચું; પણ આંખ સામાન્ય, જરાક ઝીણી, ખૂબ ચમકીલી, ભરાવદાર ભવાં. એનો રંગ સાધારણ ગોરો, વાળ વાંકડિયા, એના દેખાવમાં એવું કશું નહોતું કે બીજાને આકર્ષે, સાધારણ બંગાળી છોકરાઓ કરતાં એ મુદ્દલે અલગ નહોતો. પણ અમે, જે બધા વસુધાથી ખૂબ ઘનિષ્ઠ હતા, તેઓ જ જાણતા કે એનો સ્વભાવ અમારા જેવો નહોતો. ક્યાંક જાણે એક આકર્ષણ રહ્યું હતું.

બી.એ. ભણતા હતા તે જ સમયે વસુધાએ લખવાનું શરૂ કર્યું. તેની પહેલાંય વખતે લખતો હશે. પણ એની અમને ખબર નથી. વસુધાની લખેલી પહેલી વાર્તા અમારા મિત્રના એક છાપામાં છપાઇ હતી. એ વાર્તા અને એ છાપું ખોવાઇ ગયાં છે. કલકત્તામાં બોમ્બમારો થયો, તે સમયની વાત છે. દરેક રીતે જોતાં પરિસ્થિતિ ડામાડોળ. માણસો ભય અને આતંકથી દોડતાં હતાં; નાસતાં હતા, એ જાતના અસ્થિરતાના વાતાવરણમાં બધા જે લખે તેવી જાતની જ એક વાર્તા લખી હતી. બિલકુલ મામૂલી લખાણ. ત્યારે જોકે અમે તેની ખૂબ પ્રશંસા કરી હતી, પણ સાચું કહું તો, એ વાર્તા એટલી મામૂલી હતી કે એ વાર્તાનું આજે કશું જ યાદ નથી.

હું માનું છું કે વસુધા પણ એમ જ માનતો હતો. એનું ખરેખરું લખવાનું શરૂ થયું તેંતાળીસની ઉંમરથી. ત્યારે અમે બધા નોકરી કરતા. વસુધા સિવિલ સપ્લાઇનું કામ કરતો, હું અને ભુવન બીજે કામ કરતા. બહુબજારની એક મેસમાં વસુધા રહેતો, મિત્રો કહો તો અમે બે, મેસની ઓરડીમાં બપોર પછી સાંજથી જ અમે અડ્ડો જમાવતા. વસુધા એના લેખોની વાતો કરતો. કશું લખ્યું હોય તો અમને વાંચી સંભળાવતો. એનું મન ખૂબ જ અસ્થિર હતું, કશુંય ક્યારેય પૂરું ન લખતો. આજે જે કંઇક લખશે, એમ કહે, એ કાલે ન લખે. કેટલુંય મળવાનું શરૂ કરે, સામાન્ય લખીને છોડી દે. મહિનાઓના મહિનાઓ સુધી કેવળ એ લખવાની વાતો કરતો. પણ એક અક્ષરેય લખતો નહિ.

આ પુસ્તકની જે પહેલી વાર્તા છે, 'વિનોદિનીનું દુઃખ' – તે સમયે એક માસિક પત્રિકામાં છપાઇ હતી. વાર્તામાં પ્રથમ તો જાણે પોતાને કંઇ કહેવું હોય એવું લાગે છે. તેર વર્ષની વયે વિનોદિનીનાં લગ્ન થયાં હતાં, ત્યારે પતિની વય અઢાર. લાલ કિનારની જાડી સાડી વિનોદિનીના શરીર પર રહી શકતી નહિ, તેથી અર્ધી સાડીનું ગુંડાળુ પોટલું વાળી પીઠ પર ઊંચકી વિનોદિની ફરતી. એનો પતિ ગંગાપદ વહુ માટે સ્ટીમર ઘાટની બજારમાંથી માટીની ઢીંગલી, પૂતળાં, કાચની બંગડી, ચોડવાનાં ચાંદલા, સિંદૂર, કાચાં જામફળ, જાંબુ વગેરે છાનોમાનો ખરીદી લાવતો. લાવીને વહુને દેતો. રાતના ખાટલા નીચેથી સંતાડેલી ચીજો બહાર કાઢી વિનોદિની રમવા

બેસતી. અથવા રાતનાં જ કાચાં જામફળ ચાવી ખાતી. ગંગાપદને સ્ટીમર ઘાટે નોકરી મળી ત્યારે વિનોદિની માટે એક ગૌરાંગપ્રભુની કાચની મૂર્તિ લાવ્યો હતો. વિનોદિની ત્યારથી જ પ્રભુની ભક્ત થઇ ગઇ હતી. એમ કરતાં વિનોદિની જુવાન થઇ. બાળકો થયાં. ઘર-ગૃહસ્થીનો ભાર માથે પડ્યો. ગૃહિણી બની, જુવાની વીતી ગઇ. બુઢ્ઢી થવા આવી, એ પછી એનો પતિ ગંગાપદ મરી ગયો. પતિના મૃત્યુ પછી વિનોદિની આ સંસારમાં ક્યાંય પોતાને ગોઠવી શકી નહિ. પિસ્તાળીસથીયે વધુ વર્ષો સુધી પતિ સાથે પોતાનું જીવન એ રીતે જોડાયેલું હતું, જાણે એ અને એનો પતિ, તેમનો સંસાર, તેમના માટે જ એક જાતનો જીવન-નકશો તૈયાર કર્યો હતો. પતિનું મૃત્યુ થતાં એ નકશો અચાનક નાશ પામ્યો. વિનોદિનીનું જીવન હવે શૂન્ય, અર્થહીન બની ગયું. જાણે વહેતાં વહેતાં એક નદી અચાનક ક્યાંક થંભી ગઇ. એનો પ્રવાહ જ ન રહ્યો. વિનોદિનીનાં મનની સ્થિતિનું વર્ણન આ રીતે કરી શકાય : જે રેખાઓ અને રંગો વડે વિધાતાએ એને માટે આ સંસારનું એક અતિ ક્ષુદ્ર ચિત્ર દોર્યું હતું, એની અર્ધી રેખાઓ ભૂંસાઇ ગઇ, ઘણો બધો રંગ ધોવાઇ ગયો. હવે વિનોદિની ચિત્ર નહોતી રહી, અને ક્યારેય ફરી તેની ચિત્ર બનવાની સંભાવના પણ રહી નહોતી.

વિનોદિની તેની આ શૂન્યતા પૂર્ણ કરવા માટે દીકરાઓની વાતો વિચારતી. પણ મન જોઇએ તેવો પ્રતિસાદ ન દેતું. દેવી-દેવતામાં મન પરોવવા માગતી પણ પરોવાતું નહિ.

વિનોદિનીને એ કાચના ગૌરાંગ ઘણા પ્રિય હતા, પિસ્તાળીસ વર્ષથી એ કાચના ગૌરાંગની નિત્યસેવા કરતી આવી હતી. ગંગાપદની ગેરહાજરીમાં ગૌરાંગ પણ કેવળ કાચની મૂર્તિ જ બનીને રહી ગયા. અંતે વિનોદિનીએ એક દિવસ અચાનક અનુભવ્યું : પ્રતિમાનું વિસર્જન થાય. તેના સાજ-શણગાર, શોભા, માટી બધું જ ઓગળી જાય. કશું જ બાકી ન બચે. માણસના જીવનમાં પણ આ વિસર્જનો અતિ સત્ય, ગંગાપદ અને વિનોદિનીને જાણે કોઇ લોકોએ વિસર્જનનાં વાદ્યો વગાડાવી નદીના ઘાટે લાવીને મૂક્યાં હતાં, પતિ ગયા છે, નદીનાં જળ વિનોદિનીની પ્રતીક્ષા કરી રહ્યાં છે. એક જ નદીના પાણીમાં ઉભય મૂર્તિ ડૂબી ઓગળીને એકાકાર બની રહેશે. વિનોદિનીએ આજે આવો વિચાર કરી ઇશ્વરને પ્રણામ કર્યા.

'વિનોદિનીનું દુઃખ' આ વાર્તા વસુધાએ પોતાની માનો વિચાર કરી લખી હતી. તેની મા અને વિનોદિનીમાં કંઇ ફેર ન હતો. ધર્મભીરુ હોવા છતાં પણ એની મા પતિના મૃત્યુ પછી ન વસુધાનો કે ન ધર્મનો આશ્રય લઇ ખરેખરી સાંત્વના પામી હતી. વસુધા કહેતો : "મા પરલોકમાં નહોતી માનતી. એક માત્ર મૃત્યુ પર જ તે વિશ્વાસ કરતી. મને કશું જ ન સમજાતું."

માના મૃત્યુ પછી, ઘણા અરસા બાદ, વસુધાએ બીજી એક વાર્તા લખી હતી. વાર્તાનું નામ 'દુઃખ મોચન' આ પુસ્તકની એ બીજી વાર્તા. એક અપ્રચલિત સામયિકમાં એ વાર્તા છપાઇ હતી. 'વિનોદિનીનું દુઃખ' વાર્તા સંમાર્જિત સાક્ષરી

ભાષામાં લખાઇ હતી. વસુધા શરૂઆતમાં એ જ ભાષામાં લખતો. 'દુઃખ મોચન' એણે ચાલુ બોલચાલની ભાષામાં લખી હતી.

'વિનોદિનીનું દુઃખ' એ વાર્તામાં વિનોદિનીની અંતિમ સાંત્વના હતી મૃત્યુ. મૃત્યુને વિનોદિનીએ દુઃખની અંતિમ પરિણતિ તરીકે જોયું હતું.

લાગે છે કે વાત બરાબર કહેવાઇ નથી, કહેવું ઉચિત હતું, વિનોદિની મૃત્યુમાં એક જાતના આત્મિક પુનર્મિલનની આશા રાખતી હતી. 'દુઃખ મોચન'માં આ મૃત્યુને જ જાણે વધુ ચકાસી જોવાની વસુધાએ કોશિશ કરી હતી.

પહેલાં જ કહી ગયો છું. વાર્તા વસુધાએ પોતાની માના મૃત્યુ પછી ઘણા સમય બાદ લખી હતી. એની માના મૃત્યુ સમયે વસુધાને એક છોકરી સાથે પરિચય હતો. તેનું નામ અહીં ગુપ્ત રાખું છું. સુવિધા માટે આપણે એનો નિરુ કે નિરુપમા કહીને ઉલ્લેખ કરશું. વસુધા એની માની માંદગીના સમાચાર મળતાં એ દેશમાં ચાલ્યો ગયો હતો. અને માના મૃત્યુ પછી શ્રાદ્ધકર્મ સુધી દેશમાં જ હતો. અમે, હું અને ભુવન, વસુધાની માનાં શ્રાદ્ધના દિવસે દેશમાં ગયા હતા. વસુધાએ ત્યારે અમને એક અદ્ભુત વાત કહી હતી; કહે કે સ્મશાનમાં જ્યારે નદી કાંઠે માની ચિતા ભડભડાટ બળતી હતી ત્યારે એ એક જાંબુના ઝાડ નીચે બેઠો લગભગ બધો જ વખત નિરુના જ વિચાર કરતો હતો. એ પછી આ કેટલાક દિવસ – શોક અને સૂતક – દરમિયાન પણ એણે માનો વિચાર ખૂબ જ ઓછો કર્યો હતો. નિરુની જ વાતો વધુ વિચારી છે. કેમ એમ ?

વસુધાની દરેક વાતમાં જ 'કેમ'નું ઘેલું વળગ્યું હતું. મા માટે એને જેટલો શોક થવો ઉચિત હતો, વેદના અનુભવવી એ કર્તવ્ય હતું, એટલો શોક કે વેદના એને થઇ નહિ. પરંતુ કેવળ નિરુપમાનો જ વિચાર કર્યો હતો – આ ગ્લાનિથી એનું મન ઘણા દિવસ સુધી વ્યથિત રહ્યું હતું. જાણે એ કેટલોય મોટો ગુન્હેગાર હતો. કેટલો માટો ભયંકર અન્યાય કર્યો હતો એણે ! અમે તેને સમજાવી ન શક્યા, કે એ અકારણ જ પોતાને દુઃખી કરતો હતો.

વસુધાના થોડા દિવસો આમ ઉદાસી અને ગ્લાનિમાં વીત્યા. નિરુને પણ એણે દુઃખી નારાજ કરી મૂકી; એ પછી પોતાના મનને પસંદ પડે એવો એક જવાબ શોધી કાઢી વસુધાએ 'દુઃખ મોચન' વાર્તા લખી.

'વિનોદિનીનું દુઃખ' વાર્તામાં વિનોદિનીને મૃત્યુમાં પોતાના દુઃખનું સમાધાન દેખાય છે. 'દુઃખ મોચન'માં સુખેન્દુ અનુભવે છે કે મૃત્યુ નિષ્ક્રિય અને જડ જેવું છે. જીવન પ્રતિક્રિયા સર્જે છે. મૃત્યુ કોઇ પણ પ્રતિક્રિયા સર્જતું નથી. સરળ શબ્દોમાં કહીએ તો એમ કહી શકાય. વિનોદિનીએ મૃત્યુ ગ્રહણ કરી શાંતિ પામવા ઇચ્છ્યું હતું. સુખેન્દુએ જીવિત રહેવા અને સજીવતામાંથી શાંતિ પામવા ચાહ્યું.

સુખેન્દુ 'દુઃખ મોચન' વાર્તાનો નાયક છે. એની ઉંમર થોડીક વધારી દીધી છે. વાર્તાનો મુખ્ય વિષય આમ તો લાગે કે પ્રેમ છે, પણ મને લાગે છે, મૃત અને જીવિત, અથવા મૃત્યુ અને જીવનનું દ્વન્દ્વ છે. વાર્તાને અમે શરૂઆતથી જ જોઇ છે. સુખેન્દુ

એક અદ્ભુત દ્વિધામાં અત્યંત દુઃખીની જેમ જીવી રહ્યો છે. એ રેણુ નામની એક છોકરીને ચાહે છે, અને છતાં એની માની સર્વગ્રાસી એક સ્મૃતિ એને રેણુની સાથે સહજ-સ્વાભાવિક સંપર્ક સાધવા નથી દેતી. એના મનમાં સર્વદા એક અન્યાયનો ડર, વિવેકની ગ્લાનિ છે. સુખેન્દુના મનમાં થાય છે, જાણે એ સદાયે એની માનો અભિશાપ એકઠો કરતો જીવી રહ્યો છે. આવું કેમ થતું હશે ? એ સમજી શકે નહિ કેવળ એટલું જ સમજી શકે કે મા પ્રત્યેની પોતાની ફરજ એણે અદા નહોતી કરી.

મનમાં દ્વન્દ્વથી સુખેન્દુને અમે મુક્ત થયેલો જોઇ શકશું એવી જ્યારે આશા નહોતી – ત્યારે એક ઘટનાને લીધે દ્વન્દ્વનો એકદમ અંત આવી ગયો. વાર્તામાં છેલ્લે જે અલૌકિક ઘટનાની વાત છે એ જ કહું છું. શિયાળાની હજુ શરૂઆત છે. રેણુના ઘરની આગાશી પર સાંજના રેણુ અને સુખેન્દુ બેસીને વાતો કરતાં હતાં. કલકત્તાની ગલી, ધુમાડો, ધુમ્મસ અને ગેસની બત્તી, અને આછી ચાંદનીમાં કેવી ઝાંખી લાગતી હતી. વાત કરતાં કરતાં રેણુ અચાનક ઊભી થઇ અને ચાલી ગઇ. સુખેન્દુ બેઠો હતો. ઝાંખી ચાંદની અને ધુમાડો – ધુમ્મસમાં એ મૂર્તિને પહેલાં તો એ ઓળખી જ ન શક્યો, એ મૂર્તિ સફેદ છાયા જેવી જ જાણે લાગતી હતી. થોડી વાર ધ્યાનથી જોતાં સુખેન્દુ ઓળખી શક્યો. એની મા ! પહેલાં તો અવાક્ થઇ ગયો, પણ પછી જાણે સુખેન્દુને સમજાયું કે મા શા માટે આવી હતી, મૃત મા પ્રત્યે એના મનમાં કરૂણા જાગતી હતી. મા માટે દુઃખ થતું હતું. વિચિત્ર ચિંતાની અનુભૂતિ એને જાણે ગ્રસી રહી હતી. એ માને કશું કહેવા જતો હતો – અચાનક એને એક જાતની ગંધ આવી. શાની ગંધ હતી ! કોની ગંધ હતી ? અન્યમનસ્કપણે મોં નીચું કર્યું તો છાતી પાસેના ખીસામાંથી ફુલની સુગંધ આવી. એને યાદ આવ્યું, કે થોડીવાર પહેલાં રેણુ એના અંબોડામાં ખોસેલું એક માત્ર ગુલાબ કાઢી સુખેન્દુના ખીસામાં મૂકીને ગઇ હતી. સુખેન્દુને આ ગંધ ખૂબ જ આશ્ચર્યકારક લાગી, કેટલી જીવંત, મનોરમ, સ્પર્શયોગ્ય હતી ! રેણુનું શરીર મન, પ્રેમ, એ બધું જ જાણે એ જ પળે એક વિશાળ તરંગની જેમ આવ્યું અને એને તાણી ગયું. સુખેન્દુએ એ સ્થિતિમાં જેમતેમ કરી પોતાની માને કહ્યું, "તમે હવે નહિ આવતાં."

વસુધાએ પોતે જે ગ્લાનિ અનુભવી હતી તેનાથી સુખેન્દુ દ્વારા એ અલગ થઇ શક્યો હતો. મૃત મા માટે એને અત્યંત શોક કે વેદના થયા નહોતાં, ઉલટાનો નિરુના વિચારમાં તન્મય થઇ ગયો હતો – એની ગ્લાનિની લાગણી માટે જ એને જે દુઃખ જન્મ્યું હતું, એ જ દુઃખનું આટલા દિવસ પછી મોચન થયું. નિરુ જીવિત હતી તેથી જ એનું આકર્ષણ વધુ હતું. નિરુ જીવિત હતી એટલે જ એ જરૂરી હતી. પ્રેમ જ જીવન છે.

'દુઃખ મોચન' ખરેખર પ્રેમની વાર્તા નથી, પ્રેમ આ વાર્તામાં ઉપજીવ્ય વિષય નથી. માણસ માત્ર જીવન પ્રતિ આસક્ત હોય છે, અને આ આસક્તિ સિવાય કોઇ જીવ જીવિત ન રહી શકે. વસુધા જાણે એ જ વાત કહેવા માગતો હતો.

વ્યક્તિગત રીતે હું માનું છું, વસુધાની આ વાર્તા એના પોતાના માટે જ કલ્યાણકારક નીવડી હતી. સુખેન્દુ નિમિત્તમાત્ર હતો.

આ પુસ્તકની ત્રીજી વાર્તા છે 'નરકની યાત્રા' મેં પહેલાં પણ કહ્યું છે, ફરી એકવાર યાદ દેવડાવું કે, આ વાર્તાના નામે જ પહેલીવાર એનું પુસ્તક અમે છાપ્યું હતું. આ વખતે પણ એ જ નામ રાખ્યું છે.

'દુઃખ મોચન' લખ્યા પછી લગભગ એક વર્ષે વસુધાએ આ વાર્તા લખી હતી. વાર્તાને પ્રેમ કથા કહી શકાય. જો કે પ્રેમ કથાનું નામ 'નરકની યાત્રા' એ ખૂબ જ વિચિત્ર લાગે છે.

'નરકની યાત્રા'માં એક યુવકની પ્રેમ પિપાસા, પ્રેમ અને પછી એની વ્યર્થતાની વાત કહેવામાં આવી છે. વાર્તાનો નાયક છે વસુધા પોતે જ. જો કે લખાણમાં એના નાયકનું નામ છે પરિમલ. અહીં નાયિકાનું નામ સાચે જ નિરુપમા રાખ્યું છે. કલકત્તાની સદાનંદ ચૌધરી લેનના જે મકાનમાં નિરુપમા રહેતી હતી તેમાં નીચલે માળે પરિમલનો એક મિત્ર રહેતો હતો. ક્યારેક ક્યારેક પરિમલ એના મિત્રને ત્યાં જતો હતો. એ સૂત્રે જ નિરુપમા સાથે પરિચય..... પરિચય ઘનિષ્ઠ બનતાં થોડો સમય ચોક્કસ લાગ્યો હતો. પણ એ વાત સ્પષ્ટ સમજાય છે કે પ્રથમથી જ પરિમલ નિરુપમા તરફ આકર્ષાયો હતો. પરિમલ એ જ જાતનો યુવક હતો — જેઓ પ્રેમને દૈવ--શક્તિ જેવો માને છે, અને પ્રેમથી માનવહૃદય ટકી રહે છે એવું હજુ પણ માનતા હોય છે. ઓછાબોલો, શરમાળ અને લાગણીપ્રધાન આ યુવક ખૂબ સાધારણ યુવતી નિરુપમાને પસંદ ન પડે એ માટે પૂરતાં કારણ હતાં. નિરુપમા સ્વભાવે ખૂબ જ સાધારણ હતી.

વાર્તાના પ્રથમાંશમાં પરિમલ અને નિરુપમાના ધીમે ધીમે ઘનિષ્ઠ થવાની વાત છે. દ્વિતીયાંશમાં એમના પ્રેમ સંબંધે કહેવામાં આવ્યું છે. આમાં પરિમલના પ્રેમને ગંભીર અને આંતરિક કહેવામાં જરાયે વાંધો નથી. પરિમલ માનતો હોય છે કે આ પ્રેમે એનું જીવન સાર્થક કર્યું છે. તેના જીવનને મૂલ્યવાન કર્યું છે. નિરુપમા આટલું બધું વિચારતી નહિ, વિચારવાને કારણ પણ જોતી નહિ. વખતે એને વિચારતાંયે નહિ આવડતું હોય. તો પણ, યુવતી હતી ને, તેથી કોઇ પણ છોકરીની જેમ એનેય આ પ્રેમ થોડો ઘણો રોમાંચક જરૂર લાગતો.

આ પ્રેમ એક દિવસ પડી ભાંગ્યો. શા માટે ભાંગી પડ્યો એ તો સમજી શકાય એવું છે. તો પણ ક્યારેક મનમાં થાય કે નિરુપમાની નીચે રહેતા ભાડૂત, પરિમલના મિત્ર મન્મથની હલકાઇ અને ચતુરાઇને લીધે જ આ પ્રેમ નષ્ટ થઇ ગયો હતો. ક્યારેક મનમાં થાય કે પરિમલનો જ વાંક હતો, વળી ક્યારેક નિરુપમાને જ જવાબદાર ગણવાનું મન થાય. મન્મથને જો કારણ માનીએ, તો લાગે કે મન્મથે પરિમલના હરીફ હિસાબે નિરુપમાને મેળવવા કોશિશ કરી હતી. પણ એ વધુ ચતુર હતો એ રીતે તો ખુલ્લંખુલ્લાં કોઇ હરીફાઇ નહોતી કરી, છૂપી રીતે સીધી સાદી, સાંસારિક રીતે,

લુચ્ચાઇ કરી હતી ખરી. એ નિરુપમાની માને વશ કરી શક્યો હતો એ તો ઠીક, નિરુપમાને પણ વશ કરી શક્યો હતો. નિરુપમાની મા સંસારમાં સમજતી, દીકરીના સુખશાંતિ શામાં છે તેય સમજતી. પણ પ્રેમ વગેરેમાં કંઇ ન સમજતી. તેમને મનથી પરિમલ યોગ્ય પાત્ર નહોતો લાગ્યો. નિરુપમાએ ખબર નહિ શી રીતે ભૂલ કરી હતી ! મન્મથની ચતુરાઇ અને અત્યંત શક્તિશાળી અધિકારની માગણી એને અતિશય આકર્ષક લાગી હતી. તે સિવાય મા તરફથી પરિમલને ગ્રહણ કરવામાં જબરદસ્ત વાંધો હતો. નિરુપમાને નાનપણથી જ બધી જાતની માંદગીનો ડર હતો. ઘૃણા પણ ખરી. પરિમલ એને ખબર નહિ કેમ પણ માંદલો જ લાગતો. પરિમલને એણે ઘણા સમય સુધી પ્રેમી તરીકે માનવાનો પ્રયાસ કર્યો હતો. પણ માની નહોતી શકી. આ પ્રેમ જ્યારે સંસારમાં વ્યવહારનો વિષય બનશે ત્યારે – ત્યારે શું થશે ? નિરુપમા શું શાંતિ કે સુખ પામી શકશે ? તેને લાગતું નહોતું કે પરિમલ એને ગૃહસ્થીનાં સુખ શાંતિ આપી શકશે ?

પરિમલના દોષનો જો વિચાર કરીએ તો દેખાશે કે પરિમલ ઘણી બધી મજલ આરામથી કાપી કોણ જાણે કેમ અચાનક અટકીને ઊભો રહી ગયો હતો. કેમ અટકીને ઊભો હતો એ કહેવું જરૂરી છે. બનતાં સુધી પરિમલે પ્રેમમાં જે કંઇ પામવાનું હતું એ પામી લીધું હતું અને પ્રેમના વિષાદ અને અસંપૂર્ણતા તરફ આકર્ષાતો હતો. એક સ્થળે પરિમલ પ્રેમના ક્ષણિક સુખની વાત વિચારતાં જુએ છે, પ્રેમનું કોઇ સ્થાયિત્વ નથી. આજે જેમ છે ચિરકાળ એમ ને એમ નહિ રહે. પ્રેમમાં જે અસંપૂર્ણતા અને વિષાદ છે એનું કારણ એ છે સૌંદર્યની બીજી બધી વસ્તુઓની જેમ એનો ક્ષય થાય છે, એનું પરિવર્તન થાય છે... પરિમલને કદાચ અક્ષય પ્રેમ, અપરિવર્તનીય પ્રેમની કામના હતી. જે આ સંસારમાં દુર્લભ છે.

નિરુપમાનો દોષ એ હતો કે એ સાધારણ છોકરી હતી. સાવ સાધારણ નજરે એ પ્રેમ અને ઘર-સંસારને જોવા ઇચ્છતી હતી. પરિમલને ગ્રહણ કરવામાં એને દ્વિધા થતી હતી. એ દ્વિધા કંઇક તો મન્મથને લીધે અને કંઇક નિરુપમાની સાધારણ ઇચ્છાને લીધે પેદા થઇ હતી.

'નરકની યાત્રા' વસુધાની પાતાની જ વાર્તા હતી. નિરુના પ્રેમે એને છેવટ સુધી શાંતિ નહોતી આપી. એ તો ઠીક પણ નિરુને સાચે જ એનો કોઇ મિત્ર પરણી ગયો હતો. પ્રેમની વ્યર્થતા આપણે જે રીતે માની લેત, એ રીતે વસુધા ન માની શક્યો. એ કહેતો, "આપણી પ્રેમની ધારણા ખૂબ જ સંકુચિત છે. કેવળ એક માત્ર મુનષ્ય પર અવલંબે છે, એ છોડી દે તો દુઃખના માર્યા મરી જઇએ છીએ, અસ્થિર બની જઇએ છીએ, દુઃખથી કાતર બની જઇએ, એવું શા માટે ? કેમ એમ ? એ 'કેમ'નું ભૂત કોઇ દિવસ એના ભેજા પરથી ઊતર્યું જ નહિ. કહેવાની જરૂર નથી, વસુધા આપણા સંકુચિત નાનકડા પ્રેમને પસંદ કરતો નહિ. આ પ્રેમને એણે અંતે રદ-બાદલ કરી નાખ્યો હતો. એણે જોયું કે આપણા આ સંસારમાં સેંકડો જાતની ગ્લાનિ, તુચ્છતા,

ધૂર્તતા, પ્રાપ્તિની ઇચ્છા, આપણી આત્મિક દીનતાને ક્રમશઃ વધુ દીન કરી રહ્યાં છે. એની માન્યતા અને દીનતાને લીધે આપણે નરકવાસી જીવ બની રહ્યા છીએ. આ નરકથી ઉદ્ધાર પામવાની કોશિશ એટલે જ એની 'નરકની યાત્રા' વ્યક્તિગત પ્રેમ અને પ્રાપ્તિથી એણે સંભવતઃ ક્યાંક દૂર ચાલ્યા જવાનો પ્રયાસ કર્યો હતો.

કલકત્તા છોડી જે વર્ષે વસુધા ચાલ્યો ગયો, એ જ વર્ષે મેં લગ્ન કર્યાં હતાં. મારી પત્ની વસુધાના લખાણની ખૂબ અનુરાગી હતી કે નહિ એ તો ખબર નથી, પણ એ એને ઓળખતી. વસુધાને મેં મારાં લગ્ન માટે રોકાવાનું કહ્યું હતું, પણ એ ન રોકાયો. એના થોડા મહિના પહેલાં જ અમે એનું પુસ્તક પ્રગટ કર્યું હતું.

વસુધાને પછી મારે ક્યારેય મળવાનું થયું નહોતું. વર્ષમાં એકાદવાર એનો પત્ર આવતો. ભુવન પર પણ મારી જેમ કદાચિત્ એક બે પત્ર આવતા. અમે વસુધાના પત્ર પરથી સમજી ગયા કે એ રખડુ થઇ ગયો હતો. એ પછી જોયું કે એ એકદમ ઇશ્વરમાં શ્રદ્ધા રાખતો થઇ ગયો હતો. અને એકદમ છેલ્લે જાણ્યું કે એ ઇશ્વરને તિલાંજલી આપી સેવાવ્રતધારી બની ગયો હતો.

વસુધાની છેલ્લી બે વાર્તા માટે મારે કશું જ કહેવાનું નથી. હું નરકવાસી જીવ. નરકમાંથી સફર શરૂ કરી વસુધાએ જે બધે રસ્તે જવાનો પ્રયત્ન કર્યો હતો એની મેં ભાળ રાખી નહોતી. વખતે એની ચોથી વાર્તા 'ઇશ્વર' અને પાંચમી વાર્તા 'આશ્રય' એના જીવનનાં છેલ્લાં કેટલાંક વર્ષોનો ઇતિહાસ જણાવી શકે. આ બે વાર્તા જ ભુવન કાશીથી પાછા વળતાં એ વૃદ્ધ સજ્જનની દીકરી પાસેથી મેળવી ને લાવ્યો હતો. બંને વાર્તાની હસ્તપ્રત પરથી ચોખ્ખું દેખાતું હતું કે બંને લખાણ અસંપૂર્ણ, અસમાપ્ત; વાંચ્યા પછી વાચકોનો અનુભવ પણ એ જ હશે.

'ઇશ્વર' વાર્તા સ્વાભાવિક ઢંગથી નથી લખાઇ. આપણે એને પ્રતીકાત્મક વાર્તા કહી શકીએ. વાંચવા માંડીએ તો અસાધારણ એક સરળતાનો આભાસ મળે. પણ અંતમાં જાણે કંઇક ખૂટતું હોય એવું લાગે. વાર્તાની શરૂઆતથી જ અસ્વાભાવિકતા નજરે પડે છે. એક પથિક એકવાર દુર્યોગની રાતે અંધકારમાં એક મંદિરમાં આવીને આશ્રય લે છે. ત્યાં એને એક સંન્યાસીની સાથે અંધકારમાં જ ભેટો થાય છે. વાતવાતમાં સંન્યાસી કહે છે કે એની ઝોળીમાં એક પ્રદીપ છે. એને ગમે તે સમયે ગમે તેવા દુર્યોગમાં પ્રકટાવી પથ ચાલી શકાય. પથિક પૂછે છે, "તો પછી તમે કેમ એ પ્રદીપ પ્રકટાવતા નથી ? અંધકારમાં શા માટે બેઠા છો ?" સંન્યાસી જવાબ આપે છે. "મારી પાસે ત્રણ પ્રદીપ છે. તેમાં એક અસલ છે. બે નકલી છે. હું અંધારામાં અસલ નકલ નથી પારખી શકતો."

સાંભળીને પથિકને આકાંક્ષા જાગે છે. ઓહ જો એના હાથમાં એ પ્રદીપ હોત તો કેવું સારું થાત ! સંન્યાસી એના હૃદયની આકાંક્ષા સમજી જાય છે. તેઓ કહે છે. "તું જો શોધી શકતો હોય તો અસલ શોધી લે." – પથિક કહે છે "મને બધા જ પ્રદીપ આપો." સંન્યાસી બધા જ આપે છે. અંધકારમાં પથિકને ત્રણે પ્રદીપ એક સરખા જ

લાગે છે. એ તફાવત નથી પારખી શકતો.... સંન્યાસી કહે છે, "ન પારખી શક્યો ને !" પથિક કહે છે, "ના." સંન્યાસી ત્રણે પ્રદીપ પાછા લેતાં કહે છે, "આમાં એક નક્કી પેટશે એને પ્રકટાવતા જેને આવડતું હશે એને હાથે જ એ પેટશે. એ પોતાની આવડતથી પ્રકટાવશે."

વાર્તા અહીં પૂરી થાય છે પણ હસ્તપ્રત જોઇ લાગે છે વસુધાએ હજુ વધુ કંઇક કહેવા, લખવા ઘણીવાર પ્રયત્ન કર્યો હતો. પણ ન લખી શક્યો, શક્ય છે કે એ આ કોયડાનો કોઇ અર્થ સમજાવવાનો પ્રયાસ કરતો હતો પણ નિષ્ફળ ગયો હતો.

છેલ્લી વાર્તાનું નામ 'આશ્રય'. કાશી શહેર વિષે આ વાર્તા લખી છે. વાર્તાની શરૂઆત તો છે, અંત નથી. વસુધાએ આ વાર્તા પ્રથમ પુરુષ એક વચનમાં લખવાની શરૂ કરી હતી. શિયાળાની શરૂઆતમાં કાશીની આસપાસનાં ગામડાંઓમાં દર વર્ષે મરકીનો રોગચાળો ફેલાતો હોય છે. તે વખતે પણ મરકી ખૂબ જોરમાં ફેલાયો હતો. લોકો ગામ છોડી ચાલ્યા જતા હતા. સરકારી લોકો પણ ગામડાંમાં જતા નહોતા. ગંગાના ઘાટ પર અવિરામ ચિતા બળતી. વાર્તાનો નાયક એક દિવસ વહેલી સવારે ગંગા સ્નાન પતાવી ઘેર જતો હતો ત્યાં રસ્તામાં એને થયું કે બીજે ગામથી કોઇ જાણે એને સાદ પાડી બોલાવતું હતું. સંભવતઃ એ જ ગ્રામ્યમિત્ર જ એને ગામડિયા ભાષામાં દોહા ગાઇને સંભળાવતો હતો.

વસુધાને જાણે એ જ દોહાનો સૂર સંભળાયો :

"અમે બહુ દુઃખી, ખૂબ અસ્થિર, ઝાડને જેમ મૂળિયાં છે.

અમારે એવા મૂળ નથી; અમે એક જગ્યાએ રહી શકતા નથી."

એ પછી વસુધા ઘેર ન જતાં, બીજા ગામ ભણી – જ્યાં મરકીનો રોગચાળો હતો ત્યાં ચાલ્યો ગયો.

વાર્તા અહીં સુધી જ લખી છે; એ પછી નથી લખી. ભુવન કહે છે કે વાર્તા લખ્યા પછી બીજે જ દિવસે વસુધા ક્યાંક ચાલ્યો ગયો હતો, કાશીના પેલા વૃદ્ધ કે એમની દીકરીને ખબર નહોતી કે એ ક્યાં ગયો હતો.

છોટા નાગપુરની એક અજાણી જગ્યાએ મિશનની એક હોસ્પિટલમાં વસુધા મરી ગયો. અમને એના મૃત્યુના સમાચાર બહુ સમય પછી મળ્યા હતા. હોસ્પિટલમાં એણે કશું લખ્યું હોય એવું લાગતું નથી. તેનું લખવાનું પ્રયોજન પૂરું થઇ ગયું હતું.

વસુધાના સમસ્ત લખાણની વિવેચના મેં મિત્ર તરીકે કરી છે. વખતે અન્યાય પણ થયો હોય, પણ મારા માટે એ જ સ્વાભાવિક છે. વાચક મને માફ કરે.

આ પુસ્તકની શરૂઆતમાં એક ઉત્સર્ગપત્ર છે. પ્રથમ આવૃત્તિમાં પણ હતો. કહેવાની જરૂર નથી કે એ ઉત્સર્ગપત્રમાં જે નિરુપમા રાયના નામનો ઉલ્લેખ છે તે મારી પત્ની નહિ, એ છે વસુધાની જ પેલી નિરુપમા.

ભારત વર્ષ

રમાપદ ચૌધરી

ફોજી સંકેતમાં નામ હતું બી. એફ. થ્રી થર્ટીટૂ. સાચું પૂછો તો એ કોઇ સ્ટેશન જ નહોતું, ન પ્લેટફોર્મ ન ટિકિટઘર. કેવળ એક દિવસ જોયું કે ચકચકિત નવા કાંટાળા તાર વડે રેલવે લાઇનના પાટાની એક બાજુનો થોડો ભાગ ઘેરી લીધો હતો. બસ, એટલું જ. આખા દિવસમાં પસાર થતી અપ-ડાઉનમાંની એક પણ ટ્રેન ત્યાં રોકાતી નહિ. અટકતી કેવળ એક ખાસ ટ્રેન. અચાનક એકાદ દિવસ સવારના પહોરમાં આવીને થોભતી. ક્યારે અને કયે દિવસે ટ્રેન ઊભી રહેશે એ કેવળ અમે લોકો જ આગળથી જાણી શકતા. બિહારી ખાનાસામાને અને ભગોતીલાલને ગણીને બધાં મળી અમે પાંચ જણ.

સ્ટેશન નહોતું, ટ્રેન થોભતી નહિ, તોય રેલવેના લોકોને મોંએ એક નવું નામ ચાલું થઇ ગયું હતું. તે જોઇને અમે પણ કહેતા 'અંડા હૉલ્ટ'.

અંડા હૉલ્ટની પાસે બે નાના નાના પહાડી ટેકરા ટીંબાની તળેટીમાં એક મહાતો લોકોનું ગામ હતું. ગામમાં ઘેર ઘેર મરઘીઓ ચરતી અને ફરતી. દૂર-સુદૂર ભૂરકંડાની શનિવારી હાટેહાટે એ મહાતો મરઘીઓ અથવા એ મરઘીઓનાં ઈંડાં વેચવા જતા. ક્યારેક શોખથી પાળેલા કૂકડાને બગલમાં મારી કૂકડા લડાવવા જતા. પણ એટલા ખાતર કંઇ બી. એફ. થ્રી-થર્ટીટૂનું નામ અંડા – હૉલ્ટ નહોતું પડ્યું.

અસલમાં મહાતો ગામનાં ઈંડાંની અમને કંઇ લાલચ નહોતી.

અમારા ઠેકેદારે રેલવેની સાથે એક વ્યવસ્થા કરી હતી. એની એક ઠેલા–ટ્રોલી પણ હતી. લાલ ઝંડી ફરકાવી એ રેલના પાટા પરથી ગડગડાતી આવી સામાન ઉતારી દઇ ચાલી જતી. ઉતારતી ઢગલાબંધ ઈંડાં. બિહારી કૂક, એટલે કે રસોયો અને ભગોતીલાલ આગલી રાતે એને બાફી રાખતા.

પરંતુ એને ખાતર પણ એનું નામ અંડા–હૉલ્ટ નહોતું પડ્યું. નામ પડવાનું કારણ હતું કાંટાવાળા તારની વાડની પેલી તરફ ધીમે ધીમે જમા થઇ રહેલો ફુલ-બોઇલ્ડ ઈંડાંનાં છોતરાંનો ઢગલો. કારણ હતું ધીમે ધીમે વધી રહેલો ઈંડાંનાં છોતરાંનો પહાડ.

ફોજી કે લશ્કરી ભાષાનાં બી. એફ. થ્રી–થર્ટીટૂનાં પહેલાં બે આલ્ફાબેટ યાને અક્ષરો, અમારી ધારણા પ્રમાણે સંકેત નહોતો. બ્રેકફાસ્ટ શબ્દનું સંક્ષિપ્ત રૂપ હતું.

રામગઢમાં ત્યારે પી. ઓ. ડબ્લ્યૂ કેમ્પ હતો. ઇટાલિયન યુદ્ધ કેદીઓ, ત્યાં

બૅયોનેટ અને કાંટાવાળા તારથી ઘેરીને રાખવામાં આવ્યા હતા. તેમને વચ્ચે વચ્ચે એકાદ ટ્રેનમાં ભરીને આ રસ્તેથી ક્યાંક લઇ જવામાં આવતા. શા માટે અને ક્યાં તે અમે કોઇ જાણતા નહિ. કેવળ અમને સમાચાર મળતા કે સવારે એક ટ્રેન આવીને અહીં થોભશે.

ઠેકેદારની ચિઠ્ઠી વાંચી અગલા દિવસનાં ઈંડાંની ટોપલીઓ દેખાડી ભગોતીલાલને હું કહેતો, "ત્રણસો ત્રીસ બ્રેકફાસ્ટ."

ભગોતીલાલ ગણીને છસો સાઠ અને પચીસેક ઉપરથી વધારાનાં કાઢી લેતો. વખતે સડેલાં નીકળે તો એ માટે. એ પછી એ બધાંને ઉકાળતો, કઠણ ઈંટ જેવા થઇ જાય એટલે ત્રણ સર્વર કુલી (પીરસણીયા) અને એક પોતે મળીને એ બધાં ઈંડાંને છોલતા.

કાંટાળા તારની પેલી તરફ એ જ બધાંનો ઢગલો થતો.

સવારના પહોરમાં ટ્રેન આવીને ઊભી રહેતી, અને તરત જ ટ્રેનના ડબ્બાની બંને તરફથી ટપોટપ ઊતરી પડતાં મિલિટરી ગાર્ડ. સંગીન ઊંચી રાખેલી રાઇફલ લઇને તેઓ યુદ્ધ કેદીઓનો પહેરો ભરતા.

લીટીવાળા પોશાકમાં વિદેશી કેદીઓ એક પછી એક ડબ્બામાંથી નીચે ઉતરી આવતા, હાથમાં એક મોટું એવું મગ અને ઇનેમલની થાળી.

બે મોટાં મોટાં ડ્રમને ઊંધાં પાડી એ બંનેનો ટેબલ તરીકે ઉપયોગ કરી, ત્રણે સર્વર કુલીઓ ઊભા રહેતા. અને પેલા લાઇન બાંધીને એક પછી એક આવી બ્રેકફાસ્ટ લેતા. એક જણ મગમાં કોફી ભરી દેતો. એક જણ બે પીસ (ટુકડા) પાઉં દેતો, બીજો એક જણ બે ઈંડાં દેતો. બસ, એ પછી તેઓ જઇને ગાડીમાં ચડી જતા. ખભે આઇ. ઇ. ખાખી રશિયન શર્ટ પહેરેલો ગાર્ડ વ્હીસલ મારતો, ફલેગ હલાવતો. ટ્રેન ચાલી જતી.

મહાતો કોઇની પાસે પણ ઢૂંકતા નહિ, દૂર દૂર ખેતરમાં મકાઇનાં બી રોપતા, ટટ્ટાર થઇ સીધા ઊભા ડોળા ફાડી જોઇ રહેતા.

ટ્રેન ચાલી ગયા પછી ટેન્ટ ભગોતીલાલને ભરોસે મૂકી અમે કોઇ કોઇ દિવસ શાકભાજીની શોધમાં મહાતોના ગામ ભણી ચાલ્યા જતા. પહાડની ઢોળાવવાળી જમીન પર તેઓ સરસવ વાવતા. રીંગણાં અને તૂરિયાં પણ.

અંડા હૉલ્ટ એક દિવસ રાતોરાત રીતસરનું સ્ટેશન બની ગયું. મોરમ નાખીને લાઇનની બાજુની કાંટાવાળા તારથી ઘેરેલી જગ્યાને પ્લેટફોર્મની જેમ ઊંચી કરી લીધી.

એ પછી ત્યાં કેવળ પી. ઓ. ડબ્લ્યૂ. જ નહિ, ક્યારેક ક્યારેક મિલિટરી સ્પેશિયલ પણ આવીને ઊભી રહેતી. ગેબર્ડીનનાં પેન્ટ પહેરેલા, હિપ પૉકેટમાં મની – બેગ ખોસેલા અમેરિકન સૈનિકની સ્પેશિયલ, મિલિટરી પોલીસ ટ્રેનમાંથી ઊતરી આંટા મારતા. એકાદી મશ્કરી ઠઠ્ઠોય કરતા. અને સૈનિકની ટુકડી એ જ રીતે મગ અને

થાળી હાથમાં લઇને એક પછી એક આવી પાઉં લેતી, ઈંડાં લેતી અને મગ ભરીને કૉફી. એ પછી સહુ પોતપોતાના ડબ્બામાં દાખલ થઇ જતા. ખાખી બુશર્ટ પહેરેલો ગાર્ડ સીટી વગાડી ફલેગ હલાવતો, હું દોડતો જઇ સપ્લાઇ ફૉર્મ પર મેજર પાસેથી ઓ.કે. કરાવી લેતો.

ટ્રેન ચાલી જતી. ક્યાં, કઇ તરફ એ અમે કશું જ જાણી શકતા નહિ.

તે દિવસે પણ હંમેશની જેમ જ અમેરિકન સૈનિકોને લઇને ટ્રેન આવીને ઊભી રહી. ત્રણ કુલી સર્વર ઈંડાં પાઉં અને કૉફી સર્વ કરતા હતા. ભગોતીલાલ ધ્યાન રાખતો હતો કે કોઇ ઈંડાંને સડેલાં કે પાઉંને સ્લશ-એન્ડ કહીને ફેંકી તો નથી દેતા.

બરાબર એ જ વખતે મારી નજર કાંટાવાળી વાડની પેલી તરફ પડી. કાંટાવાળી વાડથી થોડે દૂર એક લંગોટી પહેરેલો મહાતોનો એક છોકરો આંખો વિસ્ફારિત કરી જોઇ રહ્યો હતો. કમરે બાંધેલા દોરીના કંદોરામાં લોખંડનો ટુકડો બાંધેલા એ છોકરાને એક ભેંસની પીઠ પર બેઠેલો મેં એક દિવસ જોયો હતો.

છોકરો આભો બની ટ્રેન ભણી જોઇ રહ્યો હતો. કે પછી લાલ મોં વાળા અમેરિકન સૈનિકોને જોતો હતો.

એક સૈનિકે એને જોઇને અચાનક 'હે–ઇ' કરીને બૂમ પાડી. અને તેજ પળે લંગોટિયો છોકરો હુસ હુસ કરતો માંડ્યો દોડવા, અને નાસી છૂટ્યો મહાતોના ગામ ભણી. કેટલાક અમેરિકન સૈનિક ત્યારે હો – હા કરી હસતા હતા.

મને એમ કે એ છોકરો હવે કદાપિ નહિ આવે. મહાતો કોઇ આવતા નહિ. કોઇ નહિ. ખેતરમાં કામ કરતાં કરતાં કેવળ સીધા થઇ ઊભા રહેતા અને અવાક્ બનીને દૂરથી તાકી રહેતા.

પણ એ પછી ફરી જે દિવસે ટ્રેન આવી અને ઊભી રહી. તે દિવસે ફરી જોયું તો કમરે બાંધેલા કંદોરામાં લોખંડનો ટુકડો બાંધેલો છોકરો કાંટાવાળી તારની વાડની પાસે આવીને ઊભો હતો. સાથે બીજો એક છોકરો હતો. એ એના કરતા થોડો મોટો હતો. ગળામાં લાલ દોરામાં જસતનું તાવીજ, ભૂરકુંડાના બજારમાં એક દિવસ ગયો હતો, ત્યાં ભોંય પર પડ્યા હતા ઢગલા ને ઢગલા, એક ઢગલો સિંદૂર, તાંબા – પિત્તળ – જસતનાં તાવીજ, વાંસ પર લટકાવી હતી રંગીન કીડિયાં મણકા વગેરે ખોટા મોતીની માળાઓ. એક ફેરીવાળાને મેં જોયો છે. ક્યારેક ક્યારેક, જેના ઘૂંટણ સુધી ધૂળથી ખરડાયેલા પગ, અને ખભા પર અગણિત ખોટા મણિની સેર, દૂર દૂરથી ચાલતો આવી મહાતોના ગામ ભણી જતો હોય છે.

બંને છોકરા આભી બની ગયેલી આંખોએ કાંટાવાળા તારની પેલી તરફ ઊભા રહી અમેરિકન સૈનિકોને જોતા હતા. આગલી વારના છોકરાની આંખમાં જરાક ડર, ઘૂંટણ તૈયાર, કોઇ જરાક આંખો લાલ કરી ધમકાવશે કે તરત જ એ ફટ લઇને હરણ બની જઇ માંડશે દોડવા.

હું હાથમાં ફોર્મ લઇ આમતેમ આંટા મારતો હતો. તક મળતાં હસી હસીને

મેજરની સરભરા કરતો હતો. એક સૈનિકે એના ડબ્બાના બારણા સામે ઊભા રહી, કૉફીના મગમાંથી એક ઘૂંટડો લેતાં બંને છોકરા તરફ જોઇ પાસેના જી. આઇ.ને કહ્યું, "ઑફુલ !"

મને તો આવો ખ્યાલ પણ ક્યારેય નહોતો આવ્યો. તેઓ તો મજાના, ખેતરમાં કામ કરે છે. ગોફણ કે તીર ધનુષ્ય લઇ હાયેના મારે છે. લોકનૃત્યનાં ગીતો સાંભળે છે. હાંડીનો દારૂ પીએ છે, ધનુષ્યની પણછની જેમ ક્યારેક અકડીને ઊભા રહે છે. લંગોટી પહેરેલું એકવડું શરીર, કાળું અને સૂક્કું, પણ બેટા જી.આઇ.નો 'ઑફુલ' શબ્દ મને ખૂંચ્યો. હાડોહાડ લાગ્યો. બંને છોકરા પર મને ખૂબ ગુસ્સો આવ્યો.

એક સૈનિકે મોટેથી એક ગીતની કડી ગાઇ. એક બે જણ હા – હા કરી હસ્યા. એક જણે જલદીથી કૉફી ગટગટાવી જઇ, સર્વર કુલીને આંખ મારી ફરી ભરી આપવા કહ્યું. ગાર્ડ જોવા આવ્યો હતો કે હવે કેટલી વાર છે ! પંજાબી ગાર્ડે મજાનો અનુસ્વાર લગાડી ગુંગણા સ્વરે મેજર જોડે વાતો કરી.

એ પછી વ્હીસલ વાગી, ફલેગ ફરક્યો, બધાં જ પટાપટ ટ્રેનમાં ચડી ગયા. હાથે પહોળી લાલ રિબન બાંધેલા મિલિટરી પોલિસો પણ.

ટ્રેન ચાલી જતાં ફરી એ જ શૂન્યતા. ભેંકાર વેરાન વગડામાં હાથિયા થોર જેવી કાટાળા તારની વાડ, અડેલી ઊભી હતી.

થોડા દિવસ પછી ફરી એક ટ્રેન આવી. આ વખતે પી. ઓ. ડબલ્યૂ. ગાડી, ઇટાલિયન યુદ્ધ કેદીઓને રામગઢથી વળી ક્યાંક બદલી કરતી હતી. ક્યાં તે અમે જાણતા નહિ, જાણવા માગતા પણ નહિ.

એમનો સ્ટ્રાઇપવાળો બીજી જ જાતનો પોશાક, તેમના મોં પર હાસ્ય નહિ, રાઇફલ ઊંચકી આખો વખત એમની ટ્રેનને ચારેકોર પહેરો ભરવામાં આવતો. અમને પણ જરાક ડર લાગતો. ભૂરકુંડામાં હું વાત સાંભળી આવ્યો હતો કે એક કેદીએ ધોતિયું અને કુર્તું પહેરી નાસી જવાની કોશિશ કરી હતી. પણ ફાવ્યો નહોતો. હું બંગાળી હતો એટલે મને જ ડર વધુ હતો.

ટ્રેન ચાલ્યા ગયા પછી જોયું કે કાંટાવાળા તારની પેલી બાજુ કેવળ એ છોકરો અને બે ટૂંકા સાડલા પહેરેલી એક પંદર વર્ષની છોકરી, ખેતરમાંનું કામ છોડીને બે પુરુષો પણ આવીને ઊભા હતા. ટ્રેન ચાલ્યા ગયા પછી તેઓએ અંદરઅંદર કંઇક વાતો કરી, હસ્યા, ખળખળ કરી વહેતા ઝરણાનાં જળની જેમ મહાતો ગામભણી ચાલ્યા ગયા.

એક જણ, બે જણ, પાંચ જણ, તે દિવસે જોયું તો મહાતો ગામના દસેક જણ ટ્રેનને આવતી જોઇ ખેતરમાંથી દોડવા માંડ્યા. ટ્રેનની બારીમાં ખાખી રંગ દેખાતાં જ એ લોકો લાગે છે સમજી જતા હશે. દિવસમાં બે પેસેન્જર ટ્રેન, મેલ ટ્રેનની જેમ સડસડાટ ચાલી જતી. એકાદ બે ગુડ્સ ટ્રેન ઠણ ઠણ કરતી જતી. ત્યારે તો મહાતો ગામનાં લોકો કંઇ, ટ્રેન ઊભી રહેશે એવું માનીને ટોળે વળી આવતા નહિ.

એક દિવસ જઇને મહાતો બુઢ્ઢાને મેં કહ્યું હતું, કે એ અમારા અંડા–હૉલ્ટનાં

તંબુમાં કોઈ માણસ જોડે શાકભાજી, ચિંગડી, સરપુટી અને મૌરલા માછલી વેચવા મોકલે.

ડોસાએ હસીને કહ્યું હતું, "ખેતીનું કામ છોડીને નહિ આવીએ."

તેથી જ નવાઇ પામી હું જોઇ રહેતો. એ કાળાકાળા લંગોટી પહેરેલા પુરુષોને, ટૂંકા સાડલા પહેરેલી સ્ત્રીઓને. મહાતો બુઢ્ઢાનું બદન સાવ ઉઘાડું, અને પગમાં ચાંચવાળા દેશી જોડા. ગામડાના મોચી પાસે બનાવડાવેલા ચાંચવાળા જોડા. તેઓ આવીને હારબંધ કાંટાવાળા તારની વાડની પેલી તરફ ઊભા રહેતા.

એટલી વારમાં ટ્રેન આવી. ટપોટપ અમેરિકન સૈનિકોની ટુકડી લાઇનબંધ હાથમાં મગ અને થાળી લઇને ચાલતી હતી.

બસો અઢાર બ્રેકફાસ્ટ ત્યારે બી. એફ. થ્રી થર્ટીટૂમાં તૈયાર થતા હતા. બી. એફ. થર્ટીટૂ એટલે અંડા–હૉલ્ટ.

ત્યારે હજુ ઠંડી પડવાની શરૂઆત જ હતી. દૂરના પહાડો પર ધુમ્મસનો મફલર (ગળપટ્ટો) વીંટાયેલો હતો. ઝાડપાન ઝાકળથી ધોવાઇને લીલાંછમ દેખાતાં હતાં. એક સૈનિક યાંકીએ (અમેરિકન સૈનિક) મુગ્ધતા દર્શાવવા ગળામાંથી એક જાતનો અવાજ કર્યો.

બીજો એક જણ ડબ્બા પાસે ઊભો રહી કાંટાવાળા તારની વાડની પેલી તરફનાં દારિદ્ર તરફ એકીટશે નીહાળી રહ્યો હતો. અચાનક કૉફીનો મગ ટ્રેનનાં પગથિયા પર મૂકી દઇ એણે હિપ પોકેટ પર હાથ મૂક્યો. પાકિટમાંથી એક ચકચકતી અધેલી કાઢી મહાતો ભણી ફેંકી.

એ લોકોએ તો અવાક્ બની સૈનિકો ભણી, કાંટાવાળા તારની અંદરની મોરમ પર પડેલી ચકચકતી આઠઆની તરફ જોયું, અંદરોઅંદર એકબીજા ભણી જોયું, એ પછી અવાક્ બની કેવળ તાકી જ રહ્યાં.

ટ્રેન ચાલી ગઇ. પછી તેઓને ચુપચાપ પાછા જતાં જોઇને મેં કહ્યું, "સાહેબે બક્ષિસ દીધી છે – બક્ષિસ, ઊઠાવી લ્યો."

બધા એકબીજાનાં મોં ભણી જોવા માંડ્યા, કોઇ પણ આગળ ન વધ્યું.

મેં અધેલી ઉપાડી, મહાતો બુઢ્ઢાના હાથમાં મૂકી. એ બુધ્ધૂની જેમ મારા મોં ભણી જોઇ રહ્યો. એ પછી બધા જ ચુપચાપ ચાલ્યા ગયા. કોઇના મોંમાંથી ચૂં કે ચાં શબ્દ ન નીકળ્યો.

મને એ ઠેકેદારીની નોકરી જરાયે ગમતી નહિ. જનવસતી નહિ. એકાદી પેસેન્જર ટ્રેન પણ ઊભી ન રહેતી. તંબૂમાં ભગોતીલાલ અને ત્રણ કુલી–મજુરો. સાવ નિર્જન જગ્યા. જમીન રુક્ષ, બપોરનું આકાશ રુક્ષ, અને રુક્ષ મારું મન !

મહાતો ગામનાં લોકોય પાસે ન ઢૂંકતા. ક્યારેક ક્યારેક જઇને શાકભાજી કે ચૂનો માછલી ખરીદી લાવતો. એ લોકો વેચવા ન આવતા. પણ ત્રણ કોસ ચાલીને ભૂરકુંડાના બજારમાં જતા.

કેટલાક દિવસ તો કોઇ પણ ટ્રેનના સમાચાર નહોતા. બધું એકદમ શાંત.

અચાનક એક દિવસ પેલા કમરના કંદોરામાં લોખંડનો ટુકડો બાંધેલા છોકરાએ આવીને પૂછ્યું, "ટીરેન નહિ આવે, બાબુ !"

મેં હસીને કહ્યું, "આવશે રે આવશે." છોકરાનોય શો વાંક ! બટકા બટકા ટેકરા. રુક્ષ જમીન, એક ગામડિયા લોકોથી ભરેલી બસ પણ જોવી હોય તોય બે ગાઉ ચાલીને ખેરનાં ઝાડનું જંગલ વટાવી જવું પડે. સવારે એક પેસેન્જર ટ્રેન જરા પણ સ્પીડ ઘટાડ્યા વિના પૂરપાટ ચાલી જતી, સાંજની ડાઉન ટ્રેન પણ થોભતી નહિ, તોય કેટલીક પળ એ બારીઓમાંથી ઝાંખા દેખાતા ચહેરા જોવા માટે પણ અમે તંબુમાંથી બહાર દોડ્યા આવતા. માણસ જોયા વિના, નવીન ચહેરા જોયા વિના અમે અકળાઇ ઊઠતા.

તેથી અમેરિકન સૈનિકની સ્પેશિયલ ટ્રેન આવવાની છે સાંભળીને કંટાળો આવતો તેમ જ સારુંયે લાગતું.

થોડા દિવસમાં જ પહેલાં આવી ખબર, અને એને બીજે દિવસે મિલિટરી સ્પેશિયલ. ટપોટપ બધા જી. આઇ. ઊતર્યા. લાઇનબંધ ઊભા રહી બધાએ ઈંડાં, પાઉં અને મગ ભરી કૉફી લીધાં.

અચાનક મારી નજર પડી, કાંટાવાળા તારની વાડની પેલી બાજુ, મહાતો ગામનાં લોકોની તો ભીડ ઊમટી હતી. વીસ હોઈ શકે, ત્રીસ પણ હોઈ શકે. ઘૂંટણ જેવડા બાળકોને લઇને બધાં મળીને કેટલાં હતાં શી ખબર ! ઘૂંટણ સુધીના ટૂંકા સાડલા પહેરેલી અને બાઘા જેવી આંખોવાળી સ્ત્રીઓ પણ ભેગી હતી. એમને જોઇને શી ખબર મને જરાક ડર પણ લાગવા માંડ્યો. ભગોતીલાલ અથવા ત્રણ કુલીમાંથી કોઇ પણ મહાતો ગામ તરફ જવા માગતા તોય મને ખૂબ ડર લાગતો.

પ્લેટફોર્મ તો હતું નહિ. કેવળ ચડવા ઊતરવાની સગવડ માટે લાઇનની બાજુને મોરમ નાખી ઊંચી કરી લીધી હતી. અમેરિકન સૈનિકો કૉફી પીતા પીતા લટાર મારતા હતા. એક બે જણ સ્થિર નજરે મહાતો ગામના કાળા કાળા માણસો ભણી તાકી રહ્યા હતા.

અચાનક એક જણે ભગોતીલાલ પાસે જઇ હિપ – પોકેટમાંથી મની–બેગ બહાર કાઢી, એક બે રૂપિયાની નોટ કાઢી, પૂછ્યું, "કૉઇન્સ છે !" નોટના છુટા પૈસા કોઇ પણ સૈનિક રાખવા જ ન ઇચ્છતો. બાકી વધેલા પૈસા પાછા ન લેતો, દુકાનદાર, ફેરીવાળા કે ટેક્સી ડ્રાઇવરને કહેતા, "રાખ, રાખ." આવું તો મેં રાંચીમાં ઘણી વાર જોયું છે.

એક આનો, બે આના, અને પાવલી વગેરે પરચૂરણ ભગોતીલાલ ગણી દેતો હતો. એવામાં મે જોયું કે કાંટાવાળા તારની વાડની પેલી તરફ ભીડની અંદર કંદોરામાં લોખંડનો ટુકડો બાંધેલો પેલો છોકરો હસતો હસતો હાથ લંબાવી કંઇક માગતો હતો.

તરત જ ભગોતીલાલ પાસેથી જ આની બેઆની લીધાં હતાં એ અમેરિકન સૈનિકે મુઠ્ઠી ભરી એ પરચૂરણ મહાતો લોકો ભણી ઉછાળ્યું.

ત્યાં સુધીમાં મારા સપ્લાઇ ફોર્મ પર મેં ઓ.કે. કરાવી લીધું હતું. ગાર્ડે વ્હીસલ મારી.

ટ્રેન ચાલવા માંડી, એવામાં મેં મહાતો લોકો ભણી નજર નાખી.

તેઓ ત્યારે પણ ચુપચાપ ઊભા હતા. જોતા હતા. એ પછી અચાનક લાલમોરમ પર પડેલા પૈસા પર કાંટાળા તારની વચ્ચેથી કંદોરામાં જેણે લોખંડનો ટુકડો બાંધ્યો હતો એ છોકરો અને ગળાની સુતળીમાં જેણે જસતનું તાવીજ પહેર્યું હતું એ છોકરો, બંને જણ કૂદીને અંદર આવ્યા.

એ જ પળે ચાંચવાળા જોડા પહેરેલો મહાતો બુઢ્ઢો ધમકાવવા માંડ્યો, "ખબરદાર !" એવો જોરથી બરાડ્યો કે હું પોતે પણ ચમકી ઊઠ્યો.

પણ બંને છોકરાઓએ એની વાત સાંભળી નહિ. તેઓએ એટલી વારમાં તો જેને જેટલાં આની, બેઆની મળ્યાં, એટલાં વીણી લીધાં હતાં. એમનાં મોં છોતરાં કાઢેલી કુમળી મકાઇના ડોડાની જેમ હસતાં હતાં. સ્ત્રીઓ અને પુરુષોનું આખુંય ટોળું હસતું હતું.

ચાંચવાળા જોડા પહેરેલો મહાતો બુઢ્ઢો ગુસ્સે થઇને તેમની ભાષામાં એકધારો શુંયે બધું બબડ્યે જ જતો હતો. સ્ત્રી–પુરુષનું ટોળું હસ્યું.

મહાતો બુઢ્ઢો ગુસ્સામાં બબડતો એકલો જ ગામ ભણી ચાલ્યો ગયો. મહાતો ગામનાં લોકો પણ કલબલ વાતો કરતાં, અને ખડખડ હસતાં હસતાં ચાલ્યાં ગયાં.

એ લોકો ગયા કે અંડા–હૉલ્ટ પર ઊતરી આવી નિર્જન, નિઃસ્તબ્ધ શૂન્યતા. મારું મન કોઇ કોઇ વાર ખૂબ જ ઉદાસ થઇ જતું. દૂર દૂર પહાડના ટીંબા, મહુઆનું વન. ખેરનાં ઝાડનું જંગલ પાર કરી એક નાનકડા ઝરમર ઝરતા જળનું ઝરણું. મહાતો ગામનાં હરિયાળાં ખેતરો જોઇને આંખો ટાઢી થતી. એમાં પાછા કાળા કાળા, લંગોટી પહેરેલા લોકો.

આ બાજુ વચ્ચે વચ્ચે અમેરિકન સૈનિકોની ટ્રેન આવતી, રોકાતી, ઇંડાં, પાઉં, મગ ભરીને કૉફી પી તેઓ ચાલ્યા જતા. મહાતો ગામના લોકો ટોળે મળીને આવતા. કાંટાવાળા તારની વાડની પેલી તરફ હારબંધ ઊભા રહેતા –

"સા'બ, બખશીશ, સા'બ બખશીસ !"

એકી સાથે અનેક ગામડિયા ગળામાંથી ચિત્કાર ઊઠ્યો. મેજર પાસે ફોર્મ પર ઓ.કે. કરાવતાં મેં ચમકીને પાછા વળી જોયું.

દેખાયું, કેવળ પેલા બે છોકરા જ નહિ, કેટલાક જુવાનિયાઓ પણ હાથ લંબાવી ઊભા હતા. ટૂંકો સાડલો પહેરેલી એક દેખાવડી ઘાટીલા બાંધાની સ્ત્રી પણ.

એક દિવસ શાકભાજી ખરીદવા ગયો હતો ત્યારે એ સ્ત્રીએ હસતાં હસતાં મને પૂછ્યું હતું, "ટીરેન ક્યારે આવશે !"

કોઇ કોઇ દિવસ વિના કારણે તેઓ ટોળે મળીને આવતા, ઊભા રહેતા, રાહ જોઇને ચાલ્યા જતા.

ખભા પર ત્રણ ચાર સ્ટ્રાઇપવાળા પોશાક પહેરેલા અમેરિકનોએ એટલી વારમાં તો હિપ-પોકેટમાંથી મુઠ્ઠીઓ ભરી આની બેઆની કાઢી એમના ભણી ઘા કરીને ફેંકી દીધી. ટ્રેન ઊપડવાનીયે એ લોકોએ રાહ જોઇ નહિ; તેઓ પૈસા પર તૂટી પડ્યા. ધક્કાધક્કીમાં કાંટાવાળા તારની વચ્ચેથી અંદર કૂદી આવતાં, કેટલાકના હાથપગ છોલાઇ ગયા હતા તો કેટલાકની લંગોટીઓ પણ ભરાઇને ફાટી ગઇ હતી.

ટ્રેન ચાલ્યા ગયા પછી મેં એમના તરફ ધ્યાનથી જોયું, મને લાગ્યું અર્ધું મહાતો ગામ જ ઊમટ્યું હતું. સહુનાં મોં પર સ્ફૂર્તિનું હાસ્ય. બધાંને કંઇને કંઇ તો મળ્યું જ હતું. મેં ખૂબ જ શોધ્યો પણ પેલો ચાંચવાળા જોડા પહેરેલો મહાતો બુઢ્ઢો નજરે ન પડ્યો. મહાતો બુઢ્ઢો નહોતો આવ્યો. તે દિવસે તેનો વાંધો ઊઠાવવો, ધમકાવવા છતાં છોકરાઓએ પૈસા ફેંકી ન દેવા, તેથી જ લાગે છે એ ખિજાઇને નહિ આવ્યો હોય.

મને એ વિચારવું પણ ગમ્યું કે બુઢ્ઢો ખેતરમાં ઊભો એકલો એકલો કોદાળી વડે જમીન ખોદતો હતો.

અમારા દિવસો, ભગોતીલાલ સહિત અમારા પાંચે જણના દિવસો, અંડા–હૉલ્ટના તંબૂમાં જેમ તેમ કરી વીતતા હતા. વચ્ચે વચ્ચે કોઇ કોઇ દિવસ સૈનિક ભરેલી ટ્રેન આવતી, રોકાતી, ચાલી જતી. મહાતો ગામના લોકો ટોળે વળી આવી કાંટાવાળા તારની ધારે હારબંધ ઊભા રહેતા, હાથ લંબાવતા, 'સા'બ બખશીસ, સા'બ બખશીસ !' કરી બૂમો પાડતા.

અચાનક એક દિવસ મેં મહાતો બુઢ્ઢાને જોયો એ જ રીતે કોઇક દિવસ ખેતરનું કામકાજ છોડી એ બે હાથની ધૂળ ખંખેરતો, ઉતાવળે પગલે આગળ વધતો. ખિજાઇને બધાને ધમકાવતો, કોઇ એની વાત સાંભળતું નથી, જોઇને ક્યારેય એ અસહાય પ્રતિસાદ ભરી નજરે ગામનાં લોકો ભણી જોઇ રહેતો.

પણ એના તરફ કોઇ ફરીને જોતુંયે નહિ. સૈનિકો હિપ-પોકેટ પર હાથ મૂકી હા–હા કરી હસતા હસતા, મુઠ્ઠી ભરીને છુટ્ટા પૈસા એમના ભણી ફેંકતા, મહાતો ગામના લોકો એ પૈસા પર તૂટી પડતા, અંદર અંદર ઝૂંટા ઝૂંટી કરતા, ઝઘડતા, એ જોઇને સૈનિકો ખડખડાટ હસતા.

છેલ્લા કેટલાક દિવસથી હું જોતો હતો કે ચાંચવાળા જોડા પહેરેલો મહાતો બુઢ્ઢો આવતો નહોતો. આ લોકો પર મહાતો બુઢ્ઢાને ખિજાતાં જોઇ મને પણ એક જાતનો ગર્વ થતો. કારણ એ લોકોનો વ્યવહાર જોઇ કોઇ કોઇ વાર, અમને, મને અને ભગોતીલાલને ખૂબ જ ચીડ ચડતી. મનોમન શરમ પણ આવતી. એમના કાળામેશ, દીન, દરિદ્ર વેશ જોઇ સૈનિકો નક્કી એમને ભિખારી જ માનતા હશે. અને તેઓ એવું માનતા એટલે જ મને ખરાબ લાગતું.

તે દિવસે કાંટાવાળા તારની વાડની પેલી તરફથી પેલાઓ 'બખશીસ, બખશીસ'ની બૂમો પાડતા હતા. ખભે આઇ. ઇ., ખાખી બુશર્ટ પહેરેલા ગાર્ડ જાનકીનાથ સાથે હું વાતો કરતો હતો, અમારી પાસેથી એક ઑફિસર બૂટ

ચમચમાવતો, એમની બૂમો સાંભળી થૂંકતો હતો, એવા અવાજે બોલી ઊઠ્યો, "બ્લડી બેગર્સ !"

હું અને જાનકીનાથ એકબીજાના મોં ભણી તાકી રહ્યા. અમારા ચહેરા અપમાનથી કાળા ધબ થઇ ગયા. અમે માથું ઊંચકી જોઇ પણ ન શક્યા. કેવળ લાચાર, ગુસ્સાથી મનમાં ને મનમાં સમસમી રહ્યા.

'બ્લડી બેગર્સ !' 'બ્લડી બેગર્સ.'

મારો બધો જ ગુસ્સો ઠલવાયો એ મહાતો લોકો પર. ટ્રેન ચાલી ગઇ કે તરત જ હું ભગોતીલાલને લઇને એમને ભગાડવા ગયો; તેઓ વીણેલા પૈસા કમરની ઓટીમાં ખોસી હસતા હસતા ભાગી ગયા.

તોય એમની એ શરમને મેં એક અહંકારમાં છુપાવીને રાખી હતી. પહાડની જેમ ઉન્નત બની એ અહંકાર મારી નજર સામે મહાતો બુઢ્ઢાનું રૂપ લઇ ખડો હતો. પણ તે દિવસે મારા હૈયાની સમસ્ત જ્વાળા શાંત થઇ ગઇ. ભૂરકુંડાના ઠેકેદારોને મળવા ગયો ત્યારે જ ખબર મળ્યા હતા.

બે સર્વર કુલીઓ ત્યારે ટેબલ હિસાબે વપરાતા બંને ડ્રમને પગથી ઠેલી અંડા–હૉલ્ટના કાંટાવાળા તારની પેલી તરફ ધકેલી રહ્યા હતા. અને ત્રીજો કુલી તંબૂનાં દોરડાં છોડી રહ્યો હતો. ભગોતીલાલ ડ્રમને જોરથી લાત મારી બોલ્યો, "ખેલ ખતમ, ખેલ ખતમ." અચાનક શોરબકોર સાંભળી મેં પાછા વળી જોયું તો મહાતો ગામના લોકો દોડતા દોડતા આવતા હતા.

અમે તો અવાક્ બની જોઇ રહ્યા. ખબર નહિ પણ ભગોતીલાલ એમની તરફ જોઇ હસી પડ્યો.

એટલી વારમાં તેઓ કાંટાવાળા તારની પેલી તરફ ટોળે વળી ઊભા રહ્યા.

સાથે સાથે એક વ્હીસલ સંભળાઇ, ટ્રેનનો અવાજ કાને અથડાયો.

પાછા વળી જોયું તો ટ્રેન વળાંક વળી અંડા–હૉલ્ટ તરફ જ આવતી હતી. દરેક બારીમાં ખાખી પોશાક.

અમને અકળામણ થઇ. અમે અવાક્ બની ગયા. તો પછી શું ભૂરકુંડાની ઓફિસ અમને ખબર મોકલતાં ભૂલી ગઇ હતી ! કે પછી જે ખબર સાંભળી હું આવ્યો હતો તે ખોટી હતી !

ટ્રેન જેમ જેમ આગળ વધતી હતી તેમ તેમ એક અદ્દ્ભુત ધમ–ધમ અવાજ આવતો હતો. અવાજ નહિ એ તો ગીતનું ગુંજન. જરાક પાસે આવી ત્યારે સમજાયું કે આખી ટ્રેન, આખી ટ્રેનનાં સૈનિકોની ટુકડી, એકબીજા સાથે સૂરમાં સૂર મેળવી, મુક્ત–કંઠે ગીત ગાતી હતી.

વિભ્રાંતની જેમ, રઘવાયા બની મેં એક વાર ટ્રેન તરફ નજર નાખી, અને એક વાર કાંટાવાળા તારની વાડની પેલી તરફની ભીડ તરફ. અને તે જ પળે નજરે પડ્યો પેલો મહાતો બુઢ્ઢો. સમસ્ત ભીડ ભેગો ભળીને મહાતો બુઢ્ઢો પણ હાથ લંબાવી બૂમો

પાગલની જેમ, ભિખારીઓની જેમ, તેઓ બૂમો પાડતા હતા. તેઓ અને એ જ પેલો મહાતો બુઠ્ઠો.

પણ અમેરિકન સૈનિકોની એ ટ્રેન પહેલાંની જેમ આજે હવે અંડા–હૉલ્ટ પર ઊભી ન રહી. પેસેન્જર ટ્રેનોની જેમ જ અંડા–હૉલ્ટની ઉપેક્ષા કરી સડસડાટ ચાલી ગઇ. અમે તો જાણતા જ હતા કે ટ્રેન હવે થોભશે નહિ.

ટ્રેન ચાલી ગઇ. પણ મહાતો ગામનાં બધાં જ ભિખારી બની ગયા. ખેતર ખેડતાં બધાં જ માણસો, બધાં જ ભિખારી થઇ ગયાં.

પત્તાંના ઘર સમું

સૈયદ મુસ્તફા સિરાજ

દિપક મિત્ર

જ્યાં સુધી દોડ્યો છું ત્યાં સુધી રસ્તાની બંને તરફનાં ઘરનાં કોઈ પણ બારણાં ઉઘાડાં ન જોયાં. કોઈ બારી પણ નહિ. કોઈ માણસ પણ જોયો નહિ. ચોતરફ ઘોર અંધકાર. ભીનો રસ્તો. શહેરમાં જાણે અચાનક બ્લેકઆઉટ અને આટલો સન્નાટો પણ ખૂબ જ અવાસ્તવિક લાગતો હતો. જો કે રાતના દસ વાગી ગયા છે. અને પછી કંઈક ભયંકર બનાવ હમણાં જ બની ગયો છે, આ શહેરને ડરાવવા માટે. અથવા મૂક બનાવી દેવા માટે એ જરાયે વધું પડતું નથી. ઉત્તરોત્તર માણસનું લોહી ઠંડું પડવા માંડયું છે. મન કઠોર થઈ ગયું છે. અને રામબાબુ, શ્યામબાબુ, યદુબાબુ હાથમાં થેલીને લટકાવતા બટાટા, પરવળના ભાવની રકઝક કરે છે. – જોડા નીચે તાજું લોહી અને લોહીની કોઈ ભાષા નથી હોતી.

પાછળ દૂર – ઘણે દૂરથી પગલાં સાંભળી મેં જોરથી દોડવા માંડ્યું, જાણું છું, અત્યારે તો બૂમો પાડીને માથું ફોડી નાખું તો પણ કોઈ બારણું ઉઘાડશે નહિ, કે કોઈ બારી ખોલી, માથું બહાર કાઢી, વાત શું છે એય નહિ જુએ, બધાં જ આ દુઃસમયે કાચબાની જેમ પોતાની ખોળની અંદર ઘૂસી જાય છે અને હું જીવ-વિજ્ઞાન ભણ્યો છું, કાચબો અવાજ નથી કરી શકતો.

શહેરના આ વિસ્તારથી હું સદંતર જ અજાણ્યો છું. દોડતાં દોડતાં એક ગમ્મત પડે એવી વાત મારા ધ્યાનમાં આવી. બડાશ મારતાં કહેવામાં આવે છે કે પૃથ્વીમાં સ્થળ, જળ, અંતરિક્ષમાં એવી કોઈ પણ જગ્યા નથી જ્યાં માણસ નહિ ગયો હોય ! પણ કેવી નવાઈ ! અત્યારેય પૃથ્વીની વાત તો દૂર રહી, આ શહેરમાંય એવી ઘણી જગ્યાઓ છે જ્યાં આજ સુધી મેં પગ પણ નથી મૂક્યો. – ને આજ પણ મારે માટે વણશોધાયેલી જગ્યાઓ છે. માણસો વિષે બડાશ મારવાથી શો ફેર પડે ! હું સત્તાવીસ વર્ષનો અડીખમ યુવક દીપક મિત્ર. મેં હજુ ઘણી બધી જગ્યાઓ જોઈ નથી. અને કેટલું બધું વણજોયું, વણજાણ્યું રહી જશે મારા માટે – અને આ દુર્ઘર્ષ ઉત્તેજનામય જીવન એવું વિપત્તિઓથી ભરેલું છે કે કોઈ પણ ઘડીએ હું પરપોટાની જેમ નાશ પામી શકું છું. – જેને માટે પોલાદનો એક નાનકડો ટુકડો પણ પૂરતો છે, અને હાય મારાં વ્યર્થ

સત્તાવીસ વર્ષ ! પૃથ્વી અને જીવનનું ઘણું બધું ઉખેડાઈ જશે તે પહેલાં જ મને બાળી નાખવામાં આવશે, અથવા પાણીમાં ફેંકી દેવામાં આવશે, ગીધ, કૂતરા, કાગડાના ખાદ્ય તરીકે મારી પસંદગી – હાય સુંદર સ્વાદિષ્ટ ફળની છાલ જેવું મારું શરીર, મારું યૌવન, મારું મન !....

એટલે જ તો હું નાસતો હતો. મારું આખુંયે શરીર, યૌવન અને મન તેમની પોતપોતાની ભાષામાં ચિત્કાર કરતાં હતાં, નાસીને બચી જા, નાસીને બચી જા.

હું જાણતો હતો કે તેઓએ હજુ પણ મારી આશા છોડી નથી. મને ખતમ નહિ કરે ત્યાં સુધી એમના જીવને નિરાંતે નથી. તે લોકો એકસરખાં મારો પીછો કરી રહ્યાં છે. અને આજે – આ મુસીબતની રાતે શહેર પણ અદ્ભુત રીતે બદલાઈ ગયું છે – પ્રાક્-ઇતિહાસનું ઘોર અરણ્ય સંસ્કૃતિથી સજાવેલો બાગ બની ગયું છે. બધાં જ સ્કાય-સ્ક્રેપર ડરના માર્યાં પોતાના ઝભ્ભા કાઢીને ઊભાં છે, જાણે વિશાળ વૃક્ષ, અને બધા, રામબાબુ, શ્યામબાબુ, યદુબાબુ, ઘૂંટણભેર ચાલતા ચાલતા અંધકારના એ આદિમતમ સ્વર્ગીય ઝાડનું મૂળ શોધે છે – જેનાં ફળ ખાવાથી મનુષ્યજાતની આ અંતહીન દુર્ગતિ થઇ છે, એમના હાથમાં આજે એ જ પોટલાંમાં લપેટેલી નાની નાની ત્રણ કુહાડી – જેમાંના એકની જાહેરખબર પ્રમાણે કિંમત છે માત્ર પાંચ પૈસા !

આ સામે હવે એક ત્રિભેટો આવી પહોંચ્યો, હવે ડાબે વળું કે જમણી બાજુ ? – કેટલીક પળ આમતેમ જોઈને હું થોભ્યો – બેફામ ગોળીઓ છૂટતી હતી. આશ્ચર્ય; સ્પિન્ટરના આગિયા જેવા તણખા જોવા માટે વારંવાર હું આમતેમ ડોક ફેરવતો હતો. મુસીબતના સમયે પણ આપણું નિર્બોધ શિશુત્વ જાગૃત હોય છે.

બીજી પળે એક છલાંગે હું ડાબી તરફ ચાલ્યો ગયો. ત્યાં તો ઊંચે જરાક પ્રકાશ નજરે પડ્યો. એક બારી ખોલી કોઇ દુ:સાહસી મૂળ કેદ થયેલા ગોરીલાની જેમ (રોડ) – સળિયા પર નાક ઘસતો હતો. મકાન સૂમસામ. ગેટ પર ધનુષાકારે વેલનો માંડવો બાંધ્યો હતો. તેનાં ફૂલની વાસ મારી મરજી વિરુદ્ધ મારા મગજમાં ચડી જતી હતી. છાતી સમાણા ઊંચા ગેટનાં બારણાં વટાવી જ્યારે હું પેલી તરફ અંદર પહોંચ્યો ત્યારે મને લાગ્યું કે હું સુરક્ષિત હતો. તે પછી મનમાં થયું, સાધારણ રીતે આ બધાં મકાનોમાં કૂતરા હોય છે. બહાર બોર્ડ મારેલું હોય છે, ‘કુતરાથી સાવધાન રહો’. પણ અંદર દાખલ થયા પછી પણ જ્યારે ભસવાનો અવાજ સંભળાતો નથી ત્યારે ચોક્કસ આ મકાનમાં કોઇ કૂતરો નહિ હોય. અથવા હશે તો ઘરમાં પુરાયેલો હશે.

થોડીક મિનિટે મેં જરાક આરામ કરી લીધો. બહાર હવે બિલકુલ અવાજ થતો નહોતો. તેઓ લાગે છે બીજી બીજી ગલીઓમાં દોડાદોડી કરી મને શોધતા હતા. અત્યાર પૂરતો હું થોડા સમય માટે નિશ્ચિંત છું. ઉપરની ખુલ્લી બારીમાંથી આવતા આછા ઉજાસમાં મેં અંદર નજર ફેરવી લીધી. એક ટુકડો લોન – બે તરફ થોડાં છોડ – ફૂલનો બગીચો. અને અંધારા આ વિપદજનક લત્તામાં દુ:સમયે રાતરાણીનું સાહસ ! દુ:સાહસ ! ગુસ્સો અને ચીડને લીધે મગજ બગડી ગયું. આ બરાબર નથી.

આ બધું બરાબર નથી. મને મનમાં થયું, શહેરનાં બધાં જ ફૂલઝાડને હમણાં જ થપ્પડ મારી કહું કે ચૂપ રહો. પંખીઓને ધમકાવું કે ખબરદાર, નહિ આવતાં, પ્રેમી–પ્રેમીકાઓને ડરાવું, પતિ-પત્નીને ભેગા સૂવાની મનાઇ કરું અને કારીગરો, તમારો વિનાશ થાઓ. એંજિનિયરો તમે કામ બંધ કરો, વિજ્ઞાનીઓ હવે આરામ કરો.

એ જ સમયે દૂર ક્યાંકથી ફરી બૂમ બૂમ અવાજ થયો. મકાનો – ઘરો ધ્રુજી ઊઠ્યાં. ગાડીનો ઘરૂઘરૂ અવાજ સંભળાયો. પ્રચંડ ઉજ્જવળ પ્રકાશની એક ઝલક દેખાઇ અને ફરી બહારનાં અંધકારમાં ભળી ગઇ. નક્કી પોલીસ જ હશે. આટલી વારમાં પોલીસ આવી ગઇ !

એક કૂદકો મારી હું ત્યાંથી સરી ગયો. સામે પહોળો દાદર. વાડમાં બનાવેલો મોટો દરવાજો ખુલ્લો હતો. એનો અર્થ એ કે આ મકાનમાં બધા ફ્લેટ જ છે. લા–વારસ સંપત્તિ જેવું. દાદર સામેનો દરવાજો, રામબાબુ માનશે કે શ્યામબાબુ બંધ કરશે – શ્યામબાબુ ધારશે કે યદુબાબુ, અને દરવાન ધારો કે હશે પણ તો એ નશામાં ચૂર હશે. એ છે. દાદરના પગથિયાની એક તરફ ચોર કોટડી જેવું છે – એમાં જે માણસ ખાટલા પર ઊંઘે છે નક્કી એ જ દરવાન હશે. કેટલાંક પગથિયાં છાનામાના ચડીને જોયું, પહેલા માળના દાદરની ઉપર એક બલ્બ હતો. બલ્બ પર મેલ અને જાળાં લાગેલાં હતાં. પહેલાં જ્યારે ગેટ અને ફૂલઝાડ જોયાં ત્યારે થયું હતું કે મકાન સરસ, સ્વચ્છ અને સુશોભિત હશે – પણ ક્રમશઃ એના વાર્ધક્ય, જીર્ણતા અને અવહેલનાનાં ચિહ્નો નજરે પડવા માંડ્યાં. જેમજેમ ઉપર ચડવા માંડ્યો તેમ તેમ લાગવા માંડ્યું કે કોઇ અકળાવી નાખે એવી અવાવરી, નિર્જન જગ્યાએ આવી ચડ્યો હતો. પહેલા માળે ચારે બારણે તાળાં લટકતાં હતાં. બધાં ભેગાં મળીને ક્યાં ચાલ્યાં ગયાં હશે ? બીજે માળે ત્રણ તરફ ત્રણ દરવાજા. ઉપરની બત્તી પણ એવી જ મેલી. અહીં બે બારણે તાળાં લટકતાં હતા. – એક સિવાય. તો પછી આ ઘરની બારીમાં જ પેલા ગોરિલાને જોયો હતો. એ એકલો હશે કે સહકુટુંબ ! આશ્ચર્ય, કોઇ પણ ફલેટ પર એકે નેમ–પ્લેટ નહોતી. ક્યાંય કૉલીંગ-બેલ પણ નહોતી. ભીંત પર લાલને કાળા અક્ષરે ઘણું બધું લખ્યું હતું – એ બધી વાતો મને અને બધાને મોંએ બરાબર યાદ છે. હવે શરીર ભયથી ધ્રુજી ઊઠ્યું. વખતે મારે માટે આ જગ્યા સલામત નહિ હોય તો ! વખતે સામે ચાલીને હું પોતે જ 'એમના' ખપ્પરમાં હોમાવા તો નહોતો જતો ને !

મરણિયો બની ગયો. કોઇ રસ્તો નહોતો. ખીસામાં હાથ નાખી 38 (આડત્રીસ) કેલીબરની રિવોલ્વર સજ્જડ રીતે દબાવીને પકડી. એક જ માત્ર ગોળી હતી અને એ પૂરતી હતી. કંઇ નહિ તોય થોડા કલાકો મારે નિરાપદ જીવતા રહેવું પડશે – પછીના બીજા અનેક કલાક, દિવસ, મહિના, વર્ષ જીવતા રહેવા માટે. અને એ મારે માટે ખૂબ જ જરૂરી હતાં. હાય મારાં સત્તાવીસ વ્યર્થ વર્ષ ! એ વિમુગ્ધ બિલાડીના બચ્ચાની જેમ મારી ભીતરમાં ચુપચાપ જોઇ રહ્યાં છે.

ખૂબ જ આસ્તે બારણું ખખડાવ્યું. બે વાર. એ પછી આસ્તેથી ધક્કો માર્યો.....

હિરણ્યમય દત્તરાય

.......શું થયું ? ફરી બત્તી ગઇ ! આખું ચોમાસું આ તકલીફ તો ચાલુ જ રહેવાની, મીણબત્તી ખરીદતાં તો ભિખારી થઇ ગયો. કૉર્પોરેશન....

એવામાં વહુમાં દોડી આવી.... "સાંભળો છો ? આજે રાતે ફરી શરૂ થઇ ગયું."

હું સફાળો ઊભો થઇ ગયો, "શું, શું શરૂ થઇ ગયું, વહુ બેટા."

રાણુ શું મારા પર ગુસ્સે હતી ? અસલમાં મારા બંને કાન ઉંમરે ખલાસ કરી નાખ્યા છે – બરાબર બંને આંખની જેમ જ – એણે એ સમજવું જોઇતું હતું. વખતે સમજે છે. છતાંય ચિડાય છે. મને ખબર છે, રોજને રોજ રાણુ મારા પર વધુને વધુ જ ચિડાવા માંડી છે. મારું અચાનક સફાળા ઊઠવું, મારી અકળામણ, વ્યાકુળતા, – બારી ખોલી – રાતના નીચે રસ્તા પર જોવું અને અચાનક 'કોણ' એમ કહીને બારણા ભણી દોડવું – બધું જ એને અણગમતું લાગે છે. હું એ બધું જ સમજી શકું છું. ખાસ કરીને બેઠકખંડમાં સૌમેનની છબી ટાંગી છે એ એને પસંદ નથી. સૌમેનની એ જ અત્યારની છેલ્લામાં છેલ્લી નવી છબી કહીએ તો એ એક જ છે... ખાસ્સી મોટી સાઇઝ, અને એની એકલાની જ છે. અને તે સિવાય જે બધી છબી છે એ તો ખૂબ જૂની છે. અને એ પણ એની વહુની સાથે છે એ બધી ફેમિલી આલ્બમમાં છે. આલ્બમ ક્યારેક મારી રૂમમાં રાખું છું તો ક્યારેક રાણુને આપું છું. અથવા તો એ પોતે જ માગીને લઇ જાય છે. પણ એમાં અત્યારના સૌમેનની છબી નથી. હાલમાં એના કપાળ પર કરચલી પડતી હતી. હડપચી આગળ આવી ગઇ હતી. એનું લાવણ્ય – તેજ ઓછું થવા માંડ્યું હતુ. દિનોદિન આંખોમાં એક અજબ ચમક વર્તાતી હતી. અને આ નવી છબીમાં એ બધું બરાબર ઝડપાઇ ગયું છે. સૌમેન, મારો એકનો એક દીકરો. અને ખૂબ જ વહાલસોયો છે એ સૌમેન ! ઇશ્વરને હું રોજ કહેતો, એનાં બધાં કષ્ટ અને સંતાપ મને આપી દે ! પૃથ્વીની અનેક શત્રુશક્તિ સાથે લડવાનો અનુભવ આ બુઢ્ઢાને છે. અનેક અડીખમ શત્રુઓ મેં જોયા છે. અનેક ભયંકર ઉત્તાપ, બત્તી ફોડી, બહાર પડતી વિધ્વંસી આગ, અનેક ઝંઝાવાત આં'ી તુફાનનાં દુર્યોગ, અણધાર્યા દૈત્યો સાથે મુકાબલા કરવા પડ્યા છે. કેટલી બધી ખરાબ પરિસ્થિતિમાંથી હું પસાર થયો છું ! અને એ બધું જ સહીને અથવા જીતીને હું આજે પણ ટકી રહ્યો છું. તેથી જે કંઇ કષ્ટ યંત્રણા, સંતાપ, આધિવ્યાધિ છે એ બધાંને સહેવામાં મને મુશ્કેલી નહિ પડે. પણ સૌમેન ! એનું તરુણ જીવન, તાજી નવીન જીવનશક્તિ – એના ચિત્તમાં, હૃદયમાં, અતિશય કોમળતા. એને દુનિયા પાસેથી અનેક પ્રત્યાશા છે. જીવનને ખોટે રસ્તે લઇ જતી માયાથી બચાવી એ ગહન સ્વપ્ન ભણી લઇ જઇ રહ્યો હતો. હું પ્રાર્થના કરતો. એનું કષ્ટ મને દે – એનું જે સુખ છે તે ભલે એનું રહે.

અને છતાં....

છબીની વાત કરતો હતો. આ છબી અચાનક કેમ પડાવી હતી, એ પહેલાં તો મને નહોતું સમજાયું. પછી એની મેળે સમજાઇ ગયું. એ જતી વખતે એક સાંત્વના દેવા માટે એક તાજી સ્મૃતિ મૂકી જવા માગતો હતો. તેના બાપને, અને પત્નીને એ ચાહીને કેવળ એટલું જ દઇ ગયો હતો. જાણે કહી ગયો હતો કે બસ, આટલું લઇને જ જીવતા રહો.

હા, હું બોત્તેર વર્ષનો બુઢ્ઢો છું. – હું કેવળ સ્મૃતિના આધારે જીવી શકું છું. અત્યારે તો મારા જેવા બધાં જ વૃદ્ધો સ્મૃતિ લઇને જ જીવતાં હોય છે. પણ રાણુ વહુમા ? એ નહિ જીવી શકે. એના રક્તમાંસમાં, મનનાં બધાં જ કાર્યો હજુ તો અધૂરાં છે. એ તો માગે છે સૌમેનનાં રક્તમાંસ – એ તો ઇચ્છે છે એનું પ્રત્યક્ષ અસ્તિત્વ; પરોક્ષ કશું જ નહિ. તેથી રાણુને શી તકલીફ છે તે હું જાણું છું; જાણું છું કે એ અક્ષમ ગુસ્સાથી આકુળ-વ્યાકુળ થઇ જાય છે. એ એના પતિને અભિશાપ દેતી હોય છે. માથું કૂટીને ગાળો પણ દેતી હશે. એ વખતે એને કાયર પણ માનતી હશે. પણ હું એ માટે રાણુને દોષ નથી દેતો. ખરેખર તો સૌમેને આમ કેમ કર્યું ? પોતાની વહુ તો એણે પોતે જ પસંદ કરી હતી. અને મને તો કશીએ ખબરે નહોતી. પછી જ્યારે ખબર પડી ત્યારે હું તો જો કે ખુશ જ થયો હતો. વહુને ઘરમાં માનભેર તેડી લાવ્યો હતો... અને આ પછી જો રાણુ ગુસ્સાની મારી કોઇ સાથે...

એ અસંભવિત લાગે છે. આજકાલ સ્ત્રીઓમાં રક્તમાંસની ઇચ્છાનું તીવ્ર બની જવું મેં જોયું છે. એને શું કહે છે, સેક્સ – કામુકતા, જાણ્યે અજાણ્યે તેઓ એનો શિકાર બની રહ્યાં છે. – આધુનિકતા એટલે જાણે આવરણની ખોળ ઉતારી બહાર આવવું – સભ્યતા એમને અવનવા નિયમો–કાનૂનો શીખવે છે, અને સેક્સને મુક્ત કરી દેવાની સાથે જ માણસની આત્મિક મુક્તિ પણ સંકળાયેલી છે. જે હોય તે, પણ બનતાં સુધી રાણુમાં જો કે આ તરફનો ઝોક ખાસ દેખાતો નથી. તે સિવાય એની ખાનદાની, શિક્ષણ, વ્યક્તિત્વ એના પર ભરોસો રાખવા માટે પૂરતાં છે. પણ તોય એની અંદર એક પ્રતિક્રિયા જાગે તો એ ખૂબ જ સ્વાભાવિક છે. હું સાવ જૂના જમાનાનો આદમી નથી કે ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરને ગાળો ભાંડું. સૌમેન જો સાચે જ મરી ગયો હોય તો તરત જ રાણુના બાપ ભલે ગમે તે કહે, હું એના પુનર્લગ્ન માટે ચોક્કસ પ્રયત્ન કરીશ, જો કે એ રાણુની પોતાની મરજી પર નિર્ભર છે.

અરે, આ શું ? શું વિચાર કરું છું હું ! મારી છાતી ધડકી ઊઠી. બંને પગ જમીન જોડે ખોડાઇ ગયા. હું કંપી ઊઠ્યો. સૌમેન મારો એકનો એક દીકરો. સૌમેન ! હું શું તો પછી અજાણતાં જ એનું મૃત્યુ ઇચ્છી રહ્યો હતો ! ના, ના. એ જ્યાં હોય ત્યાં જીવતો હોય એટલે બસ. એને જે મરજીમાં આવે તે ભલે કરે. મને કંઇ વાંધો નથી હવે – કેવળ જીવતો હોય એટલે બસ. આજ સુધીમાં મેં કેટલી બધી જાહેરખબરે આપી છે છાપામાં, છબીઓ છપાવી છે. એકે એક પોલિસ ચોકીમાં જઇ ફરિયાદ

નોંધાવી છે. વણઓળખાયેલી બધી લાશોની કેવળ છબીઓ જ નહિ – હું જાતે જઈને જોઈ આવ્યો છું. – કેટલી વાર કેટલી બધી લાશોમાં મને ખોટી રીતે સૌમેન જ દેખાયો છે. થોડા દિવસ પહેલાં નવ લાશમાંથી એકને જોઈને મને થયું હતું કે એ એની જ છે, ત્યાં તો બીજી જ પળે કોઈએ આવી હક લગાડતાં કહ્યું હતું કે એ એનો મૃગાંક છે. ઘણી માથાફોડ, વાદવિવાદ, ચર્ચા, પરીક્ષા – હું એ બધું છોડીને ચાલ્યો આવ્યો – હા, એ મૃગાંક જ હતો : સૌમેન નહિ.

તેથી જ મને થાય છે, એ પોલીસના ડરથી કે પછી કોઈ બીજા કારણસર નાસતો ફરે છે. એ ખૂબ જ જલદીથી એક વાર આવીને એના બાપને અને પત્નીને મોં દેખાડી જશે. એ ચોક્કસ આવશે. કારણ એના જેવા છોકરા માટે ખુલાસો કરવો ખૂબ જરૂરી છે. વખતે પત્ર લખવાની અગવડ હશે કે પછી પત્રમાં બધું જ ખુલ્લંખુલ્લાં થોડું લખી શકાય ? એ મુશ્કેલ પણ બને. તેથી એ પોતે મોઢામોઢ કહેવા માટે પણ ચોક્કસ આવશે. વખતે છાનોમાનો આવીને બારણું ઠોકશે, જ્યારે અચાનક વીજળી ફેઇલ થઈ જશે, અંધકાર રાત, મધરાતે નિર્જન રસ્તાઓ, વરસાદ ઝંઝાવાતી પવન ફૂંકાતો હશે – ભીને કપડે એ ચુપચાપ બીજે માળે ચડી આવશે. અને એ જોશે કે આ મકાનના બધા જ ફ્લેટોને તાળાં લાગેલાં છે. – બધાં જ આ લત્તો છોડી ચાલ્યાં ગયાં છે. કેવું સરસ એકાંત એને મળશે !...

હા, તેથી દરવાનને મેં કહી રાખ્યું છે કે દાદરનો દરવાજો રાત દિવસ ખુલ્લો રાખવો. દરવાન ડરપોક તો છે, પણ છે લાગણીવાળો. લાગણી જ એને દરવાજો બંધ કરતાં રોકે છે. – કેવળ ભીરૂતા જ એને મુખ્ય દરવાજો બંધ કરવાનો હુકમ દે છે. અને એક બારી ખોલી હું રસ્તાભણી જોયા જ કરું છું – આખી રાત – આખી આખી રાત. મને ઊંઘ નથી આવતી. કારણ ઊંઘી જાઉં અને એ આવે તો – મને મોં દેખાડવાની એને શરમ આવે (નાનમણમાં સૌમેન વિના કારણે જ મારાથી ડરતો) રાણુ બારણું ખોલશે – એ સીધો રાણુની રૂમમાં ચાલ્યો જશે – અને.....

રાણુ ક્યારે ચાલી ગઈ ? કંઈક ધાંધલ છે એમ કહેતી હતી ને ! એટલે જ તો ! આ લત્તાના કેટલાક લોકો મુખ્ય વિદ્યુત સપ્લાય – કેન્દ્ર પર હલ્લો કરી, તોડી ફોડી નાખી કંઈક કરવા માગતા હોય એવું લાગે છે. વારેવારે ધડાકા થાય છે. કોણ કોની સાથે મારામારી કરે છે શી ખબર ? હું મુદ્દલે ખબર રાખતો નથી. લાગે છે આ ખબર નથી રાખતો એથી જ મારે આ મુસીબત ઊભી થઈ છે. એ જ મારો કાળ બની છે. મારા દીકરાની પણ હું ખબર નહોતો રાખતો. હજુય નથી રાખતો. તેથી જ આ દુઃખ સહેવાનો વારો આવ્યો છે.

ફરી મારે બારી પાસે જવું પડશે. રાણુએ આવીને મને મારી જગ્યા પરથી હટાવી દીધો. અરે વાહ, બત્તી થઈ ને શું ! આટલી વાર જો સૌમેન રસ્તા પર આવીને ઊભો હશે – તો મેં ચોક્કસ એને મિસ કર્યો છે. તો પછી શું આટલી વાર સુધી એ દાદરનાં પગથિયાં પર ચુપચાપ ચડતો હશે – ધીરે ધીરે બારણું ઠોકશે, ધીમે સાદે વખતે

બોલાવશે – રાણુનું નામ લઇને બોલાવશે. ભલે એને બોલાવે, પણ મને ખબર તો ચોક્કસ પડશે જ.....

રાણુ દત્તરાય

એમના હાથમાંથી એક રાતનો છૂટકારો નથી મળતો. આ લો, ફરી શરૂ થયું તાંડવ. વખતે રાતભર આ બધું ચાલશે. વારે વારે ઊંઘ ઊડી જાય છે. ગુસ્સે થઇ થઇને. ગુસ્સે થઇ થઇને થાકી જઇશ. અને થાકી થાકીને, નબળાઇ લાગે છે. રડવું આવે છે. પણ આજે બધું જ રડવું મારે માટે લજ્જાજનક બની ગયું છે. આત્મધિક્કાર અને ગ્લાનિની વાત છે. પોતાની અસહાયતા જ્યારે પૂરેપૂરી પકડાઇ જાય ત્યારે જો કે માણસ પોતાની મેળે જ ઠંડો પડી જાય છે. મારે પણ ઠંડા પડવું જોઇએ. પણ ક્યાં ઠંડી પડી શકું છું. ! નથી પડતી. તેઓ કોણ છે એ સ્પષ્ટ હું સમજી શકતી નથી – કેવળ મનમાં થાય છે, તેમનામાં એક ભયંકર જ્વાલાની આગ છે, અને એ આગ અચાનક – અચાનક ચરમતાએ પહોંચી કોઇ કોઇ પર વરસી પડે છે. અને જેના પર વરસે છે એનો ગ્રાસ કરી લે છે. મારા પતિને પણ તેઓએ ગ્રસી લીધા છે. અને એથી જ મારા મનમાં જેટલી સાંત્વના છે તેટલો જ ગુસ્સો પણ છે. સાંત્વના – કારણ મારા જેવી બીજી કેટલી બધી સ્ત્રીઓના પતિ, પિતા કે પુત્ર આ જ રીતે તેમનાં મુખમાં હોમાયા છે. ગુસ્સો – કારણ, અમે કશું જ કરી શકતા નથી. કેટલાક મહિના પહેલાં આટલું મોટું કારખાનું બંધ થઇ ગયું. અને મારા પતિની નોકરી ગઇ. ઘરભાડું બાકી રહેવા માંડ્યું. ઘર ચલાવવું મુશ્કેલ બન્યું. તાણ પડવા માંડી. મારા ભોગી–પ્રવૃતિના સસરા કરકસર કરી શકતા નથી. તેમના પેન્શનના રૂપિયામાં વખતે નભી પણ જાત. પણ માણસે શું આ રીતે જીવવાનું ? મને કષ્ટ થાય છે. અંતર આકુળવ્યાકુળ થાય છે. બહાર નીકળી કંઇક એકાદ કામ મેળવવાની ઇચ્છા થાય. પણ સસરા પાછા ખૂબ જ રૂઢિચુસ્ત અને સાંકડા મનના છે. વખતે અતિશય ડરપોક પણ ખરા. પતિ માટે હું ખૂબ દોડાદોડી કરીશ એમ મેં નક્કી કર્યું હતું. એમ કર્યું હોત તો વખતે એમની ભાળ પણ મળી ગઇ હોત – પણ સસરાજી મને ક્યાંય એકલી જવા દેતા નથી. ક્યારેક ક્યારેક મને થાય છે. આ એક જાતની જેલ છે. એક પીંજરામાં જાણે હું અજાણતાં જ ફસાઇ પડી છું. અને એ સ્વાર્થી ડોસાએ મને એની ખાલી તિજોરી પર યક્ષ બનાવી બેસાડી દીધી છે.

ના, હવે નથી સહેવાતું, હવે હું ચોક્કસ જ નાસી જઇશ. હવે અહીં શા માટે રહું, કહો જોઇએ ! આ શૂન્યતા, અને વ્યર્થ પ્રતીક્ષા. આ એકસરખી એકધારી દિવસરાતની ! તે સિવાય આ મકાન છોડીને બધાં જ ભાડૂતો પોતાના કુટુંબોને લઇને એક પછી એક ચાલ્યાં ગયાં. આખો લત્તો ખાલી થઇ જવા આવ્યો છે. કેવળ પડ્યાં રહ્યાં છે થોડાંક ડોસા-ડોસીને કેટલાંક બાળકો ! વચ્ચે વચ્ચે એ જ બોમ્બનો ધડાકો, ગોળીબારનો અવાજ, અસ્પષ્ટ બે-ચાર વાર ગર્જન કે આર્તનાદ સિવાય વિકટ સ્તબ્ધતા, આખો વખત અહીં સ્થાઇ બની ગઇ છે. વચ્ચે વચ્ચે રસ્તા પર કોઇ એકાદ

જણ કે બે–ચાર જણ ઇશારા કરી ચાલ્યા જાય. બીજા કોઇ માણસો નથી. આ નીરવ એકાકી યક્ષપુરીમાં મારું બાવીસ વર્ષનું યૌવન ગૂંગળાઇ રહ્યું છે. હું અહીં નહિ રહી શકું, નાસી જઇશ.

પણ ક્યાં જાઉં ? બાપુ અને મા મારા પર મનોમન ખિજાયેલાં છે. તેમના પસંદ કરેલા પાત્રની મેં અવગણના અને અપમાન કર્યું છે. એમની મરજી વિરુદ્ધ મેં બીજા જોડે છાનાંમાનાં લગ્ન કરી લીધાં હતાં. રજીસ્ટર કર્યા પછી બંને પક્ષને જણાવી દીધું. મારે ઘેર ઘણા દિવસ સુધી ધરતીકંપ અને અગ્નિ–ઉત્પાત મચી ગયો હતો. મારા પતિને ત્યાં જો કે એવું ન બન્યું. મારાં સાસુજી જીવતાં હોત તો ચોક્કસ બનત. કારણકે આવા બધા બનાવોમાં, બધી બાબતોમાં સ્ત્રીઓ જ ખાસ કરીને સ્ત્રીઓની પરમ શત્રુ બને છે, એ વાતની મને ખબર છે. તેથી એ ઘેર જવાનો તો પ્રશ્ન જ પેદા નથી થતો. દુશ્મનો હસશે. તો પછી બીજે ક્યાં જાઉં ? હું શોધું છું. મનોમન વિચારું છું. અને વિચારમાં ને વિચારમાં જ રાત દિવસ પસાર થઇ જાય છે. તોય હું નાસી જઇશ એ વાત ચોક્કસ છે. ઓહ, મારી અંદર જાણે બધું જ દિવસે દિવસે સુકાતું જાય છે. આમ થોડા વધુ દિવસ ચાલશે તો હું મરી જઇશ. ના, ના, હું જીવવા માગું છું.

જતાં પહેલાં એમણે કશું જ કહ્યું નહોતું. અચાનક બપોરે ચા પીને એ બહાર ગયા. આખો દિવસ એ કેવા સૂનમૂન રહ્યા હતા. આજકાલ એ જરી જરી વાતમાં ખિજાઇ જતા તેથી હું એકે સવાલ એમને પૂછતી નહિ. કેવાયે બદમિજાજી અને ક્રોધી થઇ ગયા હતા. મને એમ કે નોકરીમાં લફરાને લીધે ઉદ્વિગ્ન રહે છે. ખૂબ ઓછું બોલતા. ચૂપચાપ ઘરમાંથી બહાર જતા. પાછા ફરવાનો કોઇ નિયત સમય નહોતો. સસરાજી અસ્થિર બની જતા. પાછા આવી એમને કોઇક રીતે સમજાવી દેતા. મને કંઇ ન કહેતા. એની જરૂર નહોતી. રાત પડતાં હું એનો સ્પર્શ ચાહતી. ટેવને લીધે મારા રક્તમાંસ ચંચળ બની ઊઠતાં. એ ધીમેથી મને ઠેલી પડખું ફરી કહેતા, "ખૂબ ગરમી છે. જરાક આઘી સૂ તો, રાણુ."

મને રડવું આવતું, તો શું એ મારા પર કોઇ કારણસર ચિડાયા હતા ? કે પછી મિથ્યા સંદેહ ! કંઇક અવિશ્વાસ ! શું કોઇએ મારી વિરુદ્ધ એમના કાન ભંભેર્યા હતા ! પણ ઇશ્વર જાણે છે કે મનથી ભલે ન હોઉં – શરીરથી હું નિષ્પાપ છું. હું છાની છાની રડતી.

આશ્ચર્ય, એમને બરાબર ખબર પડી જતી. અચાનક પડખું ફરીને એ મને એમની બાથમાં સમાવી લઇ ચૂમીને કહેતા, "ના, રાણુ ના, – તારા પર મને જરા પણ ગુસ્સો નથી આવ્યો, કોઇના પર પણ નથી આવ્યો, મારો બધો ગુસ્સો અને દુઃખ મારા પોતાના પર જ છે. હું મારી જાતને હવે નથી સહી શકતો; આ બોજ નથી ઉઠાવી શકતો. તું મારા પર ભરોસો રાખ – મારે ખૂબ બળતરા છે. રાણુ ભયંકર બળતરા છે."

હું નારીસ્વાભાવિક પ્રેરણાદાયી ભૂમિકાથી કહેતી, "તમારી બધી લાહ્ય-બળતરા

મને આપી દો."

"પાગલ !" કહીને એ ચુપ થઇ જતા. અને મને લીધેલી બાથની પકડ ઢીલી બની જતી. એ પછી એ ચત્તાપાટ થઇ સૂઇ જતા.

હું જાણતી કે એ તાકી રહ્યા છે. કંઇક વિચાર કરે છે. હું કહેતી, "શું થયું છે એ તો કહો ? તમારે પગે લાગું, મને કંઇક તો કહો."

એ કંઇ જવાબ ન દેતા. ક્યારેક કહેતા, "કંઇ નહિ."

મને થતું એમનું બધુ દુઃખ કષ્ટ કેવળ પૈસાટકાને લીધે જ છે. વખતે બેકાર લોકોને આવું જ થતું હશે. હું કહેતી, "શું કામ ફિકર કરો છો ! કંઇને કંઇ કામ તો ચોક્કસ મળી જ જશે..."

ચાલ્યા ગયા એની આગલી રાતે – જાણે ઊંઘના ઘેનમાં જ કેટલીકવાર એકની એક જ વાત એમણે ઉચ્ચારી હતી. ત્યારે હું હજુ ઊંઘી નહોતી ગઇ. એ વાત સાંભળી હું ચમકી ઊઠી હતી. મારું લોહી ઊડી ગયું !

એ શું બોલતા હતા !

"ટ્રેટર ... હું ટ્રેટર ... ટ્રેટર ... ઓહ હું ટ્રેટર ..."

હું કંઇક જાણે સમજી અને – કંઇક નહોતી સમજી. એનો રહસ્યમય કાળો પરદો અચાનક જાણે જરાક ખૂલી ગયો. અથવા એ બધી જ મારી ધારણા ખોટી પણ હોય, વખતે સાંભળવામાં ભૂલ થઇ ગઇ હોય ! તોય મારું લોહી થીજીને હિમ થઇ ગયું હતું, મારા સાથળો ભારી બન્યા, ધીમે ધીમે માથાની અંદર જાણે બરફ મૂકાઇ ગયો હતો ! હું ચુપચાપ હલ્યાચલ્યા વિના પડી રહી.

એ વાત મેં આજ પણ સસરાજીને કરી નથી. કહેવી યોગ્ય નથી લાગી. મને ખબર છે શું બન્યું છે. આ શંખની બંગડી, આ સિંદૂર અને સધવાનો વેશ જુઠ્ઠો છે. હું ખોટી રીતે જ બીજાના સંસારમાં વહુ બનીને બેઠી છું – કદી પાછા નહિ આવે.

તોય લોહીની અંદર પ્રતીક્ષાનો કાંટો ખચખચ કરતો વીંધ્યા કરે છે. દાદરના વિશાળ બોગદામાં હવા ઘૂમરી લે છે. અવાજ જાગે છે. કોઇ બારણું ઠોકતું હોય એવું લાગે. સફાળી ઊઠીને બેસું છું. બારણા ભણી દોડું છું. બારણું ખોલતાં ખોલતાં નક્કી કરું છું કે હું એમને શું શું કહીશ. પછી ખોલું છું. અર્ધ-અંધકારમાં પીળી કેટલીક રેખા કાંપતી કાંપતી અદશ્ય થઇ જાય છે. કેવળ શૂન્યતાના કંપનમાંથી ઊડી જાય છે આભાસ. અને પાછળથી દોડતા આવે છે સસરાજી. અસ્ફુટ સ્વરે રુદ્ધ શ્વાસે કહે છે, "આવ્યો ! સમુ આવ્યો ! સમુ છે ! કોણ હતું વહુમા ? વહુમા, ઓ વહુમા, કેમ બોલતી નથી ?"

હું શું બોલું ? કેવળ કહું હવા, અને પાછી વળું. પાછા ફરતાં જ બેઠકખંડની પેલી છબી નજરે પડે છે. ગુસ્સાથી, ક્ષોભથી, દુઃખથી મને એમ થાય છે કે એને ફોડી નાખું.

જે નથી એના નિશ્ચળ પ્રતિબિંબ તરફ જોઈ કહેવાનું મન થાય છે, ટ્રેટર ! વિશ્વાસઘાતી !

દીપક મિત્ર

જેણે બારણું ઉઘાડ્યું એને હું નથી ઓળખતો. પણ એના શરીરની બાજુમાંથી ઘરની અંદર ઊંચા સ્ટૂલ ટેબલ પર રાખેલી મસમોટી છબી કોની છે એ મને ખબર છે. તેને હું સારી રીતે ઓળખું છું. એક પળમાં મારા મગજની અંદર આગ જ્વલી ઊઠી. કાનમાંથી જાણે ગરમ વરાળ બહાર નીકળી. આંખો બંને પહોળી થઇ ગઇ. સૌમેન ! આ સૌમેનનું ઘર છે ! અને મારે અહીં જ તો આવવાનું હતું.

મારો આ અચંબો એ મહિલાની નજરે પડ્યો હતો કે નહીં એ મને સમજાયું નહિ. પણ એય મને જોઇને ચમકી ગઇ હતી. કાંપતા સ્વરે એક ડગલું પાછળ હટી એ બોલી હતી. – "કોનું કામ છે !"

મેં મારી જાતને સાચવી લીધી હતી. ઠંડકથી જવાબ આપ્યો, "આજની રાત મારે અહીં રહેવું છે. બૂમાબૂમ નહિ કરતાં. કોઇ ફાયદો નહિ થાય. હું તમારું કંઇ નુકસાન નહિ કરું. કેવળ આજની રાત..."

આશ્ચર્ય, એ સરીને પાછળ હટી. મેં તરત જ અંદર પેસી દરવાજો બંધ કરી દીધો. આગળ વધી ફટ લઇને બેસી પડ્યો, બોલ્યો, "એક ગ્લાસ પાણી આપશો ? ફક્ત પાણી, આટલી રાતે ખાવાના માટે તમને તકલીફ નહિ આપું. એક સાદડી હોય તો આપજો. અહીં જ સૂઇ જઇશ."

એ કંઇ જ ન બોલી, સૌમેનની પત્ની ! તો પછી હજુ સધવાનો વેશ કેમ ? તો શું એ લોકોને ખબર નથી પડી ?

ખીસામાં હાથ રાખ્યો હતો. પાછી કંઇ ધમાલ કરે તો એને બહાર કાઢી ડરાવવી પડશે. પણ જરૂર પડે એવું લાગતું નથી. હાથ બહાર કાઢી લીધો. ઘરની અંદર ચોમેર નજર ફેરવી. બે બાજુ બે ઓરડા. બારણા પર મેલા ફાટેલા પરદા. આ ઓરડામાં ખાસ કંઇ અસબાબ નહોતો. એક રેક પર થોડાંક પુસ્તકો. એક ટેબલ, બે ખુરશી. દીવાલ પર કેલેન્ડર. અને સ્ટૂલ ટેબલ પર સૌમેનની છબી. છબી તરફ જોતાં ડર લાગતો હતો. મને થતું હતું, હજુ જાણે સૌમેન કહેતો હતો, "તારો ચહેરો જરા પણ ખૂની જેવો લાગતો નથી. હું તારાથી ડરતો નથી, દીપુ.."

ખૂબ જલદીથી પાણી આવી ગયું. એની તરફ ન જોતાં હું ગટગટ કરી પાણી પી ગયો. એ પછી હું ગ્લાસ નીચે મૂકવા જતો હતો ત્યાં એણે હાથ લંબાવી ગ્લાસ લીધો અને એ મૂકવા જતી હતી. એને મેં રોકી અને કહ્યું, "સાંભળો, –" એ ફરીને નિઃશબ્દ ઊભી રહી.

"ઘરમાં બીજું કોણ કોણ છે !"

"હું અને બાપુજી."

"આ જેની છબી છે – એ ક્યાં છે !"

"ખબર નથી."

"તમે કોણ છો !"

"ઘરની વહુ."

"આ છબી તો પછી તમારા પતિની છે ?"

"હા."

હું જરાકવાર ચૂપ રહ્યો.

સૌમેનની પત્નીએ કહ્યું, "બીજું કંઇ પૂછવું છે ?"

"હા, બાપુજી કહો છો, તે શું તમારા સસરા છે ?"

"હા."

"તમારા પતિ કેમ નથી ?"

"ખબર નથી... તમને પથારી લાવી આપું."

સૌમેનની પત્ની ચાલી જતી હતી, બરાબર તે જ પળે બાજુના ઓરડાનો પડદો હટાવી અચાનક પેલો બુઢ્ઢો ગોરીલા આવી પહોચ્યો. "કોણ, કોણ આવ્યું છે ! સમુ ?... કોણ, કોણ છો તમે ? આપ કોણ છો ? કેમ બોલતા નથી ? વહુમા, આ કોણ છે ?"

સૌમેનની પત્ની બોલી, "ઓહ, ચુપ રહોને બાપુજી, એ તમારા દીકરાના મિત્ર છે. – એમના સમાચાર લાવ્યા છે.

હું ચમકી ઊઠ્યો. મારું હૃદય ધડકી ઊઠ્યું. આ બધું શું એ જાણી સમજીને બોલતી હતી ? – કે પછી નિર્બોધ સસરાને પરેશાન કરવા નહોતી માગતી ?

મેં એના તરફ જોયું. કેવી નિખાલસ નજર, કેવી ઉજ્જવળતા ! અને હોઠને ખૂણે પેલી છાની હાસ્યની રેખા શાને ? મારી રિવોલ્વર વખતે ખીસાની અંદર જ કટાઈને 'જેમ' થઇ ગઇ હતી. એનું ટ્રીગર પણ બગડી ગયું હતું. છેલ્લી ગોળી પણ હવાઇ ગઇ હતી.

ડોસો પાસે આવ્યો, વાંકા વળી મને ધીમા સ્વરે પૂછવા માંડ્યો, "સમુ કેમ છે બાપુ ! ક્યાં છે એ ? શું કરે છે ? હજુ સાવ નાદાન જ છે... એમાં – આટલું ડરવાનું શું ? હું પોલીસના વડા પાસે જાત – હું તો રિટાયર્ડ ગર્વનમેન્ટ ઓફિસર –"

મેં અટકાવીને કહ્યું, "એને પોલિસનો ડર નથી. તમારો દીકરો ટ્રેટર હતો, વિશ્વાસઘાતી જ –"

"ખબરદાર !" બુઢ્ઢો ગોરિલા ગર્જી ઊઠ્યો.

હું હસ્યો, "તમારાં વહુમાને પૂછી જુઓ."

સૌમેનની પત્નીએ મને અવાક્ કરી દીધો. એ બોલી, "હા, બાપુજી, એમની વાત સાચી છે."

"અસંભવ ! આ માણસ જૂઠું બોલે છે."... ડોસાએ બૂમાબૂમ કરી.

"જુઠ્ઠા, બદમાશ, બધા જ લુચ્ચા ! મને કોઇનોય ભરોસો નથી. બધા જ ટ્રેટર. બધા જ વિશ્વાસઘાતી."

સૌમેનની પત્ની આગળ વધી. પાસે આવી બોલી, "ઓહ, આ શું, બાપુજી ચૂપ રહોને !"

ડોસાએ આંગળી વડે બારણું દેખાડી કહ્યું, "હમણાંને હમણાં જ બહાર નીકળી જાઓ તમે. તમને આવા જુઠ્ઠા ખબર લાવવાનું કોણે કહ્યું છે ? કહું છું ચાલ્યા જાઓ. મારો સમુ વિશ્વાસઘાતી !..."

તરત જ ખીસામાંથી પિસ્તોલ કાઢી હું ઊઠીને ઊભો થયો. "વધુ ગરબડ કરશો નહિ. જાઓ તમારા ઓરડામાં ચાલ્યા જાઓ. હું આજની રાત અહીં જ રહેવાનો છું મને સતાવશો તો જાન ગુમાવશો ! કહી દઉં છું." .... "જુઓ તમારા સસરાને પેલા ઓરડામાં લઇ જાઓ, મારું મગજ અત્યારે ઠેકાણે નથી."

ડોસો થોડી વાર મારી પિસ્તોલ ભણી જોઇ રહ્યો. પછી એણે મોં ઢાંકી દીધું. રડી પડ્યો. બેસી પડ્યો. અસ્પષ્ટ સ્વરે બોલ્યો, "મારો – એના કરતાં મને જ મારી નાખો. સમુને શું થયું છે, હવે હું બરાબર સમજી ગયો છું. મારે હવે જીવીને શું કામ છે ?"

સૌમેનની પત્ની સસરાને સમજાવતી હતી. આ વખતે એ અદ્ભુત ભાવે હસ્યો. "શું થયું ? નહિ મારી શકો ? ગોળી નથી હવે ? કે પછી પિસ્તોલ રમકડાંની છે ? સાચી વાત શું છે એ સમજી ગઇ છું. હવે આ બહારનું આવરણ ભેદીને બહાર નથી નીકળી શકતા ? પીછો છોડાવવા દોડી દોડીને ખૂબ થાકી ગયા છો ! ખરું ને ?"

ગુસ્સાના માર્યા મારું મગજ ઠેકાણે નહોતું. મેં કહ્યું, "સૌમેન જેવા દીકરાને જેમણે જન્મ આપ્યો છે, એમના પર જ મને સૌથી વધુ ઘૃણા છે. પણ આજે હું ખૂબ થાકેલો છું – કેવળ એક રાતનો આશરો અને જરાક ઊંઘવાના બદલામાં હું બધું જ આપવા તૈયાર છું."

ડોસાને એ ખેંચીને અંદર લઇ ગઇ. અને પછી પાછી આવી પોતાના ઓરડામાં ગઇ. પથારી લઇ આવી. ભોંય પર સુઘડ રીતે પાથરી દઇ બોલી, "સૂઇ જાઓ. મને પણ આજે બહુ ઊંઘ આવે છે અને –"

પથારીમાં લંબાવી મેં પૂછ્યું, "કેમ અટક્યાં ? શું અને .... ?

"તમને ધન્યવાદ." કહીને ઉતાવળે પગલે સૌમેનની પત્ની પોતાના ઓરડામાં ચાલી ગઇ.

મને ઊંઘ ન આવી. પેલી છબી ! સૌમેન ? નહેરને કાંઠે એની શ્વાસનળી મેં જ કાપી નાખી હતી. લાશને બાળી નાખી હતી. અને આછા સંભળાતા અવાજ પરથી પેલા ઓરડામાં શું બની રહ્યું છે એનું અનુમાન કરું છું. જે કામ બાકી હતું એ તે ચુપચાપ પૂરું કરતી હતી. સૌમેનની પત્ની શંખની ચૂડી ભાંગી રહી હતી. સિંદૂર લૂછી રહી હતી. પેટીમાંથી સૌમેનનું ધોતિયું કાઢીને પહેરતી હતી. એ પછી ધ્રુસકે ધ્રુસકે

રડતી હતી. એના રડવાનો અવાજ વધતો જતો હતો. ધૂપના ધુમાડા જેમ, ધુમ્મસની જેમ.

સર્વગ્રાસી સંચરણશીલ પેલો વિલાપ આસ્તે આસ્તે બારણાની તિરાડમાંથી આગળ વધ્યો.

કોણ જાણે ક્યાં સુધી હું કાન દાબી પડ્યો રહ્યો. ત્યારે મારા મનમાં થયું, એક શોકાકુળ પૃથ્વી પરથી કેમેય નાસી જઇ શકાતું નથી. અને પેલો મહાકાય અજગર, સાપ – વિલાપનો સાપ એના ભરડામાં મને લઇને ગૂંગળાવી રહ્યો હતો. જરાક હવા જોઇએ છે, જરાક જ હવા.

એ પછી પરોઢિયે જરાક ઝોકું આવ્યું. સ્વપ્ન જોયું. હજારો સૌમેનની છબીઓ ચારે તરફથી પડી રહી છે. પૃથ્વીને ઢાંકી દીધી છે. પડતાં ગંજીફાના પાનાંની જેમ સ્તૂપાકાર વિશૃંખલ સૌમેનોની વચ્ચેથી હવે મારા માટે રસ્તો શોધી કાઢવો જરાયે શક્ય નથી....

ઢળતી સાંજના બે ચહેરા

મતિ નન્દી

હાવરા સ્ટેશનના પતરાના વિશાળ છાપરા નીચે ઊભેલી બે બહેનોએ વારંવાર ચારે તરફ નજર ફેરવતી હતી. પ્રત્યેક માણસનો ચહેરો તીક્ષ્ણ નજરે જોતી હતી. કોઇ એ રીતે એમના ભણી જોતા નહોતા. બધાં જ પોતપોતાનામાં વ્યસ્ત, સહુને કંઇને કંઇ કામ હતું. તેમને પણ હતું.

તેઓ સ્ટેશનના વિશાળ છાપરા નીચે ઘોંઘાટ અને ધમાલની વચ્ચે ઊભી રહીને અવાક્ બની રહી હતી. આખા સ્ટેશનમાં સંભળાય એમ એ કોણ બોલતું હતું ! બંને બહેનોએ એક બીજા સામે જોયું. અચાનક કોઇ બોલતું બંધ થઇ ગયું. નાની બહેને આંગળી ચીંધી કહ્યું, "જો પેલું !" બંનેએ સોસપેન જેવા લાઉડસ્પીકર ભણી જોયું.

નાની બહેને ખોંખારો ખાઇને પૂછ્યું, "હવે શું કરશું ?" મોટી બહેને આ બાજુ જોવાનો દેખાવ કરી એકવાર જોઇ લીધું. દીવાલને ટેકવીને મોટાભાઇ વાળમાં આંગળીઓ ફેરવતા હતા. હવે ફૂંક મારી મારીને હાથમાંના વાળને ખંખેરી નાખશે.

મોટી બહેન બોલી, "ચાલ પેલી તરફ." તેઓ એ ભયંકર ભીડ ઠેલતી ઉત્તર તરફ આગળ વધવા માંડી. ટિકિટઘરની બારી સામે માણસોની હાર, તેની પાસે થઇને, વિસ્તૃત ભોંય પર પથરાયેલાં માણસો, કોઇ સૂતાં તો કોઇ બેઠાં હતાં, તેમની પાસે થઇને, અદ્ધર શ્વાસે દોડી રહેલા લોકો. બંને બહેનો ત્રીજા વર્ગના પ્રતીક્ષાલયમાં આવી. એક બાંકડાના છેડા પર બંને બેઠી. બારીમાંથી રસ્તો દેખાતો હતો. હારબંધ બસો ઊભી હતી. ખંડમાં આછો પ્રકાશ. બંધિયાર રહેવાથી ઊબ જેવી વાસ આવતી હતી. પાણીનો નળ. ટિકિટબારી પર ટિકિટ માટેની સ્ત્રીઓની લાઇન. અને પ્રતીક્ષામાં બેઠેલા દૂરના મુસાફરો.

"દીદી, પાણી પીવું છે."

"જા, પી આવ."

નાની બહેન ભણી જ એની નજર હતી. વાંકી વળી નળ દબાવી એ પાણી પીતી હતી. મોટીબહેનને અકળામણ થઇ. નાની બહેનનું પોલકું પાંસળા પાસેથી ફાટી ગયું હતું. હાથમાં લોટો લઇ ઊભેલો માણસ એકીટશે શું જોતો હતો ?

"તુફાન એક્સપ્રેસ આજે લેટ છે."

મોટી બહેને નજર ફેરવી, તેની પાસે બેઠેલી મહિલા બોલી,

"કોણ જાણે કેટલીય વાર બેસી રહેવું પડશે !"

"કોઇ આવવાનું લાગે છે !"

એ હસી. હસતાં હસતાં આખા ખંડમાં નજર ફેરવી બોલી, "કાગળમાં તો ગઇ કાલે આવવાનું લખ્યું હતું. હું તો આંટોય મારી ગઇ, પણ એ આવ્યા નહિ." મોટી બહેન ઊઠીને ઊભી થઇ. નાની બહેન હવે નજરે પડતી નહોતી.

"ક્યાંય જાઓ છો ? કે કોઇને માટે આવ્યાં છો !"

"ના, અમારે જવું છે, એટલે આવ્યાં છીએ."

મોટી બહેને વાત વધારી નહિ. સ્ટેશનના વિશાળ છાપરાની નીચે માણસ અને અવાજની વચ્ચે આવીને ઊભી રહી. ઊભાં ઊભાં નાની બહેનને શોધી. ધીમે ડગલે આગળ વધી. સ્ટેશનના ઘણા બધા મુખ્ય દરવાજાઓમાંથી એકની પાસે આવી પહોંચી. અહીંથી હાવરાનો બ્રિજ દેખાતો હતો. એ બ્રિજ વટાવ્યો કે કલકત્તા. કલકત્તાની એક ગલીમાં એમનું ઘર છે. એ ઘરના ભોંયતળિયે એક ઓરડીમાં મા, દાદા, ભાઇ અને બહેન સાથે એ રહે છે. શિયાળાના દિવસોમાં ઠંડી અને ઉનાળામાં ગરમી એમના ઘરમાં આવીને ચીટકીને બેસી રહે છે. જેટલીયે બધી દક્ષિણની હવા છે, એ બધી મકાનની છત પર થઇને વહી જાય છે. હવા જાય, વાદળ જાય, તડકો જાય, અને સાંજ જાય. નહાયા પછી સાંજે છત પર જવા ન મળે.

નાક સંકોચીને એણે વાસ સૂંઘી. અહીં જાણે કેવીયે એક જાતની વાસ ? બાપુને સ્મશાને લઇ જતી વખતે દાદા એક શીશી લાવ્યા હતા. લગભગ એના જેવી જ વાસ હતી. ખાલી શીશી નાની બહેને ક્યાંક મૂકી હતી. ક્યાં ગઇ નાની બહેન !

"દિલ્હી દેખો, આગ્રા દેખો." બોલતો અને હાથો ફેરવતો – કુતુબમિનાર, તાજમહાલની છબી. એક પછી એક બદલાતી જતી. એ માણસ એકધારા સ્વરે બરાડતો અને હાથો જરાક ધીમે ફેરવવા કોઇ કહે તો શરદી થઇ હોય અને જેમ કોઇ નાક સંકોરે, એવું મોં કરી એ હસતો. સ્ટેશનના થાંભલાઓ પર ટીંગાડેલી છબીઓ જોતાં જોતાં નાની બહેનને એ માણસ યાદ આવ્યો. એક દિવસ એને પૂછ્યું હતું કે એણે દિલ્હી આગ્રા ક્યારેય જોયાં હતાં ખરાં ! એ માણસે જવાબ ન દેતાં ખોખાનાં કાણા પર જે બધાં અજાણ્યાં ફાલતુ માથાંઓએ આંખો માંડી હતી એવા બધાને હાથેથી માખી ઉડાડે એમ એ ભગાડવા માંડ્યો હતો. એ જ માણસ અત્યારે નાની બહેનને યાદ આવ્યો. એ પછી ઘણા સમય બાદ મોહલ્લામાં એક નવો બાયોસ્કોપ પણ આવ્યો હતો. એ માણસ કેમ નહોતો આવતો, એ વાતનો વિચાર નાની બહેને કેટલા બધા દિવસ અને રાત સુધી કર્યો હતો. અને એ વિચાર આવતાં જ કુતુબમિનાર, તાજમહાલ, વિમાન, અને જટાયુનું યુદ્ધ, આંખો સામે હાર બાંધી ચાલવા માંડતું. જાહેરખબરની છબીઓ જોતાં જોતાં એ એક પરણેલી સ્ત્રીની અડોઅડ જઇ પહોંચી હતી. નજર પડી ત્યારે ખબર પડી કે એ સ્ત્રી એની સામે જ જોતી હતી. છબીમાં

અંગ્રેજી અક્ષરો લખેલા હતા. બડબડ કરી એ અક્ષરો વાંચતી અને આડી નજરે પેલી પરણેલી સ્ત્રી ભણી જોતી હતી. એનાં કપડામાંથી મીઠી સુગંધ આવતી હતી. આસ્તે આસ્તે નાની બહેને એક લાંબો શ્વાસ લીધો. ચોકલેટને વીંટેલા ચળકતા કાગળમાંથી આવી જાતની વાસ આવતી હોય છે.

"મુદ્દલે એવું સુંદર નથી."

નાની બહેને ગરદન ફેરવી. પેલી સ્ત્રી છબી ભણી જોતી હતી. "ગઇ પૂજામાં અમે ત્યાં ગયાં હતાં, બાપરે, જવા આવવાની એટલી બધી તકલીફ, અને હોટેલનાં એટલા બધા વધારે રેટ !"

નાની બહેનને ઇચ્છા થઇ આવી કે ક્યાંય સુધી મીઠી સુગંધ ચૂસી લઇ હૈયામાં ભેગી કરી સંઘરી રાખે. બોલી, "સુંદર નથી કહો છો તે, ત્યાં શું આવું –"

"મુદ્દલે નથી. એ બધી વનવગડાની છબી છે. ત્યાં કોણ જાય ? તેના કરતાં પેલી છબી જે કોનારકની છબી છે ને, ત્યાં સાચે જ કંઇક જોવા જેવું છે."

"તમે ગયાં છો !"

"મારા નણદોઇ ગયા હતા."

"અત્યારે ક્યાં જાઓ છો ?"

"રાણીગંજ."

"કોની પાસે જાઓ છો ?"

આ વખતે એ પરણેલી સ્ત્રી હસી. છબીમાં જેમ સુંદર રીતે હસે, એ રીતે. એ પછી કંઇક બોલવા જતી હતી. પણ બોલી નહીં, અને ફરી હસી. એ જોઇને નાની બહેન પણ હસી.

"આવતે વર્ષે એમને રજા મળશે ને, ત્યારે અમે કાશ્મીર ફરવા જઇશું."

"દીદી, ટ્રેન સાત નંબર પરથી ઊપડશે. જલદી કર."

હાફ પેન્ટ પહેરેલો એક છોકરો દોડતો દોડતો આવ્યો અને એણે સૂટકેસ ઉપાડી લીધી. નેતરની છાબ હાથમાં ઝુલાવતી એ સ્ત્રી બોલી, "અચ્છા, આવજે, હું જાઉં છું."

તેઓ ચાલ્યાં ગયાં. નાની બહેન ધીમે ધીમે આગળ વધી. કોલેપ્સીબલ રેલિંગ પર હાથ રાખી સાત નંબરના પ્લેટફોર્મ પર ઊભેલી ટ્રેન ભણી જોઇ રહી.

આટલો બધો અવાજ છતાં કશું જ સાંભળી શકાતું નથી. થાંભલાને અડીને લોખંડ જેવી એ ઊભી હતી. માથે લાલ ટોપી, અને ખાખી પોશાક પહેરેલો એ માણસ આમ તેમ જોતો એની તરફ જ આવતો હતો. મોટી બહેન હવે કંઇ જ સાંભળી નહોતી શકતી. એ માણસ એની પાસેથી પસાર થઇ ગયો. જતી વખતે એક વાર એની સામે જોયું હતું. મોટી બહેને વિચાર્યું, આના કરતાં પ્રતીક્ષાલયમાં જઇ રાહ જોવી જ સારી. વખતે નાની બહેન પણ અત્યારે ત્યાં જ બેઠી હશે.

બાંકડો ભરાયેલો હતો. મોટી બહેન દીવાલને અડીને ઊભી રહી. પેલી મહિલા પણ ક્યાંક ફરીને પાછી આવી પહોંચી હતી. બેસવાની ક્યાંય જગ્યા ન મળતાં એ પણ એની પાસે આવીને ઊભી રહી, અને બોલી, "ના, હજુય નથી આવી."

"કોણ આવવાનું છે !"

"ફક્ત કંઇ બોલવું જોઇએ એટલે જ એણે સવાલ પૂછ્યો હતો. પૂછીને જોઇ રહી. અને જોઇ રહેતાં એની નજરે પડ્યું; આટલી મોટી આંખો, જે બે મોં જેટલો પહોળો ચહેરો હોય, તો જ શોભે. તે જ આંખો કેવી માપસર બની ગઇ હતી એના ચહેરા પર ! ચિબુકની નીચેની, ઉંમરને લીધે લળી પડેલી ચામડી કંપી ઊઠી.

"કોણ વળી ! કોઇ નહિ."

બીજા સ્વરમાં એની એ જ વાત. માથામાં તો બળતરા થવા માંડી. નાની માસીએ બે રૂપિયા દઇ કહ્યું હતું, "આમ ઉપરાઉપરી આવ્યા કરીશ તો હું પણ તને વારેવારે ક્યાંથી પૈસા દઇ શકીશ ?" ઘરમાં ત્યારે બાજુના ઘરનું કોઇ હતું. પાછા ફરતી વખતે મોટી બહેને નાની માસીને બોલતાં સાંભળ્યાં હતાં. "કોણ વળી ? કોઇ નહિ."

"ત્રીસ રૂપિયા વધારે મળે એટલા માટે દોઢસો માઇલ દૂર દોડ્યા નોકરી કરવા ? શી જરૂર હતી, શી ખબર ! સ્કૂલમાંથી મને જે મળે છે અને એય અહીં એકાદુ કંઇક કામ મેળવી લેત, તો સાત જણનો ઘરસંસાર મજાનો ચાલત."

મોટી બહેને માથું હલાવ્યું.

"મારી વાત તો એ ક્યારેય સાંભળતા જ નથી. આજ આઠ વરસથી હું જોતી આવી છું. અને મારા પૈસાને લગન પહેલાં હાથ નહિ લગાડે."

"તેઓ ક્યાં નોકરી કરે છે ?"

"ડી. વી. સી.માં."

"મારા મોટાભાઇએ પણ એમાં કોશિશ કરી હતી. પણ મળી નહિ."

"એ શું ? એમણે તો ઘણા બધાંને કોશિશ કરીને નોકરી અપાવી છે. અચ્છા, હું એને પૂછી જોઇશ. તું અહીં જ છો ને ! કે તારી ટ્રેનનો વખત થઇ ગયો છે !"

"ના, ના, મારી ટ્રેનનો વખત નથી થયો. હું અહીં જ છું." મોટી બહેન હવે કશું જ સાંભળી શકતી નહોતી, કેવળ એના હૈયાની એ એક વાત સિવાય –

"હું અહીં જ છું. હું જઇશ નહિ."

"તો હું એક વાર જોઇ આવું."

મહિલા ચાલી જતી હતી. એ પણ ધીમે ધીમે ગઇ. આટલાં બધાં માણસોની ભીડમાં એ મહિલા હવે દેખાતી બંધ થઇ ગઇ. મોટી બહેન પાછી વળી. સ્ટેશનના પ્રવેશદ્વાર પાસે આવીને ઊભી રહી. સાંજ ઢળી જવા આવી હતી. સ્ટેન્ડ પરની બસમાં બેઠેલા ઓફિસથી પાછા ફરતા લોકો બારીમાંથી બહાર જોતા હતા.

તેમનાં મોં કટાયેલા ડબ્બા જેવાં દેખાતાં હતાં. હાવરા બ્રિજ પર સૂર્ય કિરણોની ગરમી લાગતી હતી. સ્ટીમરે ભૂંગળું વગાડ્યું. ખૂંધો વળી હાથગાડીવાળો ડોલતો

ડોલતો બ્રિજનો ઢાળ ચડતો હતો. બસમાંથી ઊતરી ડ્રાઇવરે આસ્તે આસ્તે આકાશ ભણી બીડીના ધુમાડા છોડવા માંડ્યા. સાંજ પૂરી થવા આવી હતી. લીલુઆમાં સ્ત્રીઓ માટે સરકારી આશ્રમ છે. નાસી જતી જે સ્ત્રીઓ ને છોકરીઓ પકડાઇ જાય છે. એને પોલીસ પહેલાં ત્યાં રાખે છે. "અમે કહીશું કે અમે અહીં રહીશું. અમારે ઘર નથી, કોઇ નથી. બોલી શકીશને !" બોલતાં બોલતાં મોટાભાઇનું મોં આ સાંજ જેવું જ થઇ ગયું હતું. મોટી બહેન ફરી સ્ટેશનના છાપરા નીચે પાછી આવી.

કૉલેપ્સીબલ રેલિંગ પકડી ઊભેલી નાની બહેને જોયું કે ટ્રેન ઊપડી ગઇ. ટ્રેનની બારીઓમાંના ચહેરાઓ પ્લેટફોર્મ તરફ જોઇ હસતા હતા. હસતા હસતા ચાલ્યા જતા હતા. આવી રીતે એનેય ચાલ્યા જવાની મરજી થઇ. રેલ લાઇનની ઉપર થઇને એક બ્રિજ હતો. પ્લેટફોર્મની પાસેથી રસ્તો ઊંચો ચડીને બ્રિજને મળતો હતો. થેલા લટકાવતા ત્રણ માણસો એ રસ્તા પર થઇને ઉપર ચડતા હતા. તેઓ જાણે પહાડ ચડતા ન હોય ! ત્યાં એને ખ્યાલ આવ્યો કે મોટી બહેન રાહ જોતી હશે.

પ્રતીક્ષાલયમાં મોટી બહેનને ન જોતાં એ છાપરા નીચે પાછી આવી. વજનના કાંટા પર ચડી એક વૃદ્ધે પોતાનું વજન કર્યું; તે જોયું. વૃદ્ધ કાર્ડ વાંચતાં વાંચતાં ઉતાવળે ચાલ્યો ગયો.

"ફકત ત્રણ મિનિટ બાકી છે, અને હજુય એ ન આવ્યો કેવો બેજવાબદાર છે !"

નાની બહેને મોં ફેરવી જોયું. છ સાત છોકરાંઓનું એક ટોળું.

"એની રાહ જોશું તો આપણે પણ ટ્રેન ચૂકી જઇશું."

"તો પછી ?"

તેઓ અંદર અંદર શું કરવું એનો નિર્ણય લઇ ચાલ્યા ગયા. થોડી વારમાં જ લગભગ દોડતી આવી એક ચશ્મા પહેરેલી છોકરી. ખૂબ દૂબળી પાતળી, જોતાં જ લાગતું હતું કે સાતમા ધોરણમાં ભણતી હશે. એને જોઇને નાની બહેનને થયું કે પેલાં છોકરાંઓ આની જ વાત કરતાં હતાં.

"તેઓ હમણાં જ ચાલ્યાં ગયાં."

"ચાલ્યાં ગયાં ?"

છોકરીએ હાથમાંની ચામડાની બેગ જોરથી પકડીને દબાવી રાખી. ચશ્માને નાક પર બરાબર દબાવીને ગોઠવી દીધા. એ પછી એ રીતે જોયું જાણે એની આંખો પૂછતી હતી કે હવે હું શું કરું !

"એકલી નહિ જઇ શકે ?"

"ન કેમ જઇ શકું ? પણ તેઓ સાથે હોત તો ઘર ઓળખવામાં અગવડ ન પડત." એમ કહીને જ એ બોલી ઊઠી. "અરે !" છોકરો આતુર દેખાતો હતો. છોકરાંઓના ટોળામાં નાની બહેને એને જોયો હતો.

"તમે શું હમણાં આવ્યાં ?" છોકરીએ પૂછ્યું.

"હા, તમે ?"

"હું પણ."

"તો પછી ?" ટ્રેન તો ચાલી ગઇ. ઓહ, એક સરઘસને લીધે ટ્રામ અટકી પડી હતી, "હવે શું થશે ?"

"આ પ્રોસેશનો કોણ જાણે ક્યારે બંધ થશે ! ઠીક, જવા દો એ વાત. પણ હવે શું કરવું છે ! જવાનું તો અટકી પડ્યું."

"હું તો ઘેર કહીને આવી હતી કે પાછા ફરતાં રાતના દસ અગિયાર વાગી જશે. લગ્નનું કામ છે ને ? હવે પાછી જઇશ તો બધાં મશ્કરી કરશે."

"ચાલો ને ટ્રેનમાં બેસી બેન્ડેલ સુધી ફરી આવીએ."

"પણ એ પહેલાં કંઇ ખાઇ લઇએ."

એ બંને જણાં ચાલ્યાં ગયાં. એ જ સમયે એવડા મોટા સ્ટેશનની બધી જ બત્તીઓ એકી સાથે ચાલુ થઇ. એક ટ્રેન આવતી હતી. એવામાં તો લોકોનાં ટોળે ટોળાં સ્ટેશનમાં દાખલ થવા માંડ્યાં. આટલાં બધાં માણસોને એકી સાથે જોવાનું નાની બહેનને ગમ્યું નહિ. ફરીને પ્રતીક્ષાલયમાં એ પાછી આવી.

નાના ભાઇને તમાચો મારી માએ કહ્યું હતું. "બળ્યા મોંના, જરાક વહેલો કેમ ન ગયો !" કોઇના વહુભાતનાં જમણવારમાં વિના આમંત્રણે જમવા જતાં માર ખાઇને આવ્યો હતો. બંને બહેનોના મોં ભણી જોઇને અચાનક એ જોરજોરથી રડી પડેલો. ત્યારે નાના ભાઇનું મોં આવું જ ચપટું દેખાતું હતું.

મોટીબહેન છબીઓની જરાક વધુ નજીક ગઇ. જેઓ રેલવેની નીચે કચરાઇ ગયા હતા એમની છબીઓ હતી. કાચની ઉપર એના પોતાના ચહેરાનો પડછાયો પડતો હતો. પોતાનું મોં જોવા માટે એ જરાક પાછળ હટી; અને ત્રાંસી થઇ જોતાં એને લાગ્યું કે કેવો કદરૂપો. કેવો ભયંકર ચહેરો ! મોટાભાઇએ એક દિવસ કહ્યું હતું, "હું શું કરું, હું શું કરું ! કોશિશ તો કરું છું." મોટી બહેનને આખા કાચને આવરી લેતો પોતાના મોટાભાઇનો ચહેરો દેખાયો. એનું મન મમતા અને દુઃખથી કંપી ઊઠ્યું. ટ્રેન નીચે કચરાયેલા લોકો માટે એને દુઃખ થયું.

પેલી મહિલા પર ફરી મોટી બહેનની નજર પડી. પુરુષના હાથમાં સૂટકેસ અને બેડિંગ હતાં. એ બંને બોલતાં ન હતાં. મોટી બહેને દોડીને એ મહિલાનો હાથ પકડી લીધો.

મહિલાએ ડોકું ધુણાવ્યું.

"એમનું સરનામું આપો. મોટાભાઇને મોકલીશ."

આટલું બોલી મોટી બહેન જોઇ રહી અને જોતાં જોતાં એને લાગ્યું, બે ચહેરાના આયતન પર શોભે એવી બે આંખો, બેવડી દાઢી, અને ભાંગેલા ચૂલાની માટી જેવા હોઠ.

"ત્યાં બધાંને ઓછા કરવા માટે નોટિસ આપવામાં આવી છે."

મોટી બહેન મહિલાને જતી જોઇ રહી. ખભા પર કોઇએ જાણે બેડિંગ અને સૂટકેસ મૂકી દીધાં હતાં. જોતાં જોતાં મોટી બહેનને ઊંઘ આવવા માંડી. આંખનાં પોપચાં ભારે ભારે લાગવા માંડ્યાં. જેમતેમ કરી ચારેકોર નજર ફેરવતાં એને યાદ આવ્યું કે વખતે નાની બહેન એની રાહ જોતી હશે.

પ્રતીક્ષાલયમાં પાછી આવી ત્યારે મોટી બહેને નાની બહેનને જોઇ.

બંને જણી એકબીજાને અડોઅડ ચુપચાપ બેઠી. એવામાં મોટી બહેન બોલી, "અહીં બેસી રહેવાથી શો ફાયદો ? ચાલ પેલી કોર જઇએ."

બંને ધીમે પગલે સ્ટેશનને બીજે છેડે આવી.

નાની બહેને પૂછ્યું, "હવે શું કરશું ?"

મોટી બહેને ઊભા રહી વિચાર કર્યો. વિચાર કરી બોલી, "અહીં થોડીવાર ઊભાં રહીએ."

રેસ્ટોરાંના દરવાજા ઠેલીને એક છોકરો અને એક છોકરી બહાર નીકળ્યાં. નાની બહેનને થયું હવે તેઓ ફરવા જશે. એ થૂંકી અને ખાંસી ખાધી. પીઠ વાંકી વાળી એણે 'ઑક' કરી ઊલટી કરી. મોટી બહેને એના વાંસા પર હાથ મૂક્યો. અને હૈયા સરસી ચાંપી લીધી. બોલી, "કંઇ કહેતી હતી !"

"ના."

"તને ભૂખ લાગી છે ?"

"ના."

ફરી રેસ્ટોરાંનાં બારણાં ઊઘડ્યાં. અવાજ સંભળાયો. સાંભળતાં સાંભળતાં મોટી બહેન ઝોકાં ખાવા માંડી. ટ્રેનની વ્હીસલ વાગી. નાની બહેન બોલી, "કેવો શંખ જેવો અવાજ છે નહિ !"

"હા."

"દીદી, તને યાદ છે, આપણે બાપુ જોડે ગંગા તીરે ફરવા ગયાં હતાં, ત્યારે એક એંજિનમાં બેઠાં હતાં !"

"હા."

"ડ્રાઇવરનો એક દાંત સોનાનો હતો. મને એણે તેડી લીધી હતી."

"એણે જ્યારે એંજિનની સીટી વગાડી હતી ત્યારે તેં ડરીને એની છાતીમાં મોં છુપાવી દીધું હતું."

નાની બહેન હસી.

મોટી બહેન બોલી, "આ જો તો."

લગ્ન કરીને વરરાજા નવી વહુને લઇને પાછો ફરતો હતો. નવી ટ્રંક, નવું બેડિંગ, નવાં ઘરેણાં, કપડાં. નવી વહુ સંકોચાતી શરમાતી ચાલતી હતી. વર સિગારેટને ફક, ફક કરીને કશ મારતો હતો."દીદી એના વાળ જોયા ! આગળના તો સાવ પાંખા થઇ ગયા છે."

"હા."

"વરની ઉંમર ખાસ્સી મોટી લાગે છે."

"હા."

"દાદાનો પેલો દોસ્ત પછી કેમ ન આવ્યો, હેં !"

"શી ખબર."

"એની વાત કરવાની રીત કેવી સરસ હતી !"

મોટી બહેને જોકે એનો જવાબ ન આપ્યો.

"એક દિવસ મને એણે ચોકલેટ લાવી આપી હતી, યાદ છે તને !" જવાબ ન મળ્યો તોય નાની બહેન બોલ્યે જ જતી હતી. અટકી નહિ, "મા કહેતી હતી કે એને તું ખૂબ જ ગમી ગઇ હતી."

"ચુપ રહીશ હવે ?"

નાની બહેનની આંખોમાં આંસુ આવી ગયાં. ખાંસીનું જોશ રોકવા જતાં એ બેવડ વળી ગઇ. ધીમેથી બોલી, "પાણી પીવું છે."

"જા પી આવ."

નાની બહેન ગઇ નહિ. મોટી બહેનને જાણે ઊંઘ ચડી હતી. એકીટશે એ સામે જોઇ રહી હતી. એ તરફ જોઇને નાની બહેન બોલી, "હવે આપણે શું કરશું ?"

"ખબર નહિ."

"ભાઇએ શું કહ્યું હતું ?"

મોટી બહેને વિચાર કરવાનો પ્રયાસ કર્યો.

"એ લોકો શું પાછા આવશે !"

"કેમ ?"

"તો પછી આપણે અહીં આવ્યા છીએ શું કામ ?"

મોટી બહેને આંખો ખોલી ચારે કોર નજર ફેરવી. માણસ, પ્રકાશ, અવાજ, જોઇ સાંભળીને ફરી એકીટશે જોઇ રહી. ત્યાર પછી ઊંઘભર્યા અવાજે જ બોલી, "આપણે રાહ જોશું, એ લોકો આવશે, પૂછશે, સાથે કોણ છે, ક્યાં જવું છે, શું કામ જવું છે ? અમે મુંબઇ જવા નીકળ્યાં છીએ. સાથે કોઇ નથી. ત્યાં કોઇ સિનેમામાં કામ કરવા જઇએ છીએ. એટલે એ લોકો આપણને પકડી લેશે. ઠેકાણું પૂછશે, આપણે જવાબ નહિ આપીએ. એટલે એ લોકો આપણને આશ્રમમાં મોકલી દેશે."

"ત્યાં શું કરશે !"

"ખબર નથી."

"દીદી, ચાલ નાસી જઇએ."

ધીમે ધીમે મોટી બહેનની ઊંઘ ઉડી ગઇ. ઠંડા સ્વરે બોલી, "ક્યાં નાસી જશું ?"

"ગમે ત્યાં."

"પછી !"

નાની બહેન કેવળ તાકી રહી. મોટી બહેને એને પાસે ખેંચી લીધી. અને છાતી સરસી ચાંપી. પછી મોં નીચું કરી પૂછ્યું, "ડર લાગે છે ?"

નાની બહેન મોં છાતીમાં ખોસી દઇ, થર થર કરતી ધ્રૂજવા માંડી. એના વાંસા પર હાથ મૂકીને મોટી બહેને પોતાની જાતને ટટ્ટાર કરી લીધી.

ત્યારે એક જણને વિચાર આવ્યો, "માણસના ચહેરાઓ જાણે કટાયેલા ટીનના ડબ્બા."

બીજા એક જાણે જોયું, "હસતાં હસતાં ટ્રેનમાંનાં ચહેરાઓ ચાલ્યા જતા હતા."

અનાવૃષ્ટિ

સુનીલ ગંગોપાધ્યાય

છિપદહથી ડાલટનગંજ જતાં રસ્તામાં ગાડી બગડી ગઇ. ચકચકિત નવું સ્ટેશનવેગન, અચાનક ખરાબ થઇ જાય, એ વાત તો કોઇએ સ્વપ્નામાં પણ નહોતી ધારી. બ્રિજ પાર કરી અને ઢાળ ચડવાનું હજુ શરૂ જ કર્યું હતું કે બે-ત્રણ વાર દુર્બળ અવાજ કરી ગાડી જ્યારે અટકી ગઇ, ત્યારે કોઇએ એની તરફ ધ્યાન પણ નહોતું આપ્યું – અટકી છે, તો હમણાં જ પાછી ચાલુ થશે – એમ માની સહુ પોતપોતાની રીતે બારીમાંથી બહારનું પ્રકૃતિ સૌંદર્ય જોવા માંડ્યાં. મિસ્ટર ખેમકાએ સિગારેટ–કેસ ખોલી સામે ધર્યું. દરેક જણને વારાફરતી અંગ્રેજી – હિન્દી, એ તો ઠીક પણ બંગાળીમાં પણ અનુરોધ કર્યો હતો. કેસમાં આઠ સિગારેટ હતી. – બધી જ સાવ ખલાસ થઇ ગઇ. દસેક મિનિટ વીતી તો પણ ગાડી ચાલી નહિ. પાછળથી એક ટ્રકે આવી હોર્ન મારવાનું શરૂ કર્યું, મિસ્ટર ખેમકા ત્યારે પોતાની મેળે જ નીચે ઊતરી ગયા.

સાંકડા બ્રિજ પછી રસ્તો, નદીના કાંઠેથી જ સીધો ચડાવ શરૂ થતો હતો. નદી તો નહિ, જાણે નદીનું ક્લેવર. રક્તમાંસ કશું જ નહિ. અરુણ પણ નીચે ઊતરીને ઊભો. ગાડીમાં અતિશય ઉકળાટ. બે હાથ પાછળ પસારી છાતી ફુલાવી એણે આળસ મરડી. શરીરમાં ખજવાળ આવતી હતી. નહાયા વિના આ બેચેની જશે નહિ. નદીમાં પાણી હોત તો અહીં જ નહાવા ઊતરી જાત. ગળે પડી કોઇ ફાલતુ આદમી મશ્કરી કરે એવો અસહ્ય તડકો હજુ આ સાડા અગિયાર વાગ્યામાં જ ચડી ગયો હતો. અહીં લાગે છે ઘણાની ગાડીઓ બગડતી હશે. અથવા જાણી જોઇને ઊભી રહેતી હશે. કેમકે પહાડના ખડકો પર અનેક શિક્ષિત લોકોનો, કોલસા અને ચોકથી લખેલાં લખાણો મોજૂદ હતાં. ચોક ક્યાંથી કાઢતા હશે ! ફરવા નીકળતાં હશે ત્યારે શું ખીસામાં ચોક લઇને નીકળતાં હશે ! સૌથી ચમકતું હતું આ લખાણ – મદિરા + લાલ કલબ = હેવન. અરુણ અસ્ફુટ સ્વરે બોલ્યો, "ગુડ હેવન્સ. હેલ."

ડ્રાઇવરે બૉનેટ ખોલ્યું હતું. એમાં જ ખેમકા માથું અંદર ઘાલી જોતો હતો. ગાડીની અંદરથી હેરોલ્ડ ટ્રિબ્યુનના લાહિરીએ કંટાળીને બૂમ પાડી, "એઇ ખેમકા, વ્હૉટ ધ હેલ યુ..."

ખેમકા અત્યંત સ્વસ્થ, ક્યારેય અકળાય નહિ. તરત જ માથું બહાર કાઢી બોલ્યા, "લેટ્સ ડૂ વન થીંગ – ગાડી ટ્રબલ આપે છે તો ચાલો આપણે ઊતરી જઇએ. પાસે જ

રૂપા ટુંગરીનો ડાક બંગલો છે, ત્યાં લંચ પતાવી દઈએ."

એટલી વારમાં બીજા પણ ત્રણચાર જણ નીચે ઊતર્યા. લાહિરીનો મિજાજ ક્યારેય સવારે સવારે ઠેકાણે હોતો નથી, સવારે સવારે હંમેશાં જ એ દરેક વાક્યમાં 'હેલ' શબ્દ તો બોલવાનો જ. એ અરુણે જોયું છે. લાહિરીએ મોં વાંકું કરી ઘડિયાળ ભણી નજર નાખી. ઘડિયાળમાં સમય જોવા માટે નહિ, તારીખ જોવા માટે. મોં બગાડી કહે, "આજ એઇટ્થ, માઇ ગુડનેસ, આજે જ મારે પટણા પહોંચવાનું હતું. – તમારી ટાટા કંપનીએ એવી ભંગાર ખટારા ગાડી આપી છે કે –"

ખેમકા હા હા કરીને હસ્યો, બોલ્યો, "એકદમ બ્રાન્ડ ન્યૂ ગાડી છે. એટલે જ તો ટ્રબલ આપે છે. ચાલો ચાલો, ઇટ્સ એ નાઇસ લિટલ બંગલો, તમને બધાંને ગમશે, મિસ્ટર રંગાચારી, વ્હૉટ ડૂ યુ સજેસ્ટ !"

રંગચારીને જરાય વાંધો નહોતો, બીજા કોઇનેય ખાસ વાંધો નહોતો. પણ લાહિરી જ સૌથી મશહૂર છાપાંનો માણસ.તેથી એનો જ સૌથી વધુ મિજાજ હતો. એ બબડવા માંડ્યો, "ડાલટનગંજના ડી. એમ. સાથે મારે આજે ત્રણ વાગ્યાની એપોઇન્ટમેન્ટ હતી.... આ શું બધું ... બંગલો કેટલો દૂર છે ? આટલા તડકામાં ચાલવું પડશે !"

"એ તો પાસે જ છે. સામે તો દેખાય છે."

"ત્યાં જમવાનું મળશે ? અહીં આ પ્રદેશમાં તો કયાંય ખાવા પીવાનું મળતું નથી."

"લીવ ઘેટ ટુ મી, આપણી સાથે પ્રોવીઝન્સ તો છે, કોઇ અગવડ નહિ પડે."

ખેમકા કોઇ રીતેય અકળાય એમ નહોતો. લાહિરી સાથે એ હસતે મોંએ વાત કરતો હતો. તરત જ ડ્રાઇવર તરફ વળી ચહેરો સંપૂર્ણ રીતે બદલી નાખ્યો અને કઠોર મુખવટો પહેરી લીધો. ચીડાઇને ડ્રાઇવરે એટલો બધો ધમકાવી નાખ્યો, ફરી એ મુખવટો ઉતારી નાખી ફરી હસી લાહિરીને કહ્યું, "કોઇક વાર આવા અનરૂટીન્ડ ઇન્સીડેન્ટ મને ગમે હોં ! ચાલો."

ગાડીનો ક્લીનર સામાન બહાર કાઢી, ઉપાડી લઇ પાછળ પાછળ આવવા માંડ્યો. એક કેસ બીયર અને ત્રણ બોટલ સ્કૉચ ત્યારેય વધી હતી, બધાં સૉસેજ પણ પૂરાં નહોતાં થયાં. એ તરફ લાહિરીએ છાનીમાની ત્રાંસી નજર નાખી જોઇ લીધું. અને ચહેરાના ભાવ સહેજ બદલાયા.

બંગલામાં બે ઓરડા હતા. સાફ સ્વચ્છ બાથરૂમ, ત્રણ બેરા, થોડીવાર પહેલાં જ અહીંથી એક કેન્દ્રીય મંત્રી, જે પોતાનું લાવલશ્કર લઇ અહીં ઊતર્યા હતા, તે રવાના થયા હોવાથી હજુ બેરાઓએ પહેરેલી વરદી પણ બદલી ન હતી. ખેમકાએ ક્રિકેટના ખેલાડીની જેમ અનાયાસ ઝડપથી, ઝપાટામાં બધી જ વ્યવસ્થા કરી નાખી, કેમેય ત્રણથી વધુ મુરગી ન મેળવી શક્યો એનો અફસોસ કરતાં કરતાં એ બીયરની બાટલી ખોલવા માંડ્યો. લાહિરીનાં સંકોચાયેલાં ભવાં જરાક સીધાં થયાં. ટેબલ પર પગ લાંબા કરી બોલ્યો, "એય ખેમકા, આ તરફ આટલામાં ક્યાંક તમારી ટાટા કંપનીનું સદાવ્રત કે લંગરખાનું છે ?"

"ના, આ તરફ નથી, અમે ચાર પોઇન્ટ પર રિલીફનું કામ કરીએ છીએ. કાલે જે જોયું તે એક –"

"હાશ, જાન છૂટી. આ ત્રણ દિવસ તો ખરેખર તેં જુલમ જ કર્યો છે હોં ! ખૂબ સતાવ્યા !"

"ટોર્ચર ! મિસ્ટર લાહિરી, યૂ મસ્ટ ફેસ લાઇફ. તમે જર્નાલિસ્ટો –"

"સવારનાં પહોરમાં ગાળો દેવડાવીશ નહિ. લાઇફ – (છાપવાને અયોગ્ય) – લે, લો, બીયર રેડો."

"દેશની જે હાલત છે, તે તમારે નજરે ન જોવી જોઇએ ! પરદેશી રિપોર્ટરો પણ –"

"હવે દેશની હાલત જોવાની તમને લાકોને શાની આટલી બધી ગરજ છે, હેં ! બહુ બડબડ ન કરો ! વલ્ગર ! એ અરુણ તારી પાસે એકાદ ચાર મિનાર હોય તો દે."

ખેમકાએ સિગારેટ કેસ પાછો ભરી લીધો હતો. એણે ફટ લઇને ખોલીને હાથ લંબાવી સામે ધરતાં જ લાહિરી બોલ્યો, "તારી એ ગોલ્ડ ફલેક પી, પીને તો મોં એકદમ કેવુંય મોળું મોળું થઇ ગયું છે. ઘાસ જાણે ! દે અરુણ, ચાર મિનાર દે."

અરુણે દૂરથી જ પેકેટનો છુટ્ટો ઘા કરી કહ્યું, "લાહિરીદા, આજે અહીં રહી જઇએ તો કેવું ? જગ્યા સાચે જ મજાની શાંત અને નિર્જન છે."

"તને શું ? તું તો મરજી પડે તો સાત દિવસની દસ દિવસ રજા લઇ શકે. મારે પરમ દિવસે તો કલકત્તાથી પ્લેન પકડવાનું છે. એક દિવસ જો કે – મિજાજ તો એકદમ ખરાબ થઇ ગયો છે, જરાયે ગોઠતું નથી –"

ખેમકા બોલ્યો, "સાચે જ સહેવાય એવું નથી. આવું કરુણ દશ્ય –"

"કયું કરુણ ? કયું ? હેં !"

લાહિરી લંબાવેલા પગ જમીન પર ટેકવી ટટ્ટાર બની બેઠો. લાહિરીનો કદાવર દેહ, અને પહોળો ચહેરો. આંખો પર જાડા કાચનાં વધુ નંબરનાં ચશ્મા. એક રીતે જુઓ તો એના ચહેરા પર બાળકની જેમ ગુસ્સો, વિસ્મય, કંટાળો, હતાશા – આ બધી જ લાગણીઓ સ્પષ્ટ ઊપસી આવતી. અત્યારે નિર્ભેળ વિસ્મયથી એણે પૂછ્યું, "કયું કરુણ, હેં !" બોમ્બે ટ્રીબ્યુનનો દેશપાંડે બોલ્યો, "મિસ્ટર લાહિરી. ડીડ યૂ નોટીસ – મેં એક સ્નેપશોટ લીધો છે. બેતલા રિલીફ સેન્ટર... લાઇનમાં બેઠા બેઠા જ એક ડોશીના ખોળામાં માથું મૂકી એક ડોસો મરી ગયો – પોતાની સગી આંખ સામે માણસ શી રીતે આ બધું જોઇ શકે ! જયપ્રકાશજીને જોયા, વારે વારે પસીનો લૂછતા હતા, મેંય આંખો બંધ કરી લીધી."

રંગાચારી હસતો હસતો બોલ્યો, "આંખો બંધ કરતાં પહેલા કેમેરાથી ફોટો તો બરાબર પાડી લીધો ને ? હવે એ ફોટાને ટાઇમ્સ અથવા ગાર્ડિયનને વેચી નાખજે !" –

દેશપાંડેએ જોરથી કહ્યું, "કભી નહિ, હું મારા દેશની આવી શરમજનક છબીઓ ક્યારેય પરદેશીઓના હાથમાં વેચતો નથી."

લાહિરી ધ્યાનથી સાંભળતો હતો. એ ત્યારે બોલ્યો, "કરુણ દૃશ્ય ! એના કરતાં આપણી હાલત કરુણ નથી ? એઇ, સાલા ખેમકા –"

ખેમકાએ હસતે ચહેરે, ખરેખર ડરી ગયો હોય એવો અભિનય કરી બૂમ પાડી, "અરે, અરે, મેં શું કર્યું છે ?"

"તું જ સાલા આ બધી ઉપાધિનું મૂળ છે."

"કેમ, દેશમાં જે કંઇ બની રહ્યું છે તે તમે બધા –"

"દેશમાં શું બની રહ્યું છે, તે અમારી ગરજે અમે જોઇશું. અથવા અમારા છાપાનાં માલિકો અમને જોવા મોકલશે. તું શા માટે નોતરું દઇને દેખાડવા લાવ્યો છો. હેં ! તમે પોતે દાન–ખેરાત કરો છો, તે વળી ઢોલ પીટીને દેખાડવું, એમ જ ને ! નિમંત્રણ પાઠવી બોલાવી, મરેલા માણસો દેખાડવા ઉપરથી ! અને પાછો દિવસ રાત સ્કૉચ વ્હીસ્કી પિવડાવે છે. આરામમાં રાખે છે, અને વચ્ચે વચ્ચે પાછો એકાદ મડદું દેખાડી લાવે છે, – હોરિબલ, વલ્ગર – સાલા, તમારું આ બધું ખાઇએ છીએ, પીએ છીએ એટલે તમે લોકો અમને ગમો છો, એવું રખે માનતા ? નશાખોર માણસ છું, એટલે સારો માલ મળે તો છોડું નહિ, એટલે શું આટલો બધો જુલમ કરવાનો ?"

ખેમકાએ સંપૂર્ણ શૈલી બદલી, ધીમેથી તાળી મારી કહ્યું, "ખૂબ સરસ બોલો છો. હું તમારી સાથે સંપૂર્ણપણે સહમત છું, પણ મારીયે નોકરી જ છે ને ! –"

લાહિરી ખુરશી પરથી ઊઠ્યો અને વરંડાની બહાર જઇને થૂંકી આવ્યો. ખીસામાંથી રૂમાલ કાઢી નાક સાફ કર્યું. ચશ્માં કાઢતાં જ એના ચહેરાનો દેખાવ પૂરેપૂરો બદલાઇ ગયો. એ જ અસહાય ચહેરે એ બોલ્યો, "સાચે જ ગમતું નથી, જા, જોઇએ જમવાનું થયું છે કે નહિ, જોઇ આવ, ભૂખ લાગી છે. વળી જો જરાક નશો ચડી ગયો તો પછી જમવાની રુચિ જ ચાલી જશે."

ડાક–બંગલાનાં કંપાઉન્ડમાં ખૂબ મોટો કૂવો, લોકોનાં ટોળે ટોળાં ત્યાં પાણી ભરવા આવતાં હતાં. એક બેરો ત્યાં ઊભો રહી દેખરેખ રાખતો હતો. જેથી કરીને એક જણ એક ઘડાથી વધુ પાણી ન લે. અરુણ એ તરફ જ જોઇ રહ્યો હતો. લાહિરી એની પાસે જઇ બોલ્યો, "શું જુએ છે ! સ્ત્રીઓને ! સાત વર્ષ પહેલાં હું એક વાર પાલામૌ આવ્યો હતો. ત્યારે મારી ઉંમર લગભગ તારા જેટલી જ હશે, તે વેળા જોયું હતું કે આ ઓરાંઓ સ્ત્રીઓની તબિયત એટલી સરસ હતી, અને અત્યારે જો, એકેયનાં નથી કૂલાનાં ઠેકાણાં કે નથી છાતીનાં ઠેકાણાં –"

અરુણે જવાબ ન દીધો, લાહિરી ભણી જોઇ હસ્યો. લાહિરી ફરી બોલ્યો, "શું વિચાર કરે છે ! કંઇ ભાષામાં લખવું તે ! તારા બંગાળી છાપામાં તો વળી પાછું વિસ્તૃત કવિત્વ કરી લખવું પડશે. લે હું કહું, એમ લખજે, અગણિત જનતાના ચહેરા પર વિષાદની છબી .... ના છબી નહિ, છબી શબ્દ હવે ચવાઇને જૂનો થઇ ગયો છે. પરસેવો, વિષાદનો પરસેવો, ના વિષાદનો સ્વેદ લખીશ તો વધુ સારું લાગશે, ફર્સ્ટક્લાસ, તડકો, બધિર તડકો, – લે સરસ મજાનું હેડિંગ પણ કહી દીધું –

આકાશમાં બધિર તડકો, નીચે વિષાદનો સ્વેદ – પૉએટ્રી !"

અરુણ બોલ્યા વિના જ ફરી હસ્યો. આ હાસ્ય જરા જુદી જ જાતનું હતું, લાહિરીએ જોયું. બોલ્યો, "જરાક વધુ પડતું બડબડ કરું છું, નહિ ! સીલી એન્ડ સ્ટુપીડ ! તું ટ્રેજેડી તો જો ! હજારો લોકો ભૂખમરાથી પીડિત છે, અને આપણું કામ શું છે ! એનું વર્ણન કરતી વખતે કઇ ભાષા વાપરવી, એની લમણાઝીંક કરવી, નહિ ? જરાયે ચેન પડતું નથી !"

"લાહિરીદા, સાંભળ્યું છે કે આટલામાં ક્યાંક કોઇ એક સાધુ મહારાજ, ખૂબ સરસ કામ કરી રહ્યા છે."

"સાધુ ! કેવો સાધુ ?"

"બોમ્બેથી એક સાધુ આવ્યા છે, અને કહે છે રોજનાં હજાર માણસને જમાડે છે. સાધુના પૈસાદાર ભક્તો રૂપિયા અને ચોખા મોકલે છે. ખરેખર ખૂબ ઇન્ટરેસ્ટીંગ વાત છે. ચાલોને, જ્યારે અહીં રોકાયા જ છીએ તો એ કામ પણ જોઇ લઇએ."

"સાધુ માણસ જમાડે છે, એમાં સાલા તારે ને મારે શું લેવા દેવા ?"

"એ એક જબરદસ્ત કામ છે. તમારા અંગ્રેજી પેપર માટે તો ખૂબ સરસ સ્ટોરી મળી જશે."

"ઓહ, ચુપ કરને ! બીયર કેવો કડવો છે ! ઓહ જાણે જુલાબ બંધ કરવાની ફાકી ન ખાતો હોઉં !.... મને લાગે છે કંઇક ભેગ હશે –"

"બીયર તો જરાક કડવો જ હોય ને !"

"બંડલ ન માર, તું દૂધ પીતો છોકરો, મને શીખવવા આવ્યો છે કે બીયર જરાક કડવો જ હોય ને !"

લાહિરીએ મોંને સંકોચી રાખ્યું, ચશ્મા વિનાનું અસહાય મોં.

એકવાર આની પાસે તો એકવાર પેલા પાસે જાય છે. અને ગમે તે, મન ફાવે તે – લગાતાર બબડે જ રાખે છે. પણ જો કોઇ બીજું બોલવા ગયું તો બરાડી ઊઠે છે. "આહ, ચુપ રહોને ! સ્ટોપ હાઉલીંગ, યૂ ફૂલ !"

અચાનક લાહિરીએ ખેમકાને ધમકાવી નાખ્યો, બૂમો પાડતાં કહ્યું, "એય, સાલા ખેમકા, હું રૂસ્તમજીને તારી વિરુદ્ધ ફરિયાદ કરી તારી રાંચીમાં ટ્રાન્સફર કરાવી દઇશ."

ખેમકા બારામદાની એકદમ ધારને અડીને બેઠો હતો. તેના ચહેરા અને આંખો પર તડકો પડતો હતો. તેથી એનો ચહેરો તડકાના સ્પર્શથી ચમકતો હતો, એણે મીઠાશથી કહ્યું, "એમ કરશો તોય હું માનીશ કે મારા ભલા માટે જ કરો છો. યુ આર ઓલવેઝ માઇ ફ્રેન્ડ."

"ફ્રેન્ડ શું ધૂળ !"

"ઓલવેઝ ! પણ આ ઘડીયે મેં શો તમારો ગુન્હો કર્યો છે !"

"લાહિરી કમરે હાથ દઇ ઊભો હતો. તીવ્ર નજરે એની સામે તાકી વાંક, ગુન્હો

શોધતો હતો. આમ જોયું, તેમ જોયું, અને નજરે પડ્યો પોતાના હાથમાંનો ખાલી ગ્લાસ. બોલ્યો, "ક્યારનોય ફક્ત દેશી બીયર જ પાયા કરે છે, તે સ્કોચ શું તારી ઘરવાળી માટે રાખ્યો છે ! હેં !"

ખેમકા ઝટ લઈને ઊઠ્યો અને ટેબલ નીચેથી સ્કોચની બાટલી બહાર કાઢી બોલ્યો, "મેં જોયું છે કે જ્યારે તમને ગોઠતું નથી, ત્યારે તમે વ્હીસ્કીને બદલે બીયર પીવાનું પસંદ કરો છો તેથી જ તો !... "

"મને ગોઠતું નથી એવું તને કોણે કહ્યું, ગાંડુ ! મને ભૂખ લાગી છે. ક્યારનો કહું છું કે જમવાની ગોઠવણ કર –"

જમવાનું તો તૈયાર જ હતું. સફેદ દૂધ જેવા લાંબા ચોખાનો ભાત. ટીનનું માખણ, બટાટાનાં ભજીયાં, અને ગરમ રસાવાળી મુર્ગી. રંગાચારીએ ગુસપુસ કરતો હોય એમ ધીમેથી અરુણને કહ્યું,

"આજનો ભાત આટલા દિવસમાં સૌથી સરસ છે. અહીં જ સૌથી વધુ દુકાળ છે. અને અહીંનો જ ભાત સૌથી સરસ છે. નહિ !"

અરુણ કહે, "મુર્ગી પણ સ્વાદિષ્ટ બની છે. શું સરસ રાંધ્યું છે ! –"

"જરાક વધારે તીખું છે. –"

હજુ તો એક જ વાગ્યો હતો, એવામાં તો લાહિરી નશામાં ચૂર, આંગળીઓ વડે ભાત ને જમવાનાંને ચૂંથતો હતો. ખાવાની મુદ્દલે રુચિ નહોતી. આંખોમાં નશો વર્તાતો હતો. આજે હવે આખો દિવસ એ એમ જ કરશે. અને છતાં અરુણે જોયું છે કે એ માણસ જ્યારે રિપોર્ટ લખવા બેસે છે ત્યારે આખોને આખો બદલાઈ જાય છે. અસાધારણ સ્મરણ શક્તિ, અને ભાષા પર અસીમ પ્રભુત્વ, ત્યારે મોં પર કેવી એકાગ્રતા ! અરુણ બોલ્યો, "લાહિરીદા, તમે તો કંઈ ખાતા જ નથી !"

"છટ્ ! શું ખાય, ભાવતું નથી. બધું સડેલું છે. મુર્ગો સાવ સડેલો છે.

ખેમકાએ વિચિત્ર ચહેરો બનાવી કહ્યું, "જીવતી મુર્ગી સડેલી !" હા, હા, હા ! કરીને બધા જ હસી પડ્યા.

લાહિરી ખીજવાઈને બોલ્યો, "વ્હૉટ્સ ફની ? હેં ? અલબત્ત સડેલી છે ! છટ્ !"

લાહિરી આંગળીઓ વડે ભાત અને માંસ જમીન પર વેરવા માંડ્યો, એ જોઈ દેશપાંડે બોલ્યો, "દાદા, ન ખાવું હોય તો કંઈ નહિ. પણ આમ બગાડ તો ન કરો –"

"મારે કરવું હશે એમ કરીશ, બગાડ પણ કરીશ, તારું શું જાય છે એમાં ?"

"આ તો અન્યાય કહેવાય ! આટલા બધા લોકોને ખાવા નથી મળતું અને આપણે આ રીતે પેટ ભરીને જમીએ છીએ, એમ અન્યાય છે, એય ઠીક પણ પાછું આમ બગાડ કરવાનો ? –"

"ઓહ, તું ચુપ રહે, મને ગમશે એમ કરીશ, બસ, બગાડ પણ કરીશ –"

"આથી શો ફાયદો ? બંગલાનાં બેરા લોકો ખાશે, યા તો કોઈ ભિખારીને દઈ દેશે."

"શટ અપ !, મારે કંઈ સાંભળવું નથી. ખાવા મળતું નથી, ભિખારી... ના,

ગમતું નથી, નથી સારું લાગતું, હવે નથી સહેવાતું. આમાં કંઇ નવું છે !... પહેલાં શું ખાધા વિના, ભૂખ્યા રહીને કોઇ જાણે મર્યું જ નથી ! ... તે પાછું આમ બોલાવીને બતાડવાનું ? એ ઇ ખેમકા, હું તને વોર્નિંગ આપું છું – આજે આખો દિવસ અહીં કોઇએ પણ એ બધી, 'ખાવા નથી મળતું' – વાતો નથી કરવાની, સમજ્યો ! ઇનફ, આજે આખો દિવસ છુટ્ટી, આજે દુકાળમાંથી છુટ્ટી, સમજ્યા બધા ! આજે કેવળ શરાબ અને સ્ત્રીઓની જ વાતો કરવાની છે – ખબરદાર કોઇએ એ બધી વાતો –"

"એની જરૂર નહિ પડે મિસ્ટર લાહિરી, ગાડી રિપેર થઇ ગઇ છે, ખાઇને તરત જ આપણે અહીંથી રવાના થવાના છીએ."

"તારી માની, શું કહું ! ખાઇને તરત જ હું તારા એ ખટારામાં હડદોલા ખાવા બેસવાનો છું ? આજે આપણે અહીં જ રહેશું."

"પણ તમે તો કહેતા હતા કે પરમ દિવસે કલકત્તાથી તમારે પ્લેન પકડવાનું છે !"

"મારે પ્લેન પકડવાનું છે, તેની તું શા માટે ફિકર કરે છે ! કહ્યું ને કે આજે છુટ્ટી ?"

દિલ્હીના ખબરપત્રીઓ બંને જો કે અત્યારે જ નીકળી જવા માગતા હતા. દેશપાંડેની પણ રહેવાની મરજી નહોતી, તેના પાડેલા ફોટાઓ તાજા છે ત્યાં જ એને કોઇને નહિ વળગાડી દે તો પછી એની કિંમત નહિ રહે. અંતે ચાર જણા ચાલ્યા ગયા. બાકી ચાર જણ રહી ગયા. ગાડી એમને મૂકીને પાછી આવવાની હતી.

વરંડામાં આરામખુરશી પર તેઓ બેઠા હતા. લાહિરીએ ફરી પોતાનો વ્હીસ્કીનો ગ્લાસ ભર્યો હતો. અને બીજાને પણ જબરદસ્તીથી પિવડાવતો હતો. અત્યારે આલ્કોહોલ એના લોહીમાં ભળી ગયું હતું. લાહિરી એકદમ બેચેન અને અસ્થિર હતો, ક્યારેક ખુરશી પરથી ઊઠતો, તો વળી ક્યારેક આંટા મારતો હતો, વળી પાછો બેસતો હતો. ઘોમ ધખી રહ્યો હતો. આ તડકામાં પવન વહેવા માંડે તો એક જાતનો અલૌકિક અવાજ જાગે. જંગલની ભીતરમાંથી દોડી આવતો હતો એ સૂસવતો પવન.

કૂવામાંથી પાણી કાઢવા માટે ત્યારેય અસંખ્ય સ્ત્રી–પુરુષો આવતાં જ હતાં. ગરેડીનો ગડગડ અવાજ, એમની દુર્બોધ્ય ભાષામાં એમનો ઝઘડો. લાહિરીએ પોતાના સાથીઓને ઉદ્દેશીને કહ્યું, "કેમ, બધા કેમ ચુપ થઇ ગયા છો ! વાતો કરો ને ! એઇ રંગચારી, આ વખતે રશિયા ફરી આવ્યો, તે ત્યાંની સ્ત્રીઓની વાત કરને ! કેવી હોય છે ? મળે ખરી ?"

રંગાચારીએ બગાસું ખાઇને કહ્યું, "મને તપાસ કરવાનો વખત જ નહોતો મળ્યો. એવો ટાઇટ પ્રોગ્રામ હતો ને !"

તું અને સ્ત્રીઓની તપાસ ન કરે, એ વાત હું માનું ખરો ! તે વખતે જર્મની ગયો હતો ને ! કહે ને ! એ જ પેલી વાત કરને !"

"તમે જ કરો ને !"

"હું શું બોલું હવે ! વાળ તો બધા પાકી ગયા છે. એનું તો દુ:ખ છે, હવે શું – એ ઇ અરુણ, તું તો હજી નાનો છે, લગનેય નથી કર્યાં. એકાદ બે તારા પ્રેમ પ્રસંગોની

વાત કરને !"

"લાહિરીદા, એના કરતાં તમે જ તમારા પેલા સ્પેનનાં એફેરની વાત કરોને !"

રામયશસિંહ ખૂબ જ સિરિયસ સ્વભાવનો માણસ. કોઇનો પણ ઇન્ટરવ્યુ લેવાનો હોય, ત્યારે જ બોલે. તે સિવાય સહેલાઇથી મોં ન ખોલે, શરાબ પણ ચુપચાપ પીધે રાખે. રંગાચારીએ એને ખૂબ ધીમેથી પૂછ્યું, "બિહારની કેટલા પર્સેન્ટ પોપ્યુલેશન ડ્રાઉટ એફેક્ટેડ છે ?"

રામયશસિંહે ટૂંકમાં જવાબ આપ્યો, "અત્યાર સુધીમાં ફીફટી ફોર પર્સેન્ટ."

"સ્ટારવેશનથી મૃત્યુનો આંકડો !"

"કોઇ ઓફિસિયલ રેકોર્ડ નથી, અન–ઓફિસિયલી –"

લાહિરી બરાડી ઊઠ્યો – "ફરી એ જ વાત ! તમે લોકો ભેગા થઇને ગાંડો કરી મૂકશો ! કહ્યું નહિ કે આજે રજા ! એક દિવસ માટે પણ નોકરી ભૂલી શકતા નથી ?"

"મિસ્ટર લાહિરી, આ કંઇ નોકરીનો ઇન્ટરેસ્ટ નથી, હ્યુમન ઇન્ટરેસ્ટ."

"શટ અપ ! મારે કંઇ નથી સાંભળવું."

"નો યુસ આરગ્યુઈંગ વિથ એ ડ્રંક –"

"બિલકુલ ડ્રંક નથી હું. પારકા પૈસાના શરાબ મુર્ગીની જયાફત ઉઠાવી હવે પાછો હ્યુમન ઇન્ટરેસ્ટ ? બુલશીટ. અત્યારે કેવળ સુંદરીઓની જ વાતો કરવાની છે. મદ્ય માંસ પછી સુંદરીઓની વાત કરવી જ સારી."

"તો પછી તમે કરોને ! અમે તો સાંભળવાને તૈયાર છીએ."

"લાસ્ટ ઈયર, જાન્યુઆરીમાં હું મેડ્રીડમાં હતો, ત્યારે હોટેલમાં – રાતનો વખત – એક યુવતી બાથ ટબમાં બેઠી હતી – મેં નોટ કર્યું કે ટુવાલ વીંટીને – હું ત્યારે નશામાં ચૂર – આ જુઓ, ઊંઘે છે – એઇ રંગાચારી – એઇ – !"

રંગાચારીનાં નસકોરાંનો મજાનો ઘર ઘર અવાજ આવતો હતો. લાહિરીએ ત્રણચાર વાર એને બૂમ પાડી બોલાવ્યો, પણ હોંકારોયે ન દીધો. લથડતે પગલે લાહિરીએ એની પાસે જઇ એના વાળ ખેંચ્યા, અને બોલ્યો, "એઇ, સાલા, રંગાચારી !" રંગાચારી સફાળો બેઠો થઇ બોલ્યો, "ઓહ, ઝોકું આવી ગયું હતું – જુઓને ખેમકા પણ ઊંઘે છે – "

"સાલા ખેમકાની તો હું રૂસ્તમજી પાસે ચુગલી જ કરવાનો છું. એઇ (છાપવાને અયોગ્ય) ખેમકા –"

ખેમકાએ આંખો ખોલી કહ્યું, "હું ઊંઘતો નથી. અમસ્તો જ આંખો મીંચી પડ્યો હતો, તમે આગળ ચલાવો. હું સાંભળું છું. શું થયું પેલી ટોવેલ વીંટેલી યુવતીનું ? –"

"મેં તો એક ઝટકે ટોવેલ ખેંચી કાઢ્યો ! અને જોયું તો જગતજનનીનું રૂપ ! ઊફ ! હું શરત મારવા તૈયાર છું કે એવી સ્ત્રી કરોડોમાં માંડ એકાદ હશે – આખું શરીર જાણે ધારાળી છરી ! અને છાતી ! – જાણે બે સર્ચલાઇટ, અને સાથળ – એ યુવતીએ પહેલ પ્રથમ શું કહ્યું, કહું ! એ છોકરીએ મને શું કહ્યું, કહું ?"

કોણ જવાબ આપે ? ત્રણે જણના નસકોરાં બોલતા હતા. માથાં ઢાળી ત્રણે જણા ઊંઘતા હતા. એક માત્ર અરુણ જાગતો હતો. જરાક હસ્યો.

લાહિરીના મોં પર વેદનાની છાયા. આંખો પહોળી કરી બોલ્યો. "બધા ઊંઘી ગયા, હેં ? પુરુષો છે ! તેઓ પુરુષો છે ? છોકરીઓની વાત સાંભળતાં ઊંઘી જાય ? હ્યુમન ઇન્ટરેસ્ટ ? સાલાઓ – "

અરુણ કહે, "લાહિરીદા, તમે બોલોને, શું બોલી એ છોકરી ?"

"સાંભળવું છે ! મારા હાથમાં ટોવેલ, છોકરી ખિલખિલ હસી બોલી, "મારો વાંસો ભીનો છે લુછી આપો. હું ત્યારે, હટ્ નથી ગમતું. ત્રણ ત્રણ ભેંસો નસકોરાં બોલાવે છે – એમાં કંઇ વાત કરવાની મજા આવે ! ચાલ ઊભો થા, જરાક ફરી આવીએ !"

આ તડકામાં ક્યાં જઇશું ! બેસોને ! લાહિરીદા ! તમે ક્યાં જન્મ્યા છો !"

"આલ્હાબાદમાં, મારા બાપુજી ત્યાં પ્રોફેસર હતા, કેમ તને એની શું જરૂર પડી !"

"અમસ્તું જ પૂછતો હતો."

"પેલી વ્હીસ્કીની બોટલ આ બાજુ લાવ તો ! અચ્છા રહેવા દે, હવે નથી પીવી, નથી ગોઠતું, કંઇ જ સારું નથી લાગતું. હવે શું કરવું છે, બોલ !"

"તમેય ઊંઘી જાઓ. જરાકવાર."

"બપોરનાં પડ્યા પડ્યા ઊંઘવાનું ! છટ્ ! એના કરતાં ચાલ્યા ગયા હોત તો ઠીક થાત. નસકોરાં બોલાવતા પાડાઓ સાથે રહેવાનું – તું હવે શું કરીશ ?"

"કંઇ નહિ. હું અહીં ચુપચાપ બેસી રહીશ. અહીં આવ્યા ત્યારથી મને એટલી બધી વાતો યાદ આવે છે ને –"

"શી વાતો ? પ્રેમિકાની ?"

"ના, ના, હું પૂર્વ બંગાળમાં જન્મ્યો છું. બાંગ્લાદેશમાં; પેલા પચાસના દુકાળનાં વરસમાં, ઇ.સ. 1943માં હું પૂર્વ બંગાળમાં હતો – એ જ બધી ત્યારની વાતો અચાનક યાદ આવી."

"ત્યારે તો તું નાનકડો છોકરો જ હોઇશ તો !"

"હા ત્યારે હું પેટની બીમારીથી પીડાતો હતો. આખો વખત મને ભૂખ જ લાગ્યા કરતી. આખો દિવસ હું ખાઉં ખાઉં કરતો અને રડતો, ઘરનાં લોકોને મેં ખૂબ જ હેરાન કર્યાં છે."

"એ મર્યો ! અચાનક અહીં આવી તને એ બધી વાતો કેમ યાદ આવી ?"

"મારા બાપુ ત્યારે કલકત્તામાં શિક્ષક હતા. એ જમાનાની વાત તો તમને ખબર છે. મારા બાપુ મહિને મહિને વીસ રૂપિયા ઘેર મોકલાવતા, તે વખતે પૂર્વ–બંગાળમાં અમારા ગામમાં છપ્પન રૂપિયે મણ ચોખા મળતા. ઘરમાં પાંચ માણસ. આખા દિવસમાં ફક્ત એક વાર ઓસામણ ભાત અમને ખાવાં મળતા, અને બાફેલા બટેટા. હું આખો વખત ખીસામાં બાફેલા બટેટા રાખતો. ત્યારે હું ચોથીમાં ભણતો, સ્કુલમાં જઇને ખીસામાંથી બાફેલું બટાટું કાઢી ખાતો. ક્લાસનાં બધા જ છોકરાઓ ઘેરથી

બાફેલા બટાટા લાવતા – બેંચ પર મીઠું – મને ન સદતું, પેટની માંદગીને ઓસામણ ભાત ન સદતાં. બટાટાય ન સદતા, પણ તોય ભૂખ, માને સતાવતો, મા જમવા બેસતી ત્યારે એનું જમવાનું ઝૂંટવીને ખાઇ જતો.

લાહિરી વિના કારણ માથું ધુણાવવા મંડ્યો. અને બોલ્યો, "સમજી ગયો. સમજી ગયો."

લાહિરી ત્યાંથી ઊભો થઇ વરંડાના ખૂણામાં જઇને ઊભો રહ્યો, અને બીજી તરફ નજર રાખી બોલ્યો, "સમજી ગયો. તારી મા પછી જીવી નહિ ને !"

"ના, મારી મા એ વર્ષે ટી.બી.માં મરી ગઇ. મારી રાક્ષસી ભૂખ હતી તે ! પેટથી કશું જીરવાતું નહિ. તોય મારી માનું જમવાનું ઝૂંટવી લઇ ખાઇ જતો. મા કોઇને કંઇ કહેતી નહિ. છાનીમાની રોજ જ ભૂખી રહેતી. ત્યારથી જ માને ટી.બી. થયો. ત્યારે તો હું કંઇ જ સમજતો નહોતો – હવે બધું જ યાદ આવે છે. કાલે લંગરખાનાની લાઇન જોઇ અચાનક કેવુંયે મનમાં થવા માંડ્યું. આમ જુઓ તો જરાક મજા જ પડી. મને થયું હું કેવો આશ્ચર્યકારક રીતે બચી ગયો હતો !"

લાહિરીએ ઘાંટો પાડી કહ્યું, "મજા પડી એટલે ! આ મજા પડવા જેવી વાત છે !"

એ જ રીતે દુર્બોધ્યભાવે હસીને અરુણ બોલ્યો, "હા, પચાસના દુકાળમાં હું પણ મરી જઇ શક્યો હોત ! પણ મર્યો નહિ. મેં મારી માને મારી નાખી, અને હું જીવી ગયો. બચવું, એ એક મજા પડે એવી જ ઘટના છે તો ?"

લાહિરીએ સિગરેટના છેલ્લા ટુકડાને આંગળી પર રાખી કસ ખેંચી દૂર ફેંકી દીધો. પેન્ટના ખીસામાં હાથ નાખી પરચુરણને ખખડાવવા માંડ્યો. એક હાથ માથાના વાળ પર મૂક્યો. અચાનક કૂદકો મારી વરંડા પરથી નીચે ઊતર્યો. એક ફૂલ તોડ્યું, ઘાંટો પાડીને બોલ્યો, "જા, અરુણ, તું ઓરડામાં જા, થોડીવાર અંધારું કરી સૂઇ જા. સારું લાગશે." અરુણની આંખો લાહિરીની ગતિને અનુસરતી હતી. એણે જવાબ આપ્યો, "ના, ઠીક છે. અહીં જ સારું છે."

લાહિરી કૂવા ભણે આગળ વધ્યો. એક સ્ત્રી હજુ પાણી ભરીને જતી જ હતી, તેને કહ્યું, "દે તો, માઝિન જરાક પાણી દે. મોં ધોઇ લઉં."

સ્ત્રી જરાક સંકોચાઇને ઊભી રહી લાહિરીની નશામાં ચૂર આંખો ભણી જોઇ રહી. પછી કાંખમાંના ઘડાને જરાક વાંકો વાળી થોડું પાણી ઢાળ્યું. ખોબો ધરી સ્વચ્છ ઠંડુંગાર પાણી લઇ લાહિરીએ એના ચશ્મા વિનાના મોં પર છાલક મારી મોં ધોઇ લીધું, ફરી થોડુંક પાણી માગીને પીધું પણ ખરું. એ પછી એણે એ સ્ત્રીને કહ્યું, "લાવ હું તને ફરીને પાણી ભરી દઉં."

બેરાને બાજુ પર હટાવી બોલ્યો, "ઠીક હૈ, તુમ જાઓ. હું આ બધાંને પાણી ભરી આપીશ."

ડોકિયું કરી જોયું, કૂવામાં ખૂબ ઊંડે પાણી હતું.

જીવવા માટે

પ્રફુલ્લ રાય

માહ મહિનો પૂરો થવા આવ્યો હતો. તોય ઠંડી જવાનું નામ નહોતી લેતી. એમાં વળી આજે સવારથી જ આકાશના એક ખૂણેથી બીજા ખૂણા સુધી મોટા મોટા ખડકો જેવાં વાદળો ઝળુંબતાં હતાં. વળી વચ્ચે વચ્ચે તડકો નીકળતો હતો. વાદળઘેર્યા ભારેખમ આકાશમાં અચાનક વીજળી ચમકી ઊઠતી હતી અને બીજી જ ક્ષણે એ આભા ઓલવાઇ જતી.

વિષ્ટુપદ જ્યારે ઉત્તરભણીના વગડામાં જઇ પહોંચ્યો ત્યારે શિયાળાની બપોર ઢળી ગઇ હતી. ઝાડના પડછાયા લાંબા થવા માંડ્યા હતા.

વિષ્ટુપદની ઉંમર ચાળીસની આસપાસ હતી. ઢીબા જેવું નાક, અને નાકની બંને બાજુ બે મોટી અને ઝાંખી વિભ્રાંત આંખો. ભવાં નહાતાં જ કહીએ તો ચાલે. કાળા જાડા હોઠ લબડી પડ્યા હતા. એનો અવાજ તરડાયેલો. અસ્વાભાવિક લાગે એટલો એ ઊંચો. શરીરની કાળી ખરબચડી ખુશ્ક ચામડી પર ખોડો ઊડતો હતો. બધું મળીને જાણે એક વીજળી પડવાથી બળી ગયું હોય એવું તાડનું ઝાડ. એ માણસના કદાવર શરીરમાં લઠ્ઠા જેવાં કેવળ હાડકાં જ. આ કદાવર ક્લેવરમાં જો જરાકે માંસ હોત તો વિષ્ટુપદ પહાડ જેવો જબરદસ્ત બળવાન એક માણસ બની ગયો હોત.

કપડાંને નામે એની કમરે વીંટેલી ગંદી મેલી, ચીકણી લંગોટી, અને હજાર થીંગડાવાળું ચિત્ર-વિચિત્ર પહેરણ. માથા પર અંગૂછો વીંટ્યો હતો. એ સિવાય વિષ્ટુના ખભા પર એક કુહાડી અને કમરે ખોસી હતી એક ધારદાર કટારી.

આજ ત્રણ દિવસથી વિષ્ટુપદને કશું કામકાજ નહોતું. કામકાજ ન હોય તો પૈસા ક્યાંથી હોય ? એના જેવા ભૂમિહીન દહાડિયાના ઘરમાં ઢગલે ઢગલા સોનું તો ભર્યું ન જ હોય કે બેઠા બેઠા ખાઇ શકે. જો કંઇ થોડું ઘણું અનાજ ઘરમાં હતું એ કાલ સુધી ચાલ્યું, આજે જો કંઇ મળશે તો બૈરી છોકરાં ખાવા પામશે નહિ તો ઉપવાસ.

વિષ્ટુપદ ઊંઘમાંથી ઊઠીને સીધો જ કામની તપાસમાં નીકળી પડ્યો હતો. પણ કામ ક્યાં ? રખડી રખડીને જ્યારે એ થાકીને લોથ અને હતાશ થઇ ગયો ત્યારે એને આ ઉત્તર દિશાનો વનવગડો યાદ આવ્યો.

આ ઓતરાદા વગડાએ વિસ્ટુપદને ઘણી વાર જિવાડ્યો છે. અહીંથી કોઇ વાર કંદમૂળ, કોઇ વાર શાકપાંદડું, કોઇ વાર પક્ષી, કોઇ વાર જમીન કાચબો, કોઇ વાર

સસલું લઇ જઇ એણે છોકરાઓને જીવાડ્યા છે. આજે પણ એ એજ આશાએ આવ્યો હતો.

વગડામાં પહોંચી થોડી વાર ઊભો રહ્યો વિષ્ટુપદ. જગ્યા નિર્જન. ડાબે જમણે નજર પહોંચે ત્યાં સુધી ઘાસથી ભરપૂર જમીન. આ ઠંડીમાં જો કે ઘાસ પણ એવું સતેજ ઉજ્જવળ નહોતું લાગતું, સાવ વિવર્ણ અને ફિક્કુ દેખાતું હતું. વચ્ચે વચ્ચે છોડવાનાં ઝુંડ અને ઝાડી-ઝાંખરાં. વગડાની વચ્ચે એક નહેર પણ વહેતી હતી.

ચારેકોર નજર ફેરવતો વિષ્ટુપદ ચાલતો હતો. આ ઢળતી બપોરે માથા પર પક્ષીનાં ટોળાં ઊડતાં હતાં. વિષ્ટુપદને થયું જો સાથે ગોફણ લાવ્યો હોત, તો આકાશમાંથી એકાદ બે પક્ષી તો સહેલાઇથી પાડી શકાત. ના, મોટી ભૂલ થઇ ગઇ.

ચાલતાં ચાલતાં જે છોડ કે ઝાડ નજરે પડતાં, તેને વિષ્ટુપદ ખૂબ જ બારીકાઇથી, ધ્યાન દઇને જોતો. ઘાસિયા જમીન પર પણ એની કામ્ય વસ્તુ નજરે ન પડી.

ઘણી વાર સુધી ચાલ્યા પછી અચાનક વગડાની વચ્ચે નહેર પર નજર પડતાં જ વિષ્ટુપદ અટકીને ઊભો. નહેરને કાંઠે એક જુવાન સ્ત્રી ઊભી હતી. એકીટશે લગભગ મટકું માર્યા વિના જ એ તાકીને જોઇ રહી હતી.

વિષ્ટુપદ જ્યાં ઊભો હતો ત્યાંથી દસ ડગલાં જ જો ચાલે તો એ યુવતીને ઝાલી શકે એટલી પાસે હતી અને એટલે જ તો સ્પષ્ટ દેખાતી હતી. એ યુવતીની આંખો ત્રસ્ત અને સંદિગ્ધ.

આ નિર્જન વગડામાં ઠંડીમાં, કવેળાએ આ યુવતી ક્યાંથી આવી ? વિષ્ટુપદ વિચારી જ ન શક્યો. એ પણ તાકીને જોઇ રહ્યો હતો. યુવતીનો શામળો રંગ, ગોળમટોળ ભર્યો ભર્યો બાંધો, ચપટું નાક, પુષ્ટ છાતી. શરીર એવું અલમસ્ત હતું કે પહેરેલા ટૂંકા સાડલાથી એને કાબૂમાં રાખવું કઠણ હતું. તેના હાથમાં એક મોટી દાંતરડી હતી.

ઘણી વાર પછી વિષ્ટુપદે પૂછ્યું, "બાઇ, તું કોણ છો ?"

તીણા દબાયેલા અવાજે એ યુવતીએ કહ્યું, "હું ગમે તે હોઉં, તારે શું પંચાત ! તું હાલતો થઇ જા અહીંથી."

"તું જા કહે એટલે કંઇ જવાય છે થોડું ? મારે અહીં કામ છે."

"શું કામ છે ?"

"છે વળી." કહીને વિષ્ટુપદ જરાક અટક્યો. પછી વળી બોલ્યો, "આ વેરાન વગડામાં તું એકલી જ આવી છો ?"

એ બોલી, "મારેય કામ છે."

આપમેળે જ વિષ્ટુપદ આગળ વધવા જતો હતો. પેલી જોરથી બરાડી ઊઠી, "ખબરદાર એક ડગલુંય આગળ વધ્યો છો તો આ દાતરડેથી વાઢી જ નાખીશ."

વિષ્ટુપદ ચમકી ગયો. એણે જોયું કે થોડીવાર પહેલાં એ યુવતીની આંખોમાં જે ડર હતો, એ હવે નહોતો રહ્યો. એની આંખોમાંથી આગ વરસતી હતી.

ડરતાં ડરતાં વિષ્ટુપદ બોલ્યો, "ભલે, તારી મરજી નહિ હોય તો આગળ નહિ વધું પણ તું ક્યાંની છો? અહીં શું કામ આવી છો! એ કહેવામાં તને શું વાંધો છે!"

ખબર નહિ શું યે વિચાર આવતાં એ યુવતી જરાક નરમ પડી, "હું તાલડાંગા રહું છું – આમ પણે – ઓતરાદે –

"એ તો ખાસ્સું છેટું છે. પૂરા બે ગાઉનો મારગ છે."

"હા.–"

"એટલે છેટેથી આવી છો!"

"કામ હોય તો આવવુંય પડે."

"શું કામ? કહે ને!"

એ યુવતી બોલી, "આટલું બધું જાણવાનું મન છે તો સાંભળ, હું શાકપાંદડું કે કંદમૂળ લેવા માટે અહીં આવી છું."

વિષ્ટુપદ અવાક્ બની ગયો. વિસ્મિત સ્વરે બોલ્યો.

"કેવી નવાઇ! હું પણ એટલે જ આવ્યો છું."

યુવતીની આંખો ફરી સળગી ઊઠી, "જુઠ્ઠું."

"મારા સમ, સાચું કહું છું –" વિષ્ટુપદ અકળાઇને કહેવા માંડ્યો, "ભગવાનનાં સમ, સવારથી છોકરાં છૈયાં ઉપવાસી છે. ત્રણ દી'થી એક ફદિયાનું કામ મળ્યું નથી. અહીં વગડામાં કંઇ નહિ મળે તો બિચારા છોકરાં ભૂખ્યાં મરી જશે."

વિષ્ટુપદની વ્યાકુળતા જોઇને, અને એની વાત સાંભળીને પેલીને વિશ્વાસ બેઠો, બોલી, "તારો કોઇ બદ–ઇરાદો તો નથી ને!

"આ જો, તું ખરી છો! હું ભગવાનનાં સમ ખાઉં છું તે! ઠીક પાસે આવ, તને અડીને તારા સમ ખાઇને કહું."

"મને અડવાની જરૂર નથી. તારું ઘર ક્યાં છે!"

"પયારપુરમાં, પણે, – દખણાદુ –" દક્ષિણ દિશા ભણી વિષ્ટુપદે આંગળી ચીંધી.

"તારું ઘર તો ઘણું છેટું છે. પહોંચતાં આખો દી લાગે!" વાંકાચુંકા પીળા દાંત દેખાડી વિષ્ટુપદ હસ્યો, "હા, તેં જ તો કીધું કે કામ હોય તો દૂરથીએ આવવું પડે..."

યુવતી બોલી, "એ તો સાચી વાત."

વિષ્ટુપદ બોલ્યો, "આટલી બધી વાત કરી, પણ આપણે એકબીજાનું નામે નથી જાણતાં. મારું નામ વિષ્ટુપદ તારું?"

"નિશિ – નિશિબાલા."

થોડીવાર ચુપકીદી. પછી વિષ્ટુપદ બોલ્યો,

"એક વાત કહું બાઇ!"

"શું?"

"તું જે કામ માટે આવી છો. એ જ કામ માટે હું પણ આવ્યો છું તો હાલને આપણે બેય ભેગાં મળીને જ શાકપાંદડું કે કંદમૂળ ગોતીએ."

"શિયાળાની સાંજ, હમણાં જ અંધારું થઇ જશે. તું જુવાનજોધ બાઇ. આમ એકલી વગડામાં ભમે તે સારું નહિ."

થોડી વાર ગલ્લાંતલ્લાં કરી નિશિ બોલી, "વાત તો સાચી છે. ચાલ, તારી ભેળી જ આવું." એ પોતે જ વિષ્ટુપદની પાસે આવી.

એ પછી વગડામાં રખડતાં બંને જણાએ એક અલિખિત કરાર કરી નાખ્યો કે અહીં જે કંઇ મળે એ બંને જણે સરખે ભાગે વહેંચી લેવું.

એ વગડાના પ્રત્યેક ઝાડઝાંખરા, પ્રત્યેક ખાડાખડિયામાં વિષ્ટુપદ અને નિશિ ખાંખાંખોખાં કરવા માંડ્યાં. પણ ચાર નાનકડા જમીન કાચબા સિવાય કંઇ જ હાથ ન આવ્યું. એમની ઉપરની ઢાલ જેવી કઠણ ખોળી કાઢી નાખે તો એમાંથી માંસ પણ કેટલું મળે !

તેઓ મૂંગાં મૂંગાં ચાલતાં નહોતાં. ખોરાકની શોધમાં ફરતાં ફરતાં ક્યારે નિશિ પૂછતી, "તારે ઘેર કોણ કોણ છે અલ્યા !"

આ થોડા વખતમાં જ વિષ્ટુપદ તરફના સંદેહ અને ભય નાબૂદ થઇ ગયાં હતાં. તેના પર નિશિને લગભગ ભરોસો પણ બેસી ગયો હતો.

વિષ્ટુપદ બોલ્યો, "બાળબચ્ચાં ને બૈરી."

"કેટલા છોકરાં છે !"

"ત્રણ, બે દીકરા ને એક દીકરી."

"એટલે પાંચ જણનું કુટુંબ !"

"હા."

"તું શું કરે છે ?"

"દા'ડીએ જાઉં છું."

"એમાં પૂરું થાય ?"

"ન થાય તોય શું કરાય ? એકાંતરા અધપેટ ખાઇએ, નહિ તો ઉપવાસી."

જરાક વિચાર કરી નિશિ બોલી, "જમીન ખેતર છે ?"

વિષ્ટુપદ બોલ્યો, "જમીન ક્યાંથી કાઢવી ?"

"તો શું ખાલી બાવડાંના જોરે જ જીવે છે ?"

"હા."

"ઇ તો ભારે મુસીબત !"

"મુસીબત હોય તોય શું કરાય ? આમ કરતાં દા'ડા વિતાવું છું."

ક્યારેક વળી વિષ્ટુપદ પૂછતો, "મારી જ વાત સાંભળીશ, બસ ! તારી વાત તો કર !"

નિશિ કહે, "મારે વળી કાંઇ નવી વાત છે ? મારેય આ જાતનો જ ભરોસો વળી !"

"એ શું હું નથી સમજતો, એ તો બરાબર સમજી ગયો છું, હું કંઇ તને એ વાત નથી પૂછતો..."

"તો શું પૂછે છે ?"

ગરદન ફેરવી સંગિનીને એક નજર ભરી જોઇ લઇ વિષ્ટુપદ બોલ્યો, "તારી શંખની ચૂડલી ને સિંદૂર જોતો નથી, તે તારા હજુ લગન નથી થયાં ?"

અન્યમનસ્ક બની નિશિ બોલી, "થયાં'તાં."

"તો પછી ?"

વિષ્ટુપદ શું જાણવા માગતો હતો એ નિશિ બરાબર સમજી ગઇ. લગ્ન થયાં હતાં છતાં એના હાથમાં શંખની ચૂડલી નહોતી અને કપાળમાં સિંદૂર નહોતું, તેથી જ વિષ્ટુપદ વિમાસણ પડી ગયો હતો. ખૂબ જ વિષણ્ણ સ્વરે નિશિ બોલી, "મારે ધણી નથી."

જીભના ટેરવેથી દિલાસાસૂચક અવાજ કરી દુઃખી સ્વરે વિષ્ટુપદ બોલ્યો, "અરેરે, આવી નાની ઉંમરમાં ધણી ગુમાવ્યો !"

"નિશિએ જવાબ ન દીધો.

વિષ્ટુપદ ફરી બોલ્યો, "તે શું થયું'તું ? શું માંદો હતો !"

નિશિ બોલી, "ના જોતદાર સાથેના ઝઘડામાં માર્યો ગયો. ઓલા લોકોએ પેટમાં ભાલો ખોસી દીધો હતો. આંતરડાં જ બહાર નીકળી આવ્યાં'તાં. નજરે જોવાય એવું જ નો'તું." –

બોલતાં બોલતાં અચાનક આ સ્તબ્ધ વેરાનને ચમકાવી દઇ એણે મોટેથી પોક મૂકી. "ઓ મા રે, મારા જુવાનજોધ મરદને એ બધાંએ મારી નાખ્યો રે –"

વિષ્ટુપદ જરાક મૂંઝાયો, પછી નિશિના કોરા વાળમાં હાથ ફેરવતો ધીરજ દેવા માંડ્યો, "રડ મા, બાઇ, રડ મા, થવાનું હતું એ થઇ ગયું."

ઘણી વાર પછી જ્યારે શોક ઓછો થતાં નિશિ શાંત થઇ એટલે વિષ્ટુપદે પૂછ્યું, "તારે બાળબચ્ચાં કેટલાં છે !"

અસ્પષ્ટ સ્વરે નિશિ બોલી, "નથી."

"તો તો નિરાંત "

નિશિ ચુપ જ રહી.

વિષ્ટુપદે ફરી પૂછ્યું, "ઘરમાં બીજું કોઇ નથી ?"

"ઘરડી સાસુ છે. રાત દી' ખાઉં ખાઉં કરે. ડોશી બહું ખાઉધરી છે. આવો મોટો પહાડ જેવો દીકરો ખાઇ ગઇ તોય એનું પેટ ન ભરાયું, એનું ડોઝરું ભરતાં ભરતાં હું જ એક દી ઉપર પહોંચી જઇશ."

"તારે જમીન છે !"

"હોત તો આમ શાક–પાંદડું ખોળતી વગડામાં ભટકું ખરી !"

બંને શોધતાં હતાં. શોધતાં જ જતાં હતાં. પણ મા–જનની સમો વગડો, આજે ખૂબ જ કૃપણ, ખૂબજ નિર્દય બની ગયો હતો. ચાર જમીન કાચબા પછી ચાર પાંચ બીલાં સિવાય અત્યાર સુધીમાં કંઇ જ નહોતું મળ્યું. એમાં પાછું અરધું અરધું કરે તો

ભાગમાં યે શું આવે ?

આ બાજુ શિયાળાની સાંજ, વધુ જ ઢળી ગઇ હતી. હવે તડકો મુદ્દલે નહોતો. સૂરજ પશ્ચિમ દિશાના ગાઢ જંગલની આડમાં ક્યારનોય ટપ લઇને નમી ગયો હતો, વિષ્ટુપદ કે નિશિને એનો ખ્યાલે નહોતો રહ્યો. જલદીથી ચારે દિશા છાયાઓથી ઘેરાઇને ઝાંખી થઇ ગઇ હતી.

સવારથી જ આકાશમાં અહીંતહીં વાદળનાં ઝુંડ ઝળુંબી રહ્યાં હતાં. અચાનક એ બધાં જ ભેગાં થઇને એક સામટાં ખૂબ જ નીચે ઊતરી આવ્યાં હતા. ફર ફર કરતી વરસાદની ધીમી છાંટ પણ શરૂ થઇ ગઇ હતી. એમાં પાછો ઠંડોગાર ઉત્તર દિશાનો પવન. ચામડી માંસ ભેદીને વાયરો હાડકાંને વીંધતો હતો. ઠંડી તૃણ ભૂમિ પરથી ભીનાશ ઊઠીને ઉપર આવી રહી હતી.

જમણી તરફથી નિશિ બોલી, "આજ બહુ ટાઢ છે નહિ !"

અન્યમનસ્કની જેમ વિષ્ટુપદે જવાબ આપ્યો, "હા."

"અધૂરામાં પૂરું વરસાદે પડવા માંડ્યો છે પાછો."

"હા."

વિષ્ટુપદ નિશિની વાતમાં હોંકારો ભણ્યો જતો હતો પણ મનમાં જુદો જ વિચાર ચાલતો હતો. ભાગમાં આવશે બે કાચબા ને અઢી બીલાં, ઘેર લઇ જઇ કોને ખવડાવશે ? એ બોલ્યો, "હજુ બીજું કંઇ મળે તો નહિ ચાલે, મારા ઘરમાં ખાનારાં પાંચ મોઢાં."

નિશિ બોલી, "સાચી વાત. પણ સાંજ તો પડી ગઇ છે, અને વરસાદ કે છે મારું કામ. હવે અત્યારે શું મળશે !" એના ચહેરા અને અવાજમાં સંદેહ વર્તાતો હતો.

"જોઇએ –" બોલતાં બોલતાં વિષ્ટુપદની નજર તીક્ષ્ણ બની ગઇ, સામે આંગળી ચીંધી જરાક ઉત્તેજીત સ્વરે એણે પૂછ્યું, "પેલું, પણે શું છે, જો તો ?"

નિશિએ એ તરફ જોઇ કહ્યું, "સૂવર લાગે છે."

"હું."

"એ મુઉં ત્યાં શું કરે છે !"

ધારી ધારીને જોઇ વિષ્ટુપદ બોલ્યો, "ભોંય ખોદે છે."

નિશિ બોલી, "સૂવર ભોં ખોદે છે તો ત્યાં ચોક્કસ કંઇક હશે જ, ભોંય હેઠે કંઇ ન હોય તો ઇ લોકો ખોદે નહિ."

વિષ્ટુપદ બોલ્યો, "ચાલને ત્યાં જઇને જોઇએ તો ખરાં." એના મગજમાં વીજળીની જેમ બીજો એક વિચાર ચમકી ગયો. કંઇ જ નથી મળ્યું તો ચાલ એ સૂવરને જ મારી નાખું. જાનવરનું વજન નાખી દેતાંય એકાદ મણ તો જરૂર હશે જ. નિશિબાલાને અર્ધોભાગ દેશે તોય તેના ભાગમાં જે માંસ રહેશે, એમાંથી સહેલાઇથી ત્રણ-ચાર દિવસ તો એ પાંચે જણ ધરાઇને ખાશે તોય વધશે. ત્રણ ચાર દિવસ જીવતાં રહ્યાં, તો પછીની વાત પછી. –

પોતાના મનની વાત એણે નિશિને કહી, નિશિ સાંભળીને ડરી ગઇ. બોલી, "વાત તો ઠીક છે, પણ –"

"શું ?"

"આવા મોટા જાડાપાડા જાનવરને તું એકલે હાથે પહોંચી શી રીતે વળીશ ! એમાં વળી એ લંપટને દાંત હશે, તો તો તને જીવતો જ નહિ છોડે."

વિષ્ટુપદ કહે, "પણ મારી પાસે કુહાડી છે. અને કટારી પણ છે."

નિશિ બોલી, "કુહાડી અને દાતરડાથી એ જમ જેવાને મારી શકીશ !"

વિષ્ટુપદે મરણિયા બની કહ્યું, "મારી શકીશ તો મારીશ. પણ એક વાર કોશિશ તો કરી જોઉં, આમેય ભૂખ્યાં ભૂખ્યાંય મરવાનું તો છે જ. તો એના કરતાં સૂવર સાથે લડીને ખપી ગયો તો –"

નિશિ કંઇ વિચાર કરી હા, ના કહે તે પહેલાંજ વિષ્ટુપદ આગળ વધ્યો. નિશિ પછી શું કરે ! એય પાછળ પાછળ ગઇ.

પાસે જઇને જોયું તો એ દાંતવાળો નહોતો. પણ હતો જંગલી સૂવર. જમીન ખોદીને એણે ખૂબ મોટો ખાડો ખોદી નાખ્યો હતો. ખાડામાં નજર કરતાં જ વિષ્ટુપદની નજર ચમકી ઊઠી. એક જબરદસ્ત કંદ, અર્ધું હજુય જમીનમાં દટાયેલું હતું. બાકીનું અર્ધું જમીન બહાર દેખાતું હતું. સૂવર જમીન ખોદીને કંદ બહાર કાઢતું હતું.

વિષ્ટુપદે અંદાજ કાઢ્યો, કંદનું વજન નાખી દેતાં દસ શેર જેટલું તો હશે જ. સૂવરને નહિ મારી અને જો કેવળ કંદ જ મેળવી શકશે તોય ખોટું નહોતું. મનોમન અચાનક એણે નક્કી કર્યું કે સૂવરનું લોહી રેડવાની જરૂર નથી. કેવળ સૂવરને નસાડીને કંદ લેવું જ સારું હતું.

પાછળથી લોભી સ્વરે નિશિ બોલી ઊઠી, "કેટલું મોટું છે નહિ ?"

"હા." વિષ્ટુપદ બોલ્યો.

સૂવર પોતાની ધૂનમાં જ જમીન ખોદ્યે જતું હતું. માણસનો અવાજ સાંભળી એણે ચમકીને ઊંચું જોયું. સૂવરની ઝીણી ઝીણી ઝાંખી લાલ આંખો, આખું શરીર અને મોં પણ ધૂળથી રગદોળાયેલું.

વિષ્ટુપદે એને ભગાડવા માટે મોંની અંદરથી એક વિચિત્ર અવાજ કરવા માંડ્યો. હું–૨–૨–૨ હટ્ – હટ્ હો–ઇ–ઇ.."

સૂવર તો હટ્યું જ નહિ, એકીટશે વિષ્ટુપદ ભણી જોઇ રહ્યું. એની આંખમાં સંદેહ ઘેરાવા માંડ્યો.

વિષ્ટુપદે ફરી અવાજ કર્યો. એની સાથે નિશિએ પણ સૂર પુરાવ્યો. છતાંય સૂવરને એની કંઇ અસર થઇ નહિ.

વિષ્ટુપદ બોલ્યો, સાલું ખચ્ચર છે. હટે એવું લાગતું નથી."

નિશિ બોલી, "આપણને કંદ જોઇએ છીએ એમ એ સમજી ગયું છે."

"તે વાત બરાબર" વિષ્ટુપદ કહેવા માંડ્યો.

"પણ હો હા કરવાથી કંઈ નહિ વળે, સાલાના બેટાને કુહાડીનો ઘા ખાવાનું મન થયું છે."

કહીને આગળ વધી ખભા પરથી કુહાડી ઉતારી સૂવરની ગરદન પર મારી.

પણ ઘા બરાબર ન લાગ્યો. સૂવરની ગરદન પરની ચામડી જરાતરા છોલાઈ ગઈ. હિંસ્ર કુટિલ નજરે એકાદ ક્ષણ એણે એમના ભણી જોયું અને પછી અચાનક એમના ભણી ધસી આવ્યું.

અચાનક આમ ધસી આવશે એવું એ લોકોએ માન્યું નહોતું. તેઓ અદ્ધર શ્વાસે નાસવા માંડ્યાં.

ઘણે દૂર સુધી એ લોકોને નસાડી સૂવર ફરી પાછું કંદ પાસે આવ્યું. વિષ્ટુપદ ને નિશિ પણ એમ દમે એવાં નહોતાં. થોડી વાર પછી તે લોકો પણ સૂવર પાસે આવ્યાં. આવીને ફરી વિષ્ટુપદે ઘા કર્યો. આ વખતે પીઠનો ઘણો બધો ભાગ જખ્મી થયો હતો. લોહીલુહાણ જાનવર ફરી પાછળ પડ્યું.

પીછો કરે એટલે એ બે જણા દૂર નાસી જાય. અને વળી પાછા આવી સગવડ પ્રમાણે સૂવર પર વાર કરે. આ રીતે ઘણીવાર સુધી ચાલ્યું.

આ તરફ શિયાળાની સાંજ વધુ જ ગાઢ થવા માંડી. ઝાડ ઝાંખરાની ફાંક વચ્ચેથી પડતી છાયા વધુ ઘેરી બની અને અંધકાર વધુ ગાઢ બનવા માંડ્યો હતો. થોડીવાર પહેલાં જે વરસાદ ઝરમર ઝરમર વરસતો હતો એણે અત્યારે જોર પકડ્યું હતું. એની સાથે ઓતરાદો વાયરો તો હતો જ.

નિશિ હતાશ બની ગઈ. એ બોલી, "જવા દે તું એને, એ જમનાં મોઢામાંથી તું જમીન કંદ નહિ લઈ શકે."

પણ વિષ્ટુપદ જીદે ચડ્યો હતો. એ કહે, "એ બને જ નહિ. આજે હું એ જમીન કંદ લીધા વિના અહીંથી હટવાનો જ નથી. હવે તો કંદે લઈશ ને સૂવરના બચ્ચાનેય પૂરું કરીશ. જો મને એક તુક્કો સુઝ્યો છે. આ ફેરે આપણે બંને એક સાથે એની સામે નહિ ઊભા રહીએ. હું સામે ઊભો રહીશ, તું પાછળ ઊભી રે'જે. એ મારી પાછળ દોડે તો તું એને પાછળથી મારજે. અને ઇ તારી વાંહે પડશે તો હું ઘા કરીશ."

નક્કી કર્યા પ્રમાણે વિષ્ટુપદ અને નિશિ સૂવરની આગળ પાછળ ઊભાં રહ્યાં. સૂવર શું સમજ્યું શી, ખબર ! પણ વખતે એને અંદાજ આવી ગયો હશે ! કે આ લોકો એની આટલી બધી મહેનતથી મેળવેલા કંદમાં ભાગ પડાવવા આવી પહોચ્યાં છે.

એ લોકો હુમલો કરે તે પહેલાં જ સુવરે અચાનક ગરદન ઝુકાવી અને વિષ્ટુપદ ભણી દોટ મૂકી. સૂવર એટલું ઝડપથી દોડતું હતું કે પોતાનો બચાવ કરવાનો પણ વિષ્ટુપદને સમય ન મળ્યો. સવારથી એક દાણોય પેટમાં ગયો નહોતો. તેથી આમેય શરીર કમજોર લાગતું જ હતું, એમાં મણેક વજનના સૂવરના ધક્કાથી એ ફેંકાઈ ગયો અને ત્યાર પછી એને લાગ્યું કે એના સાથળમાં સૂવરના ધારાળા દાંત ભોંકાઈ રહ્યા છે.

વિષ્ટુપદે ચીસ પાડી, "મારી નાખ્યો રે, મારી નાખ્યો, બચાવો –" બોલતાં બોલતાં એનો હાથ સીધો કમર પર ચાલ્યો ગયો. ધારાળા દાતરડાને એક ઝટકે ખેંચી કાઢી સૂવરના નાક પાસે, જેટલી તાકાત હતી તે બધી એકઠી કરી એક ઘા કર્યો. તરત જ લોહીની શેડ ઊઠી.

આ તરફ પાછળથી દોડી આવી નિશિએ સૂવર પર ઘા પર ઘા કરવા માંડ્યા. લોહીલુહાણ સૂવર વિષ્ટુપદને છોડી પાછો વળી નિશિ પર તૂટી પડ્યું. નિશિ સમતુલા ન જાળવી શકતાં ફેંકાઇ ગઇ, સૂવરના દાંતે એના શરીરનાં અને સાડલાના લીરા ઉડાડવા માંડ્યા. અને એ જ હાલતમાં નિશિ પણ આંધળાની જેમ હાથની દાંતરડી ચલાવી રહી હતી.

વિષ્ટુપદનો સાથળ ખાસ્સો એવો જખ્મી થયો હતો, અંદરથી લોહી નીંગળતું હતું પણ એ છતાંયે એ બેસી ન રહ્યો. ગાંડાની જેમ દોડીને સૂવરના માથા પર કુહાડી લઇને પ્રહાર કરવા માંડ્યો. નિશિને છોડી સૂવર વળી પાછું વિષ્ટુપદની પાછળ પડ્યું. ભોંય પરથી ઊઠી નિશિએ પાછળથી હુમલો કર્યો.

સૂવર ઘા ખાઇ ખાઇને એક વાર વિષ્ટુપદની પાછળ દોડે તો એકવાર નિશિની પાછળ. જોતજોતામાં શિયાળાની આછી અંધારી સાંજની વેળાએ આ નિર્જન વગડો પૃથ્વીની આદિમ રણભૂમિ બની ગયો. ખોરાક માટે બંને સ્ત્રી–પુરુષ અને એક હિંસ્ર જાનવર લડાઇ કરી રહ્યાં હતાં.

ઘણી વાર સુધી યુદ્ધ ચાલ્યા પછી મોં પર કુહાડીનો પ્રચંડ ઘા ખાઇને સૂવર હૃદયવિદારક ચિત્કાર કરી ઊઠ્યું. અસહ્ય વેદનાથી થોડી વાર જમીન પર આળોટ્યું અને પછી તીર વેગે દોડતું દોડતું પશ્ચિમના જંગલ ભણી અદશ્ય થઇ ગયું.

સૂવર નાસી છૂટ્યું. એ પછી ઘણી વાર સુધી વિષ્ટુપદ અને નિશિ નિર્જીવની જેમ પડ્યાં રહ્યાં. એ પછી હાંફતાં હાંફતાં ઊઠ્યાં અને બાકીનું કંદ જે હજુ જમીનમાં દટાયેલું હતું એને ખોદીને બહાર કાઢવા માંડ્યા.

કંદ, કાચબા અને બીલાં એક જગ્યાએ ભેગાં કરી તેઓ ભાગ પાડવા બેઠાં એવામાં વરસાદ જોરથી તૂટી પડ્યો. જ્યાં સુધી લડતાં હતાં, ત્યાં સુધી એમનું ધ્યાન વરસતા વરસાદ ભણી નહોતું. ઉત્તેજના અને આદિમ હિંસ્રતા સિવાય શરીર અને મનમાં બીજી કોઇ લાગણી સ્પર્શતી નહોતી. અત્યારે વિષ્ટુપદે અનુભવ્યું કે ભયંકર કાતિલ કડકડતી ઠંડી છે. હાડકાં પણ કકડતાં હતાં. જાણે હમણાં જ દાંતખીલી બેસી જશે.

વિષ્ટુપદ બોલ્યો, "કેવો પાગલ જેવો વરસાદ વરસે છે !"

નિશિ ધ્રૂજતાં ધ્રૂજતાં બોલી, "અહીં ઊભા ઊભા તો વગર લેવે દેવે મરી જશું. આનો કંઇ રસ્તો કાઢ."

"તું જ કહેને, ક્યાં જઇએ ?"

જરાક વિચાર કરી નિશિ બોલી, "આથમણી બાજુ એક મસાણ છે ને, ત્યાં એક છાપરી છે, ચાલ ત્યાં જઇએ."

વિષ્ણુપદને પણ યાદ આવ્યું, "હા, હા ચાલ –"

બંને જણાં દોડતાં દોડતાં એ છાપરી ભણી ગયાં. એ છાપરી ડાઘૂઓ માટે બનાવવામાં આવી હતી.

શરીર પરનું લોહી લૂછીને નિશિ અને વિષ્ટુપદે બેસીને થોડી વાર થાક ખાધો. એ પછી વિષ્ટુપદ બોલ્યો "ખૂબ ભૂખ લાગી છે –"

નિશિ બોલી, "મને પણ –"

"આવ તો કંઇક ખાવાની સગવડ કરીએ."

નિશિએ કંદને થોડું કાપી લીધું. વિષ્ટુપદે એક કાચબાને છોલીને માંસ તૈયાર કર્યું.

થોડીવાર પહેલાં કોઇ આવીને મડદું બાળી ગયું હશે તેથી ત્યાં હજુ ચિતા પેટતી હતી. ત્યાંથી દેવતા આણી માંસ અને કંદ શેકી લઇ, બંને જણાએ ખાઇપીને પરિતૃપ્તિનો ઓડકાર ખાધો.

વિષ્ટુપદ બોલ્યો, "આખા દિવસમાં છેક અત્યારે આ પેટમાં પડ્યું."

નિશિ બોલી, "મારેય."

"ખાવાનું તો પત્યું. પણ એકાદ બીડી મળત તો રંગ રહી જાત."

"હા, મનેય પાન ખાવાનો બહુ શોખ છે. જો મળી જાત !"

આ બાજુ વરસાદનું જોર વધ્યું હતું. આકાશને ચીરી ફાડી, ચીંથરાં ઉડાવતી વીજળી ચમકતી જતી હતી.

નિશિ બોલી, "આ વરસાદ આજ અટકે એવું લાગતું નથી."

"હં."

થોડીવાર પછી વિષ્ણુપદ બોલ્યો, "બેઠા રહેવાથી શું વળશે ? હું તો સૂઇ જાઉં છું."

નિશિ બોલી, "હુંયે સૂઇ જઇશ."

બંને જણે છાપરીને ખૂણે લંબાવી દીધું. વચ્ચે ઘણું બધું છેટું હતું.

રાત વધુ ને વધુ ગાઢ બની. અચાનક નિશિ બોલી, "એ ય –"

ઓરડીને બીજે છેડેથી વિષ્ટુપદે જવાબ આપ્યો, "શું છે ?"

"અહીં ઓરો આવ."

"કાં."

"મને ખૂબ ટાઢ વાય છે મને બાઝીને જરા સૂ તો."

આ દુર્યોગભરી શિયાળાની રાત પરસ્પરના દેહને ઉત્તપ્ત રાખવા માટે નિશિ અને વિષ્ટુપદ એકબીજાને વળગીને સૂઇ ગયાં.

બીજે દિવસે સવારના પહોરમાં કાચબા અને લડાઇમાં જીતેલા કંદના ભાગ પાડી નિશિ ગઇ ઉત્તરમાં અને વિષ્ટુપદ દક્ષિણ દિશા ભણી ચાલી નીકળ્યો.

મને જુઓ

શીર્ષેન્દુ મુખોપાધ્યાય

મહેરબાની કરી એક વાર મારી સામે જુઓ. જરાકવાર પહેલાં જ હું બસની પાયરી પર ધક્કા ધક્કી કરીને ચડ્યો. એ પછી સખત ભીડમાં હું આ બગલની નીચેથી, અને પેલી બગલની નીચેથી ઉંદરની જેમ એક દર ખોદતો હોઉં એમ બસની અંદર દૂર સુધી ચાલ્યો ગયો. બસનો રૉડ (સળિયો) એટલો ઊંચો હોય છે – હું રહ્યો ઠીંગણો માણસ – કે ત્યાં સુધી મારો હાથ જ પહોંચતો નથી. તેથી હું સીટની પાછળના ભાગને પકડીને ઊભો રહું છું. એ પછી શરીર ઢીલું છોડી દઉં છું. બસના આંચકાને લીધે હું જ્યારે ઝોલાં લઉં છું ત્યારે આજુબાજુના લોકોના શરીરને ટેકે જ મારી સમતુલા જાળવું છું પણ તેઓ કોઇ ચિડાતા નથી, કારણ મારું વજન એટલું બધું ઓછું છે કે કોઇના શરીર પર ઢળી પણ પડું તો એમને મારો ભાર કે ધક્કો લાગે તોય ખાસ ખબર નથી પડતી. હા, અત્યારે હું બસની સીટની પાછલી બાજુને સજ્જડ રીતે પકડી ઊભો છું. મારી બંને બાજુ પહાડ જેવા ઊંચા ઊંચા લોકો ઊભા છે. તેમણે મને એટલો બધો ઢાંકી દીધો છે કે મારું માનવું છે કે હું દેખાતો જ નહિ હોઉં. આ તો જોવા છતાં કોઇ લોકો ધ્યાન દેતું નથી. એ જ તો મુશ્કેલી છે. મને જુએ છે તો ઘણાં જણ, પણ કોઇ ધ્યાન દેતું નથી. અત્યારે હું જેની પાસે ઊભો છું અથવા જેઓ મારી સામે ઊભા છે તેઓ વખતે મને જુએ છે ખરાં, પણ નિર્લિપ્તભાવે, જાણે હું ન હોત તો એમને કંઇ જ ફેર ન પડત. ન લાભ ન નુકસાન. એનું કારણ મને લાગે છે, એ છે કે મારા દેખાવમાં એવું કશું જ નથી, જેથી મને ખાસ અલગ પાડી ઓળખી શકે. હા, મહાશય, હું માત્ર પાંચ ફુટ બે ઈંચ લાંબો છું. દૂબળો, તો પણ એટલો દૂબળો નથી કે નજરે ચડું. કાળો જ છું, પણ એટલો કાળો નથી કે લોકો ફરી તાકીને જુએ. ચાળીસ વર્ષે હવે મારા વાળ આછા પાતળા જરૂર થઇ ગયા છે, પણ હજુ ટાલ નથી પડી. – ટાલિયા માણસને પણ કોઇ કોઇ જોતું હોય છે. તેમાં વળી મારો, ચહેરોયે નથી ખૂબ સુંદર કે નથી કદરૂપો – મારું નાક ચપટુંયે નથી ને નાનુંયે નથી, આંખો મોટી પણ નથી, વળી એવી ઝીણી પણ નથી. તેથી જ તો કહું છું કે આ બધાં જે ભીડમાં ઊભાં છે, તેમાંથી કોઇ મને જુએ છે ! ના, નથી જોતાં. અથવા તો જોવા છતાં ધ્યાન નથી દેતા – મને એ ખબર છે.

મારાં લગ્ન પછી એક ખૂબ જ મજાનો બનાવ બન્યો હતો. વહુભાતનાં જમણ પછી એક બે દિવસ રહીને હું મારી વહુને લઇને ખરીદી કરવા નીકળ્યો હતો. અને થોડા

દિવસ પછી સાસરામાં દ્વિરાગમન વિધિ માટે મારે જવાનું હતું. તેથી થોડાંક દેવા-લેવા માટે (નમસ્કારી) કપડાં ખરીદવાનાં હતાં. રસ્તા પર નીકળ્યા પછી મેં એને પૂછ્યું, "ન્યૂ માર્કેટ જઈશું ?" મારી પરિસ્થિતિ જોતાં ન્યૂ માર્કેટમાં ખરીદી કરવા જવાનો કોઈ અર્થ જ નહોતો, અમારા ઘર પાસેની કટારા બજારમાંથી જ અમે તો હંમેશાં કપડાં ખરીદતાં હોઈએ છીએ. તે છતાં હું એમ બોલ્યો હતો એનું એક કારણ હતું. મારાં સાસરિયાં બધાં જ અમારી સરખામણીમાં વધુ પૈસાદાર હતાં. હું ન્યૂ–માર્કેટની વાત મારી પત્નીને ખુશ કરવા માટે જ કરતો હતો. અને જ્યારે મારાં સાસરિયાં સાંભળશે કે અમે કપડાં ન્યૂ માર્કેટમાંથી ખરીદ્યાં છે તો એમનાં ભવાં ઊંચા ચડી જશે. પણ એ ન્યૂ માર્કેટનો પ્રસ્તાવ એક બહુ મોટી ભૂલ થઈ ગઈ હતી. કારણ ત્યાં ન જાત તો લાગે છે આ બનાવ બનત નહિ. બન્યું એવું કે ન્યૂ માર્કેટમાં દાખલ થયા પછી દુકાનોની ઝાકઝમાળ અને જાતજાતનો સામાન અને ચીજવસ્તુઓ જોઈને મારી પત્ની મુગ્ધ બની ગઈ. અમે જે પણ દુકાન પાસે થઈને પસાર થતાં, એ દુકાનનાં શો-કેસ તરફ નજર રાખી ધીમે ધીમે ચાલતી. મારી તરફ તો એ જોવાનું જ ભૂલી ગઈ હતી. તે વખતે એ મારી નવી પરણેતર, તેથી મને રીસ આવે એ સ્વાભાવિક હતું. હું એને, "આ જો, પેલું જો" કરીને કેટલીક વસ્તુઓ દેખાડી, મોટોભા બનવા ગયો. પણ એ તો કોઈ પણ વસ્તુ પર ખાસ ધ્યાન ન દેતાં, બધી જ વસ્તુઓ જોતી હતી. મારી રીસ અને અભિમાન એકદમ વધી ગયાં, તેથી એક સમયે મેં જાણી જોઈને મારી ચાલવાની ઝડપ સાવ જ ઓછી કરી નાખી. પણ એણે તો એના તરફ ધ્યાન જ ન આપ્યું, અને આપ મેળે જ આગળ વધવા માંડી. એ જોઈને એક વાર હું એકદમ જ અટકીને ઊભો રહી ગયો. પણ એ તો આગળ અને આગળ જતી જ ગઈ. દુકાનોની ચીજ-વસ્તુઓ તરફ એની વિહ્વળ નજર અને ગાર્ડ ઑફ ઑનર દેતી વખતે સૈનિકો જે રીતે ચાલે છે એ જ ચાલ. હું દૂરથી જોતો રહ્યો કે મારી પત્ની એ ઝગમગતા ઝાકઝમાળ પ્રકાશમાં લોકોની ભીડ ઠેલતી એકલી જ ચાલતી હતી. વચ્ચે વચ્ચે એ વાત પણ કરતી હતી ખરી, પણ એ તો એમ જ માનીને કે હું એની સાથે જ છું, પણ ખરેખર હતો કે નહિ એ તરફ એનું લક્ષ્ય જ નહોતું. એ રીતે ઘણે દૂર સુધી આગળ વધ્યા પછી એ કોઈ વસ્તુ જોઈને ખૂબ જ ઉત્તેજિત થઈ ગઈ અને મને દેખાડવા માટે મોં ફેરવી મને શોધવા માટે ઊભી રહી ગઈ. ચારે કોર નજર કરી પણ હું ન દેખાતાં આકુળ બની મને શોધવા લાગી. તે વખતે એક મજા કરવાનો લોભ હું ન રોકી શક્યો. ન્યૂ માર્કેટની જે ભૂલભૂલામણી જેવી ગલીકુંચીઓ છે તેમાંની જે મારી સામે હતી એમાં હું ઝટ લઈને પેસી ગયો. છો હવે મને શોધતી એ ગામડાની છોકરી. એણે જેમ મારા પર ધ્યાન નહોતું આપ્યું હવે છો થતી એની મજા.

હું મનમાં હસ્યો, અને ડોકિયું કરી મેં જોયું, મારી વહુ રડમસ ચહેરે ચારે કોર જોતી જોતી ઉતાવળે પગલે પાછી આવતી હતી – મારી અથવા રમકડાંની દુકાનોની હારમાં, પણ એણે મને એકે વાર ઓળખ્યો નહિ. ઉદ્‌ભ્રાંતની જેમ મને શોધતી

શોધતી મને જ વટાવી ગઇ. ત્યારે મને થયું કે ગામડાની છોકરી ખૂબ જ જબરી છે, હું જાણી જોઇને છુપાઇ ગયો છું એની એને ખબર પડી ગઇ હોવાથી એ મને જાણી જોઇને ઓળખવા માગતી નહોતી, પણ એના ચહેરાની કરૂણતા અને એની ક્રમશઃ વધતી જતી કરુણ હાલત જોઇ એ વાત સાચી માનવા મન તૈયાર નહોતું થતું. તેથી અંતે એક ઘડિયાળની દુકાન સામે એનો રસ્તો રોકી હું ઊભો રહ્યો. અને બોલ્યો, "અરે, આ રહી." એ અત્યંત ચમકી ગઇ, અને અવાક્ બની મને જોઇ રહી. ઘણી વાર સુધી તાકીને જોયા પછી, જોરથી નિસાસો મૂકી, ધ્રૂજતી ધ્રૂજતી હસવા માંડી, અને બોલી, "તમે, તમે ક્યાં હતાં ? હું ક્યારનીયે તમને શોધું છું !" નવાઇની વાત એ હતી કે ત્યારે પણ મને મનમાં થયું કે એ સાચું જ બોલતી હતી. ઘેર પાછાં ફરતી વખતે એને મેં કહ્યું કે એની સાથે સંતાકૂકડી રમતાં મેં એને વારેવારે પકડવાની તક આપી હતી, એની સામે જ તો હું ઊભો હતો, પહેલાં તો એના માન્યામાં જ એ વાત ન આવી, પછી મેં વારંવાર કહ્યું તો એ ખૂબ જ નવાઇ પામી બોલી, "સાચે ! તો પછી હવે તમે ક્યારેય સંતાતા નહિ, આવું કરતાં ભારે વિપદા આવી પડે."

ઊભો રહે ભાઇ, કંડક્ટર, મારે અહીં જ ઊતરી જવું છે... જોજો દાદા ... જરા જોજો ભાઇ, મારાં ચશ્માં સંભાળજો... આ જુઓ, કોઇ મારી વાત સાંભળતું જ નથી. હું ઊતરું તે પહેલાં જ કંડક્ટરે ઘંટી મારી દીધી, પેલો જાડો માણસ રસ્તો રોકી ઊભો રહ્યો, અને બુશર્ટ પહેરેલા પેલા છોકરાની કોણીનો ધક્કો વાગતાં મારાં ચશ્માં વાંકાં થઇ ગયાં. તેથી જ કહેતો હતો કે કોઇ મારા તરફ લક્ષ્ય જ દેતું નથી. બસમાં નહિ, ટ્રામમાં નહિ, રસ્તામાં નહિ.

આજનો દિવસ ખૂબ સારો છે. મંદ મંદ હવા અને તડકો ભેગાં મળીને એક વહાલસોયો, શરીરને વળગી પડે એવો મજાનો દિવસ. ચોમાસું હોવાને લીધે ગરમી ખાસ નથી. અત્યારે રસ્તા પર થઇને ચાલવાની મજા પડે છે. અહીંથી થોડે દૂર તો ક્રોસિંગ છે અને એની પછી જ મારી ઑફિસ છે. આ જુઓ હું ક્રોસિંગ પાસે આવીને રસ્તો ઓળંગવાને પગ જ ઉપાડતો હતો કે ટ્રાફિક પોલિસે હાથ નીચો કરી દીધો. હવે મારો ઓળંગવાનો રસ્તો રોકી બધી ગાડીઓ ચાલી રહી છે. કેમ ભઇ ટ્રાફિક પોલીસ, હું રસ્તો ઓળંગતો હતો એ તને ન દેખાયું ! અને એક જરાક વધુ વાર હાથ ઊંચો રાખ્યો હોત તો શું તારો હાથ ભાંગી જાત ?

જે લિફ્ટમાં બેસી હું પહેલે માળે જાઉં છું એ લિફ્ટ લાગે છે એકસો વર્ષ જૂની છે. એની ચારે કોરે કાળી લોખંડની જાળી છે. બરાબર એક ઉઘાડા પીંજરા જેવી. વચ્ચે વચ્ચે જરાક ધ્રૂજે. અને ખૂબ ધીમે ધીમે ઉપર ચડે. છેલ્લાં તેર વર્ષથી હું આ લિફ્ટમાં ઉપર જાઉં છું. આ તેર વર્ષથી મને અઠવાડિયામાં છ દિવસ રામસ્વરૂપ આભોગી ઉપર લઇ જાય છે. "કેમ ભાઇ રામસ્વરૂપ, શું કરે છે તું ? હું નાનો હતો ત્યારથી જ તું મને જુએ છે – જ્યારે મારી ઉંમર છવ્વીસ કે સત્યાવીસ વર્ષની હતી. જ્યારે મારા મોં પર ઘડપણની છાપ નહોતી વર્તાતી. બરાબર ! હવે તું કહે, તને મારું નામ ખબર છે

!" સાચે જ જો હું એને પૂછત તો તરત જ રામસ્વરૂપ હો હો કરીને હસત, અને કહેત, "હા, હા, તમે છો અરવિન્દ બાબુ" પણ મારું નામ એ છે જ નહિ. ક્યારેય હું અરવિન્દ નહોતો હું હંમેશાં, ચિરકાળથી હું અરિન્દમ બસુ.

હું બેંકમાં નોકરી કરું છું. પહેલે માળે મારી ઑફિસ છે. પહેલાં હું જુદા જુદા ડિપાર્ટમેન્ટમાં હતો. દસ વર્ષથી હું કૅશ પર છું. હું ખૂબ ઉતાવળે, ફટાફટ રૂપિયા ગણી શકું છું. હિસાબમાં હું પાવરધો છું. તેથી મારી કૅશમાંથી બીજે બદલી થતી નથી. થાય તોય પાછો લાવવામાં આવે છે. દસ વર્ષથી મેં દક્ષતાથી કેશનું કામકાજ સંભાળ્યું છે. ક્યારેય પેમેન્ટમાં તો ક્યારેક રિસીવીંગમાં, વધારે તો પેમેન્ટમાં જ રાખે છે. કેમકે ત્યાં જ સૌથી વધુ સતર્ક માણસની જરૂર પડે. એક તારના પીંજરામાં હું બેસું છું. મારી છાતી સામે અનેક ખાનાઓવાળું ટેબલ હોય છે. તેના કયા ખાનામાં કેટલા રૂપિયાની નોટ છે અને ક્યાં કેટલું પરચૂરણ છે, એ હું ભૂલ કર્યા વિના આંખો મીંચીને કહી શકું છું. પેમેન્ટના સમયે હું ડ્રોઅર બંધ કરું છું. એ પછી ફરી ગણું, પછી રૂપિયા આપી બીજા પેમેન્ટ માટે હાથ લંબાવું, ટોકન લઇ ફરી ડ્રોઅર ખોલું છું. રૂપિયા કાઢી ગણી... એ પછી બસ. આમ સરખું જ ચાલ્યા કરે. સામેની નાનકડી બારીમાંથી જેઓ મને જુએ છે તેઓને જો કે મારું વર્તન ખૂબ જ કંટાળાજનક લાગતું હશે – અરે આ માણસ કેવું એકસરખું એકનું એક કામ કર્યે જ રાખે છે – કેવં કંટાળાજનક ! બારીના બાકોરામાંથી મને જુએ, પણ મને યાદ ન રાખે. રામબાબુ અમારા ખૂબ જૂના ગ્રાહક છે – જબરદસ્ત મોટું કારખાનું છે. એજન્ટ પણ એનું માન જાળવે છે. ખૂબ ચીવટવાળા છે. મોટેભાગે નોકરને ન મોકલતાં પોતે જ આવીને ચેક વટાવી જાય છે.મેં કેટલીવાર એમને પેમેન્ટ કર્યું છે. તેઓએ બારીમાંથી પ્રસન્ન વદને હસીને ધન્યવાદ આપ્યા છે.

એકવાર મારો મોટો સાળો દુકાને કલકત્તા ફરવા આવ્યો હતો ત્યારે એણે ઘણા રૂપિયા ઉડાવ્યા હતા. તે વેળા એ મને પાર્ક સ્ટ્રીટની એક મોટી રેસ્ટોરાંમાં લઇ ગયો હતો. ત્યાં અંદર જઇને જોયું તો રામબાબુ એકલા બેઠા હતા. હાથમાં સફેદ સ્વચ્છ જિન, ખૂબ સ્વપ્નિલ આંખો. સાચું કહું તો હું ભાગ્યોન્નતિની વાતનો વધારે પડતો ક્યારેય વિચાર નથી કરતો. અને તેથી તે માટે રામબાબુને મળવાનો મને વિચાર પણ નહોતો આવ્યો. હું તો જૂના ઓળખીતા સમજીને આગળ વધ્યો હતો. રામબાબુ ભવાં ચડાવી બોલ્યા, "ક્યાંક તમને જોયાં છે. કહો, ક્યાં જોયા છે ! યાદ નથી આવતું." ત્યારે મને મારા સાળા સામે ખૂબ જ શરમ આવી. જો એ માણસ સાચે જ ન ઓળખી શક્યો હોય, વખતે એ ખરેખર અહંકારી માણસ હોય – તો તો ખરેખર મારી બેઇજ્જતી જ થશે. એટલે મેં મરણિયા બની મારી બેંકનું નામ કહ્યું અને ઉમેર્યું કે હું કેશ પર છું – તરત જ એમનો ચહેરો જિનની જેમ સાફ બની ગયો. હસીને બોલ્યા, "ઓળખ્યા, પણ સાચી વાત શું છે ! ખબર છે ! પેલી બારીના બાકોરામાંથી એ પિંજરામાં જોવાની આદત પડી ગઇ છે ને તેથી અચાનક આ જગ્યાએ... સમજ્યાને !

અસલ વાત થઈ આ પર્સ્પેક્ટીવ – આ સિવાય માણસનું બીજું છે શું કે એને ઓળખી શકાય ! આ પિંજરાની બારીમાં જેમ તમે છો એ જ પ્રમાણે જુઓ આ કોટ પેન્ટ ટાઇ અને માથા પર ટાલની અંદર હું છું. આ બધાંથી જો તમે મને અલગ કરી લો, તો જોશો કે તમે અને હું, આપણો ખરેખર કોઇ પરિચય જ નથી. આ જુઓને થોડીવાર પહેલાં જ હું પર્સ્પેક્ટીવની વાત વિચારતો હતો. નાનપણમાં અમે લોકો રેલ કોલોનીમાં રહેતા હતા. મારા બાપુજી ટેલિક્લાર્કની નોકરી કરતા હતા. કાટિહારમાં અમારા રેલ્વે ક્વાર્ટરમાં લગભગ હંમેશાં જ એક પાડોશીની છોકરી અમારે ઘેર આવતી તેને ઓરમાન મા હતી એટલે ઘરમાં કોઇ એને વહાલ ન કરતું. અમારા ઘરમાં આવી રસોડામાં ચૂલા પાસે મારી માની પડખે આવીને બેસતી. સંકોચની મારી કોકડું વાળીને, ફાટેલા ફ્રોકથી ઘૂંટણ ઢાંકી પરોઢાં વણી દેતી. ક્યારેક વળી મારી રડતી નાની બહેનને તેડીને ફેરવતી અને ઊંઘાડતી. મા મને કહેતી, "એની સાથે તને પરણાવીશ." એ સાંભળી હું એ છોકરીને ધ્યાનથી જોતો, – અને જોતાં જોતાં કોણ જાણે એવો નશો ચડી જતો. "કેવો કરુણ કૃશ ચહેરો અને છતાં કેવી સુંદર ! જાણે પૃથ્વી પર વધુ દિવસ રહેવા નહોતી આવી." આટલું બોલી રામબાબુએ નિસાસો મૂક્યો.

મેં વ્યગ્ર બની પૂછ્યું, "પછી શું થયું ? એ શું મરી ગઇ ?"

રામબાબુએ માથું ધુણાવ્યું, – "ના, ના, મરે શાની ? મેં મોટા થઇ એની સાથે લગ્ન કર્યાં, એ અત્યારે મારી પત્ની છે. ખૂબ જાડી અલમસ્ત બની ગઇ છે. મિજાજ પણ એવો ખરાબ છે કે મને આખો વખત ધમકાવ્યા જ કરે છે. પણ જ્યારે હું જોઉં છું કે એ ફ્રિજ ખોલે છે, દાગીનો શોધે છે, નોકરોને ધમકાવે છે, અથવા શોફરને ગાડી બહાર કાઢવાનો હુકમ કરે છે ત્યારે ક્યારેય હું માની નથી શકતો કે આ એ જ બેલા છે, જે માંદી હતી અને મારી માએ એને બે સંતરાં આપ્યાં હતાં, ત્યારે એ એવું મીઠું હસી હતી. આજે જુઓ, એની જોડે હું ખૂબ ઝઘડીને અહીં આવ્યો છું. મન મારું એવું ખરાબ થઇ ગયું હતું. એ પ્રેમ તો અત્યારે ક્યારનોય ઊડી ગયો છે. પણ અહીં એકલા બેઠા એ જૂના દિવસો ચૂલા પાસે એનું બેસવું, ફાટેલા ફ્રોકથી એનું ઘૂંટણને ઢાંકવું, એ બધું જ યાદ આવી ગયું. યાદ આવ્યો મારી માનો ચહેરો. – જે મા ખૂબ માયા મમતાથી એની બેસવાની રાંકડી રીત જોઇ રહેતી, કે તરત જ મારું મન ફરી પ્રેમથી છલકાઇ ગયું. ઘેર જઇને હવે હું એને મનાવીશ. સમજ્યાને..." કહીને રામબાબુએ પેલા સફેદ પારદર્શક જીનને મોંએ લગાડ્યું અને હસીને બોલ્યા, "આ જે બારી – જેની અંદરથી તમને અમે જોઇએ છીએ, એ જ અસલ – એ બારી..."

આ જે તેવીસ ચોવીસ વર્ષનો છોકરો જે પેમેન્ટ માટે ઊભો છે, પિત્તળની ટોકનને અન્યમનસ્કભાવે ઠક ઠક કરી કાઉન્ટરનાં લાકડા પર ઠોકે છે, એ મને ઓળખે છે. એના બાપુજીનો જૂની ગાડીની દલાલીનો ધંધો છે. પહેલાં એના બાપુજી બેંકમાં આવતાં. આજકાલ એ છોકરો આવે છે. વચ્ચે વચ્ચે નજરે પડે તો હું હસીને પૂછું છું,

"કેમ, બાપુજી મજામાં છે ને !"

એ હસીને ગરદન વાંકી કરી કહેશે, "હા" – પણ મને શક છે કે એક દિવસ અચાનક અહીંથી મને ખસેડી લે, અને મારે બદલે બીજા કોઇ પણ સાધારણ દેખાવના માણસને ત્યાં બેસાડી દે તો એ અમારા બંને વચ્ચેનો તફાવત નહિ કળી શકે. ત્યારે પણ અન્યમનસ્કભાવે પિત્તળનું ટોકન લાકડાનાં કાઉન્ટર પર ઠોકશે. અન્યમનસ્કભાવે જોઇ રહેશે, નજર મળતાં એ નવતર માણસ તરફ જોઇને પરિચિતની જેમ જરાક હસશે. અને ભૂલ સમજાતાં પણ થોડો સમય લાગશે. કારણ એણે ખરેખર તો મને ક્યારેય જોયો જ નથી. એ વખતે એની પ્રેમિકાની વાત વિચારતો હશે, યા તો ટૂંક સમયમાં એક સ્કૂટર ખરીદવાનો વિચાર કરતો હશે. એણે ગરદન વાળી રિસેપ્શનની યુવતી તરફ થોડીક પળ જોયું. એ પછી એણે ઘડિયાળ ભણી જોયું. એક વાર ટોકનનો નંબર જાઇ લીધો. બારીમાંથી એણે નજર નાખી જોઇ લીધું કે મારા હાથ ક્લાન્તિકરભાવે નોટોની મોટી થપ્પી ગણી રહ્યા છે. એણે મારા મોં ભણી એક પળ જોઇને નજર ફેરવી લીધી. પણ હું જાણું છું કે એણે મને જોયો જ નથી. હવે પંદર મિનિટ પછી બે વાગશે. ત્યારે હું કૅશ બંધ કરી નીચે લંચ સમયે જમવા જઇશ. ત્યારે જો એ મને રસ્તામાં જોશે કે હું ફુટપાથ પરની દુકાન પર ઊભો પાતળા એરોરૂટનાં બિસ્કીટ અને ચા પીતો હોઇશ તો શું એ મને ઓળખશે ખરો !

"કેળાં કેમ આપ્યા હેં ? ચાળીસ પૈસા જોડી ? શું વાત છે ! હા, હા, મર્તબાન છે. એતો ખબર છે. મર્તબાન શું હું નથી ઓળખતો ! એનો સુંદર પીળો રંગ, સુંવાળી છાલ, મસ્ત મોટાં કેળાં, જોતાં જ મર્તબાન ઓળખાઇ જાય. જો કે આજે મારે કેળાં ખાવાનો દિવસ નથી. ગઇ કાલે ખાધાં છે. હું ઉપરાઉપરી બે દિવસ ખાઉં છું અને એક દિવસ જવા દઉં છું. હે, એક, ના, ના, પેલું, એક જ – આ લે, આ વીસ પૈસા ભાઇ. વાહ, સરસ કેળું છે ને ! મસ્ત, ખાઇ લીધા પછી પણ ક્યાંય સુધી મેં એની છાલ મુઠ્ઠીમાં યાદગીરી લેખે પકડી રાખી હતી. દસ પંદર મિનિટ હું આમ તેમ રખડ્યો. કેળાની છાલ મારા હાથમાં જ હતી. મારી ચારેબાજુ લોકો નિરુત્સાહભાવે ચાલી રહ્યા છે. તેમના ચહેરા પણ છેક જ નિર્વિકાર છે. તેઓ ક્યારેય લડાઇ ઝગડા યુદ્ધવિગ્રહ નથી કરતા. દેશ કે જાતિ માટે એમને જાન કુરબાન કરવો નથી પડ્યો. એ તો ઠીક પણ એ બધા મળીને કોઇ ખૂબ મુશ્કેલ કે અઘરું કામ પણ પાર પાડી શકતાં નથી. જાત આસ્તે આસ્તે મરવા પડી છે. અંતર્ભાવનામાં મગ્ન બની ડગલાં ભરી રહ્યાં છે. એકબીજા પ્રત્યે નિઃસ્પૃહ રહીને ચાલે છે, એમને સમયનું જ્ઞાન નથી – ઓગણીસસો ઓગણસીત્તેર કહો તો માત્ર એક સંખ્યા જ સમજે છે, બે હજાર વર્ષનો ઇતિહાસ તેઓ જાણતા કે સમજતા નથી. એમની પાસે 'ટેલિપથી' 'ક્રીક રો' જેમ શબ્દ છે. 'ભારતવર્ષ' પણ એવો જ એક શબ્દ છે.

દયા કરી મને જુઓ. આ જે હું – અરિન્દમ બસુ – અરિન્દમ બસુ – નથી લાંબો, નથી દૂબળો, નથી ગોરો, એવો એક માણસ. હું 'ટેલિપથી' નથી, 'ક્રીક–રો' નથી, 'ભારતવર્ષ' પણ નથી – આ શબ્દોની સરખામણીમાં અરિન્દમ બસુ – આ

શબ્દની વચ્ચે થોડો ફેર છે. પણ એ ફેર તમે ક્યારેય પકડી કે સમજી શકશો ખરાં !

જવા દો એ બધી વાત. વચ્ચે વચ્ચે મને પોતાને પણ સંદેહ પડે છે – હું શું ખરેખર છું ખરો ! કે નથી ? બૅંકની એ બાકોરા જેવી બારીમાંથી લોકો હાથ લંબાવી રૂપિયા ગણી લે છે ! કોઇ કોઇ મૃદુ હસી આભાર માને છે. પણ માણસની બદલી થાય તો પણ તેઓ એ જ રીતે હાથ લંબાવી રૂપિયા ગણી લે છે, આભાર માને છે. પણ ખ્યાલેય નથી કરતા કે બાકોરા જેવડી નાનકડી બારીની પેલી તરફ એક જબરદસ્ત પરિવર્તન થઇ ગયું છે. એ પેલી ન્યૂ-માર્કેટની ઘટનાની જ વાત કરો ને – મારી પત્ની ચાલતી ચાલતી મને શોધતી હતી – મને, નજર સમક્ષ હોવા છતાં પણ મને ઓળંગીને, વટાવીને ચાલી જતી હતી, વિચારતી હતી, "કેવી નવાઇ ! એ ક્યાં ગયાં ?"

ખૂબ સંભાળીને કેળાની છાલ મેં ફૂટપાથની વચ્ચોવચ્ચ મૂકી દીધી. ઉદાસીન મહાશયો, જો એના પર કોઇ પગ દેશે તો લપસી પડશો, અને પડતાં જ અચાનક ચમકીને તમે હોશમાં આવશો ત્યારે ? જો તમને ખાસ વાગ્યું નહિ હોય, અને પડતાં પડતાં બચી ગયા, તો તમને મોટો લાભ થશે, તમે ચારે તરફ તાકીને જોશો – ક્યાં, કયા રસ્તા પર તમે ચાલી રહ્યા છો, એ તમારા ધ્યાનમાં આવશે. દુર્ઘટના જો ગંભીર હોત તો, તમારા હાથ પગ કે માથું ભાંગી શક્યાં હોત, એવો વિચાર કરી તમે સાવચેત થઇ જશો. તમારી ચારે કોરની વિપદજનક પરિસ્થિતિ પ્રત્યે તમારી ભિતરનો તમારો ઊંઘતો 'હું' જાગ્રત બની ઊઠશે, વિચારશે, 'જીવતા રહેવું કેટલું સારું છે !' ત્યારે વખતે તમે બીજા માણસો સંબંધે જરાક સચેતન બની જશો – અને કહેવાય નહિ વખતે તમને એ વાત પણ યાદ આવી શકે કે આજે ઓગણીસો ઓગણસિત્તેરની સોળમી જુલાઇ છે, અને એ જ તો છે તમારા લગ્નની તારીખ ! જે તમે સદંતર ભૂલી ગયા હતા. આ વર્ષે તમે ચાળીસ પૂરાં કર્યાં, ત્યારે મહાશય વિચાર કરી જો જો કે આ યુદ્ધ અને વિપ્લવહીન ભારતવર્ષમાં એક નિસ્તેજ બપોરે રસ્તા પર કેળાની છાલ નાખી મેં તમારો ઘણો બધો અપકાર નહોતો કર્યો.

તમે શું હજી પણ ચંદ્રની વાત વિચારો છો ? અને પેલા ત્રણ દુ:સાહસિક માણસોની વાત ! નહિ જ વિચારતા હો. કહેશો પણ ખરા કે એનો વિચાર કરવાની અમારે શું જરૂર છે ! અમસ્તો જે માણસ આટલો બધો લેવાદેવા વિના ઉત્તેજીત થઇ જાય, તો પછી એને થોડા વખત પછી અતિશય અવસાદ ઘેરી લે. એમની પાસે ઘણાં સારાં સારાં યંત્રો છે. તેઓ બરાબર ચંદ્ર પર ઊતરી શકશે, એ પછી પાછાંય બરાબર આવી જશે. પણ એનો વિચાર કરી તમે નકામા ઉત્તેજિત કે અન્યમનસ્ક નહિ થાઓ. રસ્તા પર જોઇને ચાલો. રાજભવન સામેના વળાંક વળશો કે જોશો કેવું સુંદર વિશાળ મેદાન, ખુલ્લું આકાશ. આસપાસ જે બધા લોકો ચાલે છે એમને પણ જોઇ લેજો, સંભવ હોય એટલા એમના ચહેરા ઓળખી રાખજો – જેથી ક્યાંય પણ એમને ફરી જુઓ તો ઓળખી શકો. આ સુંદર બપોરના મેદાનની આસપાસ હું પણ તમારી પડખે જ ચાલું છું. – મને જુઓ. હમણાં જ તો હું મારી ઑફિસમાંથી નીકળ્યો છું, આજે

જરાક વહેલો જ નીકળ્યો છું. રમત જોવા જવું છે, લાગે છે તમે પણ એ તરફ જ – નહિ ?

જુઓ કેવો બુદ્ધુ છોકરો ! – ઑફ સાઇડે ઊભા રહી સુંદર ચાન્સ ગુમાવી દીધો. હવે ફક્ત દસ મિનિટ જ બાકી છે. હજુ ગોલ થયો નથી. પેલો છોકરો – હાય ઇશ્વર, કોણે એને એવી લાલ-સોનેરી જરસી પહેરાવી છે ! એને મેદાનમાંથી બહાર કાઢી મૂકો. ઓ મોશાય, તમે એને મોટી મોટી ગાળો ભાંડી એનું ભૂત ભગાડી દો. મારી જીભે પાછા ઝટ લઇને ખરાબ શબ્દો ચડશે નહિ. પણ જુઓ, ગુસ્સાથી મારા પણ હાથ પગ ધ્રૂજે છે. આજે સવારથી જ ચંદ્ર અને ત્રણ દુ:સાહસી માનવોની વાતનો વિચાર કરીને મારા જ્ઞાનતંતુઓ સૂમ થઇ ગયા છે. એના પર આ જુઓ, ફાલતુ ટીમ, મારી ટીમ પાસેથી એક પછી એક પોઇન્ટ લેવા માંડ્યા છે – કેવું ભયંકર ! પેલી તરફ આઠ કે નવ મિનિટ બાકી છે માત્ર. શું કહો છો, દાદા ! ગોલ થશે ! કેવી રીતે થશે ! ક્ષુદ્ર ટીમના બધા જ ખેલાડીઓએ પાછળ આવી ગોલની સામે દીવાલ ખડી કરી દીધી છે. અને આ લોકો જુઓ કેવું રમે છે, કોણ કહેશે કે એમની ગોલ કરવાની ઇચ્છા છે ! આ પેલો છોકરો – ઑફ સાઇડમાં ઊભો છે, જેણે દિવસનો સૌથી સીધો સાદો ચાન્સ ખલાસ કરી નાખ્યો – મને થાય છે કે એની સામે જઇને કહું – આ મને જો, હું અરિન્દમ બસુ, આ ટીમને હું નાનપણથી સપોર્ટ કરતો આવ્યો છું. જીતે તો ભગવાનને ભોગ ધરાવું છું. હારે તો સુઇસાઇડનો વિચાર કરું છું તે બાપુ તું આમાં શું સમજે ! તને તો ખબર જ નથી કે હું આ ભીડમાં ખાસ એક વિશેષ વ્યક્તિ છું. – કેટલા બધાં દુ:ખ સાથે આંખમાં ઝળહળિયાં સાથે ઘડિયાળ ભણી જોઉં છું. હા, પણ એથી કોઇને શો ફેર પડે છે ! હું રડું કે હસું – અથવા ગમે તે કરું – મને તો કોઇ જોતું જ નથી ને.

ના, મહાશય, ગોલ ન થયો. રેફરીએ લાંબી વ્હીસલ વગાડી દીધી. રમત પૂરી થઇ ગઇ. હવે તો દયા કરી એક વાર મારી સામે જુઓ કે હું કેટલો બધો અવસાદગ્રસ્ત છું, ખભા પણ તૂટી પડવા આવ્યા છે, જુઓ હું મારી ટીમને કેટલો ચાહું છું ! પણ તેથી ટીમને કશો જ ફેર નથી પડતો. એ લોકો તો કોઇ મને ઓળખતું જ નથી. અને હું એમની પ્રત્યેક હારજીત પછી કેટલો હસ્યો છું, કૂદ્યો છું, રડ્યો પણ છું – અજાણ્યા લોકોની પીઠ થાબડી છે. અમસ્તી જ ! તેથી કોઇને કંઇ ફેર નથી પડતો. આ જે હું સવારથી ચંદ્ર અને ત્રણ માનવોની વાત વિચારું છું તેથી ઉશ્કેરાટમાં સરખી રીતે જમી પણ નથી શકતો. એથીયે બીજા કોઇનું શું બગડે છે ?

દયા કરી મને એક વાર જુઓ. ના હું જાણું છું, તમે લીગ-ટેબલ પર તમારી ટીમની આ હાલત જોઇ મૂંઝાઇ રહ્યા છો. તેમાં પછી તમારે ચંદ્ર અને ત્રણ જણાની વાત વિચારવી પડે છે. પૃથ્વીમાં કેટલું બધું બની રહ્યું છે ! સાડા ઓગણત્રીસ ફૂટ લાંબો – લોંગ જંપ – કૂદે છે માણસ. પ્રેસીડેન્ટ ગોળીથી મરી ગયા છે. તમારી પાર્ટી વૉટમાં હારી ગઇ છે. વિપ્લવ આવવાને ઘણું મોડું થઇ રહ્યું છે. તેથી હું અરિન્દમ બસુ.

બેન્કનો કેશક્લાર્ક – તમારી આટલી બધી નજીક છું છતાં પણ તમે મને જોઇ શકતા નથી.

આ જુઓ, સામે પહેલા માળની બાલ્કનીમાં, જે રેલિંગ પર ઝુકીને ઊભો છે. એ મારો ચાર વર્ષનો નાનો દીકરો હાપુ છે. ખૂબ તોફાની છોકરો છે. સવારથી જીદ પકડી બેઠો છે. રથના મેળામાં જવું છે. પપ્પા, તમે જલ્દી પાછા આવજો. એ જ અત્યારે મારી રાહ જોઇને ઊભો છે. વાંકડિયા વાળની નીચે ચમકતી બે આંખો, હું એને આટલે બધે દૂરથી પણ જોઇ શકું છું.

હજુ મેં દાદર પર પણ પગ મુક્યો જ હતો કે એ ઉપરથી ધડધડ કરતો નીચે ઉતરી આવ્યો – એની મા ઉપરથી બૂમો પાડે છે – "હાપુ–ઉ–ઉ ક્યાં ગયો, ઓ હા–પુ–ઉ." હસીને હાપુ મારા પર કૂદી પડી બોલ્યો, "કેટલું મોડું કર્યું પપ્પા, જવું નથી ?" હા, મોશાય, બહારથી પાછો ફરી જ્યારે મારા પોતાના લોકો વચ્ચે આવી પહોંચું છું ત્યારે જીવને નિરાંત થાય છે. કુમળા દીકરાને મેં ઊંચકી લીધો. એના શરીરમાંથી મીઠી પસીનાની વાસ, શિયાળાના તડકા જેવું મીઠું નવસેકું નરમ શરીર. એમાં મોં ડુબાડીએ તો લાગે જાણે એક અદૃશ્ય સ્નાન કરું છું. મેં કહ્યું, "જવું છે ને, બહુ ભૂખ લાગી છે, જરાક આરામ કરી જમી લઉં."

જેટલી વાર મેં આરામ કર્યો એટલી વાર હાપુ મારા શરીરને ચીટકીને જ રહ્યો. ઉત્તેજિત થઇ બોલ્યો, "જલદી કરો." એની માએ ધમકાવવા માંડ્યો, એ જોઇ મેં ખૂબ મમતાથી કહ્યું, "અરે, વઢ મા, બાળક તો છે." અસલમાં એનો એ નાછોડબંદા વળગી રહેવાનો ભાવ મને ખૂબ ગમે છે.

ખૂબ મસ્તીખોર છે છોકરો. મેળામાં પગ મૂકતાં જ એ હાથ છોડાવી દોડી જવા માગંતો હતો. મેં કહ્યું, "એમ ન કર, હાપુ. મારો હાથ પકડી રાખ. મારો હાથ ઝાલીને ચાલીશ તો તું સરખી રીતે મેળો જોઇ શકીશ."

એ કેવળ આમ જુએ તેમ જુએ. પછી ઘાંટો પાડી પૂછશે, "પેલું શું છે પપ્પા ! ત્યાં !" હું એને દેખાડીને કહું, "એ ચકડોળ છે. પેલો સરકસનો તંબુ છે, અને પેલો મોતનો કૂવો."

આખો એક તળેલો પાપડ લઇ હાપુ ચકડોળમાં ચડી બેઠો. એ જુઓ, પેલો દેખાય છે. – આકાશની અડોઅડ પહોંચી હી - હી કરી હસી હાથ હલાવે છે – સાંઇ કરીને પાછો નીચે ઊતરી આવે છે. – ફરી ઉપર જાય છે. અને આખો વખત મારી સામે જોઇને હાપુ હસે છે. જોઇને મન ખુશીથી છલકાઇ જાય છે.

મોતના કૂવાના ઊંચા પ્લેટફોર્મ પર ઊભા રહી મેં એને દેખાડ્યું કે ભયંકર અવાજ સાથે ચક્કર મારી મારીને તીવ્ર વેગે મોટર સાયકલ ઉપર ચડતી હતી. એ મને જોરથી વળગી પડીને જોતો હતો.

એ પછી અર્ધો કલાક અમે બંને જણાએ સરકસ જોયું. બે માથાંવાળો માણસ, સીંગીંગ ડૉલ, આઠ ફૂટ ઊંચો માણસ. હાપુ તો અવાક્ બની જોઇ જ રહ્યો. આંખો

એની ચમકતી હતી.

બહાર આવી મેં એનો હાથ છોડી દીધો. એ મારી પડખે ચાલવા માંડ્યો. એના હાથને પકડેલો મારો હાથ પસીનાથી ભીંજાઇ ગયો હતો એટલે જ હાથ છોડ્યો હતો.

એને મેં જેવો છુટ્ટો મૂક્યો કે એ આગળ અને આગળ ચાલવા માંડ્યો. દુકાનમાં ગોઠવેલી એક ઢગલો સીટીઓ વાંકો વળી જોતો હતો. ફરી આગળ જઇ બીજી એક દુકાન સામે જઇ ઊભો રહ્યો, જ્યાં એરોપ્લેન, વિમાન દોડતાં હતાં. એ પછી એ ધીમે ધીમે આગળ વધી રહ્યો હતો. એર ગન અને રંગબેરંગી બોલ જોતો એ ધીમે પગલે આગળ વધતો હતો. ક્રમે ક્રમે ભીડની અંદર ચાલ્યો ગયો હાપુ. હું ત્યારે મારી ટીમનો વિચાર કરતો હતો. – અમસ્તો જ ફોગટમાં એક પોઇન્ટ ગુમાવી દીધો – આજે. ચંદ્ર ભણી જઇ રહ્યા હતાં ત્રણ માનવો – તેઓ શું પહોંચી શકશે ! અચાનક ખ્યાલ આવ્યો કે હાપુ ક્યાંય નહોતો નજરે પડતો. ભીડમાં એક સેકન્ડ પહેલાંજ મેં એનું બ્લુ શર્ટ જોયું હતું. તે જ વખતે ટપ લઇને એ અદશ્ય થઇ ગયો. 'હા–પુ–ઉ–ઉ !' કરીને મેં બૂમ પાડી અને હું દોડ્યો...

હા, મહાશય, તમે કોઇએ જોયો છે બ્લુ શર્ટ પહેરેલો એક ચાર વર્ષનો બાળક ! એનું નામ હાપુ, ખૂબ તોફાની છોકરો છે : નથી જોયો ? વાંકડિયા – વાંકડિયા વાળ, તોફાની મસ્તીખોર આંખો... ના, ના એ રમકડાંની દુકાન પાસે ઊભો છે એ નહિ – જો કે લગભગ એના જેવો જ છે. કેવળ કહી શકું છું કે એની ઉંમર છે ચાર વર્ષ. અને બ્લુ શર્ટ પહેર્યું છે. તે બ્લુ શર્ટ પહેરેલા તો અહીં બહુ છોકરા છે, ચાર વર્ષનાં પણ ઘણા બધા છે. ના, મહાશય, મારે માટે એથી વધારે ચોક્કસ રીતે બોલવું શક્ય નથી – આ હજારો બાળકોમાં ઠીક કોણ – ઠીક કોણ મારો હાપુ છે – અને લાગે છે હાપુ માટે પણ એ કહેવું શક્ય નથી કે આટલા બધા લોકોમાં ઠીક કોણ માણસ – ઠીક કોણ – તમે ન સમજ્યા ! એની મા પણ એક વાર ચોક્કસ રીતે કહી શકી નહોતી. જો હાપુને જુઓ તો દયા કરી એક વાર કહેજો કે, આ હું – આ હું જ એનો પપ્પા – આ મને જરાક જોઇ રાખો દયા કરીને – કાઇન્ડલી, ભુલી ન જતા.

પશ્ચાદ્ભૂમિ

દેવેશ રાય

આજે આખો દિવસ આડેધડ પવન ફૂંકાયો છે. આખો દિવસ ચૈત્ર મહિનાની જેમ ફૂંકાયો છે. આડેધડ – આખો દિવસ. ક્લાસ પૂરો કરી કૉમન રૂમમાં જતી વખતે વિનયની નજર એમની સ્કૂલની ઉત્તરે આવેલા મકાન પર પડી હતી. કોમનરૂમમાંથી ક્લાસમાં જતી વખતે વિનયની નજરે પડી હતી યુકેલિપ્ટસનાં ઝાડની ટોચ. – અહીંથી કબ્રસ્તાન તો નથી દેખાતું, જેનાં (પૂર્વ-દક્ષિણ એટલે કે) અગ્નિ ખૂણામાં આ ઝાડ છે.

એ જ પવનને લીધે પાણીનો અંશ વધુ પ્રમાણમાં શરીરમાંથી ઊડી જવાથી ચામડી બધી શુષ્ક, ખરબચડી અને મોં પર હાથ ફેરવે તો લાગે જાણે તાવની વાસ; પણ જો કપડાં સાફ ધોયેલાં હોત, ધોબીનાં ધોયેલાં આજે જ પહેર્યાં હોત, દાઢી આજે કરી હોત – તો ચામડી આટલી સુક્કીને ખરબચડી ન લાગત.

સ્કૂલની ઉત્તર તરફના મકાન પર આકાશ સિવાય કશું જ નહોતું; યુકેલિપ્ટસનાં ઝાડથી ઊંચું કશું જ નહોતું. એ આકાશ અને યુકેલિપ્ટસ સંપૂર્ણ ન રહ્યાં. શૂન્યતાને સ્પષ્ટ રીતે વ્યક્ત કરી. ગુરુદશાગ્રસ્તની ઉપસ્થિતિની પાછળ હોય છે એવી શૂન્યતા. જાણે કંઈક ત્યાં હતું અને હવે નથી. સમાપ્ત નાટક-જાત્રાની બેઠક સમી – આ શૂન્યતાને વિનયે પોતાનાં અસ્તિત્વ સાથે એટલી બધી ભેળવી દીધી છે કે કસમયની વાસંતી હવાથી એનું મન બનવું જોઈએ એટલું ચંચળ – આનંદિત ન બન્યું. અને એને લાગ્યું કે એના દેહ અને મનમાં એક વાર કંઈક મોજૂદ હતું, પણ તે અત્યારે અતીત બની ગયું છે. મેદાનમાં અશોક છોકરાઓ સાથે ક્રિકેટ રમતો હતો. અશોકે પહેરેલાં પેન્ટે અને વિકેટની આગળ તૈયાર થઈને ઊભા રહેવાની ઢબે, વિનયનું મન જીતી લીધું હતું. વિનય કાળા પાટિયા પર સફેદ ચોકથી પોતાના હાથે ચિતરેલા ઝાડની ડાળ પર ઊડવાને તૈયાર થયેલા પક્ષી તરફ જોઈ રહ્યો હતો. પછી બારણા પાસે આવી, મન ફાવે એમ આડેધડ ફૂંકાતા પવનમાં ઊભો રહ્યો હતો. આજે સવારે જો દાઢી કરી હોત, કપડાં આજે ધોબીનાં ધોયેલાં પહેર્યાં હોત , તો વસંતનાં આ વાયરાને એ આમંત્રણ રૂપે ગ્રહણ કરી શકત. જલીય પદાર્થ ઊડી જવાથી ખુશ્ક – સૂકા ચહેરા પર, ફાટેલા ગાલ પર પવન લાગવા દઈ આંખો સંકોચી વિનય જાણે પોતાનું નુકસાન કરતો હતો. વસંતનો વાયરો એ દક્ષિણ – મલયાનિલ. અને આ છે ઉત્તર બંગાળ.

દક્ષિણમાં છે સમુદ્ર, સમુદ્ર કાંઠે કલકત્તા, કલકત્તાથી આ પવન આવતો હતો. એવો અનુભવ જાણે વિનયને નાહક બરબાદી ભણી ઠેલતો હતો. પછીના પિરિયડમાં એણે બ્લેકબોર્ડ પર કેવળ રકાબી પર કપ જ દોર્યો હતો.

સાંજનો પવન પડવા માંડ્યો હતો. કૃષ્ણ પક્ષની પ્રથમાનો ચાંદ આકાશમાં – લટકતો હતો. પડતા પવનમાં રાતની કડકડતી ઠંડી. રસ્તાનાં ધૂળ રેતી સાફ.

સેન્ડલની એવી હાલત હતી કે ચાલતી વખતે પગલાંનો એક વિશિષ્ટ જાતનો અવાજ થતો હતો, લંગડાતા પગેથી થાય એવો. જે લોકોની ભીડમાં ન સંભળાય, પણ સાંજે ભીડ ઓછી થતાં એ વિનયને કાને સ્પષ્ટ સંભળાતો હતો. – અવિરત અને અર્થશૂન્ય.

પગલાંનો અવાજ કાને પડતો હતો. ગંભીર રાતે અચાનક ઊંઘમાંથી જાગતાં જેમ ઘડિયાળનો અવાજ સંભળાય – અભ્યસ્ત, વ્યતિક્રમહીન, અર્થશૂન્ય. એવો જ એકધારો, નિશ્ચિત અને વિરક્તિહીન હતો કે વિનયને થયું કે આ ક્યારેય અટકશે જ નહિ, ચાલ્યા જ કરશે. વિનય અચાનક એક વાર અટક્યો, પદરવ પણ અટક્યો. તો પછી આ તો પછી આ તો મારાં જ પગલાંનો અવાજ છે. મારા જ ચાલવાનો, મારો જ. આ નિર્ણય પર આવી વિનયે ફરી ચાલવા માંડ્યું. લંગડાતો ક્રોધરહિત, અભ્યસ્ત, બદલાશે નહિ, અટકશે નહિ. હમણાં જ સેન્ડલને સરખાં કરાવી લઈશ. હમણાં જ ચારે કોર અને સામે નજર ફેરવી. કોઈ ઉપાય નહોતો. કલકત્તા હોત તો સહુનાં પગલાંના અવાજમાં મારા પગલાંનો અવાજ ઢંકાઈ જાત. – અહીં બીજા કોઈનાં પગલાંના અવાજ નથી. મુમૂર્ષુ રોગી જેમ પોતાના રોગગ્રસ્ત શરીરને સંકોચે, ફેલાવે, હાથ હલાવે, આંખો પહોળી કરે, અત્યંત અનિવાર્ય, કશીક નિરુદ્દેશ માગણી કરીને પછી બીજી જ પળે ખૂબ જ થાકી જઈને અશક્તિને લીધે ગાઢ બેહોશીમાં ઢળી પડે એ જ રીતે જોડા સમારવાની એ માગથી પહેલાં તો વિનય આતુર અને આકળો બન્યો, પણ પછી બીજી જ પળે દુર્બળ અને ઢીલો પડી ગયો.

એક જ અવાજ, એક જ, અંધારું હોય કે અજવાળું હોય, કૃષ્ણ કે શુકલ કોઈપણ પક્ષ હોય, દાઢી કરી હોય કે નહિ, એક જ અવાજ. જો લોકો હોત – નથી – તેથી – છકડા ગાડી છો ચાલે, બળદ ગાડી છો ચાલે, કચુડ કચુડ છો રડે, કચ કચ છો રડે, માનનેવાલા નહિ, ખબરદાર કરવાવાળા નહિ. કોઈ નોકર નહિ, કોઈ માલિક નહિ. સબ હૈ પબ્લિક, છપા–ક છપાક. તાવથી પિડાતા દરદીની જેમ કેટલાક કર્કશ શબ્દો ઉચ્ચારીને વિનયે જાણે પોતાની જ અનુભૂતિઓને મુક્ત કરવા ચાહી. અને પગલાંનો અવાજ પરથી જ એને યાદ આવ્યું, આ પગલાંના અવાજ રોકવાની કોઈ પ્રક્રિયા એને ખબર નથી. આ શહેરને પણ ખબર નથી. તેથી છપા–ક છપાક છો ચાલે.

પોતાના આખા દિવસની અનુભૂતિને અને ખાસ કરીને આ સાંજની વેળા, રસ્તે ચાલતી વખતે, એ જ ભાષામાં પ્રકટ કરી, વિનયના પેડુમાંથી કંઠ સુધી ભળ ભળ કરતો હાસ્યનો એક ઊબકા જેવા ભાવનો ગોટો ચડવા માંડ્યો.

હસવાના લોકાચારને ભૂલીને વિનયે જીવજાનથી એક દારૂડિયા જેમ હસવાનો પ્રયત્ન કર્યો. લાગે છે હાસ્યમાં એનો આશ્રય દુર્ગંધ સૂંઘવાનો હતો. ઓડકારની પ્રથમ કોશિશ વખતે એ અટક્યો નહિ. કારણ ત્યારે એ વિચાર કરતા હતો. અન્નપ્રાશનના દિવસથી માંડીને આજ સુધીમાં પેટમાં કંઇ કમ વસ્તુઓ નથી ગઇ. સડીને સડીને ઢમઢોલ થઇ ગઇ હશે. આહા ! ક્યા બાત ! લગાઓ પ્યાજ – આલુ કબાબ, સાંજની વેળા, વિચાર પૂરો કરતાં કરતાં એણે ત્રણ ચાર વાર ઓડકાર ખાવાનો પ્રયત્ન કર્યો હતો. ગળાની નળીમાં જાણે જરાક ખેંચાતું હોય એમ લાગ્યું. વિચાર પૂરો કરી ફરી એકાદ બે વાર કોશિશ કરી અને પછી ઓડકાર ખાધો. મોં ખોલવાનું ભૂલી ગયો હતો તેથી વાસ ન સૂંઘી શક્યો. આ વખતે મોં ફાડી બે વાર કોશિશ કર્યા પછી "અરે, આ શું કરે છે !" એમ કહીને પોતે જ પોતાની જાતનો ધમકાવી, અને પછી ફરી ચાલવા માંડ્યો. કે પાછો સાથે સાથે ફરી એનો એ જ અવાજ શરૂ થયો. છપા–ક છપાક, છપા–ક છપાક. અવાજ જાણે નથી સંભળાતો એમ માની વિનય વિચાર કરવા લાગ્યો "જાઉં તો છું પણ ક્યાં જાઉં છું, એનો તો વિચાર કર્યો નથી. વિચાર કર્યો છે ખરો ! ના ઘેરથી નીકળતી વખતે પણ વિચાર નહોતો કર્યો. સવારે ચા પીવા જાઉં છું ! એમ શું સાંજના પણ સુબીરદાને ઘેર જવું જ જોઇએ ! શું થશે જવાથી ? વખતે એક વાર ફરીથી છાપું વાંચીશ. અથવા બહારના ખાટલા પર લંબાવી દઇશ. અથવા, પેલી છોકરીનું શું નામ ? ગુલાબ, ટગર, જુઇ, શું ? મિની બિલાડી કે એવું જ તો છે કંઇક !

વિનયનો વિચારતંતુ તૂટી ગયો. અને દોર તૂટી ગયા પછી બીજો એક દોર હાથમાં આવી ગયો. છપા-ક છપાક, છપા-ક છપાક ને પગલાંના અવાજ સંબંધે એ બેધ્યાન હતો, એ વળી જરાક ફુરસદ મળતાં ફરી હુમલો કરી બેઠો. છપા–ક, છપાક, છપા–ક છપાક, નહિ જાઉં. નહિ જાઉં. સુબીરભાઇને ઘેર નહિ જાઉં, ગલી સામે જ હતી. તેથી ફરી એકવાર વિનયે પોતાને જ સંભળાવ્યું, "નહિ જાઉં. નહિ જાઉં." બોલતાં બોલતાં જ એ બે ડગલાં આગળ વધ્યો અને પછી અટકી વિનયે પોતાની જાતને જ ધમકાવી નાખી. "શું કરે છે આ બધું !" એ તો ઠીક છે સુબીરદાનું ઘર છે. નહિ તો આખો વખત ઘરમાં જ ગોંધાઇ રહેવું પડત.

વિનય ડાબી તરફ વળ્યો. છપા–ક છપાક, છપા–ક છપાક. આ એક ઠીક બલા વળગી છે. બધી વાતોને ગોટાળે ચડાવી દે છે આજ જઇને બાબુઇની ગીતની નોટબુકમાં ચિત્ર દોરી આપીશ, અરે હા, છોકરીનું નામ બાબુઇ, એ બાલિકાનું નામ બાબુઇ. છપા–ક છપાક, છપા–ક છપાક, એક જ અવાજ, એક જ, અંધારું હોય કે અજવાળું હોય, સુબીરબાબુના ઘર સામે આવી પહોંચી વિનય પહેલાં તો ઉદાસ થઇ ગયો. કલકત્તા માટે એને ખૂબ જ વ્યાકુળતા થઇ આવી. મા, બાપ, ભાઇ, બહેનથી ભરેલા ત્યાંના ઘરથી, ભાઇબંધ મિત્રોથી ભરેલા કૉફી હાઉસથી, લોકોથી ઊભરાતી ત્યાંની ટ્રામમાં બેસી એ જાણે અહીં આવીને ઊતર્યો. દરવાજા ખૂલે ત્યાં સુધી એકધારા થતાં પદરવને એણે અટકાવ્યો – થોડી વાર માટે. દરવાજા ખૂલે એટલી વારમાં

એનાથી નિસાસો મૂકાઇ ગયો. તે પછી ફરીથી છપા–ક છપાક, છપા–ક છપાક, એક જ અવાજ.

વિનય જાણે એક એવો ખલાસી હતો જેને કલકત્તા બંદરે જહાજ નાંગર્યા પછી, સાંજ ગાળવા માટે, બંગાળ - આસામથી માંડીને મધ્ય પ્રદેશ સુધીની વિસ્તૃત પશ્ચાદ્‌ભૂમિ પર છોડી મૂકવામાં આવ્યો હતો.

અને એ એક જ શબ્દ. અમાસ હોય કે પૂર્ણિમા હોય, શિયાળો હોય કે ઉનાળો હોય. દશ્ય એક જ. સ્થિર દશ્ય એક જ. સ્થિર દશ્ય. ચલચિત્ર નહિ ચિરકાળનું આકાશ, ચંદ્ર, તારા અને ઝાડ એ બધાં સાથે મળીને જે આ દશ્યની રચના કરે છે તેઓ પણ નિષ્પ્રાણ; અને છતાં આ સ્થિર પટ પર જ તેમને અભિનય કરવાની છૂટ હતી. અને આ પાત્ર પાત્રીઓ, સહુ જીવનને અનુકરણ કરતાં શીખ્યાં છે. અનુકરણમાં કલા નથી હોતી, જો તેઓ કલાની રચના કરત તો આ સ્થિર સનાતન દશ્ય પટ પર કેટલી બધી શોકાંતિકા કે સુખાંતિકા રચાઇ ગઇ હોત ! તેમ ન બન્યું, બધું જ પ્રહસન બની રહ્યું, – હાય રે !

એક જ, અજવાળું હોય કે અંધારું, કૃષ્ણપક્ષ હોત તો મધરાતે દશ્ય બદલાત, પણ એ ફેરફાર કેવળ સંધ્યાવેળાની સરખામણી પૂરતો જ. શુકલપક્ષની પ્રથમ રાત અને કૃષ્ણપક્ષની અંતિમ રાત પ્રાગૈતિહાસિક. અગ્નિ ખૂણાનાં આમ્રવૃક્ષ પર શિયાળાનો તડકો વિલંબિત. સૂર્ય શોધીને તો બેસી શકાય પણ ચંદ્ર શોધીને ? રસોડું લંબાઇમાં નાનું તો નહોતું પણ નીચું પણ બહુ નીચું નહિ. છાપરાનાં પતરાં બદલ્યાં નથી. મોટી દીકરીનાં લગ્ન વખતે સુબીરબાબુએ ભોંય પાકી કરાવી લીધી હતી. અને તે વખતે રેલીંગ નખાવી દીધી હતી. તે લગભગ છતને આંબતી હતી. ગૂંગળાવી નાખે એવી ઓસરીનાં એક ખૂણામાં મરજાદીની ઓરડી જ્યાં હવિષ્ય અન્ન રંધાતુ. એ ઓરડીમાં સુબીરબાબુનાં મા રહે છે. રસોડું પૂર્વ તરફ પશ્ચિમ મુખું ચોકની ઉત્તર ભણીની પ્લીંથ પર બે ઓરડીવાળું એક અને દક્ષિણ ભણી લાંબું બીજું એક ઘર.

આ એક જ દશ્ય, એક જ. અજવાળું હોય કે અંધારું. સવારનાં દશ્યો બદલાય. શરદ ઋતુમાં લાગે કે સવારને એક જરાક સ્થિર રૂપ છે – તે સિવાય તો એ ગતિમાન. ગતિમાન સવાર હંમેશા બદલાયા કરે, બદલાયા કરે. બપોર ડૂબકી મારી ક્યાં સરકી પડે ખબરેય ન પડે. સાંજ તો જાણે પડી એવી જ પૂરીયે થઇ જાય. જાણે પડી જ નથી. મમરાની વાડકીમાંથી સસ્તા ખોપરેલની વાસ આવે. મિનુને સાંજે પણ વાળ ઓળવા પડે. વાળ ન ઓળે તો મિનુ બહાર જાય શી રીતે ? અને મિનુને બહાર તો જવું જ પડે, કેમકે મિનુ પંદર વરસની છે. દાદાને, સ્કૂલેથી આવ્યા પછી, મિનુના દાદાને – મને, વિનયને ગોળ મમરા આપ્યા વિના એ જાય શી રીતે ? તેથી મિનુના હાથની ખોપરેલની વાસ મારી મમરાની વાટકીમાંથી આવે. અરે રે ! મિનુને કેટલું કષ્ટ. મિનુને કેટલી પરેશાની ! સાંજની વેળા, અત્યારે આ સાંજે સૂતિકા ઘરની જેવી બહારની નીરવતા. બધે જ ! શું બંદરની પશ્ચાદ્‌ભૂમિ ચિરકાળ આવી સ્મશાન સદૃશ

જ ! કે પછી આ ઘરમાં ! કે પછી મારા ઘરમાં ! અને મારા મનમાં શું આમ જ છપા–ક્ છપાક્, છપા–ક્ છપાક્ બધાં જ ચાલે છે. આ ઘર અને અમે આ ઘર-ગાડીનાં મુસાફરો. ક્યારે એ સ્ટેશન આવશે !

બે ઓરડીવાળા ઉત્તર તરફના ઘર પાસેથી અંદર દાખલ થવાનો પતરાંનો દરવાજો છે. ઘરની ત્રણ બાજુ ઘણી બધી બારીઓ, પશ્ચિમ તરફની દીવાલને અડીને રાખેલા બાબુઇના ટેબલ પર એક સરસ્વતીની છબી છે. અને માથું દુઃખવાની દવા છે. બાલિકાનું માથું દુઃખે છે. ભણવાના ટેબલ પર ફાનસનો પ્રકાશ. દરજીડાના માળાથી ફાનસ ઢાંકી દીધું છે, તેથી ફાનસ દેખાતું નથી પણ પંચદશી કે ષોડશીની ચારે તરફથી પ્રકાશનો સ્રોત પૂર્વની બારીમાંથી બહાર આવે છે. કોઇ દર્શક હોત તો જોઇ શકત – બાબુઇના ટેબલ પરના ફાનસનો પ્રકાશ પૂર્વની બારીમાંથી ચળાઇને આ પતરાંના દરવાજા પર એક ધુમ્મસ જેવી પ્રકાશની આભા રચે છે. જો કોઇ દર્શક હોત તો જોઇ શકત – આ ફાનસના પ્રકાશની અંદર બાબુઇના ચહેરાની સીમારેખા દેખાય છે. (એ શું પવિત્રતાનું વલય છે ! અને છતાં એ રેખામાં ગોળત્વનો ઈંગિત ઇષિત્ ભાંગ્યા તૂટ્યા અવયવનું વિશેષત્વ.) અને એમાં ઊડતા વાળ. બાબુઇને ખબર નથી કે એ એક છબી છે. છબીને ખબર નથી કે એ એક છબી છે, દર્શકને ખબર છે કે માણસ એક છબી બની શકે. કવિને ખબર છે કે માણસ છબી બની શકે. બાબુઇ રવીન્દ્રનાથ ઠાકુરનું એક ગીત ગાય છે – "તું શું કેવળ છબિ ?"

પતરાંના દરવાજામાંથી દાખલ થઇ કૂવાકાંઠાની પાળ અને ઉત્તર તરફની દીવાલની વચ્ચોવચ્ચ અંધકાર વાંસની વાડ પર આંકેલી એક બારી અને એના સળિયા. બારી સામે ટેબલ, ટેબલની સામે ચંદન. ચંદનની આંગળીનું ટેરવું એનાં આગલા દાંતમાં ખોસેલું છે. ફાનસનો પ્રકાશ એના ચહેરા પર પ્રકાશ-છાયા પાથરી ચરિત્ર રચના કરે છે. પ્રકાશ-છાયાનાં સ્વેચ્છાકૃત પતનથી શું ચરિત્ર આવે ! ફાનસ જમણી તરફ છે, ચંદનનું નાક ઊંચું છે તેથી ડાબી આંખના ખૂણા પર અંધકાર છે. સેન્ડો કટ ગંજી ફરાક, પહોળું કાંડું. ખેલાડી જેવા ટૂંકા વાળ, હડપચી દૃઢ, તો પછી આંખો કેમ આમ અદૃઢ ! ચંદન નખ કેમ કરડતો હતો ! સામેની બારીમાંથી બહાર આવતા પ્રકાશના સ્રોતમાંથી દૂર સરી જતાં માણસનાં કેવળ માથાં, ધડ નહોતાં. ચંદન શું કરતો હતો !

એ પછી નાનકડા આંગણાની ડાબી તરફ રસોડું. રસોડાની ઓસરીમાંના હવિષ્યાન્ન રાંધવાની ઓરડીની અંદર કૂપી-ડબ્બાની અસંયત શિખા પડછાયો પાડતી, લૂછતી, પ્રકાશ પાડતી, લૂછતી, વાડની ફાંકમાંથી ને ફાટમાંથી દોરા જેવો પ્રકાશ રસોડાની નીચી – છાપરીનો પડછાયો પાડી શકત, જો પડછાયાને પકડવા માટે આકાશ નીચે ઊતરી શકતું હોત તો. નીચે, બરાબર છાપરીના માથા પર. ઓસરીના એક ખૂણામાં છાણાં, લાકડાં, ગુણપાટ, કોલસા – અંધકારમાં એકબીજાને વળગેલાં, પ્રકાશની આકસ્મિકતાથી ત્રસ્ત – વાર્તાના મુસાફરખાનાના પથિકોનાં સરસામાન

જેવાં. હવિષ્યની ઓરડીની અંદર એક નાનકડા ચૂલા પાસે બેસી સુબીરબાબુનાં પત્ની રાંધતાં હતાં. કૂપીના પરિચિત પ્રકાશમાં ચૈત્રના પવન જેવા કંપનમાં સુબીરબાબુનો ત્રીસ વર્ષથી ઘરસંસાર ચલાવતાં પત્ની અચાનક આમ અપરિચિત કેમ બની જતા હશે !

ગોધૂલિ સમયે તો સઘળું જ સ્પષ્ટ. સંધ્યા ટાણે અપસૃત ? વિચાર કરો સંધ્યાવેળા. વિચાર કરો. સંધ્યાવેળાએ વિચાર કરવો જ પડશે. હું હવે વિચાર કરીશ. ભાભી સાથે એકાદ બે આડી અવળી વાતો કરી, દક્ષિણ તરફની ઓસરીમાં પડેલી ચોકી પર લંબાવીશ. અને સૂતાં સૂતાં વિચાર કરીશ – શું શું વિચાર કરીશ એય તે વિચારી રાખ્યું હતું, અને અત્યારે શું વિચારું છું !

"કોણ ?" ભાભીનો અવાજ સાંભળીને જ એમની આંખોના ભાવ કળાઇ જાય. નાનકડા ઊંચા પાટલા પર ઘૂંટણ ઊભા રાખી બેઠાં હશે. ઘૂંટણ પર બંને બાવડાં ટેકવેલા, જમણા હાથમાં તાવીથા જેવું કંઇક. ડાબા હાથમાં શું ? પગલાંનો અવાજ સાંભળતાં જ કમરની ઉપરનો ભાગ ટટ્ટાર કરી લીધો હતો. ગરદન પણ ઊંચી કરી હતી.

"હું વિનય." રસોડાનાં પગથિયાં પર વિનયે પગ મૂક્યો.

"વિનય ! આવો. ઘેર બધાં મજામાં ?" વિનયનો જવાબ કાને પડતાં જ ભાભીનું ઊદર્વાંગ ફરી શિથિલ. ડાબા હાથેથી ચૂલામાં લાકડું ખોસ્યું, કેટલાક તણખા ઊડ્યા. આંખો ઝીણી કરી મોં આઘું ખસેડી લીધું, પૂછેલા સવાલના ભાવ આટલી વારે ફરી મોં પર લાવી વિનય ભણી તાકી રહ્યા. વિનય હંમેશા આ સવાલના જવાબમાં એક "હં" બોલી ઊંબરા પર બેસે. ભાભી આ સવાલ રોજને રોજ શા માટે પૂછતાં હશે ? આદત ! રોજ એકની એક વાત. એકની એક જ. બેલાને લાગે છે એ સમજાતું નહિ હોય. તેમના મનની ઘનિષ્ઠતા જ અવાજમાં દૂરત્વનો સૂર આણી મૂકે છે.

"બે – સો" – બેઠેલા વિનયને ભાભીએ કહ્યું. વિનયે એક સળી લેવા માટે હાથ લંબાવ્યો. હાથમાંની સળી વડે જમીન પર હાથેથી આડી અવળી રેખાઓ આંકવા માંડી. ભાભીએ સળી પણ જોઇ અને આડું અવળું ચિતરામણ પણ. વિનયે સળી ફેંકી દીધી.

"સ્કુલે ગયા'તા ?" ભાભીનો સવાલ. એ પછી પૂછશે "આજે શું ખાધું ?" તે પહેલાં હું ઊઠી જઇશ. અને જો બીજું એકાદ જણ આવી ચડે તો ભાભીની વાત મજાની જામે. એમને પોતાને કંઇ જ વાત કરવાની નથી હોતી. બાપને ઘેરથી, પિયરથી જે થોડી ઘણી વાતો, ત્રીસ વર્ષ પહેલાં શીખી લાવ્યાં હતાં – એ તો બધી પહેલાં પાંચ વર્ષમાં જ પૂરી થઇ ગઇ હતી. અહીં આ ગામડિયા શહેરમાં વાતો શોધીયે ન જડે. વાતો જ્યાં જન્મે એ સ્થાન ભાભીમાં તૈયાર જ નથી થયું. ભાભી આમ શા માટે જુએ છે ? એ ભદ્ર મહિલાના દેખાવમાં એક કૈશોર્ય છે, તે જોઇએ તો જ સમજાય. બાબુઇ ચંદન – સોના – રૂપા – મીરા – આ બધાં નામો એમણે પાડ્યાં શી રીતે હશે ?

અત્યારે તો નથી, કેમ ? ચૂલાનો તાપ ? આંખોમાં ધુમાડો !

"સુબીરદા નથી આવ્યા ?" વિનયે ઊભા થઇને ભાભીને પૂછ્યું, "ના, તમે ક્યાં ચાલ્યા?"

ભાભીએ ચૂલા સામે નજર રાખી વિનયને પૂછ્યું.

"પેલા ઓરડામાં બેઠો છું – સુબીરદા નથી આવ્યા ?"

"ટ્યૂશન કરવા ગયા છે."

શુંયે વિચારવાનું મેં નક્કી કર્યું હતું ! સાંજની વેળા વિચારવાનો ઇતિહાસ હોય છે. પ્રથમ અધ્યાય – સોના-રૂપા-મીરા તથ્યનો અભાવ. દ્વિતીય અધ્યાય – બાબુઇ. તૃતીય અધ્યાય – હું. ચતુર્થ અધ્યાય – ભાભી. પંચમ અધ્યાય – સુબીરદા. બાબુઇ શું વિચાર કે છે !

બાબુઇએ મને સુચિત્રા મિત્રનું એક ચિત્ર દોરી દેવાનું કહ્યું હતું. પણ મેં દોર્યું નથી. દોરવાનો પણ નથી. બાબુઇ તું ભણવાનું છોડી દે, ગાવાનું છોડી દે. કપડાં બપડાં ધો. રસોડું ધો. રસોઇ કરતાં તારા હાથમાં હળદરની વાસ આવે. તારાં અંગ પર હળદર ચોળી, લાલ સાળુ કપડાંના "સ્વાગતમ્'ની નીચે થઇને તું 'વિગતમ્' હો. નહિ તો તું મરી જઇશ. જા મર. વિનયને હસવું આવ્યું. પેટમાં નહિ હોઠ પર. બાબુઇ બસુ – મરવા આવી છો ? કોણ બચાવશે ! સાંજને ટાણે આવા બધા ખરાબ વિચાર કરવાની મનાઇ. દક્ષિણ દ્વારે જવાની મનાઇ. દક્ષિણ તરફનું બારણું ખૂલ્યું. મર્યા જ સમજો. વિનયને પોતાનું હાસ્ય બહુ દિવસના પથારીવશ બીમારીના હોઠના હાસ્ય જેવું લાગ્યું. તેથી જ કેવોયે રોગથી પીડિત વિચાર આવ્યો, પણ સંધ્યા ટાણે સરસ્વતીની છબી પાસે માથું દુઃખાવાની દવા તરફ જોઇ બાબુઇ શું સુચિત્રા મિત્રનો વિચાર કરતી હતી ! કરતી હશે. પછી અત્યારે જે એની વય છે, બીજા પણ વિચારો કરી શકે. બધા જ વિચાર ભેગા કરવાથી મન મોટું બધું થાય, મન મોટું થઇ થઇને.... બાબુઇએ સુચિત્રા મિત્રનું ચિત્ર માગ્યું છે, દોરી આપીશ – તે પહેલાં પેલું ગીત સાંભળવું પડશે – "હવે રાખોના અંધારે મને જોવા દો – "બાબુઇ તારું 'પોતાનું' ક્યાં છે ! મને દેખાડીશ ! મારું 'પોતાનું' તો ખાલી–ખમ, કોઇ જ નથી. આખું જીવન જાણે શૂન્યની શોધ, હાય રે,

"વિનય, ચા કરી દઉં ?"

"ના."

બેલા આટલી વાર સુધી શું વિચિત્રભાવે કંઇક વિચારતો હતો ? ના, બેલા વિચાર નથી, શરીર છે. ચૈતન્ય નથી, અસ્તિત્વ છે. હું પણ એ જ છુ. વ્યક્તિને વ્યક્તિત્વ હોય, વ્યક્તિ નગરમાં રહે. મારાં છવ્વીસ વર્ષનાં પાપ છે. મેં પંદર વર્ષની સરળતા ચાહી છે. બાબુઇ ગીત ગા ને પેલું ! – "મારા પોતાનાને જોવા દે."

અહીં સ્ટિમ્યુલેસ, શરીરનું કે મનનું ? ક્યાં છે મન ! થોડું સરખું ઘાસ, આટલું કોમળ ! પાતળું – મન, તું ક્યાં છો ? ઓ મન, ક્યાં છો ? મન રે, તું મારા દેહમાં

આવ ! આવ ! આવને ! મારા એ સુકાયેલા દેહમાં ઝંઝાવાત ઉતારતું આવ. મન, તું ઊતરી આવ, આવ.

મનની વાતમાં ઝંઝાવાતનો વિચાર આવતાં જ આકાશ – સમુદ્ર – પહાડ સર્વ એના મનમાં ભળી અને એના મનમાં એક અજબ ચિત્ર બની ગયા. આટલી બધી ઝીણી ઝીણી બૂમાબૂમ સાંભળતાં સાંભળતાં કંઈક મોટું ખોવાઈ જાય. ઘણું વિસ્તૃત વાઈડ વાઈલ્ડ (વાઈડની સાથે મળતો આવતો શબ્દ વાઈલ્ડ) મનમાં આવ્યો. વિનયે તે જાણવા છતાં પણ એને રદ કર્યું નહિ ! વાઈડની અંદર વાઈલ્ડનેસ તો હોય જ ને ! કશું જ ન હોય તો પછી ચિત્ર દોરવાની ઈચ્છા ક્યાંથી જન્મે ! અહીંનું ચિત્ર, ફાનસની ચારે કોર ભૂતાવળ સમા ચહેરા, બાળકોને ઓળખી ન શકાય. મનુષ્યના શરીરની રેખાનાં ઈંગિત, રંગ, લાઈનનાં ઉજાસથી ઉજ્જવળ રંગની છાયા પડે. અથવા ભાભીની કમરની ઉપરના અંશનું અચાનક વ્યગ્ર બની ઊઠવું, કોઈનાં પગલાં સાંભળી, દ્રોણલતા જેવી રેખા. બે પગ વચ્ચે મોં રાખી બેઠેલાં કૂતરાએ અચાનક આંખો ઊંચી કરી. પ્રાણી પણ સુંદર, આંખોમાં માનવતા. પણ ભાભીના દેખાવમાં જે કૈશોર્ય હતું તે ક્યાં ગયું ? વિનય આંખો બંધ કરી જાણે કંડારેલી –મૂર્તિની લુપ્ત રેખા શોધતો હતો, કઈ રેખામાં ભાભીનું કૈશોર્ય હતું ?

ખૂબ ચમકતા રંગનું મોટું કશુંક પહોળું કશુંક, મસ્ત કશુંક, મસ્ત કશુંક, સામેની બધાં જ વિષયોની રેખા સંકીર્ણ અને વર્ણ નિષ્પ્રાણ. સુચિત્રા મિત્રની છબીમાં બાબુઈ શું જોવા માગતી હતી ! હું શું જોવા માગુ છું ? "જોવા દો, મારા પોતાનાને જોવા દો.

ગગનેન્દ્રનાથ ઠાકુરની આંકેલી યક્ષપુરી – (અસ્પષ્ટ પ્રકાશ, ત્રિકોણ પ્રકાશ – છાયા – પાતથી ક્યારેક સુવર્ણ સ્તંભનું ક્યારેક માનવ શરીરનું ઈંગિત નંદિનીની પ્રસારિત કેટલીક આંગળીઓ. લાલ કરેણના ગુચ્છ, અસંભવ જટિલ, અસંભવ નહિ.) અવનીન્દ્રનાથનો શાહજહાં – (ખૂબ ઉદાસ, ફિગર, જાણે છે કે નથી, રેખાઓ જાણે ભૂંસાઈ જશે, શિયાળામાં જેમ આયના પર ઊચ્છવાસ પદદો, સૂક્ષ્મ, સહેવાય નહિ, સહેવાય નહિ.) રવીન્દ્રનાથનું નૃત્ય (પ્રાચીન મિસરની એલિમેન્ટાલિટિ તો જોઈએ જ, ઓહ, એ-લિ-મે-ન્ટ-લ, હિબ્રૂ મંત્રોચ્ચારણ, એ-લિ-મે-ન્ટ-લ. લાઉડ રેખા, પણ રંગ આટલા જટિલ કેમ ? ભંગિમા ક્રમશઃ શયતાનની આરતિ જેવી કેમ ? અને ચહેરા પર જાણે મૃતદેહના આધારે ચીતરેલાં ગાત્ર – ચિત્રની અમાનુષિકતા, મરી ગયેલાં જીવતાં થયેલાં બધાં ક્યાં ? લાઉડ રંગમાં, લાઉડ રેખામાં – બાબુઈ, એટલા માટે તો તારું ગીત મને આટલું બધું ગમે છે. લાઉડ અવાજ, ઉદાર, ઉદ્દાત, સુચિત્રા જેવું, બાબુઈ તું સુચિત્રા મિત્ર થઈશ ?)

નંદલાલ બસુના શિવ (ના ના ના રે ના અન્નપૂર્ણા જેને ઘેર એ શું અન્ન માટે રડે ? એ તો ભારે વિપદ. વિપદ જ તો ! ના, નારે, ના) યામિની રાયનું જન્માષ્ટમી (વારી જાઉં, મરી જાઉં, બંકિમ મુરલી, ત્રિભંગ - મુરારી, ત્રિભંગ ક્યાં છે ! કેવળ એક ઘૂંટણ વાંકો છે. તેના પર આખા શરીરનો ભાર. પ્રચંડ પૂરની જેમ ઊતરી આવે

છે. પૂરની જેમ; શાલ વૃક્ષની ઋજુતા, એક માછલી – જેવી આંખ. આખી આંખ જ એક આખી માછલી જેવી. સ્વચ્છતા, આટલી સરળતા, આટલું વિસ્મય, મારામાં એ બોજો વહેવાની તાકાત નથી). 'વૅન ગોધનાં – ક્રોસ ઓન ધ સ્ટીમ – (ઓહ મને બચાવો) હું આ યંત્રણા નથી સહી શકતો, કાળો કાગડો. આકાશની ગતિ, ઉદ્ગ્રીવ, પ્રત્યેક પાંખમાં શૃંખલા, ઝંઝાવાત, નીચે – મહાકાવ્યની નદી, હાય એ હું સહી શકતો નથી. કોણ છે, મને બચાવો, હાય મને કોણ બચાવશે ! કાળા કાગડાની પાંખની આડમાં સૂર્ય છૂપાઇ ગયો છે. આ અંધકારના – આકર્ષણથી નીચે સ્રોત ફુલ-પ્લાવી, હું અકૂલમાં વહી શકતો નથી. મને કિનારો આપો, નિવાસસ્થાન આપો, બાબુઇ તું ક્યાં છો ? કાગડાઓ, રક્ત-ચૂસનારા બની ગયા છે. મારી છાતીમાં હવે રક્ત નથી રહ્યું, હોં; પેલા કાળા અંધારામાં મારા લોહીથી મહાકાવ્યની નદી લાલ થઇ ગઇ છે – બાબુઇ તું ક્યાં છો ? મન તું ક્યાં છો ? મારું હાડપિંજર બની ગયું છે.) – નંદલાલનો અર્જુન, આહ, શાયિત અર્જુન. રફ ડ્રોઇંગ, રફ રેખા, વિરાટ મુખ, વિશાળ છાતી, ગોળાકાર સાથળ, ઘૂંટણ – સુધી પહોંચી ગયા છે, ઘૂંટણ વાંકા, એક કોણી પર ટેકવેલા એ બાહુની માંસલ પેશી, જાણે સ્થળપદ્મની પાંખડી, બીજો હાથ – આશ્રયની જેવો, વિદ્રોહની જેવો. સમસ્ત શરીરની માંસ પેશીઓમાં સચકિત ભંગિ જાણે બંને પંજા વચ્ચે મોં છૂપાવેલો સિંહ, મર્મર ધ્વનિથી ચમકી ઊઠ્યો હોય. પીઠ આધાર જેવી – અશ્વત્થ વૃક્ષનું થડ જાણે. (મને મળ્યાં છે હોં, એલિમેન્ટલ અને લિરિક, મને મળ્યાં છે રે મળ્યાં છે. હું છબી આંકીશ – સમુદ્ર જેવી રફ, ચરાચર જેવી શણગારેલી એપિક જેવી મહાન, એ લિરિક જેવી કરુણ હું આંકીશ) બાબુઇ હું જ અર્જુન છું.

આ પ્રતિજ્ઞાની પળે જ વિનયે આંખો ખોલી જોયું અને તરત જ પાછી આંખો બંધ કરી લીધી. એ પળમાં જ નજરે પડ્યું – આંગણામાં રસોડાની વાંસની વાડની ફાંકમાંથી રેશમના કીડા જેવા પ્રકાશના બિંદુઓ અને રસોડાની છાયા. આ ઓરડાની અંદરથી પ્રકાશ આવીને ભીની સાડી જેમ ઊંબરા પર પડતો હતો. પેલા ઘરનો પ્રકાશ ધુમ્મસ જેવો હતો, મને મળ્યું છે હોં. – હું આંકીશ – આ જ મંત્ર, જપતાં જપતાં, આંખો ખોલી, જપતાં જપતાં જ બંધ કરી, એ સમજી શક્યો – બીજા એક સ્મશાનનું રુદન – અતિ ગંભીર રાતે બહુ દૂરનાં શિયાળવાંની ચીસ સમું સંભળાતું હતું. ફાનસના ભૂતાવળ જેવા પ્રકાશની ચારે કોર ભાંગીતૂટી રેખાઓથી અંકાયેલો ચહેરો, ફાનસના ઝાંખા પ્રકાશમાં ઊજ્જવળ પ્રકાશ પણ ફિક્કો પડી ગયો હતો. ભીની સાડી જેવો પ્રકાશ, કીડા જેવો પ્રકાશ, દ્રોણલતા જેવી શરીરની રેખા, અચાનક ઉપસ્થિત કૈશોરનું અચાનક નિરુદ્દેશ થઇ જવું, વાડ પર અંકાયેલી પડછાયાની બારી અને ભીંતની બારીની વચ્ચે કોઇક કિશોરની અસ્થિર આંખ, પીઠ કરી બેઠેલી કિશોરીની સામે માથું દુઃખાવાની દવાએ વિનયને ઘેરી લીધો, કરુણ ભાવે વિનયે જાણે કહેવા ચાહ્યું, "હું પ્રસન્ન નારાયણ વિદ્યાલયનો ડ્રોઇંગ શિક્ષક, હું આંકીશ નહિ, હું ચિત્રો આંકીશ નહિ."

"કોણ, વિનય કાકા?"

"હા."

"કેમ, ચુપચાપ સૂતા છો?"

"શું કરું? તારું ભણવાનું પતી ગયું. ?"

"ના રે, ભણવાનું નથી ગમતું."

"શું ગમે?"

"ગાવાનું."

"તો ગા ને!"

"ના, મા વઢે."

"નહિ વઢે, હું કહું છું ને!"

"આજે હું નરેનકાકાને ઘેર ગઈ'તી. એમની નીચેવાળા બેનરજી મારાં ગીતો સાંભળવા નીચે લઈ ગયા હતા."

"શું શું ગાયું?"

"ખૂબ મજા પડી."

"કેમ?"

બાબુઈ કંઈ ન બોલી.

આંગણામાં, હવિષ્ય, રાંધવાની ઓરડીની વાડમાંથી ચળાઈને આવતો કીડા જેવો પ્રકાશ, એ બંને જણાએ એકબીજાની નજર ચૂકવવા માટે એ પ્રકાશના બિન્દુથી ચિહ્નિત જગ્યાએ પોતાની નજર આબદ્ધ રાખી હતી. એ જટિલ રેખાચિત્ર તરફ જોઈ વિનયને યાદ આવ્યું, આજે આખો દિવસ ચૈત્ર માસ જેવી હવા આડેધડ વહી હતી તેને લીધે પ્રકૃતિમાં પણ અને પોતાના શરીરમાં પણ એક શૂન્યતાની લાગણી જન્મી હતી. બાબુઈ જાણે અનિવાર્ય પતનમાંથી એ આલોક-ચિહ્નિત જગ્યા તરફ જોઈને પોતાને બચાવતી હતી. એની આંખો અને મોં પર એવો શોક હતો કે એ જાણે સુદૂરતામાં ખોવાઈ જવા ઇચ્છતી હતી. આ આંગણાને કેન્દ્રમાં રાખી બંને જણ વચ્ચે એવી એક નિઃશબ્દતા આવવા માંડી કે જે કોઈ પણ પળે શબ્દનો દીર્ઘશ્વાસથી ગર્ભપાત ઘટાવી શકશે અને એ સર્વનાશને રોકવા માટે જ જાણે એ બંને જણાંએ આંખો અને ચહેરા પર એક – જાતનો એને યોગ્ય જ ભાવ લાવી પોતાને વ્યસ્ત રાખવાની કોશિશ કરી. ત્યારે બંનેની આંખો સામે એક મનોવ્યથા જાતજાતનાં રૂપ ધારણ કરી, જાતજાતના આકારને ભાંગી તોડીને ફરી નૂતન બની નવી રીતે તોડી ફોડી ફરી નૂતન રૂપ ધારણ કરવા માંડી.

હિસ્ટીરિયાનો દર્દી જેમ થોડી વાર અપાર્થિવ અને નિરુદ્દેશ કોઈ વસ્તુ માટે ઝૂકીને, પાર્થિવ અને નિર્દિષ્ટ વસ્તુ તરફ અસહાયની જેમ તાકી રહે, બરાબર એ જ રીતે આ બંને જણ અત્યારે એક બીજાની તરફ જોતાં હતાં.

વિનય હસ્યો. જાણે એવી કોઈ મા – જેની છાતીમાં એક ટીપુંય ધાવણ ન હોય,

અને છથાં સંતાનો દૂધ માગે, અને એક પુત્ર બીજી એક તંદુરસ્ત તથા દુગ્ધવતી જનનીની ભાળ મળતાં ચાલ્યો ગયો છે. તરત જ એ બાબુઇ તરફ જોઇ બોલી ઊઠ્યો, "કેમ બોલી નહિ, શું થયું નરેનબાબુને ત્યાં ?"

ઘૂંટણ પર મુખ ટેકવીને અત્યાર સુધી બાબુઇ પોતાને સંકોરીને બેઠી હતી, તે હવે પલાંઠી વાળીને બેઠી. એક વાર માથું હલાવી વાળ જરાક સરખા કરી લીધા અને એની વાત સાંભળવા માટે વિનયે પણ પોતાની ઢબ બદલી. અને બાબુઇ જાણે બતક બની ગઇ.

એ પછી અચાનક એક વિષાદનો – સ્રોત ઘૂમરી લેતો જાણે બાબુઇના કંઠમાંથી બહાર આવ્યો. અને બાબુઇએ ઊંચે સાદે ગાવાનું શરૂ કર્યું –

'નિશીથે કી કયે ગેલો મને' (મનમાં એ શું કહી ગયો રાતે) પ્રથમ પાંચ શબ્દમાં જ વિષમ તાલ પડીને છંદિત બની ગયો. પ્રથમ 'કી જાની (શું જાણું) ધ્વનિત થયા ખરજમાં, તરલ સ્વરમાં, દ્વિતીય 'કી જાની' ધ્વનિત થયો તાર સપ્તકમાં, તરબતર સ્વરમાં, ગંભીર તરલના વિપરીત સંયોજનમાં વ્યાકુળતા હતી.

"સે કી ઘુમે" (એ શું નીંદરમાં) – સરળ – ગંભીર ઘુ ના ઉર્ધ્વગામી 'ઉ'માં નિમ્નગામી અચાનક સ્તબ્ધ 'મે'માં ઉત્-કર્ણ મૃગનાભિ હરિણી, દ્રોણલતા જેવી રેખા.

'સે કી જાગરણે' (એ શું જાગૃતિમાં ?) પ્રત્યેક અક્ષર પછી એક એક કરીને નાનકડો તરંગ, આનંદ – દ્વિધા - સંશય - આગ્રહ. ફરી એ જ ખરજ સ્વરમાં 'કી જાની', આંખો બંધ. આ આંગણાનાં અંધારા જેવો અસ્પષ્ટ ઉજાસ. આંબાના ઝાડને લીધે ચંદ્રની ચાંદની પહોંચતી નહોતી.

'નાના કાજે, નાના મતે ફિરિ ઘરે ફિરિ પથે' (જાતજાતના કાર્ય માટે, જાતજાતના મત પ્રમાણે ઘેરે ઘેર ફરું, પથે પથે ફરું) આ ઘેરથી પેલું ઘર, પેલે ઘેરથી બીજા ઘરે, પથે એકલો અને હરહંમેશ રાતે દિવસે, શું કહી ગયો એ મારા કાનમાં ? મિનુને સાંજ બોલાવે, મારી મમરાની વાટકીમાં ખોપરેલની વાસ. માને રાતના – મા, તને ઊંઘ આવે છે ? "સે કથા કિ અગોચરે બાજે ક્ષણે ક્ષણે !" (એ વાત શું અગોચરે પ્રત્યેક ક્ષણે બજે છે) સમજાતું નથી. ખબર નથી. પોતાના શરીરનો જે અંશ હું જોઇ શકું છું, તેના અંતરાલમાં ક્યાંક કે પછી આ શરીરનાં અવસ્થાનની બહાર ક્યાંક, હૃદય નામે એક સ્થાન છે. જો ખબર હોત તો ! જાણતો નથી, સમજાતું નથી. હાહાકાર અરે હાહાકાર. "સે કથ, કિ અકારણે વ્યથિ છે હૃદય" (એ વાત શું અકારણે હૃદયને વ્યથિત કરે છે) – ચર્ચની પ્રાર્થનાનાં સંગીત જેમ એક સાથે ચાર ધ્વનિ, છેલ્લો વિસ્તૃત. "એ કિ ભય !" અને એ પાછો જાય ન જામ ત્યાં તો બીજો એક તરંગ, "એ કિ જય" – એક પછી એક તરંગો, તટભૂમિ વિસ્તૃત, એક પ્રચંડ પ્રાર્થના સમુદ્ર તરંગની જેમ આઘાત પર આઘાત કરી ભાંગીને ભુક્કો કરી ધ્વંસ કરી; વહાવી જઇ, ડુબાડી દઇ, સંકીર્ણ ક્ષુદ્ર માંસને ઓગાળીને હાડકાંની મજ્જાને બહાર કાઢી શિરાનું લોહી બહાર કાઢી, લાલ ચટક રક્તવર્ણા, પ્રવાલદ્વીપ સૃષ્ટિના દ્વીપ ઘડે છે, ઓહ ઘડે છે, રક્તવર્ણ ઓહ સૃષ્ટિ,

સૃષ્ટિ, પૃથ્વી ભરીને પવનની ઊથલપાથલ – સૃષ્ટિ. એ-લિ-મે-ન્ટ-લ. લિ-રિ-ક-લ. હું છબી આંકીશ, હું ગીત ગાઈશ, હું સમુદ્ર નીરખીશ. ઓહ, ઓ બાલિકા, ગરદન ઊંચી કરી, સુક્કા હોઠે, કયા આગ્રહથી, કઇ યંત્રણાથી ક્રોસ વિદ્ધ, ઈશુખ્રિસ્તના પદતલે ભક્તની જેમ બેઠી છો ! ઓહ, ઓ રે, હું આ અકાળ વાર્ધક્યનાં છવ્વીસમાં વર્ષે બે ઘૂંટણ વચ્ચે માથું ઘાલી – પહોળી પીઠને એટલાસની જેમ રાખી ગીત સાંભળું છું. કયા વિષાદને લીધે, કઇ યંત્રણાથી –નિશીથે, ઓ નિશીથે, શું કહી ગયો મનમાં – સહેવાતું નથી, સહેવાતું નથી એ વાત શું એ કાનમાં વારે વારે કહી જાય છે ! "હવે નહિ, હવે નહિ" – સ્તંભિત દષ્ટિ, ધ્યાનની દષ્ટિ, અર્ધનિમીલિત નયન, શિવનાં ધ્યાનનાં, બંને ભવાં પાસે લાંબા વાળની રેખા, બંસી બજે છે, મનમાં કે વનમાં ? બંસીમાં કોણ બોલાવે છે, શું કહે છે ? શી ખબર ? શી ખબર ?

"સે કથા કિ નાના સૂરે બોલે મોરે ચલો દૂર" (એ વાત શું જાતજાતના સૂરમાં કહે છે, મને, ચાલ દૂર) – ચાર શબ્દનો નાનકડો તરંગ, ધ્યાનની વાત, અંતરની વાત, ઉત્-કર્ણ, મૃગનાભિ હરિણી, પ્રાર્થના તરંગમાં વિધ્વસ્ત તટભૂમિનો આત્મલય, ચલો દૂરે – દૂરે – સમુદ્ર સંગમે – દૂરે, મધ્યસમુદ્રે દૂરે – સમુદ્રની મૃત્તિકામાં, દૂરે, – નીલામ્બુ રાશિના અંતસ્તલે દૂરે, – સમુદ્ર તલનાં આકાશમાં ! મારી નસોમાંથી લોહી બહાર કાઢી લો, હાડકામાંથી મજ્જા; એક દષ્ટિનો દ્વીપ, પ્રવાલ દ્વીપ, રક્તવર્ણ આવેગના દ્વીપની રચના કરો, બાબુઇ બાલિકા, મારાં સકળ પાપ કર જોડી તારે ચરણે ધરી દઉં છું.

પહાડમાંથી નીકળી નદી સમુદ્રને જઇ મળે છે. ગંગા – બ્રહ્મપુત્રે વહન કરેલી કાંપ-માટીમાં એક દેશ. ભૂગોળનું એક નામ, પૃથ્વીનાં કેટલાંક માણસો – પ્રકૃતિની કેટલીક શોભા રચી નદી સમુદ્રમાં જાય છે, 'ચલો દૂરે' મુખ ગંગાનું મુખ, કલકત્તા એક બંદર, કલકત્તા એક નામ, સમુદ્રતીરે, તેની આસપાસ કેટલાં બધાં બીજાં નામો – કલકત્તા, પછી સમુદ્ર. કલકત્તા સમુદ્ર પાસે, ભાગીરથીને કાંઠે એક બંદર. – આસામ - બંગાળ, બિહાર, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, મધ્ય પ્રદેશ એની પશ્ચાદ્ભૂમિ એ પછી મધ્ય સમુદ્ર.

આ અંધકારમાં તેઓ બંને જણાં રવીન્દ્રનાથના એક ગીતની હસ્તપ્રત બની ગયાં. – છેકી નાખેલ શબ્દો, ભાંગ્યાં ચરણ, આડા અવળા લખેલા હસ્તાક્ષર. અને અંતર્વર્તી સૂરથી જાણે ભરપૂર.

વાર્તા લેખકોનો સંક્ષિપ્ત પરિચય

તારાશંકર બંદોપાધ્યાય (1889 – 1971)

શરદચંદ્ર પછી બંગાળી કથા–સાહિત્યના અધિનાયક. વાર્તા, નવલકથા, નાટક અને ગીત રચનામાં સિદ્ધહસ્ત. તેમના વિષે રવીન્દ્રનાથે કરેલું મંતવ્ય સ્મરણ કરવા યોગ્ય છે : "ધરતીને અને માણસને એ ઓળખે છે, એની સાથે એને ઘરોબો છે." આ એમનો સંબંધ બાહ્ય નથી, બિલકુલ આંતરિક છે. શરદ્સ્મૃતિ પુરસ્કાર (1947), રવીન્દ્રસ્મૃતિ પુરસ્કાર (1955), સાહિત્ય અકાદમી પુરસ્કાર (1947), જ્ઞાનપીઠ પુરસ્કાર (1966) એમને મળ્યા છે. કલકત્તા, ઉત્તર બંગાળ, યાદવપુર અને રવીન્દ્ર ભારતી વિશ્વવિદ્યાલય તરફથી સન્માનીય ડી. લીટ્ની પદવીથી વિભૂષિત. રાષ્ટ્રપતિ તરફથી નિયુક્ત રાજ્યસભાના સદસ્ય અને સાહિત્ય અકાદમીના 'ફેલો' હતા. તેમની વાર્તા અને નવલકથાના વિભિન્ન ભારતીય ભાષામાં અનુવાદ થયા છે. ચલચિત્ર પણ બન્યાં છે. એમનું જન્મસ્થાન વીરભૂમ, જિલ્લો, ગામ લાભપૂર, મૃત્યુસ્થાન કલકત્તા. વીરભૂમના નષ્ટપ્રાય જમીનદાર વંશના નબીરા. વ્યવસાયે લેખક, ભારત સરકારની 'પદ્માવિભૂષણ' પદવીથી વિભૂષિત.

બનફૂલ (1899 – 1979)

અસલ નામ શ્રી બલાઇચાંદ મુખોપાધ્યાય. વ્યવસાયે તબીબ. કલકત્તા મેડિકલ કોલેજમાંથી (એમ.બી.બી.એસ.) પાસ થઇ લાંબા અરસા સુધી ભાગલપુરમાં પ્રેક્ટીસ કરી હતી. બાદમાં કલકત્તા નિવાસી. કવિતા, વાર્તા, નવલકથા, નાટક, નિબંધ રચનામાં સિદ્ધહસ્ત. અસંખ્ય ટૂંકી વાર્તાઓ લખી છે. વિષયવસ્તુની દીપ્તિમાં અને ગઠનચાતુર્યમાં બેમિસાલ. કલકત્તા વિશ્વવિદ્યાલયનો શરદ્–સ્મૃતિ પુરસ્કાર (1952), આનંદ પુરસ્કાર (1961), અને રવીન્દ્ર પુરસ્કાર (1962) પ્રાપ્ત કર્યા હતા. તેમની વાર્તા, નવલકથા જાણે એક ચરિત્ર-ચિત્રશાલા. જેનું અખૂટ વૈચિત્ર્ય વાચકને મુગ્ધ અને વિસ્મિત કરી મૂકે. 1975માં તેઓ પદ્મભૂષણ ઉપાધિથી વિભૂષિત. મૃત્યુ કલકત્તા.

અચિન્ત્ય કુમાર સેનગુપ્ત (1903 – 1976)

કલ્લોલ ગોષ્ઠિના એક મુખ્ય લેખક. સવ્યસાચી લેખક, એટલે કે બહુમુખી

પ્રતિભાયુક્ત. વાર્તા, નવલકથા, કવિતા, જીવનવૃતાંત, શિશુ સાહિત્ય, નાટકરચનામાં સિદ્ધ-હસ્ત. તીક્ષ્ણ - તીવ્ર નિરીક્ષણ શક્તિ, ગંભીર સહાનુભૂતિ, અપરિમેય મમતાથી એમની વાર્તા અને નવલકથા સમૃદ્ધ. તેઓ ન્યાય વિભાગ સાથે સંકળાયેલા હતા. જિલ્લા ન્યાયમૂર્તિના પદેથી નિવૃત્ત થયા હતા. પૂર્વબંગાળના ગરીબ મુસ્લિમ સ્ત્રીપુરુષોથી માંડીને સરકારી અમલદારો, રાજધાનીમાં વસતાં ઉપલા વર્ગનાં, જાતજાતનાં જૂથનાં, સમાજનાં નર-નારીઓ તરફ એમની વિશ્લેષણી નજર પડી છે. તેમની રચના વાણી લાવણ્યથી સ્નિગ્ધ છે. 1975માં રવીન્દ્ર પુરસ્કારથી સન્માનિત.

પ્રેમેન્દ્ર મિત્ર (1904 – 1988)

કલ્લોલ ગોષ્ઠિના એક લેખક, બહુમુખી પ્રતિભાથી મંડિત સવ્યસાચી લેખક. કવિ, કથા શિલ્પી, ગીતકાર, પ્રબંધકાર, ચલચિત્ર રચયિતા, શિશુ સાહિત્ય રચયિતા, તેમની રચેલી 'દાનાદા' અને પરાશર વર્માની વાર્તાઓએ નાનાંમોટાં, આબાલ વૃદ્ધ સહુને મુગ્ધ કર્યાં છે. જીવનનાં થોડાં વર્ષો એમણે કાશીમાં ગાળ્યાં છે. જાતજાતના વ્યવસાયો કર્યા છે. આકાશવાણીના કલકત્તા કેન્દ્રમાં થોડો સમય સાહિત્યના સલાહકાર હતા. પણ એમનો મુખ્ય આશ્રય સાહિત્ય જ રહ્યો છે. એમના લખાણમાં માનવજીવન પ્રત્યેની પરમ મમતા છતી થાય છે. બાહ્યજીવન કરતાં આંતરજીવનના અન્વેષણમાં જ એમને રસ અને ઉત્સાહ છે. મનનાં ગહન ઊંડાણમાંજ ઉતરવા ચાહે છે. શરદ્-સ્મૃતિ પુરસ્કાર (1955), રવીન્દ્ર સ્મૃતિ પુરસ્કાર (1958), સાહિત્ય અકાદમી પુરસ્કાર (1967)થી વિભૂષિત. 'પદ્મશ્રી' પદવી પ્રાપ્ત.

અન્નદાશંકર રાય (1904)

જન્મ ટેંકાનલ. આઇ.સી.એસ. (1927), નોકરી છોડી (1951), યુરોપનો પ્રવાસ (1927-1929), જાપાનભ્રમણ (1957), પશ્ચિમ જર્મની અને ઇંગ્લેન્ડની મુસાફરી (1963), સાહિત્ય અકાદમી પુરસ્કાર (1962). પ્રવાસવર્ણન 'પથે-પ્રવાસે' (1931) દ્વારા એમને ખ્યાતિ મળી. બહુમુખી પ્રતિભા. સવ્યસાચી લેખક. મુખ્ય નવલકથા 'સત્યાસત્ય' છ ભાગમાં રચાયેલી છે. (1932-1942), 'રત્ન ઓ શ્રીમતી'ના ત્રણ ભાગ છે. (1956-1973) ચાળીસ વર્ષ સુધી ટૂંકી વાર્તાઓ લખી છે. બે વાર્તા સંગ્રહ છે. 'ગલ્પ' (1960), 'કથા' (1970) વાર્તાઓની સંખ્યા અધિક નથી. વાર્તામાં રૂપ વૈચિત્ર્ય અને વક્તવ્ય, એ બે તરફ જ એમનું વલણ છે. જેમાં કથાવસ્તુ જ મુખ્ય હોય એવી વાર્તાઓમાં એમને આસ્થા નથી. રિયાલિટીનું અન્વેષણ જ એમની વાર્તાની સાધના.

તેમની વાર્તાના બે પર્વ : પ્રથમ પર્વ 1930 - 1956. દ્વિતીય પર્વ 1959થી શરૂ. 'મીન પિપાસી' વાર્તા દ્વિતીય પર્વની સૂચના. પહેલા પર્વમાં માનવજીવનના

બર્હિર્ભાગમાં રિયાલિટીની તલાશ. દ્વિતીય પર્વમાં અંતર્ભાગની તલાશ. સાહિત્યજીવનની શરૂઆતમાં તેઓ ઓડિયા. અંગ્રેજી અને બંગાળીમાં લખતા. અત્યારે ફક્ત બંગાળીમાં જ લખે છે. હાલમાં વ્યવસાયે સાહિત્યકાર છે. મુકામ કલકત્તા.

સતીનાથ ભાદુડી (1906 – 1965)

પૂર્ણિયા જીલ્લાનાં રહેવાસી. બહુ સમય રાજકારણમાં સક્રિય ભાગ લીધો છે. બિહાર કોંગ્રેસ સાથે ગાઢ સંબંધ, ઓગસ્ટ આંદોલનમાં ભાગ લઇ જેલ ભોગવી હતી. એ જેલજીવનની એમણે કથા 'જાગરી' (1945) લખી હતી. એ એમની પ્રથમ નવલકથા. એ નવલકથાથી એમને ખૂબ જ ખ્યાતિ મળી હતી. એ પુસ્તક માટે એમને સર્વ પ્રથમ રવીન્દ્ર-સ્મૃતિ પુરસ્કાર (1950) મળ્યો હતો. વાર્તા, નવલકથા, પ્રબંધ રચનામાં નિપુણ. તેમની 'સત્ય ભ્રમણ કાહિની' એક અસાધારણ 'જર્નલ' બની ગઇ છે. મનના ગહન ગંભીર અંતરાલમાં એમનું મુક્ત વિચરણ. માનવ મનની સૂક્ષ્માતિસૂક્ષ્મ સમસ્યા અને લાગણી આવેગ વિશ્લેષણમાં નિર્મમ, નિપુણ સતીનાથ 'લેખકોનો લેખક' છે. 'ઢોડાઇ ચરિત માનવ' (બે ભાગ) ભારતીય નવલકથામાં અદ્વિતીય છે. તેમને પ્રખ્યાત હિન્દી લેખક ફણીશ્વરનાથ રેણુના સાહિત્યગુરુ માનવામાં આવે છે.

આશાપૂર્ણાદેવી (1909)

માનવ મનનાં રહસ્ય ઉદ્‌ઘાટનમાં તેઓએ અપાર નૈપૂણ્ય દાખવ્યું છે; માનવજીવન સંબંધે એમની સહાનુભૂતિ અસીમ છે. સહજ સાધારણ સંસારયાત્રાની નેપથ્યમાં રહી નગણ્ય વિસ્મયથી વૈચિત્ર્યને પ્રકટ કરવાની એમનામાં અસામાન્ય નિપુણતા છે. આપણા સમાજ અને પારિવારિક જીવનને ઉદ્‌ઘાટિત કર્યું છે. લીલા પુરસ્કાર (1966) અને રવીન્દ્ર પુરસ્કાર (1972) સાહિત્ય અકાદમી પુરસ્કાર, જ્ઞાનપીઠ પુરસ્કાર પણ એમને મળ્યા છે. તેમની ઘણી નવલકથાઓ પરથી કેટલાંક ચલચિત્રો બન્યાં છે.

સુબોધ ઘોષ (1910 – 1979)

અસામાન્ય શક્તિશાળી લેખક. વાર્તા, નવલકથા પ્રબંધ રચનામાં સિદ્ધ હસ્ત. બહુ વિચિત્ર વિષયોમાં એમને અનુરાગ હતો. જીવનના પ્રારંભનો સમય એમણે છોટાનાગપુરમાં વિતાવ્યો હતો. તેથી એમની ઘણીબધી રચનાની પટભૂમિનો પ્રદેશ છે છોટાનાગપુર. 'શતકિયા' નવલકથા એમની શ્રેષ્ઠતાનો પરિચય આપે છે. એમની વિચિત્ર અને વ્યાપક અભિજ્ઞતા સાથે ભળેલા છે વૈદગ્ધ્ય અને શિલ્પ-નૈપૂણ્ય. એમનું જન્મસ્થાન છે હજારીબાગ. મૃત્યુ સમયે તેઓ કલકત્તાના દૈનિક વર્તમાન પત્રના સહ

સંપાદક હતા. તેમની ભાષાનું શિલ્પનૈપૂણ્ય અસામાન્ય હતું. આદિવાસથી માંડીને સામરિક જીવન સુધીના સર્વ વિષયમાં એમનું મુક્ત, સરળ વિચરણ. માનવમનની ચોરગલીનાં રહસ્ય ઉદ્દ્ઘાટનના તેઓ નિપુણ હતા.

જ્યોતિરિન્દ્ર નંદી (1912 – 1982)

યુદ્ધોત્તર મધ્યમવર્ગ અને નિમ્નવર્ગના નિપુણ રૂપકાર. મનનધર્મી આ લેખક હૃદયવૃત્તિના વિશ્લેષણમાં પોતાના આગવા પથને અનુસરે છે. તેમની ભાષારીતિ પણ આગવી છે. માનસિક ઘાત-પ્રતિઘાતના રૂપાયનમાં નિપુણ. તેમની વાર્તા, નવલકથામાં કેવળ સમકાલીન સમાજની ખામીઓ જ તેઓ નથી દેખાડતા, માનવજીવન પ્રકૃતિની પ્રબળ ભૂમિકાને પણ સ્વીકારે છે. એ બાબતમાં પણ તેઓ એમના પોતાના પથ પર ચાલે છે.

નરેન્દ્રનાથ મિત્ર (1916 – 1975)

મિતભાષી મૃદુભાષી નરેન્દ્રનાથની વાર્તાઓ અને નવલકથાઓ પણ એક અર્થમાં જોઈએ તો એમનું વિશિષ્ટ વ્યક્તિત્વ સમાહિત છે. મધ્યમવર્ગના જીવનના નિપુણ – રૂપકાર. માનવ મનનાં રહસ્યોનાં ઉદ્દ્ઘાટનમાં અને હૃદયનાં નિપુણ વિશ્લેષણમાં તેમણે જે ગંભીર અંતર્દષ્ટિનો પરિચય આપ્યો છે તે સુલભ નથી. "સૌથી વધુ અને સૌથી ઉત્કૃષ્ટ વાર્તાઓ અમારા બધામાં જો કોઈએ લખી હોય તો નરેન્દ્રનાથે જ લખી છે." આ એમના સહયોગી લેખકોનું કથન છે. વાર્તા વિન્યાસ અને ચરિત્ર સર્જનમાં તેમનું નૈપૂણ્ય સહેજે જ નજરે પડે છે. તેઓ કલકત્તાના એક દૈનિક પત્ર સાથે સંકળાયેલા હતા. જન્મ સ્થાન ફરીદપુર.

નારાયણ ગંગોપાધ્યાય (1918 – 1970)

નરેન્દ્રનાથના સહપાઠી નારાયણ ગંગોપાધ્યાય. એક જ સમયે સાહિત્ય-ક્ષેત્રમાં પ્રવેશ્યા હતા. તેમના પિતાનું નામ તારકનાથ ગંગોપાધ્યાય. જન્મ દિનાજપુર. કલકત્તા વિશ્વવિદ્યાલયમાં બંગાળી ભાષા અને સાહિત્યના રીડર હતા. વાર્તા, નવલકથા, કવિતા, નાટક, ચિત્ર-નાટ્ય, પ્રબંધ, શિશુ-સાહિત્ય, ગીતો, સંવાદ પત્રધર્મી રચનામાં સિદ્ધહસ્ત હતા. પ્રથમ નવલકથા 'ઉપનિવેશ'થી (1944) એમને સાહિત્ય જીવનમાં ખ્યાતિ મળી હતી. તેમનાં લખાણમાં બહિર્જગત અને અંતર્લોક બંને સમન્વિત. એકી સાથે રોમેન્ટિક અને રિયાલિસ્ટિક. કાવ્યમંડિત વ્યંજનામય ભાષામાં એ સર્જતા પોતાનું રૂપલોક. માનવીની પડખે જ વિશ્વપ્રકૃતિને પણ એમની રચનામાં સ્થાન મળ્યું છે. એકી સાથે નિર્મમ સમાજ વિશ્લેષક અને રોમેન્ટિક પ્રકૃતિપ્રેમી.

સંતોષકુમાર ઘોષ (1920 – 1985)

નરેન્દ્રનાથ મિત્ર અને નારાયણ ગંગોપાધ્યાય સાથે જ એમનો સાહિત્ય ક્ષેત્રે પ્રવેશ. જન્મસ્થાન ફરીદપુર. યૌવનની શરૂઆતથી જ કલકત્તાવાસી પૂર્ણતયા નાગરિક જીવનના રૂપકાર. ક્યારેય એમણે ગ્રામ્યજીવન વિષે લખ્યું નથી. વાર્તા, નવલકથા, નાટક, કવિતા, પ્રબંધરચનામાં સિદ્ધહસ્ત. નિપુણ ભાષાશિલ્પી. તેમની વાર્તામાં 'ફોર્મ'ની ઘણી જ કિંમત છે. ઉપસ્થાપનરીતિને (રજૂઆત) તેઓ મૂલ્યવાન માનતા. તીક્ષ્ણ, માર્જિત ઈષત્ વ્યંગદગ્ધ ભાષામાં હૃદયના સૂક્ષ્મતમ અનુભવને વ્યક્ત કરવાનું વિરલ નૈપુણ્ય એમની કૃતિઓમાં જોવા મળે છે. તેઓ જીવનપ્રેમી, એ પ્રેમમાં જરાક વેદના અને નિરાશા પણ દેખાય; સમય અને કલા, બંને ક્ષેત્રે તેઓ સચેતન લેખક હતા. થોડો સમય દિલ્હીમાં હતા. પ્રખ્યાત દૈનિક વર્તમાનપત્રના તેઓ સહસંપાદક હતા.

સમરેશ બસુ (1921 – 1988)

નરેન્દ્રનાથ, નારાયણ, સંતોષકુમાર સાથે એકીશ્વાસે જે નામ ઉચ્ચારી શકાય એ છે સમરેશ બસુ. તેઓ નાગરિક લેખક નથી. બંગાળની ભૂમિના ખૂબ નજીકથી પરિચય જીવનવાદી. જન્મસ્થાન – ઢાકા. જીવનમાં તેમણે જાતજાતના વ્યવસાય કર્યા. અંતે સાહિત્ય જ એમની જીવિકાનું એકમાત્ર સાધન હતું. માનવજીવન સંબંધે એમનું કુતૂહલ અને સહાનુભૂતિ અપરિમેય રહ્યું. વાર્તા અને નવલકથામાં એનો પરિચય ઠેર ઠેર નજરે પડશે. કેવળ મનુષ્ય જ નહિ. પ્રકૃતિ પણ એમના લેખનનો વિષય. 'કાલકૂટ'ના ઉપનામે તેઓ ભ્રમણધર્મી નવલકથાઓ લખતા. ગીત રચતા. અને ગાઈ પણ શકતા. માણિક અને તારાશંકર, બંનેના પ્રભાવથી લાલિત સમરેશ બસુ એમના પોતાના પથના શિલ્પી હતા. તેમનો જીવન સાથેનો પરિચય પોતાની અભિજ્ઞતા દ્વારા જ થયો. આ અભિજ્ઞતા સાથે ગાઢ રીતે સંકળાઈ છે એમની આંતરિકતા.

બિમલ કર (1921)

માનવધર્મી લેખક. જીવનને પોતાની નિજી દષ્ટિથી નીરખે છે. શરૂઆતમાં મેડિકલ કોલેજમાં એમણે અભ્યાસ કર્યો હતો. દાક્તર થયા નહિ. અર્ધેથી અભ્યાસ છોડી દીધો. પરંતુ પછી વાર્તા-નવલકથાની રચનામાં ચિકિત્સકની નિર્મમ નિરાસક્ત નજરને એમણે કામે લગાડી હતી. બંગાળી કથા-સાહિત્યમાં નૂતન ધારા આંદોલનના આગેવાન પ્રણેતા. મનને અને બુદ્ધિ એમનાં હથિયાર છે. લાગણી આવેગને તેમણે વર્ણવ્યા નથી, કે ક્યારેય લાગણીના આવેગો પાસે નમતું પણ જોખ્યું નથી. બાળપણ હજારીબાગમાં વીત્યું. હાલમાં કલકત્તાના એક પ્રખ્યાત સાહિત્યિક સામયિક સાથે સંકળાયેલા છે. જન્મસ્થાન ચોવીસ પરગણા જીલ્લો. જીવનની પડખે જ એમણે

મૃત્યુને જોયું છે. તેમની વાર્તા અને નવલકથામાં જીવન ચેતના અને મૃત્યુ ચેતના, જાણે એકીસાથે એક વૃત્ત પર ધારણ કરાયાં છે. તેમની ઘણી વાર્તાઓ પરથી ચલચિત્રો બન્યાં છે. 'અસમય' નવલકથાને સાહિત્ય અકાદમી પુરસ્કાર (1978) મળ્યો છે.

રમાપદ ચૌધરી (1922)

સાંપ્રતિક બંગાળી કથાસાહિત્યના એક પ્રધાન લેખક. બીજા વિશ્વયુદ્ધના સમયથી લખવાની શરૂઆત કરી છે. જન્મસ્થાન ખડગપુર. છોટાનાગપુર વિસ્તારમાં નોકરી માટે થોડો સમય રહ્યા હતા. જાતજાતની નોકરી કર્યા પછી હાલમાં કલકત્તાના એક દૈનિક પત્રનાં વિભાગીય સંપાદક છે. એક જમાનામાં અરણ્યની પટભૂમિને અવલંબીને એમણે ઘણી બધી વાર્તાઓ લખી હતી. હાલમાં શહેરીજીવન વિષે જ વાર્તા અને નવલકથા લખે છે. તેમની વાર્તાઓ પરથી ચલચિત્રો બન્યાં છે. તેમની ભાષા માર્જિત અને લાવણ્ય મંડિત છે. કેવળ વિષયોનું વિશેષતા કે અભિનવત્વ જ નહિ. એમની ટ્રીટમેન્ટ પોતાની આગવી છે. જીવનના પ્રત્યેક ઘાટે ભલે એમણે પોતાની નૌકાને નાંગરી હોય, પણ અંતરથી તેઓ હંમેશાં સ્થિતધી રહ્યા છે. રવીન્દ્ર પુરસ્કારથી તેઓ સન્માનિત.

સૈયદ મુસ્તફા સિરાજ (1930)

સ્વાધીનતા પછીના પર્વના તરુણ લેખકોમાં પ્રમુખ. જન્મ મુર્શિદાબાદના એક ગામડામાં થયો હતો. જીવનમાં એમને વિચિત્ર અનુભવો થયાં છે. મુર્શિદાબાદની ભમતી આલકપ નાટક મંડળીના 'માસ્ટર' ગીતકાર હતા (1950 - 58), એ પહેલાં છાપાના ખબરપત્રી (1949 થી 1950), હાલમાં કલકત્તાના પ્રખ્યાત દૈનિક પત્ર સાથે સંકળાયેલા છે. તારાશંકરની શૈલીમાં લખવાનું શરૂ કરી, હાલમાં પોતાની આગવી શૈલીએ પહોંચી ગયા છે. પહેલી વાર્તા એમણે 'દેશ' અઠવાડિકમાં લખી હતી. – નામ હતું 'પ્રેમ અને ડાઉન ટ્રેન' હાલમાં જીવિકાનું મુખ્ય સાધન છે લેખન. બંગાળની ધરતીના છોરૂ જેમ એમના લખાણમાં સ્થાન પામ્યા છે, તે જ રીતે શહેરીઓ પણ સ્થાન પામ્યા છે. તેઓ તીક્ષ્ણ સમાજસચેતન લેખક છે. પુષ્કળ લખે છે. એમની કૃતિ 'આલિક માનુષ' માટે પહેલાં ભુયલકા ઍવોર્ડ, પછી બંકિમ ઍવોર્ડ અને સાહિત્ય અકાદમીનો ઍવોર્ડ મળ્યો.

મતિ નંદી (1932)

ઉત્તર કલકત્તાના એક ખાનદાન કુટુંબમાં જન્મ. ઓટોમોબાઇલ એંજિનિયરીંગમાં ડીપ્લોમા મેળવ્યો છે. સ્ટેટ ટ્રાન્સપોર્ટમાં બે વર્ષ શિક્ષાનવીશી કર્યા પછી બી.એ. પાસ

કરી પત્રકારિત્વના કાર્યમાં જોડાયા. હાલમાં કલકત્તાના એક દૈનિક પત્રમાં (રમત ગમત) ક્રીડા વિભાગના સંપાદક છે. ક્રિકેટમાં ખૂબ રસ છે. ક્રિકેટ પર પણ ત્રણ પુસ્તકો લખ્યાં છે. 'દેશ' અઠવાડિકમાં 'છત' વાર્તા લખી (1956) વાચકની દષ્ટિ આકર્ષી હતી. તેમની લખવાની શૈલી ઋજુ સાદી અને બાહુલ્યરહિત છે. રૂઢ વાસ્તવિક ધરતી પર ખડા રહી માનવી પ્રત્યે વિશ્વાસ સેવવાની જ એમને ટેવ છે. મધ્યવિત્ત અને નિમ્નવિત્ત જીવનના તેઓ નિપુણ રૂપકાર છે. એમને કૃતિ 'સાદા ખાન'ને અકાદમીનો ઍવોર્ડ મળ્યો.

સુનીલ ગંગોપાધ્યાય (1934)

ફરીદપુરમાં જન્મ. કવિ અને વાર્તાકાર 'દેશ'માં પ્રકટ થયેલી કવિતા 'એક કવિતા'થી તેઓ મશહૂર થયા. કવિ સુનીલ કે કથાશિલ્પી સુનીલ, કોણ વધુ લોકપ્રિય છે એ કહેવું મુશ્કેલ છે. જાતજાતનાં વ્યવસાય કર્યા છે. હાલમાં કલકત્તાના એક દૈનિકપત્ર સાથે સંકળાયેલા છે. 1960માં અમેરિકા ફરવા ગયા હતા. પુષ્કળ લખે છે. કેટલીક વાર્તાઓ પરથી ચલચિત્રો નિર્માણ થયાં છે. પરિચિત મધ્યમ જીવનની જાતજાતની લાગણીઓ અને અનુભવને તેઓ માર્મિકતાથી નિપુણ કથાવણાટ દ્વારા ઉપસ્થિત કરે છે. એમની કૃતિ 'આત્મ પ્રકાશ'ને અકાદમીનો ઍવોર્ડ મળ્યો.

ભાષાનું લાવણ્ય, આંગિક રૂપસજ્જાની નિપુણતા, વાર્તાની અકિર્ષક શૈલીએ સુનીલને લોકપ્રિય બનાવ્યા છે.

પ્રફુલ્લ રાય (1934)

ઢાકામાં જન્મ. પ્રાદેશિક જીવન પર આધારિત નવલકથા લખી સાહિત્ય જીવનની શરૂઆત કરી હતી. 'દેશ' સામયિકમાં 'પૂર્વ પાર્વતી' નવલકથા લખી જાણીતા થયા. તેમની નવલકથા (કેવડાની નૌકા) 'કેયાપાતાર નૌકા' (બે ભાગ) હાલના બંગાળી જીવનની ક્રોનીકલ તવારીખ. હાલમાં કલકત્તાના એક દૈનિકપત્રના વિભાગીય સંપાદક. તેમનાં પુસ્તકો પરથી ઘણાં ચલચિત્રો બન્યાં છે. હૃદયસ્પર્શી શૈલીથી નિબિડ આંતરિકતાથી તેઓ વાર્તાને ખડી કરે છે. વાર્તાની ગૂંથણી અને ચરિત્રચિત્રણમાં એમની નિપુણતા એકસરખી છે.

શીર્ષેન્દુ મુખોપાધ્યાય (1935)

મયમનસિંહ (બાંગ્લાદેશ)માં જન્મ. વ્યવસાયે શિક્ષક. 1959માં 'દેશ' સામયિકમાં 'જલતરંગ' વાર્તા લખી, ટૂંકી વાર્તાના લેખક તરીકે પ્રતિષ્ઠા પામ્યા. ત્યારથી શરૂઆત

કરી, અત્યારસુધીમાં દસ નવલકથા અને પચાસથીયે વધુ વાર્તાઓ લખી છે. તેમની વાર્તા, નવલકથામાં વાસ્તવ અને અર્ધ ચેતનાના તાણાવાણા નજરે પડે છે. શીર્ષેન્દુની વાર્તામાં અસ્થિરતા નથી. છે સ્થિર વિશ્વાસ, આસ્તિકતાનો બોધ, આત્મકથાની શૈલીમાં રચાયેલી વાર્તામાં તેઓ અંતર્લોકનાં ઊંડાણને સ્પર્શી લે છે.

દેવેશ રાય (1936)

જલપાઇગુડીમાં રહે છે. બંગાળી સાહિત્યના અધ્યાપક છે. સાઠના દાયકામાં બંગાળી ટૂંકી વાર્તા આંદોલનમાં તેઓ આગેવાન લેખક હતા.

રજૂઆત અને ભાષાના વ્યવહાર પર તેઓ ખાસ ધ્યાન આપે છે. 1969માં તેમનો પ્રથમ વાર્તા-સંગ્રહ 'દેવેશ રાયની વાર્તાઓ' પ્રકટ થયો. તેમની પ્રથમ નવલકથા 'યતાતિ' 1972માં પ્રકટ થઇ. 'દેશ' સામયિકમાં તેમની વાર્તા 'હાડકાટા' પ્રકટ થઇ એનાથી એમને સારી પ્રસિદ્ધિ મળી. લગભગ સોએક જેટલી એમણે ટૂંકી વાર્તાઓ લખી છે.